# હ્રીંકાર કલ્પતરુ

## યાને જૈન ધર્મનો દિવ્ય પ્રકાશ



લેખકઃ- શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ શાહ

રમણિક

# હ્રીઁકારકલ્પતરુ

યાને

## જૈન ધર્મનો દિવ્ય પ્રકાશ

✦


લેખક :

અધ્યાત્મવિશારદ, વિદ્યાભૂષણ, મંત્રમનીષી,

ગણિતદિનમણિ, શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**


卐

સંશોધકો :

પ.પૂ.આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મ.

પ.પૂ.આ. શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મ.

卐

પુરોવચન :

પ.પૂ.આ. શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મ.

પ્રકાશક :

**નરેન્દ્રકુમાર ડી. શાહ**

વ્યવસ્થાપક :

જૈન સાહિત્ય પ્રકાશનમંદિર

લખાભાઈ ગણપત બીલ્ડીંગ,

ચીંચબંદર, **મુંબઈ-૯.**

પ્રથમ આવૃત્તિ

વિ. સં. ૨૦૨૬ સને ૧૯૭૦

**મૂલ્ય રૂપિયા સાડા સાત**

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :

**મણીલાલ છગનલાલ શાહ**

ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ,

ઘીકાંટા રોડ, અમદાવાદ.

# પ્રકાશકીય

જૈન ધર્મમાં મંત્રસાહિત્ય ઘણું છે, પણ તેના પર વર્તમાન ભાષામાં યોગ્ય વિવેચન થાય, તો જ તે જિજ્ઞાસુજનોની સમજમાં આવે તેવું છે. આ વસ્તુ લક્ષમાં રાખીને અમે મંત્રસાહિત્યના સર્જન–પ્રકાશનનું કાર્ય હાથ ધર્યું છે. તેમાં પ્રથમ શ્રી '**નમસ્કારમંત્ર-સિદ્ધિ**' ગ્રંથ પ્રકટ કરવામાં આવ્યો હતો અને તેનો સુંદર સત્કાર થયો હતો. આજે તેની બીજી આવૃત્તિ પણ લગભગ ખલાસ થવા આવી છે, તે એની લોકપ્રિયતા સૂચવે છે.

ત્યાર પછી ગત વર્ષે '**મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા**' નામનો બીજો ગ્રંથ યંત્રો સાથે ભવ્ય સમારોહપૂર્વક પ્રકટ કરવામાં આવ્યો હતો. તે વખતે જૈન સમાજના અનેક અગ્રણીઓએ હાજરી આપીને આ સાહિત્યપ્રકાશન–પ્રવૃત્તિ પ્રત્યે પોતાનો સદ્ભાવ વ્યક્ત કર્યો હતો.

તે પછી જૈન મંત્રવાદમાં અતિ મહત્ત્વનું સ્થાન ધરાવતા હ્રીંકારમંત્ર ઉપર પ્રમાણભૂત માહિતીથી ભરપૂર ખાસ ગ્રંથ પ્રકટ કરવાનો નિર્ણય લેવાતાં મંત્રમનીષી શતાવધાની **પંડિત શ્રી ધીરજલાલ શાહે** ખૂબ પરિશ્રમપૂર્વક આ ગ્રંથ નિર્માણ કરી આપ્યો છે.

આ ગ્રંથનું સંશોધન કરી આપવાની વિનંતિ થતાં પ. પૂ. આ. **શ્રીમદ્ વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ** તથા પ. પૂ. આ. **શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજી મહારાજે** એ વિનંતિનો સ્વીકાર કર્યો અને આ ગ્રંથનું સંશોધન કરી આપ્યું. વિશેષમાં પ્રથમ સંશોધક આચાર્યશ્રીએ તેનું મનનીય પુરોવચન પણ લખી આપ્યું અને એ રીતે આ ગ્રંથના ગૌરવમાં વધારો કર્યો.


આ ગ્રંથના પ્રારંભમાં જૈન ધર્મની શ્રેષ્ઠતા તથા પ્રાચીનતા દર્શાવવામાં આવી છે, પછી તેના સિદ્ધાંતોનો સાર અપાયો છે અને ત્યારબાદ મંત્રશાસ્ત્રનાં મૌલિક તત્ત્વોનો પરિચય અપાયો છે. તે પછી શ્રી જિનપ્રભસૂરીશ્વરજી મહારાજનું સંક્ષિપ્ત ચરિત્ર અપાયું છે કે જેમણે હ્રીઁકારકલ્પની રચના કરેલી છે.

આ હ્રીઁકારકલ્પની ગાથાઓ મૂળ તથા અર્થ સાથે અન્યત્ર પ્રકાશિત થયેલી છે, પણ તેના અર્થોમાં જોઈએ તેવી સંગતિ નથી: એટલે આ કલ્પ પર વિસ્તૃત વિવેચન કરી તેના અર્થ, ભાવ તથા રહસ્યને સ્પષ્ટ કરવામાં આવ્યા છે. ઉપરાંત હ્રીઁકારને લગતી બીજી ત્રણ કૃતિઓ પર પણ વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે અને છેવટે પંડિતવર્ય શ્રી રુદ્રદેવ ત્રિપાઠીએ લખેલો 'હ્રીઁકાર-તત્ત્વ-વિમર્શ' નામનો મહત્ત્વપૂર્ણ લેખ આપી ગ્રંથની પૂર્ણાહૂતિ કરવામાં આવી છે. આ રીતે આ ગ્રંથમાં હ્રીઁકારની ઉપાસનાને લગતી ઘણી સામગ્રી અપાયેલી હોવાથી તે જિજ્ઞાસુઓને ઘણો ઉપયોગી થઈ પડશે.

આ ગ્રંથનું સમર્પણ સ્વીકારવા માટે અમો શ્રીમાન્ શ્રેષ્ઠિવર્ય શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીના આભારી છીએ.


જે મુરબ્બીઓ અને મિત્રોએ આ ગ્રંથમાં એક યા બીજી રીતે સહાય કરી છે, તેમનો અંતઃકરણથી આભાર માનીએ છીએ.

**પ્રકાશક**



શ્રીમાન્ રતિલાલ મણિલાલ નાણાવટી

મુંબઈ



# સમર્પણ

★

સ્વાશ્રય, સેવા અને સૌજન્યથી

પોતાનું જીવન દીપાવનાર

**શેઠશ્રી રતિલાલ મણિલાલ નાણાવટીને**

આ ગ્રંથ

સાદર સમર્પિત

★

**ધીરજલાલ શાહ**

# શેઠ શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીની

# જીવન ઝરમર

ગરવી ગુજરાતની પુણ્યભૂમિમાં અનેક નવરત્નોએ જન્મ લઈ જીવન ધન્ય બનાવ્યું છે. તેમાંના એક શ્રી રતિલાલ મણિલાલ નાણાવટીએ અમદાવાદના એક સુશિક્ષિત અને સંસ્કારી કુટુંબમાં જન્મ લઈ તેનો સુંદર વારસો જાળવી રાખ્યો છે.

શ્રી. રતિભાઈના પિતામહ ડૉ. બાલાભાઈ નાણાવટી ૪૦ વરસ સુધી વડોદરા રાજ્યના ચીફ મેડિકલ ઑફિસર હતા અને પાછળથી વડોદરાનરેશ શ્રી. સયાજીરાવ ગાયકવાડના અંગત ફિઝિશિયન હતા. તેમના જીવનમાં તેઓએ શ્રીમંત અગર ગરીબના કોઈપણ ભેદભાવ વગર ૮૯ વર્ષની ઉંમર સુધી પીડિત અને દુઃખી જનતાની અનન્ય કર્તવ્યબુદ્ધિથી સેવા આપી હતી.

શ્રી રતિભાઈના પિતાશ્રી સર મણિલાલ નાણાવટી જેઓ માત્ર ગુજરાતના જ નહિ, પરંતુ સમગ્ર ભારતના ગૌરવસમા ગુજરાતી હતા, તેઓ વડોદરા રાજ્યના નાયબ દીવાન હતા. શ્રી. સયાજીરાવ ગાયકવાડે તેઓશ્રીનું "અરુણાદિત્ય"ના ઇલ્કાબથી બહુમાન કર્યું હતું. ત્યાર બાદ તેઓ રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર હતા. થોડા વખત પહેલા આણંદની વલ્લભભાઈ વિદ્યાપીઠે તેમને ડોકટર ઑફ લોઝની માનદ પદવી એનાયત કરી હતી. તેઓ ૯૦ વર્ષની ઉંમર સુધી યોગસાધના અને નિયમિત જીવનથી માનસિક અને શારીરિક સ્વાસ્થ્યતા ગાળીને તા. ૨૯-૭-૬૭ના દિને દેવલોક પામ્યા.

શ્રી રતિભાઈનો જન્મ વડોદરા પાસે વસો ગામે ૩ જી જુલાઈ ૧૮૯૭ના શુભ દિને થયો હતો. તેઓશ્રીએ પોતાનું શિક્ષણ વડોદરામાં જ લીધું હતું.

વ્યાપારી ક્ષેત્રે સન ૧૯૨૧ માં રંગ, કેમિકલ અને મિલ સ્ટોર્સના વેપાર માટેની ખૂબ નાના પાયા ઉપર મે. નાણાવટી એન્ડ કંપનીની સ્થાપના કરી; આ કંપનીએ તેમની કાર્યક્ષમતા, દીર્ઘદૃષ્ટિ, સાહસિક વૃત્તિ અને ઊંડી સમજને પરિણામે દેશ, પરદેશ સાથેના વેપારમાં સફળતા અને પ્રગતિમય વિકાસ સાધ્યો; અને સારી એવી નામના મેળવી છે. આ ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રે મે. ઉલ્લાસ ઑઈલ્સ એન્ડ કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ લિ. કલ્યાણમાં અને મે. ઇન્ડિયન એકસ્ટ્રેકશન પ્રા. લિ. જામનગરમાં સ્થાપી છે; જેમનો કરોડો રૂપિયાનો માલ દર વર્ષે પરદેશ ચઢે છે. બે વર્ષ પહેલાં મુંબઈમાં ફોર્ટ ખાતે નાણાવટી મહાલય નામે સાત માળની આરસની ભવ્ય ઈમારતનું ભારે દબદબાથી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

તેઓશ્રીએ તેમના ધર્મપત્ની શ્રી. સરલાબહેન સાથે અનેક વખત યુરોપ, અમેરિકા, રશિયા, જાપાન વગેરે દેશોનો પ્રવાસ ખેડ્યો છે. વિશેષ નોંધપાત્ર બાબત તો એ છે કે તેઓ બન્ને ચુસ્ત જૈન હોવાથી પરદેશમાં પણ ભારતીય સંસ્કૃતિના ઉચ્ચ આદર્શો જાળવી સંપૂર્ણપણે શાકાહારી રહ્યાં છે.

જાહેર ક્ષેત્રમાં તેઓશ્રીની કારકિર્દી ખૂબ જ ઉજ્જવળ છે. તેઓ ઇન્ડિયન મરચન્ટસ ચેમ્બરના સન ૧૯૫૧ માં ઉપ-પ્રમુખ હતા અને સન ૧૯૫૨ માં પ્રમુખ હતા. તે સમયે વેસ્ટર્ન રેલ્વેની લોકલ એડવાઈઝરી કમિટિમાં ઇન્ડિયન મરચન્ટસના પ્રતિનિધિ તરીકે કાર્યવાહી સંભાળી હતી. દેશભરની વેપારઉદ્યોગની સંસ્થાઓ જેવી કે એસોશિયેશન ઓફ મરચન્ટસ એન્ડ મેન્યુફેકચરર્સ ઓફ ટેક્ષટાઈલ્સ સ્ટોર્સ એન્ડ મશીનરીના પ્રમુખ તરીકે, ઓલ ઇન્ડિયા મેન્યુફેકચરર્સ એસોશિયેશનની પેટા કમિટીના ચેરમેન તરીકે અને પ્રોવીન્સીઅલ ઇન્ડસ્ટ્રીઅલ કોઓપરેટીવ એસોશિયેશનની કાર્યવાહી સમિતિના ચેરમેન તરીકે તેઓશ્રીએ કામ કર્યું હતું.

શૈક્ષણિક ક્ષેત્રે ભારતીય વિદ્યાભવનના ઓનરરી ટ્રેઝરર તરીકે અને શ્રી મુંબઈ માંગરોળ જૈન સભાની (જે શકુન્તલા ગર્લ્સ હાઈસ્કૂલ ચલાવે છે) કમિટિના પ્રમુખ હતા, જ્યાં તેઓશ્રીએ વર્ષો સુધી કામ સંભાળ્યું હતું.

શ્રી રતિભાઈનો ફાળો સામાજિક ક્ષેત્રે પણ અત્યંત પ્રશંસનીય અને નોંધપાત્ર છે. તેમના અંગત પુરુષાર્થ અને લાખો રૂપિયાના દાનથી વિલેપારલેમાં સ્થપાયેલ ડો. બાલાભાઈ નાણાવટી હોસ્પિટલ, જેમાં હજારો દરદીઓ સારવાર લે છે, તેમનું એક અને અદ્વિતીય સર્જન છે. આ હોસ્પિટલે ઝડપી પ્રગતિ કરી ઉત્તરોત્તર નોંધપાત્ર વિકાસ સાધ્યો છે.

ઈ. સ. ૧૯૪૧–૪૨ માં અનાજની સખત અછતને લીધે મુંબઈ શહેરમાં એક ગંભીર કટોકટી સર્જાઈ હતી. જ્યારે સરકારે અનાજની વહેંચણીપદ્ધતિ દાખલ કરેલી ન હોતી ત્યારે અને દાણો શોધ્યો જડતો ન હતો ત્યારે, શ્રી રતિભાઈ અને શ્રી સરલાબહેન નાણાવટીએ વિલેપારલેમાં સસ્તા અનાજની દુકાન ખોલાવી બહારગામથી મોટા પ્રમાણમાં ઘઉં, ચોખા, સાકર, ગ્યાસતેલ વગેરે મેળવીને નગરજનોને સંતોષકારક રીતે અને વ્યવસ્થાપૂર્વક વહેંચણી કરી હતી. તેની કદર કરીને ઈ. સ. ૧૯૪૩ માં વિલેપારલેના નાગરિકોએ એક જાહેર સભા ગોઠવી સદ્ગત શ્રી સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસના શુભ હસ્તે શ્રી. રતિભાઈને માનપત્ર અર્પણ કર્યું હતું.

શ્રી. રતિભાઈ સાથે તેમના ધર્મપત્ની શ્રી. સરલાબહેન પણ સેવાભાવી અને વિદ્યાવ્યાસંગી છે. તેમણે ૧૫ મી ઑગસ્ટ ૧૯૪૯ના રોજ વિલેપારલેમાં 'સરલાસર્જન' નામે એક સર્વદેશીય શિક્ષણ કેન્દ્રની સ્થાપના કરી છે, જે તેમના અંગત પ્રયાસ અને જાતદેખરેખથી આજે એક આદર્શ શિક્ષણ સંસ્થા તરીકે કાર્ય કરી રહી છે. તેમણે આ કેળવણીકેન્દ્ર પાછળ એક સાધનસંપૂર્ણ સુન્દર મકાન માટે લાખો

રૂપિયાનું દાન દીધું છે. હમણાં સાતેક વર્ષ પહેલાં આ દંપતીએ પોતાના અગિયાર બંગલાના ૩૩ બ્લોકવાળી વિલેપારલેમાં સ્વામી વિવેકાનંદ રોડ ઉપર આવેલી સુરેશ કોલોની આખીયે પોતાના ટ્રસ્ટને ભેટ આપી દીધી છે, જેમાંથી આશરે સાઠ હજાર રૂપિયા જેટલી રકમની ઉપજ દર વર્ષે પબ્લિક ચેરિટીઝ માટે વપરાય છે. શારીરિક સ્વાસ્થ્ય માટે ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલ અને માનસિક કેળવણી માટે 'સરલાસર્જન' એમ બે સંસ્થાઓ સ્થાપીને માનવ-જીવનનાં બે મુખ્ય પાસાંઓ પૂરા પાડ્યાં છે.

આ ઉપરાંત શ્રી રતિભાઈને આત્મોન્નતિ માટે પણ જાગૃતિ છે. એઓશ્રી કેટલાંક વર્ષથી વિલેપારલેમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના પ્રમુખ છે. પૂર્વ વિલેપારલેમાં આવેલા જૂના જૈન દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવી તાજેતરમાં એક ભવ્ય જિનાલય બનાવરાવ્યું છે, મધ્યમવર્ગની જૈન જનતા માટે સસ્તા ભાડાના બ્લોકસ બાંધવામાં આવ્યા, તેમાં પણ તેમનો મહત્ત્વનો ફાળો છે. આ ઉપરાંત પશ્ચિમ પારલામાં પોતાના બંગલાની બાજૂએ એક વિશાળ પ્લૉટ તથા મોટી રકમનું દાન કરી, અંગત જહેમત ઉઠાવી તેઓશ્રીએ એક ભવ્ય, કલામય, નૂતન જિનાલય બંધાવ્યું છે, જેનું નામ પોતાના માતા પિતાના નામથી મોતીમણિમંદિર રાખવામાં આવ્યું છે.

તેઓશ્રીનું અંગત જીવન સાદું, નિયમિત અને નિર્વ્યસની છે. સ્વભાવે સ્પષ્ટવક્તા, નિખાલસ અને સહૃદયી છે, લીધેલું કામ કોઈપણ ભોગે સર્વોચ્ચ કક્ષાએ પૂરું પાડવાની નિશ્ચયલક્ષિતા એ એઓશ્રીના જીવનસાફલ્યની ચાવી છે. ૭૨ વર્ષની પ્રૌઢ વયે પણ તેમની કાર્યશીલતા કોઈપણ યુવાનને શરમાવે તેવી છે. અમે આ ગ્રંથ તેઓશ્રીને સમર્પણ કરીને કૃતાર્થતા અનુભવીએ છીએ.

# ગ્રંથકાર અંગે બે બોલ

લેખક : **શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા**

ભારતના સુપ્રસિધ્ધ શતાવધાની પંડિતશ્રી ધીરજલાલ ટોકરશી શાહમાં અનેક શક્તિઓનો સુમેળ થયેલો છે. ગમે તેવા અટપટા વિષયને ગ્રહણ કરવાની અદ્ભુત શક્તિ, અથાગ કાર્યશક્તિ અને અસાધારણ વ્યવસ્થાશક્તિ, એ તેમના વિશિષ્ટ ગુણો છે. આજે ચોસઠ વર્ષની ઉમરે પણ તેઓ એક યુવાનને શરમાવે તેવી રીતે કામ કરી રહ્યા છે, તે એમના આ પ્રકારના ગુણોને આભારી છે. વળી તેઓ પ્રબળ આશાવાદી છે અને અતિ દૃઢ મનોબળ ધરાવે છે, એટલે ગમે તેવાં કઠિન કાર્યો પણ સહેલાઈથી પાર પાડી શકે છે.

શ્રી ધીરજલાલભાઇનો જન્મ સૌરાષ્ટ્ર–સુરેન્દ્રનગરની નજીક આવેલા દાણાવાડા ગામમાં તા. ૧૮ મી માર્ચ ૧૯૦૬ ના દિવસે થયો હતો. તેમના પિતાનું નામ ટોકરશીભાઈ અને માતાનું નામ મણિબહેન. શ્રી ધીરજલાલભાઈની બાલ્યાવસ્થામાં જ પિતાનું મૃત્યુ થયું હતું અને તેમના માતા મણિબહેને માતા તથા પિતા બંનેની ફરજ અદા કરી હતી. સદ્ગત મણિબ્હેનની પુત્ર પ્રત્યેની મમતા, લાગણી અને પ્રેમ સંબંધમાં આજે પણ વાતો કરતાં શ્રી ધીરજલાલભાઈની ચક્ષુઓમાં ઝળઝળિયાં આવી જાય છે. માતાએ એકના એક પુત્રને અત્યંત કઠણ હૃદય કરી, પોતાથી વિખૂટો પાડી, અભ્યાસ અર્થે અમદાવાદ શેઠ ચીમનલાલ

નગીનદાસ છાત્રાલયમાં મોકલ્યો. આ સંસ્થા દ્વારા તેમણે જ્ઞાન ઉપાર્જન કર્યું. શ્રી ધીરજલાલભાઇ આજે પણ આ સંસ્થા પ્રત્યે અનેરું મમત્વ ધરાવે છે અને તેના ભૂતપૂર્વ વિદ્યાર્થીસંઘના મંત્રી તરીકેની ફરજ ઘણી હોંશથી બજાવે છે.

શ્રી ધીરજલાલભાઇ ગુજરાત વિદ્યાપીઠના 'વિનીત' હોવા ઉપરાંત જે. જે. સ્કૂલ ઓફ આર્ટસ્‌ની કેટલીક પરીક્ષાઓ આપી ચૂકેલા છે અને તેમણે દશ વર્ષ સુધી ચિત્રકારનો વ્યવસાય કર્યા પછી લેખન–પ્રકાશન તરફ ઝુકાવેલું છે.

જીવનના પ્રારંભથી જ તેઓ સરસ્વતીના ઉપાસક બન્યા છે અને ગમે તેવા અટપટા સંયોગોમાં પણ તેમણે પોતાની એ ઉપાસના છોડી નથી. છેલ્લાં દશ વર્ષમાં તો તેમની આ ઉપાસના અતિ જ્વલંત બની છે અને તેણે હજારો લોકોનું ભારે આકર્ષણ કર્યું છે. તેમનું નિવાસસ્થાન એક ગૃહસ્થના રહેઠાણને બદલે સરસ્વતી માતાના મંદિર જેવું લાગે છે. જ્યારે તેમને મળવા જઇએ, ત્યારે તેઓ કંઇને કંઇ લખતા જ હોય, અને તેમની આજુબાજુ પુસ્તકોના ઢગલા ખડકાયેલા હોય. તેઓ ઘણીવાર કહે છે કે 'પુસ્તકો એ મારા સાચા પ્રિયજન છે અને તેમની વચ્ચે રહેવાનું મને વધારે ગમે છે.'

સહજ સાહસિકતા, પ્રવાસપ્રિયતા, કર્તવ્યપરાયણતા, દીર્ઘદૃષ્ટિ અને સમાજસેવાના ગુણોને કારણે તેઓ અત્યંત લોકપ્રિય બન્યા છે. ઇ. સ. ૧૯૨૪ માં અઢાર વર્ષની વયે તેઓ ગુજરાત વિદ્યાપીઠના વિનીત થયા, ત્યારે તેમના

હસ્તક રહેલા શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયના પુસ્તક–સંગ્રહાલયમાંનાં ૧૬૦૦ જેટલાં પુસ્તકો તેમણે વાંચી લીધાં હતાં. અને તેમાં અજાયબી પમાડે એવું તત્ત્વ તો એ હતું કે તે પુસ્તકોનો ક્રમ અને રૂપરંગ વગેરે પણ તેમને બરાબર યાદ રહી ગયા હતા. ગાઢ અંધકારમાં પણ તેઓ એ પુસ્તકોમાંના કોઇપણ પુસ્તકને બરાબર શોધી આપતા અને આ બાબતમાં તેમની વિધિસર પરીક્ષા થતાં તેમાં તેઓ પૂરેપૂરા સફળ થયા હતા.

તેઓ શાળામાં અભ્યાસ કરતા, ત્યારથી જ તેમની લેખનપ્રવૃત્તિ શરૂ થઇ હતી. એ વખતે તેમણે 'છાત્ર' નામનું એક પાક્ષિક શરૂ કર્યું હતું. ત્યાર બાદ 'જૈન યુવક' 'જૈન-જ્યોતિ' 'વિદ્યાર્થી' 'નવીદુનિયા' વગેરે સામયિકોના સંપાદક બન્યા અને નાના-મોટા ગ્રંથોનું નિર્માણ કરી લેખકની પ્રસિદ્ધિ પામ્યા. આજે તો તેમની એ લેખનપ્રવૃત્તિ ખૂબજ આગળ વધી ગઈ છે અને તેઓ ગુજરાતી ભાષાના એક સિદ્ધહસ્ત ઉત્તમ કોટિના લેખક ગણાય છે. અનેક સંસ્થાઓએ તેમની એ કલાનો લાભ લીધેલો છે.

લેખનપ્રવૃત્તિ દરમિયાન શ્રીમદ્ રાજચંદ્રનું જીવન લખતાં તેમને શતાવધાની થવાની પ્રબળ ઇચ્છા થઇ. ત્યારબાદ સને ૧૯૩૪ માં તેઓ કવિવર્ય શ્રી નાનચંદ્રજી સ્વામીના શિષ્ય શતાવધાની મુનિશ્રી સંતબાલજીનાં સંપર્કમાં આવ્યા અને તેમની પાસેથી પ્રારંભિક માર્ગદર્શન મેળવી સ્વબળે આગળ વધ્યા. સને ૧૯૩૫ ના સપ્ટેમ્બરની ૨૦ મી તારીખે વીજાપુરના જૈન સંઘના આમંત્રણથી તેઓ

**વીજાપુર** ગયા અને ત્યાં ઉપા. શ્રીસિદ્ધિમુનિજી, મુનિશ્રી હેમેન્દ્રસાગરજી વગેરે સંખ્યાબંધ સાધુ–સાધ્વીઓ તથા નાગરિકોની વિશાળ હાજરીમાં પૂરાં ૧૦૦ અવધાનો સફળતાપૂર્વક કરી બતાવ્યાં. શ્રી રામચંદ્ર જમનાદાસ અમીન બી. એ., એલ્‌એલ્‌. બી. આ સમારોહના અધ્યક્ષસ્થાને હતા. આ રીતે તેમણે સો અવધાનો કરી બતાવતાં વીજાપુરના શ્રીસંઘે તેમને સુવર્ણચંદ્રક સાથે **'શતાવધાની'** નું બિરુદ આપ્યું. આજે તો તેઓ ભારતના એક છેડાથી બીજા છેડા સુધી 'શતાવધાની' તરીકે સુપ્રસિદ્ધ છે.

અવધાનની કલા સ્મરણશક્તિના અદ્‌ભુત નમૂનારૂપ હોઈ તે વિરલ વ્યક્તિઓને સાધ્ય હતી અને તેથી સામાન્ય જનતામાં આ વિદ્યા કોઈ દૈવી સિદ્ધિ અથવા તો કુદરતની અસાધારણ બક્ષીશ મનાતી હતી, પરંતુ શ્રી ધીરજલાલભાઇએ આ સામે પડકાર કરીને કહ્યું કે 'આ શક્તિ જેમ કુદરતી બક્ષીશ છે, તેમ નિયમિત અભ્યાસથી પણ સિદ્ધ થઈ શકે તેવી છે,' અને આટલું કહીને બેસી ન રહેતાં તેમણે 'સ્મરણકલા' નામનું એક પુસ્તક લખી તેમાં સ્મરણશક્તિને લગતાં અનેક રહસ્યો ખુલ્લાં મૂકી દીધાં. સદ્‌ગત રમણલાલ વસંતલાલ દેસાઇએ આ મનનીય ગ્રંથની પ્રસ્તાવનામાં લખ્યું છે કે 'આપણા દેશમાં વિદ્યા–કલાને ગુપ્ત રાખવાની એક પ્રથા પડી ગઇ છે. કાં તો કલાકાર ચોર બને છે, કાં કલાની આસપાસ ગૂઢ રહસ્યભર્યું વાતાવરણ ઉત્પન્ન કરી પોતાની મહત્તા વધારવા મથે છે. આને

પરિણામે આપણી કેટલીયે કલાઓ અને કેટલાયે હુન્નરો નષ્ટપ્રાયઃ થઈ ગયા અને નાશ પામ્યા. પરંતુ શ્રી ધીરજલાલભાઈએ તેમ ન કરતાં પોતાના અભ્યાસ અને પોતાની તપશ્ચર્યાનાં ફલ આ 'સ્મરણકલા' નામના અપૂર્વ ગ્રંથમાં ગૂર્જર જનતા સમક્ષ ખુલ્લાં મૂકી દીધાં છે.'

શ્રી ધીરજલાલભાઈ પોતાની આ વિદ્યાને ઉત્તરોત્તર વધારતા રહ્યા છે. આ૦ શ્રી૦ કીર્તિચંદ્રસૂરિ, પ્રવર્તક મુનિ શ્રી જયાનંદવિજયજી, મુનિશ્રી ધનરાજજી સ્વામી, મુનિશ્રી શ્રીચંદ્રજી સ્વામી તથા બીજા પણ અનેક સાધુ–સાધ્વીઓ તથા ગૃહસ્થોએ તેમની પાસેથી આ વિષયનું શિક્ષણ મેળવી અવધાનપ્રયોગોની પરંપરા જાળવી રાખી છે અને તેથી લોકસમૂહનું આ વિદ્યા તરફ નોંધપાત્ર આકર્ષણ થયેલું છે.

અવધાનવિદ્યામાંથી તેમણે ગણિતસિદ્ધિના વિશિષ્ટ પ્રયોગો નિર્માણ કર્યા, તે એમની અસાધારણ પ્રતિભાને આભારી છે. આ પ્રયોગથી હજારો મનુષ્યો પ્રભાવિત થયા છે અને તેમાં વિદ્વાનો, પંડિતો, પત્રકારો તથા દેશનેતાઓનો પણ સમાવેશ થાય છે. તેમણે ગણિતના વિષયમાં (૧) ગણિત–ચમત્કાર, (૨) ગણિત–રહસ્ય અને (૩) ગણિત–સિદ્ધિ એ ત્રણ પુસ્તકો લખ્યાં છે અને તે ખૂબ લોકપ્રિય નીવડયાં છે.

તા. ૧૬–૧૦–૬૬ ના દિવસે અમદાવાદ ટાઉન હોલમાં ગુજરાત રાજ્યના પંતપ્રધાન શ્રી હિતેન્દ્ર દેશાઈની અધ્ય-

ક્ષતામાં ગણિત–સિદ્ધિના પ્રયોગો બતાવતી વખતે ભારતના માજી નાયબ વડા પ્રધાન માનનીય શ્રી મોરારજી દેશાઇએ કહ્યું હતું કે 'શ્રી ધીરજલાલભાઇની સિદ્ધિઓ માટે ગુજરાત ગૌરવ લઈ શકે એમ છે. ગણિત એ અટપટું નથી, એ વાત શ્રી ધીરજલાલભાઇએ તેમના ગણિતગ્રંથો દ્વારા સિદ્ધ કરી બતાવ્યું છે. મેં ગણિતસિદ્ધિ ગ્રંથનું સમર્પણ એટલા માટે જ સ્વીકાર્યું છે કે એ નિમિત્તે હું તેમના પ્રત્યેનો સદ્ભાવ વ્યકત કરી શકું. ''

એક સાહિત્યકાર તરીકે શ્રી ધીરજલાલભાઈની સિદ્ધિ અજોડ છે. તેમણે નાનાં–મોટાં લગભગ ૩૫૦ પુસ્તકો લખ્યાં છે અને તેની પ્રસિદ્ધ થયેલી કુલ નકલોનો આંકડો વીશ લાખથી પણ વધુ છે. આ પુસ્તકો તેમણે વિધવિધ વિષયો પર લખ્યાં છે. તેમાં ભારતના મહાન પુરુષોનાં જીવનચરિત્રો, પ્રવાસવર્ણન, માનસવિજ્ઞાન, શિલ્પ–સ્થાપત્ય, ગણિત, કિશોરકથાઓ, તેમજ મંત્ર–તંત્ર અને **જૈન** ધર્મવિષયક ગ્રંથો મુખ્ય છે. **જૈન** ધર્મશાસ્ત્રો તેમજ ઇતિહાસના તેઓ ઊંડા અભ્યાસી છે અને તેમનાં લખેલાં કેટલાંક પુસ્તકો **જૈન** પાઠશાળાઓમાં પાઠ્ય પુસ્તકો તરીકે સ્વીકારવામાં આવ્યાં છે.

**જૈન** ધર્મવિષયક સાહિત્યમાં તેમણે લખેલ જીવવિચાર–પ્રકાશિકા, નવતત્ત્વદીપિકા, જિનોપાસના, વીર વચનામૃત, **જૈન** ધર્મસાર અને શ્રી પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધ ટીકાના ત્રણ ભાગો માટે ભારતનો સમગ્ર **જૈન** સમાજ હંમેશ શ્રી ધીરજલાલભાઇનો ઋણી રહેશે. પ્રબોધટીકાના

ત્રણ ગ્રંથો શ્રી ધીરજલાલભાઇના જીવનની મોટામાં મોટી સફળતા છે અને તેમના આ ગ્રંથો ભારતના સમગ્ર જૈન સમાજ માટે એક વારસારૂપ છે. તેમનો 'વીરવચનામૃત' ગ્રંથ બૌદ્ધ ધર્મશાસ્ત્રના ધમ્મપદ જેવોજ જૈન ધર્મશાસ્ત્રોનો અપૂર્વ ગ્રંથ છે અને તેનું હિંદી તેમજ અંગ્રેજી ભાષાંતર થયું છે. આ ગ્રંથના અંગ્રેજી ભાષાંતરને યુરોપના દેશોમાં પણ સારો આવકાર મળ્યો છે.

મંત્ર અને તંત્રની ગૂઢ સાધનાનું વૈજ્ઞાનિક અન્વેષણ ભારતીય સાધનાક્રમનો એક અતિ મહત્વનો વિષય છે. મહર્ષિ પતંજલિએ તેમના યોગસૂત્રમાં કહ્યું છે કે 'મંત્ર એવા નામથી ઓળખાતા કેટલાક એવા પવિત્ર શબ્દો છે કે જો બતાવેલા વિધિ પ્રમાણે તેમનું ઉચ્ચારણ કરવામાં આવે તો તેમના દ્વારા આશ્ચર્યકારક શક્તિની પ્રાપ્તિ થાય છે.' શ્રી ધીરજલાલભાઈએ ઉપાસના અને મંત્ર–તંત્ર વિદ્યાની બાબતમાં વિપુલ સાહિત્ય લખ્યું છે, તે એમનો આ વિષયનો ઊંડો અભ્યાસ દર્શાવે છે. 'મંત્રવિજ્ઞાન' 'મંત્ર-ચિન્તામણિ' 'મંત્રદિવાકર' 'નમસ્કારમંત્રસિદ્ધિ' 'મહાપ્રા-ભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર' અને તાજેતરમાં પ્રગટ થતું 'હ્રીંકારકલ્પતરુ' પુસ્તક ભારતીય મંત્રવિદ્યાની અલૌકિક સિદ્ધિ પર પૂર્ણ પ્રકાશ પાડે છે.

ગુજરાતના વિજાપુર **જૈન** સંઘે શ્રી. ધીરજલાલ ભાઇને '**શતાવધાની**'નું બિરૂદ અને સુવર્ણચંદ્રક આપ્યા. મુંબઈની મહાન:મિજલસમાં મેયરના હાથે તેમને '**સાહિત્ય-**

**વારિધિ'**ની પદવી અપાઈ. સુરતના સંઘે તેમને **'ગણિત દિનમણિ'**ની પદવી આપી તેમનું અપૂર્વ સન્માન કર્યું. શ્રી મહાકોશલ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે તેમને **'વિદ્યાભૂષણ'**ની પદવી આપી છે અને અખિલ ભારત અચલગચ્છીય જૈન ચતુર્વિધ સંઘસંમેલને તેમના જ્ઞાન અને ચારિત્રને અનુરૂપ એવી **'અધ્યાત્મવિશારદ'**ની પદવી આપી કૃતાર્થતા અનુભવી છે.

તા. ૧૯–૧૦–૬૯ના બીરલા માતુશ્રી સભાગાર મુંબઈમાં ઉદ્યોગપતિઓ અને શાહ સોદાગરો, સાહિત્યકારો અને પંડિતજનો તેમજ ભિન્ન ભિન્ન ક્ષેત્રે કામ કરતી અગ્રગણ્ય વ્યક્તિઓની બનેલી એકોત્તેર મહાનુભાવોની સમિતિના ઉપક્રમે શ્રી ધીરજલાલભાઈનું અપૂર્વ સન્માન કરવામાં આવ્યું હતું. આ સમિતિના સ્વાગતાધ્યક્ષ શ્રી. જયંતિલાલ રતનચંદ શાહ હતા. સમારંભનું પ્રમુખસ્થાન દિલ્હીથી ખાસ પધારેલા શ્રી. રુદ્રદેવ ત્રિપાઠીએ શોભાવ્યું હતું, ત્યારે આ સમારંભના અતિથિવિશેષ તરીકે મહારાષ્ટ્ર રાજ્ય વિધાનસભાના માનનીય સ્પીકર શ્રી. ભારદે પધાર્યા હતા.

આ પ્રસંગે ભારતના જુદા જુદા પ્રાંતોના ૫૭ સુપ્રસિદ્ધ વિદ્વાનો દ્વારા તેમને અભિનંદનપત્ર તેમજ **'સરસ્વતી વરદપુત્ર'** અને **'મંત્રમનીષી'**ની પદવીઓ અર્પવાની વિધિ કરવામાં આવી હતી. આવું અપૂર્વ માન મેળવનાર શ્રી. ધીરજલાલભાઈ સૌથી પ્રથમ ગુજરાતી છે,

જે તેમની વિદ્વત્તા તેમજ લોકપ્રિયતાનો સરસ ખ્યાલ આપે છે.

આ સમારંભને સફળતા ઈચ્છતા તેમજ શ્રી. ધીરજલાલભાઈના જ્ઞાન અને શક્તિની પ્રશંસા કરતા ભારત ભરમાંથી અનેક સંદેશાઓ મળ્યા હતા, જેમાં માનનીય રાષ્ટ્રપતિ, માનનીય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી. રાધાકૃષ્ણન્, શ્રી. ત્રિગુણસેન, માનનીય પ્રધાન શ્રી. કે. કે. શાહ, માજી ડીફેન્સ મીનીસ્ટર શ્રી. કૃષ્ણ મેનન, મહારાષ્ટ્રના સદ્ગત રાજ્યપાલ ડો. ચેરિયન, મહારાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રી શ્રી. વી. પી. નાયક, મહારાષ્ટ્ર રાજ્યના મહેસુલમંત્રી શ્રી. દેસાઈ, ગ્રામ્યવિકાસખાતાના મંત્રી શ્રી. પી. જી. ખેર, શિક્ષણમંત્રી શ્રી. મધુકર ચૌધરી, દારૂબંધી ખાતાના મંત્રી શ્રી. ભાનુશંકર યાજ્ઞિક, સુપ્રસિદ્ધ સાહિત્યકારો શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી, શ્રી. ભોગીલાલ સાંડેસરા, શ્રી. રામપ્રસાદ બક્ષી, પંડિત રત્ન શ્રી. લાલચંદ્ર ભગવાન ગાંધી, શેઠ ચી. ન. વિદ્યા વિહારના સંચાલક શ્રી. ઈન્દુશ્રીમતી બહેન ચીમનલાલ શેઠ, ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી. ગોરધનદાસ ચોખાવાલા, શ્રી. રવિશંકર રાવળ, શ્રી. સ્નેહરશ્મિ, શ્રી. ઉછરંગભાઈ ઢેબર, રીઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર શ્રી. અરાસકર, માજી સરસેનાપતિ શ્રી. કરીઅપ્પા, શ્રી પદમપત સિંઘાણીઆ, શેઠશ્રી અરવિંદ મફતલાલ, શ્રી લાલચંદ હીરાચંદ, શ્રી. બાબુભાઈ ચીનાઈ શ્રી. કમલનયન બજાજ, શ્રી. પ્રવિણચંદ્ર ડી. ગાંધી, અને શેઠશ્રી માણેકલાલ ચુનીલાલના સંદેશાઓ

મુખ્ય હતા. અનેક સંસ્થાઓએ આ પ્રસંગને અનુલક્ષી શુભેચ્છા દર્શાવતા પોતાના સંદેશાઓ મોકલાવ્યા હતા.

આ ઉપરાંત પ. પૂ. આચાર્ય શ્રી વિજયઅમૃત સૂરીશ્વરજી, પ. પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી, પ. પૂ. આચાર્યશ્રી કીર્તિચંદ્રસૂરિજી, પ. પૂ. આગમપ્રભાકર મુનિરાજશ્રી પુણ્યવિજયજી, સાહિત્યકલારત્ન પૂ. મુનિ મહારાજ શ્રી યશોવિજયજી, પ. પૂ. મુનિરાજશ્રી પદ્મ સાગરજી, પ. પૂ. મુનિશ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજ આદિએ પણ ધર્મલાભ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી અને શ્રી. ધીરજલાલભાઇની આધ્યાત્મિક શક્તિઓનો પ્રતિ-દિન વિકાસ થતો રહે તથા શાસનસેવામાં ઉપયોગ થતો રહે, એવી શુભેચ્છા પ્રકટ કરી હતી.

છેલ્લાં ત્રણ વર્ષમાં શ્રી ધીરજલાલભાઈએ મુંબઇ, અમદાવાદ, સુરત તેમજ અન્ય સ્થળોએ ગણિતસિદ્ધિ તથા માનસવિદ્યાના અદ્ભૂત પ્રયોગો કરી બતાવી જાહેર પ્રજામાં જબ્બર આકર્ષણ જમાવ્યું છે અને આવા પ્રયોગોથી માનવમાં રહેલી અદ્ભૂત અને અનંત શક્તિઓ વિષેનું ભાન લોકોને કરાવ્યું છે.

અંતમાં શતાવધાની, સાહિત્યવારિધિ, ગણિતદિનમણિ, વિદ્યાભૂષણ, અધ્યાત્મવિશારદ, સરસ્વતીવરદપુત્ર, મંત્રમનિષી પંડિત શ્રી ધીરજલાલભાઈ શતાયુ થાય, તેમજ દીર્ઘકાળ પર્યંત ભારતની જનતાને તેમની સાહિત્ય તથા અન્ય ક્ષેત્રની સેવાનો અનુપમ લાભ આપ્યા કરે, એવી પરમાત્માને પ્રાર્થના કરી વિરમું છું.

# શતાવધાની પં. શ્રી ધીરજલાલ શાહનું
# વિશાળ સાહિત્ય–સર્જન

**ચરિત્રસાહિત્ય**

૧ થી ૯૨ વિદ્યાર્થી–વાચનમાળાની પુસ્તિકાઓ

**પ્રવાસવર્ણન**

૯૩–કુદરત અને કલાધામમાં વીશ દિવસ

૯૪–અચલરાજ આબૂ

૯૫–પાવાગઢનો પ્રવાસ

**ગણિત**

૯૬–કોયડાસંગ્રહ ભાગ–૧

૯૭–,, ,, ભાગ–૨

૯૮–ગણિત–ચમત્કાર

૯૯–ગણિત–રહસ્ય

૧૦૦–ગણિત–સિદ્ધિ

**માનસવિજ્ઞાન**

૧૦૧–સ્મરણકલા

૧૦૨–સંકલ્પસિદ્ધિ

**સામાન્ય વિજ્ઞાન**

૧૦૩–રમૂજી ટુચકા

૧૦૪–આલમની અજાયબી

૧૦૫–વિમાની હૂમલો અને તેમાંથી બચવાના ઉપાયો

**કિશોરકથાઓ**

૧૦૬ થી ૧૧૦ કુમારગ્રંથમાળામાં પ્રકાશિત.

**કાવ્ય**

૧૧૧–અજંતાનો યાત્રી (ખંડકાવ્ય) સંસ્કૃત અનુવાદ થયેલો છે.
૧૧૨–જલમંદિર પાવાપુરી (ખંડકાવ્ય)

**શિલ્પ–સ્થાપત્ય**

૧૧૩–ઇલુરાનાં ગુફામંદિરો

**સંકલન**

૧૧૪–શ્રી વીર–વચનામૃત
(હિંદી અને અંગ્રેજી અનુવાદ થયેલ છે.)

**જૈનધર્મવિષયક**

૧૧૫ થી ૩૦૮

**નાટક**

૩૦૯–સતી નંદયંતી (ત્રિઅંકી)
૩૧૦–શ્રી શાલિભદ્ર ,,

**પ્રકીર્ણ**

૩૧૧–તપવિચાર
૩૧૨–દક્ષિણમાં દિવ્ય પ્રકાશ
૩૧૩ થી ૩૪૧ ચરિત્રાદિ

**મંત્ર તથા આધ્યાત્મિક સાહિત્ય**

૩૪૨–મંત્રવિજ્ઞાન
૩૪૩–મંત્રચિંતામણિ
૩૪૪–નમસ્કારમંત્રસિદ્ધિ
૩૪૫–મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર
૩૪૬–મંત્રદિવાકર
૩૪૭–હ્રીઁકારકલ્પતરુ યાને જૈન ધર્મનો દિવ્ય પ્રકાશ

આમાંનાં ૧૪ થી ૧૫ પુસ્તકો મળે છે. બીજાં અપ્રાપ્ય છે.

# વિષયાનુક્રમ

| | | પાનું |
|---|---|---|
| | પુરોવચન....પ. પૂ. આ. શ્રી વિજયધર્મ ધુરંધર સૂરીશ્વરજી મ૦ | ૨૫ |
| ૧ | પ્રારંભિક વક્તવ્ય | ૩ |
| ૨ | વિશ્વનો એક શ્રેષ્ઠ ધર્મ | ૧૭ |
| ૩ | સિદ્ધાંતસાર | ૨૮ |
| ૪ | મંત્ર અને બીજાક્ષરો | ૪૭ |
| ૫ | આરાધકની યોગ્યતા | ૫૮ |
| ૬ | આરાધનાનાં મુખ્ય અંગો | ૭૭ |
| ૭ | જૈન મંત્રના ચમત્કારો | ૯૭ |
| ૮ | હ્રીઁકારકલ્પ | ૧૧૧ |
| ૯ | હ્રીઁકારવિદ્યાસ્તવન | ૨૧૪ |
| ૧૦ | માયાબીજ–રહસ્ય | ૨૬૨ |
| ૧૧ | હ્રીઁકાર અંગે વિશેષ જ્ઞાતવ્ય | ૨૮૬ |
| | હ્રીઁકાર–તત્ત્વ–વિમર્શ........ ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી | ૨૯૩ |
| | વિજ્ઞાપન | ૩૦૮ |

ॐ ह्रीँ अर्हँ नमः

# પુરોવચન

**अर्हँ मन्त्रं महामन्त्रं, स्मारं स्मारं स्मरापहम् ।**
**रहस्यं मन्त्रतन्त्रस्य, वक्ष्ये किञ्चिद् यथाश्रुतम् ॥१॥**

જીવ સંસારમાં જુદી જુદી ગતિમાં પરિભ્રમણ કરતાં કરતાં પ્રબલ પુણ્યોદયે માનવજીવન પ્રાપ્ત કરે છે. આ માનવજીવન અઢીદ્વીપની બહાર મળતું નથી. અઢીદ્વીપમાં ઉત્પન્ન થતા માનવોના ક્ષેત્રને આશ્રયીને ૧૦૧ પ્રકાર છે. તેમાં ૮૬ પ્રકારના માનવોને કોઈ વ્યવહારનાં વળગણ હોતાં નથી. બાકી રહેલાં ૧૫ ક્ષેત્રોમાંનાં દશ ક્ષેત્રોમાં સમયનો દશમો ભાગ જ વ્યવહારને યોગ્ય હોય છે ને ૫ ક્ષેત્રમાં સદાકાળ વ્યવહાર ચાલુ હોય છે.

વ્યવહાર કરતા મનુષ્યોના વ્યવહારના મુખ્ય બે ભાગ છેઃ એક સાંસારિક અને બીજા ધાર્મિક. એ બન્ને પ્રકારના વ્યવહારને સિદ્ધ કરવા માટે માનવો પોતપોતાને મળેલી સાધન–સામગ્રી અને સમજનો ઉપયોગ કરે છે. આ સાધન–સામગ્રીમાં મન્ત્ર એ એક સુન્દર, સબળ અને શીઘ્રકાર્ય-સાધક સાધન છે. એનો ઉપયોગ વ્યવહારમાં થતો આવ્યો છે અને થાય છે.

શ્રી ઋષભદેવ પરમાત્માએ સમજાવેલ વ્યવહાર અને ધર્મ આજ સુધી આ ભરતક્ષેત્રમાં ચાલુ છે. કાળબળને કારણે એમાં અનેક મિશ્રણો થયા કર્યા છે, પણ મૂળભૂત તો એ જ રહેલ છે. જ્યારથી એ વ્યવહાર અને ધર્મ શરૂ થયા, ત્યારથી મંત્રનું બળ પણ આ ભરતક્ષેત્રમાં શરૂ થયું છે ને આજે પણ વિદ્યમાન છે.

વિશ્વમાં અનેક પદાર્થો પ્રત્યક્ષ દેખાય છે. દરેક પદાર્થોમાં જુદી જુદી અનેક શક્તિઓ છે. એ શક્તિઓ સમજવી, એને પ્રકટ કરવી અને ઉપયોગમાં લેવી; પછી એ ઉપયોગ સવળો હોય કે અવળો, પણ આ સર્વ જગત્‌માં ચાલ્યા જ કરે છે. આ પદાર્થોમાં શબ્દ પણ એક પદાર્થ છે. એ શબ્દમાં ઘણી ઘણી શક્તિઓ રહેલી છે, એ સ્પષ્ટ અનુભવાતી હકીકત છે. જો શબ્દ ન હોય તો વિશ્વના કેટકેટલા વ્યવહારો અટકી પડે, એ કલ્પના કરવા જેવું છે. જેમ પીપરને ૬૪ પ્રહર સુધી સતત ઘૂંટવામાં આવે તો તેમાં વિશિષ્ટ સામર્થ્ય પ્રકટ થાય છે, તેમ શબ્દનું મનન કરવામાં આવે તો તેમાં પણ વિશિષ્ટ સામર્થ્ય પ્રકટ થાય છે. એ સામર્થ્ય જેમાં પ્રકટ થયું છે, એવા શબ્દને મંત્ર કહેવામાં આવે છે.

આ મંત્રો સ્વયં કાર્ય સિદ્ધ કરવા સમર્થ છે. જ્યારે કેટલાક મંત્રોનાં કાર્યો તે તે મંત્રો સાથે સંકળાયેલા દેવતાઓ કરી આપે છે. મંત્ર અને વિદ્યા આમ તો એક જ છે, પણ જેમ મનુષ્યરૂપે સમાન હોવા છતાં સ્ત્રી–

પુરુષ એવા વિભાગ પડે છે અને એ પછી તેમાં અવાન્તર પણ ભેદરેખાઓ રહે છે, એજ પ્રમાણે મંત્ર અને વિદ્યાનું છે. જેઓ આ મંત્રશક્તિનો સ્વીકાર નથી કરતા તેઓ વિશ્વની એક મહાશક્તિથી મળતા લાભથી વંચિત રહે છે. એઓને અંગે તો કશું જ કહેવાપણું નથી. પણ જેઓ આ મંત્રશક્તિમાં વિશ્વાસ ધરાવે છે—સારો એવો વિશ્વાસ ધરાવે છે, તેઓ પણ અનેક નાનાં મોટાં બાધક કારણોસર અને વિશિષ્ટ સાધન–સામગ્રીને અભાવે એ શક્તિના લાભોથી વંચિત રહે છે.

દવાના જેમ અનેક પ્રકારો છે, તેમ મંત્રના પણ અનેક પ્રકારો છે. સમજ્યા વગર એમને એમ દવા ખાવાથી ગેરલાભ થાય છે, તેમ સમજ્યા વગર એમને એમ મંત્ર જપવાથી પણ ગેરલાભ થાય છે.

મંત્રના મુખ્ય બે પ્રકારો છેઃ એક ઉગ્ર અને બીજો સૌમ્ય. ઉગ્ર મંત્ર લાભ તો આપે જ, પણ ભૂલ થાય તો ભારે પણ એટલો જ પડી જાય છે. જ્યારે સૌમ્ય મંત્ર લાભ આપે અને ભૂલ થાય તો તે સુધારવાની તક પણ આપે. એટલે સૌમ્ય મંત્રમાં સવિશેષ સાવધ રહેવું જરૂરી છે. મંત્રશક્તિ પ્રકટ કરવાના બે માર્ગ છેઃ એક સાધના અને બીજી આરાધના. સાધના એ સીધા ચડાણ જેવો કઠિન અને ટૂંકો માર્ગ છે, જ્યારે આરાધના એ સરલ છતાં લાંબો માર્ગ છે. ઘણી વખત પૂરી તૈયારી વગર

કાર્યની ઉતાવળવાળા આત્માઓ સાધનાના માર્ગે જાય છે ને પછડાય છે. એટલે એ માર્ગે જનારે ઘણો ઘણો વિચાર કરીને પગલું ભરવા જેવું છે. મંત્રને વય સાથે પણ સારો સંબંધ છે. અમુક મંત્રો અમુક વય પછી જ લાભ આપે છે. સામાન્ય રીતે સ્વકાર્ય માટે પગભર થયેલા જીવો જ મંત્ર માટે યોગ્ય વયના ગણાય છે, એટલે બાળક અને સગીર વયના મંત્ર માટે યોગ્ય નથી.

જેમ જુદાં જુદાં કાર્યો માટે જુદા જુદા પ્રકારના મનુષ્યો સમર્થ બને છે, તેમ મંત્ર માટે એવું જ છે. અમુક મંત્રો બ્રાહ્મણને સિદ્ધ થાય છે, તો અમુક મંત્રો ક્ષત્રિયને સિદ્ધ થાય છે. અમુક મંત્રો વૈશ્યને વશ રહે છે, તો અમુક મંત્રો શૂદ્રને સ્વાધીન બને છે. સાંકર્ય જાતિઓ માટે સાંકર્ય મંત્રો પણ છે.

આમ યોગ્ય વય અને યોગ્ય જાતિવાળાએ મંત્ર લેવા માટે સર્વ પ્રથમ યોગ્ય ગુરુ પાસે વિધિપૂર્વક મંત્ર ગ્રહણ કરવો. ઘણા જીવો આ અંગે સમજણ ધરાવતા નથી અને પુસ્તકોમાં તે તે મંત્રો અને તેનું ફળ વાંચીને ગણવાનું શરૂ કરી દે છે. પરિણામે મંત્ર ફળતો નથી—પણ વિપરીત ફળ આપે છે. મંત્ર એ મહાસંપત્તિ છે અને તેની માલિકી યોગ્ય ગુરુની છે. એટલે ગુરુની રજા સિવાય મંત્રનો ઉપયોગ કરવાથી મંત્રની ચોરી કર્યાનો દોષ લાગે છે.

ગુરુ પાસેથી મંત્ર ગ્રહણ કરવામાં બીજી કેટલીક કાળજીઓ તો રાખવાની હોય છે, પણ એક મુખ્ય વાત એ લક્ષ્યમાં રહેવી જોઈએ કે ગુરુને પ્રસન્ન કરીને મંત્ર મેળવવો–પણ પરાણે નહિ. ગુરુએ પ્રસન્નતાપૂર્વક આપેલો મંત્ર યથાર્થ ફળ આપે છે. બલાત્ લીધેલો મંત્ર ફળ પણ બલાત્ આપે છે. આ અંગેની એક વાત જાણવા જેવી છે.

રામકૃષ્ણ પરમહંસ એક મંત્ર ગણુતા હતા. એ મંત્ર તેમનો આગવો હતો. કોઈને તેઓ તે કહેતા નહિ કે આપતા નહિ. તેમનો એક અનન્ય ભક્ત હતો. એ ભક્ત સામાન્ય ન હતો, પણ ઠીકઠીક ગણાતા એક રાજ્યનો સ્વામી હતો–રાજા હતો. વખત જતાં પરમહંસના કોઈ ચેલાએ રાજાને કહ્યું કે તમે સ્વામીજી પાસે તેઓ જે મંત્ર ગણે છે–તેની માગણી કરો. રાજાએ માગણી કરી. હસીને પરમહંસે કહ્યું કે ભાઇ ! તારે એ ઉપયોગી નથી. સામાન્ય રીતે માનવસ્વભાવ આવા પ્રસંગે આગ્રહ પર ચડી જાય છે. પરમહંસ જે મંત્ર ગણુતા હતા, તે મંત્ર બીજા પાસેથી ઘણા પ્રયત્ને રાજાએ મેળવ્યો અને તેનો જાપ કરવાનું શરૂ કરી દીધું. સ્વામીજીને એ વાતની ખબર પડી. અવસરે રાજાને યોગ્ય બોધપાઠ આપવાનું તેમણે વિચાર્યું. સ્વામીજી અવાર–નવાર રાજાને આવાસે જતા–આવતા. ત્યાં તેમનો ખૂબ યોગ્ય વિવેક જળવાતો. એક પ્રસંગે તેઓ રાજાને ત્યાં ગયા. ત્યાં આત્મીય થોડા

જનોનો મેળો જામ્યો હતો. પ્રસંગ જોઈને સ્વામીજીએ રાજાને કહ્યું કે 'પ્રધાનજીને કહો કે–અમુક ભાઇને બે ધોલ મારવાનું અમુક ભાઈને કહે.' રાજાએ પ્રધાનને સ્વામીજીના કહ્યા પ્રમાણે કહ્યું અને પ્રધાને તે ભાઈને અમુક ભાઈને બે ધોલ મારવા જણાવ્યું, પણ ધોલ મારવાને બદલે પેલા ભાઇ હસી પડયા ને ધોલ મારી નહિ. આમ બે–ત્રણ વખત કહેવા છતાં, ધોલ મારવાનું કાર્ય પત્યું નહિ. પછીથી સ્વામીજીએ રાજાને કહ્યું કે–તમે પેલા ભાઇને ધોલ મારવાનું એ ભાઈને કહો. રાજાએ એકજ વખત કહ્યું ને તે ભાઈએ પેલા ભાઈને ધોલ મારી દીધી. પ્રસંગ સમજાવવા માટે હતો. વાતનો મર્મ બોલતાં–સ્વામીજીએ કહ્યું કે જે શબ્દો ત્રણ ત્રણ વખત બોલવા છતાં અધિકાર નહિ હોવાને કારણે પ્રધાનની અસર ન થઈ–ને આપ અધિકૃત હોવાથી એકજ વખત બોલ્યા ને અસર થઈ–એવું મંત્ર માટે છે. અધિકાર વગરનો માણસ ગમે તેવા જોરદાર મંત્રને જપ્યા કરે, એથી કાંઈ વળતું નથી. રાજા સ્વામીજીના પગમાં પડયો ને પોતાની ભૂલ માટે માફી માંગી. આ હકીકત એટલા માટે છે કે કોઇ પણ મંત્ર યોગ્ય ગુરુ પાસેથી લીધા વગર એમને એમ ગણુવો નહિ.

મંત્રમાર્ગમાં પગરણ માંડનારે દૃઢ નિર્ણય કરવો કે આ માર્ગમાં સદાચાર, સંયમ અને તપ વગર નહિ ચાલે. એ મૂડી વગરના માણસે આ પથના પથિક થવાની

કરી જરૂર નથી. ઘણા માણસો આ અંગે ભૂલ કરીને હેરાન થયા છે. ઉપરના ત્રણ જેની પાસે હોય છે, તે એકાગ્ર બની શકે છે, સ્થિર રહી શકે છે, પ્રલોભનોમાં ફસાતો નથી.

ઘણી વખત ઘણા માણસો એવું પૂછતા હોય છે કે જાપ અમે કરીએ ને તપ વગેરે બીજા કરે તો ચાલે કે નહિ ? પણ આ તો દવા કોઇ પીવે અને પથ્ય કોઇ પાળીને સાજો થાય એના જેવી વાત છે. જેમ જુદાં જુદાં કાર્યો માટે જુદા જુદા પ્રકારના મનુષ્યો સમર્થ બને છે, તેમ મંત્ર માટે એવુંજ છે. મંત્ર અંગે આવશ્યક કેટલીક હકીકતો ટૂંકમાં કહી. બાકી શ્રી ધીરજલાલ ટોકરશી શાહ કે જેમણે આ અંગેનાં ચાર–પાંચ પુસ્તકો લખ્યાં છે, તેમાં મંત્રની વાતો વિસ્તારથી ઘણી છે.

ભૂતકાળમાં મંત્રશક્તિની જાગૃત વાતો ઘણી ઘણી જાણવા મળે છે. હીનસત્ત્વ જીવો ને ભૌતિક વાસનાઓએ જોર કર્યું, એટલે છેલ્લા બે–ત્રણ સૈકાથી મંત્રયુગ આથમતો આવ્યો છે. હવે તેણે પુનઃ પ્રતિષ્ઠાપન કરવાની અગત્ય ઊભી થઈ છે.

લુપ્ત થયેલા અને લુપ્ત થતાં આમ્નાયો શ્રમપૂર્વક શોધી કાઢવા જોઇએ. એ માટે વ્યવસ્થિત થોડી યોગ્ય વ્યક્તિઓએ અરસપરસ સુમેળ કેળવીને વિચારણા–આરાધના અને સાધના કરવી જોઈએ. વર્તમાન વિશ્વ એવા

ભયંકર વંટોળમાં અટવાઈ ગયું છે કે તેને તેમાંથી ઉગારવાનું પ્રબળ સાધન આ મંત્રશક્તિ છે.

પ્રસ્તુત હ્રીંકારકલ્પતરુ યાને જૈનધર્મનો દિવ્ય પ્રકાશ અગિયાર પ્રકરણમાં લખાયેલ મહત્ત્વનો ગ્રન્થ છે. હ્રીંકાર એ મંત્રોમાં પ્રધાન સ્થાન ધરાવતું બીજ છે. એ અંગે તલસ્પર્શી અનેક હકીકતો આ ગ્રન્થમાં છે. હ્રીંકાર અંગે એક આવશ્યક વાત એ છે કે–એનો ઉપયોગ દ્વિધા થાય છે. એ બીજ સૌમ્ય પણ છે અને ઉગ્ર પણ છે. એટલે એ બીજની સ્વતંત્ર સાધના કે આરાધના કરનારે વધુ સાવધ રહેવું જરૂરી છે. એ ઉપબીજરૂપે તો ઘણાં સાથે મળી જાય છે.

ભાઈ ધીરજલાલે સુંદર રસવતી જેવી આ ગ્રન્થાવલિ તૈયાર કરી છે, તેનો સ્વાદ લઈ પાચન કરીને ભવ્યાત્માઓ પુષ્ટ બને, એ જ અભિલાષા.

हकारबीजेन दृढस्थितिर्यो–ऽनुस्वाररीकारपरिष्कृतात्मा ।
शिवं फलं दातुमुदारभावः, कल्पद्रुकल्पो जयतादसौ ह्रीँ ॥

વિજયધુરન્ધરસૂરિ


તા. ૨૦–૧–૧૯૭૦
પોષ સુદિ–૧૩
મંગળવાર.

શ્રી અમૃત પુણ્યોદય જ્ઞાનશાળા.
શ્રી કેસરીયાજી વીરપરંપરા મંદિરની બાજુમાં,
પાલીતાણા.

# હ્રીઁકારકલ્પતરુ

## યાને

## જૈન ધર્મનો દિવ્ય પ્રકાશ



હ્રીઁકારમયી દેવી શ્રીપદ્માવતી

[ ૧ ]

# પ્રારંભિક વક્તવ્ય

'મંત્રના આરાધનથી આધ્યાત્મિક વિકાસ સાધી શકાય છે, મનની શક્તિઓનો વિકાસ કરી શકાય છે, શરીરને નીરોગી તથા સ્વસ્થ રાખી શકાય છે અને જીવન-વ્યવહારમાં જે મુશ્કેલીઓ ઊભી થતી હોય, તેનું નિવારણ પણ કરી શકાય છે.' આવો સંસ્કાર સતત શાસ્ત્રાધ્યયન તથા દીર્ઘ અનુભવ પછી અમારા મન પર પડ્યો છે અને તેથી જ છેલ્લાં ચાર–પાંચ વર્ષથી અમે મંત્રવિષયક સાહિત્યનું વિવિધ રીતે સર્જન–પ્રકાશન કરી રહ્યા છીએ.

અમારું આ સાહિત્ય પ્રમાણભૂત બને, પ્રતીતિ-જનક નીવડે અને એક વિશ્વસ્ત માર્ગદર્શકનું કામ કરે, તે માટે અમે પૂરતી કાળજી રાખી છે તથા તેમાં શ્રુતિ એટલે શાસ્ત્રવચનો, યુક્તિ એટલે દલીલો તથા અનુભૂતિ એટલે સાધકોને થયેલા અનુભવોનું યથાર્થ વર્ણન કરેલું છે. તેમાં અમારા પોતાના અનુભવોનો સાર પણ આવી જાય છે.

અમારું આ સાહિત્યસર્જન–પ્રકાશન બે ભાગમાં વહેંચાયેલું છે. તેમાંનો એક ભાગ સર્વોપયોગી છે અને તેમાં અત્યાર સુધીમાં ત્રણ ગ્રંથો પ્રકટ થવા પામ્યા છે : (૧) **મંત્રવિજ્ઞાન,** (૨) **મંત્રચિંતામણિ** અને (૩) **મંત્રદિવાકર.** આ ગ્રંથોમાં મંત્રની વ્યાખ્યાથી માંડીને સાધના–સિદ્ધિ સુધીનાં સર્વ અંગોની તલસ્પર્શી મીમાંસા કરવામાં આવી છે, કેટલાક મહત્ત્વપૂર્ણ પ્રયોગો દર્શાવવામાં આવ્યા છે તથા ઉપયોગી મંત્રસંગ્રહ પણ રજૂ કર્યો છે. પરિણામે આ ત્રણેય ગ્રંથો લોકપ્રિય બન્યા છે અને મંત્રવિજ્ઞાનની બીજી આવૃત્તિ પ્રકટ થવા પામી છે. મંત્રના વિષયમાં રસ ધરાવનારે આ ત્રણેય ગ્રંથોનું સાદ્યંત અવલોકન કરી લેવું આવશ્યક છે.

અમારા મંત્રવિષયક સાહિત્યસર્જન–પ્રકાશનનો બીજો ભાગ **જૈન** મંત્રવાદને સ્પર્શે છે. તેમાં અત્યાર સુધીમાં બે ગ્રંથો પ્રકટ કરવામાં આવ્યા છે : (૧) **નમસ્કાર-મંત્રસિદ્ધિ** અને (૨) **મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા.** તેમાં નમસ્કારમંત્રસિદ્ધિની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે અને તેની લગભગ બધી નકલો ખલાસ થવા આવી છે, તે પરથી તેની લોકપ્રિયતા સમજી શકાશે.

આ ગ્રંથમાં નમસ્કારમંત્રના અપૂર્વ મહિમા ઉપરાંત તેનું અર્થગૌરવ પ્રકટ કરવામાં આવ્યું છે, તેની સાધના–આરાધના પર વિસ્તૃત પ્રકાશ પાડવામાં આવ્યો છે અને

તેમાંથી ઉદ્‌ભવેલી અનેક વિદ્યાઓ તથા મંત્રોનો પરિચય પણ આપવામાં આવ્યો છે. વિશેષમાં નમસ્કારમંત્રને લગતી કેટલીક સજ્ઝાયો તથા કેટલાક છંદો–ગીતો–સુભાષિતો આપ્યા છે, પંચપદની અનાનુપૂર્વી રજૂ કરી છે અને છેવટે શ્રી સિદ્ધસેનાચાર્યવિરચિત શ્રીનમસ્કાર–માહાત્મ્યનો પૂરો ભાવાનુવાદ આપી ગ્રંથની પૂર્ણાહુતિ કરી છે. વળી આ ગ્રંથના પ્રારંભમાં પ. પૂ. સાહિત્ય–કલા–રત્ન મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજે લખેલી વિશદ–વિસ્તૃત પ્રસ્તાવનાનું અનુસંધાન કરતાં આ ગ્રંથના ગૌરવમાં અનેકગણો વધારો થયેલો છે.

અમને જણાવતાં આનંદ થાય છે કે આ ગ્રંથનું વાંચન–મનન કરતાં અનેક આત્માઓની સંશયાત્મક અવસ્થા દૂર થઈ છે અને તેઓ પૂરેપૂરા શ્રદ્ધાન્વિત બનીને નમસ્કારમંત્રની નિત્ય–નિયમિત આરાધના કરવા લાગ્યા છે. કેટલાકે તો આ વિષયના ખાસ વર્ગો યોજી પદ્ધતિસરની તાલીમ આપવાની હિમાયત પણ કરી છે. ટૂંકમાં આ ગ્રંથનું સર્જન–પ્રકાશન કરવાનું પરિણામ ઘણું સુંદર આવ્યું છે અને તે આ પ્રકારના વિશેષ સાહિત્ય-સર્જન–પ્રકાશન માટે ઉત્તેજક નીવડ્યું છે.

શ્રુતસ્થવિર શ્રી ભદ્રબાહુસ્વામીએ પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિરૂપે રચેલું ઉવસગ્ગહરં સ્તોત્ર મહા પ્રાભાવિક છે, એ વાત તો જૈન સંઘમાં ઘણા કાળથી જાણીતી છે અને તેથી જ લાખો ભાવિકો પ્રતિ-

દિન તેની નિયમિત ગણના કરી રહ્યા છે. વળી આ સ્તોત્ર પર વૃત્તિ આદિ કેટલુંક સાહિત્ય રચાયેલું છે, તે ઘણું મહત્ત્વનું છે અને તેની ગાથાઓ પરત્વે જે મંત્રો તથા યંત્રો પ્રચલિત છે, તે પણ શ્રદ્ધા-શુદ્ધિપૂર્વક આરાધવા જેવા છે. વિશેષમાં આ સ્તોત્રના નવ ગાથાના, તેર ગાથાના, સત્તર ગાથાના, એકવીશ ગાથાના તથા સત્તાવીશ ગાથાના પાઠો પ્રાપ્ત થાય છે અને કેટલાયે ભાવિકો તેનું અત્યંત શ્રદ્ધાપૂર્વક નિત્ય સ્મરણ કરે છે, એટલે તેના અર્થ વગેરે પર પ્રકાશ પાડવા જેવો છે. આ બધી પરિસ્થિતિ લક્ષ્યમાં રાખીને અમે '**મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર**' નામના ગ્રંથની રચના કરી છે અને તેમાં **જૈન** મંત્રવાદની ઉપયોગિતા તથા તેના ઇતિહાસ આદિ પર યોગ્ય વિવેચન કરી તેને '**જૈન મંત્રવાદની જયગાથા**' એવું અપરનામ આપેલું છે.

આ ગ્રંથ પણ પ. પૂ. સાહિત્ય-કલા-રત્ન મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજની મનનીય પ્રસ્તાવનાથી અલંકૃત છે.

જૈન સંઘે આ ગ્રંથનો સુંદર સત્કાર કર્યો છે અને તેના મનન-પરિશીલનમાંથી નવી જ ચેતના અનુભવી છે. વિશેષ આનંદની વાત તો એ છે કે અમે પ્રસ્તુત ગ્રંથમાં ઉવસગ્ગહરં સ્તોત્રના જે ચમત્કારિક અનુભવોનું વર્ણન કર્યું છે, તેવા જ ચમત્કારિક અનુભવો તેના આરાધકોને થવા લાગ્યા છે અને તેની આરાધના વિસ્તાર પામી

રહી છે. આ ગ્રંથ સર્વ જિજ્ઞાસુજનોએ પુનઃ પુનઃ વાંચવા –વિચારવા જેવો છે, એમ કહીએ તો અત્યુક્તિ નથી.

કેટલાક એમ માને છે કે યોગ અને મંત્રનો વિષય જૈન ધર્મમાં પાછળથી દાખલ થયો, અર્થાત્ તે જૈન ધર્મની મૂળ વસ્તુ નથી; પરંતુ આ મંતવ્ય ભ્રાંત છે, નિરાધાર છે. સત્ય હકીકત એ છે કે જૈન ધર્મ યોગપ્રધાન છે અને યોગસિદ્ધિમાં જ સાધુજીવનની સાર્થકતા માનનારો છે. જૈન મહર્ષિઓએ ટંકશાળી વચનોમાં કહ્યું છે કે જે યોગસાધના કરતો નથી, તેને ધ્યાનસિદ્ધિ થતી નથી; જેને ધ્યાનસિદ્ધિ થતી નથી, તેને કેવલજ્ઞાન થતું નથી; અને જેને કેવલજ્ઞાન થતું નથી, તેને મુક્તિ, મોક્ષ કે પરમપદનો લાભ મળી શકતો નથી.

શ્રીભદ્રબાહુસ્વામીએ **આવશ્યકનિર્યુક્તિ**માં જણાવ્યું છે કે 'निव्वाणसाहए जोगे जम्हा सहंति साहूणो–જેઓ નિર્વાણસાધક યોગની સાધના કરે છે, તેઓ સાધુ કહેવાય છે.' આનો અર્થ એ છે કે જ્યાં યોગસાધના છે, યોગાભ્યાસ છે, ત્યાં જ સાધુતા છે. જ્યાં યોગસાધના નથી, યોગનો અભ્યાસ નથી, ત્યાં સાધુતા નથી. અલબત્ત, આ યોગાભ્યાસ નિર્વાણપ્રાપ્તિ એટલે મુક્તિ, મોક્ષ કે પરમપદ મેળવવાના હેતુથી કરવાનો છે.

શ્રી માનતુંગસૂરિજીએ **ભક્તામરસ્તોત્રમાં** શ્રી આદીશ્વર પ્રભુને યોગ જાણનાર યોગીશ્વર તરીકે બિરદાવ્યા

છે અને શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે **ધ્યાનશતકનું** મંગલાચરણ કરતાં ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીને યોગીશ્વર તરીકે વંદના કરી છે. આ રીતે બીજા પણ અનેક આચાર્યોએ શ્રી જિનેશ્વરદેવોને યોગકુશલ, યોગપારંગત, યોગીન્દ્ર વગેરે નામોથી સંબોધ્યા છે, એટલે યોગસાધના કે યોગાભ્યાસ એ **જૈન** જીવનનું એક મહત્ત્વપૂર્ણ અંગ છે, એમાં કોઈ શંકા નથી.

યોગનો મૂળ અર્થ જોડાણ છે, એટલે જે ક્રિયા કે જે ધર્મવ્યાપાર મનુષ્યને પરમાત્મપદનું જોડાણ કરી આપે, તેને યોગ સમજવાનો છે. કાયાને આસનથી સ્થિર કરવી, વાણીને મૌન વડે સ્થિર કરવી અને ચિત્તવૃત્તિઓને ધ્યાન વડે સ્થિર કરવી, એ આ યોગનું મુખ્ય સ્વરૂપ છે અને તે **ठाणेणं मोणेणं झाणेणं** વગેરે આર્ષવચનોથી વ્યક્ત થાય છે.

ચતુર્દશપૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી મહાપ્રાણધ્યાનની સિદ્ધિ માટે નેપાળની તળેટીમાં રહ્યા હતા, એ હકીકત શાસ્ત્રોમાં સ્પષ્ટાક્ષરે નોંધાયેલી છે. વળી શ્રી હરિભદ્રસૂરિ, શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે મહાપુરુષોએ યોગના વિષયમાં સ્વતંત્ર ગ્રંથોની રચના કરી છે, તે એમ બતાવે છે કે **જૈન** ધર્મ યોગને ખૂબ મહત્ત્વ આપનારો છે અને તેના વડે જીવનનું અંતિમ લક્ષ્ય સાધી શકાય છે, એમ માનનારો છે.

**જૈન** શાસ્ત્રોમાં તથા **જૈન** સાહિત્યમાં અનેક સ્થળે

મુનિચર્યાનું વર્ણન આવે છે, ત્યાં એમ જણાવ્યું છે કે 'તેઓ કાયોત્સર્ગ કરીને ધ્યાનમાં ઊભા રહ્યા.' તો કાયોત્સર્ગ અવસ્થાનો સ્વીકાર કરીને ધ્યાનમાં ઉભા રહેવું, એ શું યોગસાધના નથી?

આજે તો કાયોત્સર્ગ અંગે આપણી સમજ છેક જ વિકૃત થઇ ગઈ છે અને જે રીતે તેનું આચરણ કરી રહ્યા છીએ, તે કોઇ પણ સુજ્ઞને ખેદ પમાડયા સિવાય રહે તેમ નથી. કાયોત્સર્ગના શાસ્ત્રીય સ્વરૂપ વિષે અમે **શ્રી પ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકાના** પ્રથમ ભાગમાં 'તસ્સ ઉત્તરીસૂત્ર'ના વિવેચન પ્રસંગે જે વર્ણન કરેલું છે, તે જિજ્ઞાસુજનોએ અવશ્ય જોઈ જવું. તેનાથી કાયો-ત્સર્ગની મહત્તા સમજાશે અને તેના સ્વરૂપનો પણ સ્પષ્ટ ખ્યાલ આવી જશે.

હવે મંત્ર પર આવીએ. અનુભવી પુરુષોએ કહ્યું છે કે '**न मन्त्रेण विना योगो**-એટલે કે મંત્રનું આલં-બન લીધા વિના યોગ સિદ્ધ થતો નથી.' અન્ય શબ્દોમાં કહીએ તો મંત્રસાધના-મંત્રારાધના એ યોગસાધનાનો એક ભાગ છે અને તેથી જ જૈન ધર્મે તેનો સ્વીકાર કરેલો છે. જેઓ યોગચતુષ્ટયમાં માને છે, એટલે કે યોગના ચાર પ્રકારો હોવાનું મંતવ્ય ધરાવે છે, તેઓ મંત્રસાધનાને પ્રથમ પ્રકારનો યોગ માને છે અને હઠ, લય તથા રાજને તે પછીનાં સ્થાનો આપે છે.

**જૈન** શાસ્ત્રોમાં કહ્યું છે કે 'કાલ અનાદિ છે, જીવ અનાદિ છે, અને **જૈન** ધર્મ પણ અનાદિ છે. જ્યારથી **જૈન** ધર્મ છે, ત્યારથી નમસ્કારમંત્ર ભવ્ય જીવો વડે ભણાતો આવ્યો છે.' આનો અર્થ એ છે કે જૈન ધર્મમાં મંત્રની સાધના-આરાધના અનાદિ કાળથી થતી આવી છે. તે કોઈના અનુકરણરૂપે પાછળથીદાખલ થયેલી નથી.

**જૈન** શાસ્ત્રોએ આઠ **પ્રકારના** પ્રભાવકો માનેલા છે, તેમાં મંત્રસિદ્ધને ખાસ સ્થાન આપેલું છે. તે એમ બતાવે છે કે પૂર્વકાળમાં જૈનાચાર્યો-**જૈન** મુનિઓ મંત્રની ખાસ આરાધના કરતા અને તેમાં સિદ્ધિ પ્રાપ્ત કરીને, સમય આવ્યે, શાસનની પ્રભાવનાનિમિત્તે તેનો ઉપયોગ કરતા. **જૈન** પરંપરાનો ઈતિહાસ તેની સાક્ષી પૂરે છે.

ચૌદ પૂર્વો આજે વિદ્યમાન નથી, પરંતુ તેનું જે વર્ણન **જૈન** શાસ્ત્રો દ્વારા પ્રાપ્ત થાય છે, તે પરથી જાણી શકાય છે કે તેમાં દશમું પૂર્વ **વિદ્યાપ્રવાદ** નામનું હતું અને તેમાં અનેક પ્રકારની વિદ્યાઓ તથા અનેક પ્રકારના મંત્રોનો સામ્નાય સંગ્રહ હતો. જો જૈન સંઘમાં વિદ્યાસાધના-મંત્રસાધના પ્રચલિત ન હોય તો આવો સંગ્રહ થાય શી રીતે? તાત્પર્ય કે જૈન સંઘમાં મંત્ર-સાધના-મંત્રારાધના ઘણા પ્રાચીન કાલથી ચાલી આવે છે, એ એક નિર્વિવાદ હકીકત છે.

ઉક્ત બે ગ્રંથોના સર્જન-પ્રકાશન પછી અમે હવે

'**હ્રીઁકારકલ્પતરુ**' નામનો ત્રીજો ગ્રંથ જિજ્ઞાસુજનોના કરકમલમાં મૂકી રહ્યા છીએ. આશા છે કે આ ગ્રંથ પણ પૂર્વના બે ગ્રંથો જેવો જ લોકપ્રિય નીવડશે અને અનેકના કલ્યાણનું નિમિત્ત બનશે.

પૂર્વે '**મંત્રચિંતામણિ**' ગ્રંથમાં અમે ૐકારની જેમ હ્રીઁકાર વિષે પણ એક ખંડ રચેલો છે અને તેમાં **જૈન** ધર્મની હ્રીઁકાર–ઉપાસના અંગે ખાસ પ્રકરણ લખેલું છે. પરંતુ હ્રીઁકારનું માહાત્મ્ય જોતાં–હ્રીઁકારનું સામર્થ્ય જોતાં તેના વિષે એક સ્વતંત્ર ગ્રંથ નિર્માણ કરવો જોઈએ, એવી પ્રેરણા અમારા અંતરમાં થવા લાગી અને તે દિનપ્રતિદિન બલવત્તર થતી ચાલી; તેમાંથી ગ્રંથરચનાનો આરંભ થયો અને તે આગળ વધવા લાગ્યો. પરંતુ આ કાર્ય કઠિન હતું. ખાસ કરીને તે અંગે પ્રમાણભૂત માહિતી મેળવવામાં ઘણી કઠિનાઈનો અનુભવ થતો હતો; પરંતુ દૃઢ સંકલ્પ અને પુરુષાર્થના યોગે આ બધી કઠિનાઈઓને ઓળંગી ગયા અને ધારેલા સમયે, ધારેલી રીતે આ ગ્રંથની રચના પૂર્ણ થઈ, તેથી અમને આનંદ થાય, અમારા હૃદયમાં **હર્ષ** પ્રકટે, એ સ્વાભાવિક છે.

હ્રીઁકાર અત્યંત પ્રભાવશાળી મંત્રબીજ છે અને તેની આરાધના કરવાથી સકલ મનોરથોની સિદ્ધિ થાય છે, એટલે તે કલ્પતરુની ઉપમા પામેલો છે. વળી તેમાં ચોવીશ તીર્થંકરો, પંચપરમેષ્ઠી તથા સર્વ તીર્થોની સ્થાપના

હોવાથી આજ સુધીમાં અનેક સાધકોએ તેની આરાધના કરીને પોતાનાં જીવન ધન્ય બનાવેલાં છે. વર્તમાનકાળે પણ તેની ઉત્કૃષ્ટ ભાવે આરાધના કરનારા કેટલાક મુનિરાજો તથા મુમુક્ષુઓ વિદ્યમાન છે. અમે પણ તેની આરાધનાનો કેટલોક આનંદ માણ્યો છે.

'હ્રીંકારની આરાધના કરતાં અમારી માનસિક સ્થિતિ વિચિત્ર થઈ ગઈ' એવા હેવાલો પણ અમને મળ્યા છે, પરંતુ તેનાં ખરાં કારણો બીજાં જ હતાં, એમ કહીએ તો અનુચિત નથી. હ્રીંકારની આરાધના યથાવિધિ કરવામાં આવે તો તેનાથી લાભ જ થાય છે, કોઈ જાતનું નુકશાન થતું નથી, એવી અમારી દૃઢ પ્રતીતિ છે અને તે જ કારણે આ વસ્તુ જિજ્ઞાસુજનોની સમક્ષ ધરી રહ્યા છીએ.

આ ગ્રંથના પ્રારંભમાં 'વિશ્વનો શ્રેષ્ઠ ધર્મ' અને 'સિદ્ધાંતસાર' નામનાં બે પ્રકરણો લખ્યાં છે, તે પરથી પાઠકોને જૈન ધર્મની પ્રાચીનતા, શ્રેષ્ઠતા તથા ઉદારતાનો ખ્યાલ આવશે અને તેના પ્રત્યે બહુમાન જાગૃત થતાં તેનું અનુસરણ કરવાની ભાવના ઉત્પન્ન થશે. તે પછી ત્રણ પ્રકરણો દ્વારા મંત્રશાસ્ત્રની મૂળ ભૂમિકા સમજાવવામાં આવી છે અને ત્યારબાદ શ્રી જિનપ્રભસૂરિજી મહારાજનું ટૂંકું ચરિત્ર આપી જૈન મંત્રો દ્વારા કેવા ચમત્કારો નીપજાવી શકાય છે, એ હકીકત રજૂ કરી છે.

ત્યાર પછી શ્રી જિનપ્રભસૂરિજીકૃત હ્રીંકારકલ્પ ઉપર શબ્દાર્થ તથા ભાવાર્થ સાથે સવિસ્તર વિવેચન કર્યું છે અને એ રીતે એક નવી જ ટીકા નિર્માણ કરી છે. તેમાં ઘણાં સાધનોનો ઉપયોગ કર્યો છે અને કેટલાક અર્થોની સંગતિ કરવા માટે ધ્યાનની પ્રક્રિયાનો ખાસ આધાર લેવો પડ્યો છે. તે પછી 'શ્રી હ્રીંકારવિદ્યાસ્તવન' તથા 'માયાબીજરહસ્ય' નામની કૃતિઓ ઉપર પણ ઉપરની ઢબે જ વિવેચન કર્યું છે અને હ્રીંકારની આરાધના પર બને તેટલો પ્રકાશ પાડ્યો છે.

છેવટે હ્રીંકાર અંગે એક સર્વોપયોગી લેખ આપીને ગ્રંથની પૂર્ણાહુતિ કરી છે.

થોડા વખત પહેલાં એક મહાનુભાવે અમને કહ્યું: 'હવે તો વિજ્ઞાનયુગ ચાલે છે. તેમાં મંત્રારાધના જેવી જરી–પુરાણી વસ્તુને આગળ કરવાનો શો અર્થ છે?' અમે કહ્યું: 'આજે વિજ્ઞાનયુગ ચાલે છે, એ વાત સાચી, પણ તેણે માનવજાતિને સુખ અને શાંતિ આપવાને બદલે દુઃખ અને ભયની ભેટ ધરી છે અને તેથી સર્વત્ર એક પ્રકારનો વિષાદ છવાઈ ગયો છે. પરિણામે લોકો તેમાંથી છૂટવાના ઉપાયો શોધી રહ્યા છે, પણ તેમાં તેઓ જોઈએ તેવા સફલ થયા નથી, થતા નથી. અમને લાગે છે કે આ જગતમાં એક અધ્યાત્મવાદ જ એવો છે કે જે લોકોને આ સ્થિતિમાંથી ઉગારી શકે અને મંત્રારાધના તેમાં ઘણો

અગત્યનો ભાગ ભજવી શકે એમ છે. તેથી જ અમે મંત્રશાસ્ત્રપર–મંત્રવિદ્યાપર બને તેટલો પ્રકાશ પાડી રહ્યા છીએ. વળી અનુભવે અમારી ખાતરી થઈ છે કે આ વસ્તુ મનુષ્યને જેટલું સુખ અને જેટલી શાંતિ આપી શકે છે, તેટલું સુખ અને તેટલી શાંતિ બીજી કોઈ વસ્તુ આપી શકે એમ નથી. વિજ્ઞાનપ્રેરિત ભૌતિકવાદમાં તો એ સામર્થ્ય જ નથી કે તે મનુષ્યને કદી પણ પરમ શાંતિની ભેટ કરી શકે. ભૌતિકવાદ જેમ આગળ વધતો જાય છે, તેમ મનુષ્યોની ભોગલાલસા વધતી જાય છે અને તે છેવટે એમને એવી સ્થિતિમાં મૂકી દે છે કે જ્યાં રોગ, શોક અને દુઃખની દૈત્યલીલા પોતાનો પિશાચી પંજો પ્રસારી રહેલી છે.

મંત્રારાધના પુરાણી છે એ વાત સાચી, પણ એક વસ્તુ પુરાણી હોય, તેથી જ નિંદ્ય કે અગ્રાહ્ય ઠરતી નથી. તે માનવજાતિને કેટલી ઉપયોગી છે ? કેટલી હિતાવહ છે ? તે જોવાનું છે. વળી કાલના અનેક કુટિલ પ્રહારો આવી ગયા, છતાં મંત્રારાધના પોતાનું સ્થાન ટકાવી રહી છે, તેથી એ વસ્તુ સિદ્ધ થાય છે કે તેનો પાયો સત્ય સિદ્ધાંતો પર સ્થાપિત થયેલો છે.'

અમારો આ વિસ્તૃત ખુલાસો સાંભળી તેઓ વિચારમાં પડી ગયા, પણ થોડી જ વારમાં સ્વસ્થ થઈને પ્રશ્ન કરવા લાગ્યા : 'શું આ યુગમાં મંત્રો ફલદાયી થાય છે ખરા ?'

અમે કહ્યું : 'મંત્રો ભૂતકાલમાં ફલદાયી થતા હતા, આજે પણ થાય છે અને ભવિષ્યમાં પણ થશે. મંત્રોની શક્તિ કોઈએ હણી નાખી નથી. જો કોઈ એ શક્તિને હણી નાખવાનો દાવો કરતું હોય તો એ દાવો પોકળ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ વગેરે જેમ પોતપોતાનો ધર્મ બજાવી રહ્યા છે, તેમ મંત્રો પણ પોતાનો ધર્મ બજાવી રહ્યા છે, એટલે કે જેઓ તેની યથાર્થપણે આરાધના કરે છે, તેમને તે અવશ્ય ફલદાયી થાય છે. અમે તેના અનેક દાખલાઓ નજરે નિહાળ્યા છે, તેથી અમારી આ પ્રકારની માન્યતા બંધાઈ છે અને તેને ફેરવવાનું કોઈ કારણ હજી સુધી અમને મળ્યું નથી.

અમારો આ ઉત્તર સાંભળીને પેલા મહાનુભાવે કહ્યું : 'તો આ વસ્તુ વિચારવા જેવી ખરી !'

અમે કહ્યું : 'માત્ર વિચારવા જેવી નહિ, પણ અમલમાં મૂકવા જેવી પણ ખરી.'

અમારો વાર્તાલાપ અહીં પૂરો થયો અને તે પેલા મહાનુભાવ પર ખૂબ ઊંડી છાપ પાડતો ગયો. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે થોડા જ દિવસમાં તેમણે એક અનુભવીની દેખરેખ નીચે મંત્રની આરાધના શરૂ કરી અને તેનું પરિણામ ઘણું સુંદર આવ્યું.

આજે મંત્રની ફલદાયકતા વિષે જે બૂમ ઉડી રહી છે, તેનું ખરૂં કારણ એ છે કે આપણું અંતર જોઈએ

તેવું અને તેટલું શ્રદ્ધાવાન નથી, આપણું શરીર અને મન જોઈએ તેવું અને તેટલું શુદ્ધ નથી અને આપણે આરાધનાની જે વિધિઓને અનુસરી રહ્યા છીએ, તે એક યા બીજા પ્રકારની ખામીવાળી છે. જો આ વસ્તુસ્થિતિ સુધરી જાય તો મંત્રારાધનાનું યથાર્થ ફળ મળવા લાગે અને તે આપણા અભ્યુદયનો માર્ગ મોકળો કરી આપે.

પ્રારંભિક વક્તવ્યમાં આથી વિશેષ શું કહીએ?

[ ૨ ]

# વિશ્વનો એક શ્રેષ્ઠ ધર્મ

જૈન મહર્ષિઓ સર્વજ્ઞ અને સર્વદર્શી હતા; વળી અનંત શક્તિથી વિભૂષિત હતા. તેમની એ શક્તિની કોઈ તુલના કરી શકે એમ ન હતું, એટલે તેઓ પરમ-પુરુષ કે પુરુષોત્તમ કહેવાયા. તેમણે પોતાને પ્રાપ્ત થયેલા દિવ્ય પ્રકાશથી લોકાલોકનું * સર્વ સ્વરૂપ જાણી લીધું હતું અને પ્રાણીમાત્રનું હિત થાય, એવો ધર્મનો ઉપદેશ આપ્યો હતો, જે આજે **જૈનધર્મ** તરીકે વિખ્યાત છે.

જિનોને અર્હત્ કહેવામાં આવે છે, એટલે તે **આર્હતધર્મના** અપરનામથી ઓળખાયો અને નિર્ગ્રંથ શ્રમણોની મુખ્યતાએ **નિર્ગ્રંથસંપ્રદાય** તરીકે પણ ખ્યાતિ પામ્યો. વળી તે અહિંસાને પ્રાધાન્ય આપનાર

---

* લોક અને અલોક, તે લોકાલોક.

હોવાથી **અહિંસાધર્મ** કહેવાયો, દયા–દાનની વિશેષ પ્રવૃત્તિને કારણે **દયાધર્મ** કરીકે વિખ્યાત થયો અને વીતરાગદેવની પૂજાને કારણે **વીતરાગધર્મ**નું બિરુદ પામ્યો.

જૈન ધર્મે જ્ઞેય, હેય અને ઉપાદેયના વિવેકવાળી અતિ ઉચ્ચ કોટિના તત્ત્વજ્ઞાનની પ્રરૂપણા કરી છે તથા યોગ અને મંત્રને લગતી અનેક પ્રકારની આરાધનાઓ પણ બતાવી છે કે જેનું અનુસરણ કરવાથી મનુષ્ય પરમાર્થ તથા વ્યવહાર બંનેની સિદ્ધિ કરી શકે છે. વિશેષમાં તેણે સાહિત્ય, સ્થાપત્ય, શિલ્પ, વૈદક, જ્યોતિષ, નિમિત્તશાસ્ત્ર વગેરેમાં જે ફાળો આપ્યો છે, તે નોંધપાત્ર છે અને ભારતીય સંસ્કૃતિને ઘણું ગૌરવ આપે એવો છે; તેથી જ અમે **જૈન** ધર્મને વિશ્વનો એક શ્રેષ્ઠ ધર્મ માનીએ છીએ અને તેનું અધ્યયન–અધ્યાપન તથા તેની આરાધના કરવામાં જીવનની કૃતાર્થતા લેખીએ છીએ.

ભારતના એક સમર્થ પંડિત મહામહોપાધ્યાય **ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણે** કહ્યું છે કે—

'If India stands unique in the world for the Spiritual and Philosophical developements, no one will deny that the credit belongs to the Jains no less than to the Brahmins and the Buddhists[1]'

1. Jain Gazette, 1914, P. 35.

–એ વાતનો કોઈપણ ઈનકાર કરશે નહિ કે ભારતવર્ષ પોતાના આધ્યાત્મિક અને તાત્ત્વિક વિકાસ માટે જગતમાં અગ્રસ્થાન ભોગવે છે, તેનો યશ બ્રાહ્મણો અને બૌદ્ધો કરતાં જૈનોને જરા પણ ઓછો નથી.'

મદ્રાસના એક વખતના પંત પ્રધાન **પી. એસ. કુમારસ્વામી રાજાએ** કહ્યું છે કે 'The country is ever indebted to the Cult of Jainism, because of the rich Cultural heritage it has conffered on us.[૨] –જૈન ધર્મે જે સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો આપ્યો છે, તે માટે આ દેશ તેનો સદાને માટે ઋણી રહેશે.'

પ્રસિદ્ધ વિચારક અને વિદ્વાન્ **સર સન્મુખં ચેટ્ટીએ** તો એથી પણ આગળ વધીને કહ્યું છે કે ' It is beyond my capacity to say anything about the greatness of the Jain religion. I have read sufficiently to warrant my saying that the contribution which the Jains have made to Indian Culture is something uuique. I personally believe that if only Jainism had kept its hold firmly in India, we would peheaps had more united India and certainly a grerter India than today.–**જૈન** ધર્મની મહત્તા વિષે કંઈ પણ કહેવું, તે મારી શક્તિ બહારનું છે. મેં મારા એ વિધાનને પુષ્ટ

૨. સને ૧૯૪૯ ના ડીસેમ્બરની ૨૪ મી તારીખે મદ્રાસમાં જૈન કોન્ફરન્સનું ઉદ્‌ઘાટન કરતાં અપાયેલા ભાષણમાંથી.

કરવા માટે પુષ્કળ વાંચ્યું છે કે **જૈન** ધર્મે ભારતીય સંસ્કૃતિમાં આપેલો ફાળો ખરેખર અદ્ભુત છે. હું અંગત રીતે એમ માનું છું કે ભારત પર જો માત્ર જૈન ધર્મનું જ વર્ચસ્વ મજબૂત રહ્યું હોત, તો આપણને આજના ભારત કરતાં વધારે સંગઠિત અને વધારે વિસ્તૃત ભારત મળ્યું હોત.'

અઢારમી સદીના અંત ભાગમાં યુરોપિયન વિદ્વાનોએ ભારતના ઈતિહાસની સંકલના કરવા માંડી, ત્યારે તેમણે ઉપરછલાં અધ્યયનથી એમ જાહેર કર્યું કે જૈન ધર્મ એ વૈદિક ધર્મનો એક ભાગ છે અથવા તો બૌદ્ધ ધર્મની શાખા છે; પરંતુ આ વિધાન ભ્રાંત હતું અને તેનું નિવારણ થતાં વાર લાગી નહિ. જર્મનીના સુપ્રસિદ્ધ વિદ્વાન **ડૉ. હર્મન યાકોબીએ** જૈન અને બૌદ્ધ શાસ્ત્રોનો અભ્યાસ કરીને જાહેર કર્યું કે–'Let me assert my conviction that Jainism is an original system, quite distinct and independent from, all others and that, therefore, it is of great importance for the study of philosophical thought and religious life in ancient India.–મને મારી પ્રતીતિ જણાવવા દો કે જૈન ધર્મ એ મૂળ ધર્મ છે, બીજા બધા ધર્મોથી તદ્દન નિરાળો તથા સ્વતંત્ર છે અને તેથી તે પ્રાચીન ભારતના તાત્ત્વિક વિચારો અને ધાર્મિક જીવનનો અભ્યાસ કરવા માટે અતિ ઉપયોગી છે.'

ઈ. સ. ૧૮૯૮ માં **ડૉ. હોર્નલેએ** એક પૌર્વાત્ય પરિષદ્‌ના અધ્યક્ષસ્થાનેથી ઉદ્‌ઘોષણા કરી કે 'With, however, our present knowledge of the Jains and their sacred literature, it is not difficult to prove that Jainism is far from being an offshoot of Buddhism or Brahmanism, was one of the earliest home religions of India.–આપણે જૈનો અને તેમના પવિત્ર સાહિત્ય વિષે હાલમાં જે જ્ઞાન ધરાવીએ છીએ, તેથી એ વસ્તુ પુરવાર કરવી જરાયે અઘરી નથી કે જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મ કે બ્રાહ્મણધર્મની એક શાખા તો ન જ હતો, પણ ભારતના પ્રાચીન મૂળ ધર્મોમાંનો એક હતો.'

ફ્રેંચ વિદ્વાન **ડૉ. ગેરિનોએ** પણ ઘણા અભ્યાસ પછી એવો અભિપ્રાય ઉચ્ચાર્યો કે 'Jainism is very original, independent and systematic doctrine. જૈન ધર્મ ઘણો પ્રાચીન છે, સ્વતંત્ર છે અને યુક્તિમત્‌ સિદ્ધાંતરૂપ છે.'

જૈન ધર્મની પ્રાચીનતા અને સ્વતંત્રતા બાબત આજે વિદ્વાનોમાં કોઈ વિવાદ નથી. ભારતના મહામાત્ય **પંડિત જવાહરલાલ નહેરૂએ** તેમના 'ડીસ્કવરી ઑફ ઇન્ડિયા' નામના સુપ્રસિદ્ધ પુસ્તકમાં કહ્યું છે કે ( પૃ. ૬૩ ) Buddhism and Jainism were certainly not Hinduism or even the Vedic Dharma, yet they

arose in India and were integral part of Indian life, Culture and Philosophy.–બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ એ ખરેખર હિંદુધર્મી ન હતા અને વૈદિક ધર્મને માનનારા પણ ન હતા; છતાં તે ભારતમાં ઉદ્ભવ્યા અને ભારતીય જીવન, સંસ્કૃતિ તથા તત્ત્વજ્ઞાનનો એક મહત્ત્વનો ભાગ બની ગયા.'

ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીનો સમય જગત્‌ના ઇતિહાસનો એક નોંધપાત્ર સમય ગણી શકાય એવો છે, કારણ કે એ વખતે ચીનમાં લાઓત્સુ ( Lao-tsu ) તથા કોન્ફ્યુસિયસ (Confucius), ઈરાનમાં છેલ્લા જરથુસ્ત્ર અને ગ્રીસમાં પાયથાગોરસ ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા તથા ભારતમાં પણ એ સમયે ધાર્મિક જાગૃતિનો મહાન જુવાળ આવ્યો હતો. ભારતમાં આવેલા આ ધાર્મિક જાગૃતિના મહાન જુવાળનું શ્રેય શ્રમણ ભગવાન મહાવીર તથા શ્રી ગૌતમ બુદ્ધને આભારી હતું.

શ્રમણ ભગવાન મહાવીરથી જૈન ધર્મ પ્રકાશમાં આવ્યો અને તેનો ખૂબ પ્રચાર થયો, તેથી કેટલાક એમ માને છે કે તેઓ જ જૈન ધર્મના મૂળ સંસ્થાપક હતા, પરંતુ આ માન્યતા વાસ્તવિક નથી. શ્ર. ભ. મહાવીરે પોતાના પહેલાં આ દેશમાં શ્રી પાર્શ્વનાથ નામના તીર્થંકર થઈ ગયાનું **શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર**માં જણાવ્યું છે અને તેમની પહેલા બીજા બાવીશ તીર્થંકર થઈ ગયાનો ઉલ્લેખ **શ્રી ભગવતીસૂત્ર** આદિ જિનાગમોમાં કરેલો છે,

એટલે તેઓ છેલ્લા તીર્થંકર હતા અને તેમની પહેલા ત્રેવીશ તીર્થંકરોએ આ દેશમાં જૈન ધર્મનું પ્રવર્તન કર્યું હતું.

જૈન ધર્મ શ્રમણ ભગવાન મહાવીર તથા શ્રી ગૌતમ બુદ્ધ પહેલાં પણ આ દેશમાં પ્રચલિત હતો, એ હકીકત **પ્રો. મેક્ષમુલર, ઓલ્ડનબર્ગ બેન્ડોલે, સર મોનિયર વિલિયમ્સ, હાર્વે. વ્હીલર** આદિ વિદેશી વિદ્વાનો તથા **ડૉ. આર. જી. ભાંડારકર, ડૉ. કે. પી. જયસ્વાલ** તથા **બાળ ગંગાધર ટિળક** વગેરે ભારતીય વિદ્વાનોએ માન્ય કરી છે અને કેમ્બ્રીજ હીસ્ટરી ઓફ ઇંડિયા (પૃ. ૧૫૩), એન્સાઈક્લોપીડિયા ઓફ રિલિજિયન એન્ડ એથિકસ્ (વો. ૭ મું) તથા હાર્મ્સવર્થ હિસ્ટરી ઓફ ધી વર્લ્ડ (વો. ૨ જું, પૃ. ૧૧૯૮) માં તેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની એક ઐતિહાસિક પુરુષ તરીકે નોંધ લેવામાં આવી છે.

પરંતુ ઐતિહાસિક અન્વેષણો અહીંથી જ અટક્યા નથી. તેમણે આગળ વધીને બાવીશમા તીર્થંકર શ્રી અરિષ્ટ-નેમિને પણ ઐતિહાસિક પુરુષોની કોટિમાં મૂક્યા છે. **ડૉ. ફુહરર** (Fuhrer) એપિગ્રાફિકા ઇન્ડિકાના પ્રથમ ભાગમાં પૃ. ૩૮૯ પર જણાવે છે કે ‘Lord Neminath, the 22nd Thirthankar of the Jains has been accepted as a historical person. –**જૈનોના બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુને ઐતિહાસિક વ્યક્તિ તરીકે સ્વી-**

કારવામાં આવ્યા છે.' **પ્રો. એલ. ડી. બાર્ટન** 'એન્સીયન્ટ મીડ ઈંડિયન ક્ષત્રિય ટ્રાઈબ્સ' નામના પુસ્તકના પ્રથમ ભાગની પ્રસ્તાવનામાં આ મતને માન્ય રાખે છે; અને સંસ્કૃતના સુપ્રસિદ્ધ વિદ્વાન્ **ડૉ. નાગેન્દ્રનાથ બસુ** 'હરિવંશ પુરાણ'ની પ્રસ્તાવનામાં શ્રી અરિષ્ટનેમિના ઐતિહાસિક વ્યક્તિત્વનો સ્પષ્ટતયા સ્વીકાર કરે છે. **શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય** એમ. એ. બી. એલ્., પીએચ.ડી; તથા **રેવરન્ડ જે. કેનેડી**એ આ મતનું સમર્થન કર્યું છે અને બનારસ હિંદુ યુનિવર્સિટીના પ્રાધ્યાપક **ડૉ. પ્રાણનાથ વિદ્યાલંકારે** પોતાને સૌરાષ્ટ્રમાંથી પ્રાપ્ત થયેલા એક અતિ જૂના તામ્રપટ્ટના આધારે આ માન્યતાને મહોર મારી છે.

તેમણે ટાઈમ્સ ઑફ ઈંડિયાના તા. ૧૯-૩-૩૫ ના અંકમાં ખાસ લેખ લખીને જણાવ્યું હતું કે મને મળેલું તામ્રપટ્ટ અતિ જૂનું છે, રોમન લિપિમાં લખાયેલું છે અને તે બાબીલોનિયન રાજા નેબુજદ્નાઝર (Nebuchadnazzar)ના સમયનું છે કે જેનો સમય ઈ. સ. પૂર્વે ૧૧૪૦ નો છે. તેમણે ઉક્ત લેખનો ભાગ નીચે પ્રમાણે ઉદ્ધૃત કર્યો હતો : 'The said king Nebuchadnazzar who was also the Lord of Rewanagar (Kathiawad) and who beloged to su (sumer) tribe has come to the place (Dwarka) of the Yaduraj He has built a temple and paid homage and made the grant perpetual in favour of Lord Nemi the paramount deity of mount Raivat.'

–ઉક્ત રાજા નેબુજદ્દનાઝર કે જે સુમેર જાતિનો હતો અને જે રેવાનગર (કાઠિયાવાડ)નો રાજા હતો, તે યદુ-રાજના સ્થાને (દ્વારકા) આવ્યો. તેણે મંદિર બંધાવ્યું હતું, પૂજા કરી હતી અને રૈવતપર્વતના શ્રેષ્ઠ અધિ-નાયક નેમિપ્રભુ માટે આ સાલિયાણું ચાલુ કર્યું.'

ડૉ. પ્રાણનાથ વિશેષમાં જણાવે છે કે 'The inscription is of great historic value. It may go a long way in proving the antiquity fo Jain religion, since the name of Nemi appears in the inscription.–લેખ ઘણો ઐતિહાસિક મહત્વનો છે. લેખમાં નેમિનું નામ જણાય છે, તેથી તે જૈન ધર્મની પ્રાચીનતા પુરવાર કરવામાં ઘણો આગળ જશે.'

સિંધુસંસ્કૃતિ પર આવીએ તો તેમાં પણ જૈન ધર્મ પ્રચારમાં હોવાનાં પ્રમાણો મળે છે. મોહન-જો-ડેરોમાંથી પ્રાપ્ત થયેલી કેટલીક મુદ્રાઓ પર કાયોત્સર્ગ અવસ્થામાં શ્રી ઋષભદેવ ભગવાનની આકૃતિઓ મળે છે. પ્રા. ડૉ. પ્રાણનાથ વિદ્યાલંકાર કહે છે કે 'It may also be noted that the inscription on the Indus seal no 449 reads according to my decipherment, Jineswar or jinesh Jin–i–i–sarah.) એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે સિંધુની મુદ્રા નં. ૪૪૯ માં જે લેખ છે, તેમાં મારા લિપિસંકેત પ્રમાણે જિનેશ્વર કે જિનેશ (જિન–ઈ–ઈ–સરા) શબ્દ વંચાય છે.

**પ્રા. એસ. શ્રીકંઠ શાસ્ત્રી** જણાવે છે કે 'The Indus civilization of 3000–2500 B. C. With its cult of nudity and yoga, the worship of the bull and other symbols, has resemblances to Jainism, and, Therfore, Non–Aryan or of Non Vedic Aryan–origin, because Jainism is believed to have a Non–Aryan or at least, Pre–Vedic Aryan orijin.[1] –ઈ. સ. પૂર્વે ૩૦૦૦–૨૫૦૦ ની સિંધુસંસ્કૃતિમાં નગ્નતા અને યોગ, વૃષભની પૂજા અને બીજા સંકેતો એવા મળે છે કે જે **જૈન** ધર્મ સાથે સામ્ય ધરાવે છે અને તેથી સિંધુની સંસ્કૃતિ આર્ય નહિ એવી અથવા વૈદિક આર્યો સાથે સંબંધ ન ધરાવતી એવી આર્ય સંસ્કૃતિ છે, કારણ કે **જૈન** ધર્મ આર્ય નહિ એવી અથવા વૈદિક સમય પહેલાંની આર્ય સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવતો મનાય છે.'

વેદોમાં પણ જૈન તીર્થંકરોનો ઉલ્લેખ આવે છે. તે અંગે **ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્** ઇંડિયન ફિલોસોફી ભાગ ૧ લા ( પૃ. ૨૮૭ )માં કહે છે કે 'The Yajurved mentions the names of three Thirthankaras Risabha, Ajithanth and Aristnemi. The Bhagwat Puran endorses the view that Risabha was the founder of Jainism.–યજુર્વેદ ત્રણ તીર્થંકરોનાં નામનો ઉલ્લેખ કરે છે–ઋષભ, અજિતનાથ અને અરિષ્ટનેમિ. ભાગવતપુરાણ એ મતને માન્ય રાખે છે કે જૈન ધર્મના સ્થાપક શ્રી ઋષભ હતા.'

1. Jain Antiquary XV, 2, P. 58

**પ્રો. જે. સી. વિદ્યાલંકાર** વગેરે અન્ય વિદ્વાનોએ પણ જૈન ધર્મના ૨૪ તીર્થંકરો અંગે ચર્ચા–વિચારણા કરી છે અને તેમાં ઘણું તથ્ય હોવાનું જણાવ્યું છે.

આ રીતે વિદ્વાનોનાં મંતવ્યો **જૈન** ધર્મના ૨૪ તીર્થંકરોની માન્યતાને પુષ્ટ કરે છે અને તેને સંસ્કૃતિના આદિકાલ સુધી લઈ જાય છે.

જૈન શાસ્ત્રો કહે છે કે **अणाइ जिणधम्मो** જૈન ધર્મ અનાદિ છે, એટલે કે આ વિશ્વમાં તેની શરૂઆત ક્યારે થઈ? તે કોઈ કહી શકે એમ નથી. આજ સુધીમાં અનંત કાલચક્રો વ્યતીત થઈ ગયાં અને તે દરેક કાલચક્રના ઉત્સર્પિણી અને અવસર્પિણી વિભાગમાં ૨૪–૨૪ તીર્થંકરો થયેલા છે. શ્રી ઋષભાદિ ૨૪ તીર્થંકરો એ વર્તમાન કાલચક્રના ૨૪ તીર્થંકરો છે.

દરેક તીર્થંકર ધર્મનો ઉપદેશ આપે છે–ધર્મચક્રનું પ્રવર્તન કરે છે, એટલે તે ધર્મની આદિ કરનારા કહેવાય છે, પણ પ્રવાહથી **જૈન** ધર્મ અનાદિ છે.

દરેક તીર્થંકરનો ઉપદેશ ભાષાથી જુદો હોય છે, પણ ભાવથી એક હોય છે, એટલે જૈન ધર્મનું સ્વરૂપ આજ સુધી સંવાદી રહ્યું છે અને તે કોડો–અબજો મનુષ્યોને મોક્ષપ્રાપ્તિમાં સહાયક નીવડયું છે.

[ ૩ ]

# સિદ્ધાંતસાર

જૈન ધર્મે વિશ્વ, જીવન, સુખદુઃખ, માનવભવની મહત્તા, અધ્યાત્મવાદ તથા મોક્ષ વિષે જે સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું છે, તેનો સાર પાઠકોની જાણ માટે અહીં રજૂ કરીશું, જેથી જૈન ધર્મની દૃષ્ટિ કે વિચારસરણી સમજવામાં ઘણી અનુકૂળતા રહેશે.

## વિશ્વ

જૈન ધર્મ એમ માને છે કે આ વિશ્વ, જગત્, કે દુનિયા એ ઈશ્વર કે પરમેશ્વર નામક કોઈ વ્યક્તિની રચના નથી. તે અનાદિકાલથી અસ્તિત્વમાં છે અને અનંત કાલ સુધી અસ્તિત્વમાં રહેશે. તે પોતાના નિયમો વડે ચાલે છે, એટલે કે સ્વયંસંચાલિત છે અને છ દ્રવ્યો (Realities)ના સમૂહરૂપ છે. તે છ દ્રવ્યો આ પ્રમાણે જાણવા:

(૧) **ધર્મ**—જીવ તથા પુદ્ગલને ગતિ કરવાનું

માધ્યમ (Medium of motion for soul and matter.)

(૨) **અધર્મ**—જીવ તથા પુદ્ગલને સ્થિતિ કે સ્થિરતા કરવાનું માધ્યમ (Medium of rest for soul and matter).

સામાન્ય રીતે ધર્મ અને અધર્મ શબ્દો પુણ્ય-પાપના અર્થમાં વપરાય છે, પણ અહીં તે દ્રવ્યની વિશિષ્ટ સંજ્ઞારૂપે વપરાયેલા છે. આ વસ્તુ ખ્યાલમાં નહિ રહેવાથી વિદ્વાન ગણાતી વ્યક્તિઓએ પણ ભૂલ ખાધી છે અને છબરડા વાળ્યા છે. પાઠકો એવી ભૂલ ન જ કરે, તે માટે આટલી સૂચના છે.

(૩) **આકાશ**—અવકાશ (space).

(૪) **કાલ**—સમય (Time).

(૫) **પુદ્ગલ**—સ્પર્શ, રસ, ગંધ તથા વર્ણયુક્ત દ્રવ્ય (Matter).

(૬) **જીવ**—આત્મા, ચૈતન્ય (soul).

આમાંના કાલ સિવાયનાં બધાં દ્રવ્યો પ્રદેશના સમૂહરૂપ હોઈ તેમને અસ્તિકાયની સંજ્ઞા લગાડવામાં આવે છે. જેમકે–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય. અસ્તિકાય પાંચ છે, દ્રવ્યો છ છે.

આ વિશ્વ (Universe) અસંખ્ય કોટાકોટી યોજન લાંબુ-પહોળું છે અને તે આકાશના એક ભાગમાં રહેલું છે. જૈન શાસ્ત્રકારોએ તેને 'લોક'ની સંજ્ઞા આપેલી છે. લોકની બહાર માત્ર આકાશ વ્યાપેલું છે, તેને 'અલોક' સમજવાનો છે.

આ લોકમાં અનેક વસ્તુઓ ઉત્પન્ન થતી અને નાશ પામતી દેખાય છે, તે દ્રવ્યોના પર્યાય (Modification)માં થતા ફેરફારોને આભારી છે. પરંતુ તેમાં કોઈ દ્રવ્ય નવું ઉત્પન્ન થતું નથી કે મૂળ દ્રવ્ય નાશ પામતું નથી. દ્રવ્યો તો કાયમ છનાં છ જ રહે છે અને તેમનું પ્રમાણ પણ પ્રથમ જેટલું જ રહે છે, તેથી આ વિશ્વની શાશ્વતતા જળવાઈ રહે છે.

કેટલાક કહે છે કે આ દુનિયા અમુક હજાર વર્ષ પહેલાં-અમુક લાખ વર્ષ પહેલાં ઉત્પન્ન થઈ અને તેમાં ક્રમે ક્રમે જીવન આવ્યું, પણ આ કથન બુદ્ધિગમ્ય થઈ શકે એવું નથી. જો આ દુનિયા અમુક હજાર કે લાખ વર્ષ પહેલાં બની તો તે શા માટે બની? અને તેની પહેલાં શું હતું? તે એ વખતે જ કેમ બની અને તેની પહેલાં કેમ ન બની? વળી જડમાંથી ચૈતન્યની ઉત્પત્તિ થઈ, એમ માનવું એ સરાસર ભ્રમ છે. જડમાંથી ચૈતન્યની ઉત્પત્તિ કદી પણ થઈ શકે જ નહિ. છતાં કોઈ વૈજ્ઞાનિક એ પ્રયોગ કરી બતાવવા તૈયાર હોય, તો તે જોવા અમે તૈયાર છીએ. હજી સુધી તો તેમાં કોઈ સફળ થયું નથી.

અહીં કોઈ એમ કહેતું હોય કે આ જગત્ તો ઈશ્વરે પોતાની ઇચ્છાથી બનાવ્યું છે, તો ઇશ્વર કેવો છે? ક્યાં રહે છે? શું કરે છે? તેણે આ દુનિયા એ વખતે જ કેમ બનાવી? તેની પહેલાં કેમ ન બનાવી? વગેરે સંખ્યાબંધ પ્રશ્નો ઊભા થાય છે. શૂન્યમાંથી સર્જનની વાત પણ બુદ્ધિગમ્ય નથી, કારણ કે ઈશ્વર પણ એક વસ્તુ જ છે. આ સંયોગોમાં જૈન ધર્મ ઇશ્વરકૃત વિશ્વના સિદ્ધાંતને માન્ય રાખતો નથી.

તાત્પર્ય કે આ વિશ્વ અનાદિ–અનંત છે અને તેનો સર્વ વ્યવહાર સ્વયંસંચાલિત છે, એવી જૈન ધર્મની દૃઢ માન્યતા છે અને તેમાં ઘણું વૈજ્ઞાનિક તથ્ય રહેલું છે.

## જીવન

પ્રથમનાં પાંચ દ્રવ્યોમાં ચૈતન્ય નથી, અર્થાત્ તે જડ છે, એટલે કોઈ પણ વસ્તુને જાણી શકતા નથી કે સુખ–દુઃખનો અનુભવ કરી શકતા નથી. છઠ્ઠું દ્રવ્ય ચૈતન્યવાળું છે, તેના લીધે તે કોઈ પણ વસ્તુને જાણી શકે છે તથા સુખ–દુઃખનો અનુભવ કરી શકે છે. જીવની જે જીવવાની ક્રિયા, તે જીવન.

આ જગતમાં જીવો અનંત છે. તે બધામાં જ્ઞાન અને ક્રિયાશક્તિ સમાન હોવા છતાં તેમની અવસ્થાઓ ભિન્ન ભિન્ન દેખાય છે, તેનું કારણ કર્મનો સંયોગ કે કર્મનું બંધન છે.

કર્મનો સ્વીકાર વૈદિક તથા બૌદ્ધ પરંપરામાં પણ થયેલો છે, પરંતુ તેમની પરિભાષા જૂદી છે. જૈન પરિભાષા પ્રમાણે જીવ પોતાના સતત સ્પંદન (Vibrations) તથા અધ્યવસાયો (Feelings and sentiments)ને લીધે પુદ્ગલની અતિ સૂક્ષ્મ વર્ગણાઓને પોતાના ભણી ખેંચે છે અને પોતાના પ્રદેશોમાં ભેળવી દે છે, તેનું નામ કર્મ છે. કર્મયોગ્ય અતિ સૂક્ષ્મ પુદ્ગલ વર્ગણામાં શુભ–અશુભ વગેરે વિભાગો પહેલેથી હોતા નથી, પરંતુ કર્મબંધન કરનાર જીવના યોગ–ઉપયોગ (પ્રવૃત્તિ અને પરિણામ) ના આધારે શુભાશુભ (પુણ્ય–પાપ) વગેરે વિભાગો ઉત્પન્ન થાય છે.

કર્મના સંયોગને લીધે આત્માની મૂળ શક્તિઓ દબાય છે અને તેના ક્ષય તથા ઉપશમ પ્રમાણે એ શક્તિઓ પ્રકટ થાય છે, તેથી દરેક આત્માની શક્તિમાં તરતમતા જણાય છે.

આયુષ્ય, શરીરનો રૂપરંગ, ઊંચું–નીચું કુળ, સંપત્તિ અને દરિદ્રતા, નીરોગી અને રોગી હાલત, યશ અને અપયશ વગેરે કર્મ પ્રમાણે પ્રાપ્ત થાય છે. તેમાં દીર્ઘ આયુષ્ય, ઉત્તમ પ્રકારનું શરીર, ઊંચું કુળ, સંપત્તિ, નીરોગી હાલત અને યશ વગેરે શુભ કર્મનું ફળ છે અને અલ્પ આયુષ્ય, કનિષ્ઠ શરીર, નીચું કુળ, દરિદ્રાવસ્થા, રોગી હાલત અને અપયશ વગેરે અશુભ કર્મનું ફળ છે.

જીવ જે કર્મ બાંધે છે. તે બે પ્રકારનું છે. તેમાં એક કર્મ એવું છે કે તે બંધાયા પછી આત્માના પ્રયત્ન-વિશેષથી ભોગવટો કર્યા સિવાય આત્મપ્રદેશમાંથી છૂટું પડી શકે છે અને એક કર્મ એવું છે કે તેનું ફળ તેને આ ભવમાં કે ત્યાર પછીના ભવોમાં અવશ્ય ભોગવવું પડે છે. લાખો-ક્રોડો વર્ષ વહી જવા છતાં આ કર્મ પોતાનું ફળ આપ્યા વિના રહેતું નથી.

આપણું વર્તમાન જીવન એ અનાદિ ભૂતકાલ અને અનંત ભવિષ્યકાળ વચ્ચેની એક કડી છે, એટલે જન્મ એ એની શરૂઆત નથી કે મરણ એ એનો છેડો નથી. અનેક દેહોને ધારણ કરતો કરતો આપણો જીવ વર્તમાન જીવન સુધી આવ્યો છે અને તેમાં પણ કર્મબંધન ચાલુ છે, તેથી તેનું ફળ ભોગવવા માટે નવા દેહો અવશ્ય ધારણ કરવા પડે છે. આપણી આ દેહધારણની ક્રિયાનો અંત ત્યારે જ આવે છે કે જ્યારે કર્મનો કોઈ પણ ભાગ સિલકમાં રહ્યો ન હોય.

દુઃખ, રોગ, વૃદ્ધાવસ્થા, મરણ વગેરેનો અનુભવ આપણને દેહધારણની ક્રિયાને લીધે જ થાય છે, એટલે એ ક્રિયાનો અંત આવતાં દુઃખાદિનો અંત આવી જાય છે. આ અવસ્થાનું નામ મુક્તિ, મોક્ષ કે નિર્વાણ છે. તેમાં જીવને માત્ર સુખ કે આનંદનો જ અનુભવ થાય છે. આ આનંદ એટલી ઉચ્ચ કોટિનો છે કે તેની સરખામણી

જગતની અન્ય કોઈ વસ્તુથી થઈ શકતી નથી, એટલે જીવને માટે સહુથી શ્રેષ્ઠ અવસ્થા તે મુક્તિ, મોક્ષ કે નિર્વાણ છે.

કર્મનો નાશ કરવાનાં મુખ્ય સાધનો અહિંસામય સંયમ તથા તપ છે, અને એ અહિંસામય સંયમ અને તપનાં અનન્ય સાધનો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચરિત્ર છે.

## સુખ–દુઃખ

સુખ–દુઃખ એ કર્મનું ફળ છે અને કર્મનો કર્તા આત્મા પોતે છે, એટલે આપણે સુખ–દુઃખનો જે અનુભવ કરીએ છીએ, તેના મૂળ ઉત્પાદક આપણે પોતે જ છીએ. બીજાઓ તેમાં નિમિત્તમાત્ર છે.

એક અવસ્થામાં સુખનો અનુભવ કરવો કે દુઃખનો અનુભવ કરવો, એ આપણી માનસિક સ્થિતિ અથવા સમજણ પર આધાર રાખે છે. પાસે કંઈ પણ સાધન-સામગ્રી ન હોવા છતાં સાધુપુરુષો આનંદ માણે છે અને સાધન–સામગ્રીના ગંજ ખડકાવા છતાં કેટલાય માણસો દુઃખનો અનુભવ કરતાં જોવામાં આવે છે. ‘સંતોષ એ જ સુખનું મૂળ છે’ એવો ઉપદેશ જૈન મહર્ષિઓએ આપેલો છે અને ભારતના અન્ય સાધુ—સંતોએ તેનું સમર્થન કરેલું છે.

## વિચારોનું ઘર્ષણ મટાડવાનો સિદ્ધ ઉપાય

વિચારોનાં ઘર્ષણને લીધે મનુષ્યો એક-બીજાને પ્રતિપક્ષી માને છે, એક-બીજા પર દ્વેષ રાખે છે અને તેમાંથી ક્લેશ, મારામારી તથા યુદ્ધનો જન્મ થાય છે. વિચારોનું આ ઘર્ષણ ટાળવા માટે મનુષ્યે સામા પક્ષની વાત શાંતિપૂર્વક સાંભળતાં શીખવી જોઈએ અને તેમાં જે વસ્તુ સાચી જણાય તેનો સ્વીકાર કરતાં જરા પણ અચકાવું ન જોઈએ, કારણ કે આ જગતમાં સત્ય એ જ સારભૂત વસ્તુ છે અને તેની આજ્ઞામાં રહેનારો આત્મા જ સંસારનો પાર પામી શકે છે.

બીજામાં રહેલા ગુણોની પ્રશંસા કરનારો પોતે ગુણવાન બને છે અને આધ્યાત્મિક વિકાસ બહુ ઝડપથી કરી શકે છે.

વસ્તુ માત્ર અનંતધર્માત્મક છે, અને તે તે વસ્તુ વિષેનું આપણું જ્ઞાન સાપેક્ષ છે, તેથી આપણી જ માન્યતા સાચી અને બીજાની માન્યતા ખોટી, એમ કહી શકાય નહિ. આપણી માન્યતા અમુક અપેક્ષાએ સાચી હોય છે, તો બીજાની માન્યતા બીજી અપેક્ષાએ સાચી હોય છે. જો તેની અપેક્ષા સમજીએ તો તેને અસત્ય માનવાનો કે તેનો વિરોધ કરવાનો પ્રસંગ આવે નહિ. પરંતુ કેટલીકવાર અપેક્ષા સમજવામાં ફરક પડે છે, તેથી ખોટી માન્યતાઓ બંધાઈ જાય છે અને તેની પકડ ચાલુ રહેતાં દુરાગ્રહ પેદા થાય છે, તે ચલાવી લેવાય નહિ. તેનો

નિર્ણય કરવા માટે સિદ્ધાંતનો આધાર લેવો પડે છે. જો સામાની માન્યતા સિદ્ધાંતવિરુદ્ધ હોય તો તેને અસત્ય માનવી જોઈએ.

વસ્તુને જોવાની અનેક દૃષ્ટિઓ છે. તેમાં તાત્ત્વિક અને વ્યાવહારિક એ બે દૃષ્ટિઓ મુખ્ય છે. તાત્ત્વિક દૃષ્ટિ વસ્તુનાં મૂળ સ્વરૂપ કે પરમાર્થ સુધી પહોંચે છે અને વ્યાવહારિક દૃષ્ટિ વસ્તુના બાહ્ય સ્વરૂપ તથા સાધનનો વિચાર કરે છે. તેમાં કોઈ વાર તાત્ત્વિક દૃષ્ટિને મહત્ત્વ આપવું પડે છે અને કોઈવાર વ્યાવહારિક દૃષ્ટિને મહત્ત્વ આપવું પડે છે. ટૂંકમાં આ બંને દૃષ્ટિઓના સુમેળથી જ કાર્યની સિદ્ધિ થાય છે.

## માનવભવની દુર્લભતા

જીવ અનાદિ છે. તેની સાથે જોડાયેલી જડપુદ્ગલની વર્ગણાઓ કે જે કર્મના નામથી ઓળખાય છે, તે પણ અનાદિ છે. જીવ અને કર્મના આ સંબંધનો ખ્યાલ ખાણમાં રહેલી સોનાની કાચી ધાતુના દૃષ્ટાંતથી આવી શકે છે. જેમ ખાણમાં રહેલી સોનાની કાચી ધાતુ અધિક માટીના મિશ્રણવાળી હોય છે, તેમ પ્રથમાવસ્થામાં જીવને અનંત કર્મો વળગેલાં હોય છે. એ અનંત કર્મોને લીધે, તેમજ પુરુષાર્થની નબળાઈને લીધે તે 'નિગોદ' નામની અવસ્થામાં* અનંતકાલ સુધી પરિભ્રમણ કર્યા કરે છે કે જ્યાં જન્મ–મરણ ખૂબ જ ઝડપી

એટલે એક *શ્વાસોચ્છ્વાસ જેટલા સમયમાં ૧૭ થી ૧૮ જેટલાં હોય છે.

આ સ્થિતિમાંથી પસાર થયેલો જીવ 'વ્યવહાર રાશિ' માં પ્રવેશ કરે છે અને કર્મ અનુસાર પૃથ્વી, પાણી, અગ્નિ કે વાયુની યોનિમાં× રેંટની ઘટમાળ માફક ફરી ફરીને જન્મ ધારણ કરે છે. એમાં અસંખ્યાતો કાલ વ્યતીત થઈ જાય છે.

આ પરિભ્રમણમાં અશુભ કર્મનું જોર કંઈક અંશે હળવું થતાં તે બે ઈન્દ્રિયવાળા, ત્રણ ઈન્દ્રિયવાળા કે ચાર ઈન્દ્રિયવાળા દેહોને[1] ધારણ કરવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે અને તેમાં સંખ્યાતો કાલ વ્યતીત થાય છે. તેમાં અશુભ કર્મના હળવાપણાને લીધે જો પંચેન્દ્રિયપણામાં પશુ, પક્ષી કે મનુષ્યપણું પ્રાપ્ત કરે તો વધુમાં વધુ

---

* સિદ્ધાંતગ્રંથોમાં સાધારણ વનસ્પતિકાયને માટે નિગોદ સંજ્ઞા વપરાયેલી છે અને તેને અનંત જીવોની ખાણ માનવામાં આવી છે. આંગળની પહોળાઈના અસંખ્યાતમા ભાગ જેટલા દેહમાનવાળા જીવો અનંત હોય, પણ તે સર્વ જીવો વચ્ચે એક જ શરીર હોય તેને સાધારણ શરીર કહેવામાં આવે છે. આ રીતે સાધારણ વનસ્પતિકાયના એક ટુકડામાં નિગોદના અનંત જીવો હોય છે.

× જીવોને ઉત્પન્ન થવાના સ્થાનને યોનિ કહેવામાં આવે છે. આવી યોનિઓ ૮૪ લાખ છે, તેથી જ સંસારપરિભ્રમણને 'ચોરાશીનું ચક્કર' કહેવામાં આવે છે. સાત લાખ પૃથ્વીકાય, સાત લાખ અપ્કાય વગેરે બોલો તો ઘણાખરા પાઠકોને કંઠસ્થ હશે. તેમાં ૮૪ લાખ યોનિની વ્યવસ્થિત ગણના કરવામાં આવી છે.

સાત કે આઠ ભવો સુધી તેમ કરી શકે છે, જ્યારે દેવ કે નરક યોનિમાં આ જીવ સળંગ રીતે એક કરતાં વધારે ભવો ધારણ કરી શકતો નથી.[2]

ટૂંકમાં અનંત કાળ સુધી વિવિધ યાતનાઓ સહન કર્યા પછી કર્મનો ભાર સારી રીતે ઓછો થાય, ત્યારે જ જીવો મનુષ્યપણું પામે છે, તેથી જ મનુષ્યભવને–માનવજન્મને અતિ દુર્લભ ગણવામાં આવ્યો છે. **આવશ્યકનિર્યુક્તિમાં** તે અંગે (૧) ચોલ્લક, (૨) પાસા, (૩) ધાન્ય, (૪) જુગાર, (૫) રત્ન, (૬) સ્વપ્ન, (૭) ચક્ર, (૮) ચર્મ, (૯) યુગ (ધોંસરી) અને (૧૦) પરમાણુ એ દશ દૃષ્ટાંતો આપેલાં છે, તે બરાબર સમજવા યોગ્ય છે. તેનો સાર એ છે કે એક વાર મનુષ્યભવ પામ્યા પછી જો તે ગુમાવી દીધો, તો ફરીને પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે.

સર્વ દુઃખોનો સર્વથા અંત લાવવા માટે ભવપરંપરાનો અંત લાવવાની જરૂર છે અને તે માટે મુક્તિ કે મોક્ષની અવસ્થા અપેક્ષિત છે. તેની પ્રાપ્તિ માત્ર મનુષ્યના ભવમાં જ થઈ શકે છે, એ તેની વિશેષતા છે. તેથી જ જૈન મહર્ષિઓએ કહ્યું છે કે 'ભવસમુદ્રમાં

૧ આવા દેહવાળા જીવોને સામાન્ય રીતે જંતુ અને કીડા (Worms and insects) કહેવામાં આવે છે.

૨ જીવોના પ્રકાર વગેરે જાણવા માટે જુઓ–જીવવિચાર પ્રકાશિકા યાને જૈન ધર્મનું પ્રાણીવિજ્ઞાન.

કોઈ પણ રીતે અતિ દુર્લભ એવું મનુષ્યપણું પામીને ડાહ્યા માણસોએ તેને ધર્મમાર્ગને વિષે જોડવું.'

જેઓ અજ્ઞાન, આળસ કે પ્રમાદવશાત્ કંઇ પણ ધર્મકરણી કરતા નથી, તે માનવભવ હારી જાય છે અને અનંતકાળ સુધી સંસારમાં રખડે છે. અન્ય શબ્દોમાં કહીએ તો માનવજીવન એ આત્માનો ઉદ્ધાર કરવાની મહાન તક છે અને તેને સુજ્ઞજનોએ અવશ્ય ઝડપી લેવી જોઈએ. જો એ તક ચૂકયા તો ભયંકર ભવસાગરમાં ભ્રમણ કરવાનો વખત આવવાનો અને તેમાં અનેક પ્રકારનાં અસહ્ય દુઃખો ભોગવ્યે જ છૂટકો. તાત્પર્ય કે સુજ્ઞજનોએ આ અણમોલ તકનો અવશ્ય ઉપયોગ કરી લેવો જોઈએ.

જૈન મહર્ષિઓએ માનવજીવનનાં જે આઠ મધુર ફળો કહ્યાં છે, તે પણ લક્ષ્યમાં રાખવા જેવાં છે :

पूज्यपूजा दया दानं, तीर्थयात्रा जपस्तपः ।
श्रुतं परोपकारश्च, मर्त्यजन्मफलाष्टकम् ॥

(૧) પૂજ્યોની + પૂજા કરવી, (૨) સર્વ પ્રાણીઓ પર દયા રાખવી, (૩) યથાશક્તિ દાન દેવું, (૪) તીર્થોની યાત્રા કરવી, (૫) ઈષ્ટ મંત્રનો જપ કરવો, (૬) બાહ્ય

---

+ અહીં પૂજ્ય શબ્દથી માતા-પિતા, વડીલો તથા વિદ્યાગુરુ, કલાગુરુ અને ધર્મગુરુ સમજવા. તેમની પૂજા કરવી એટલે તેમના પ્રત્યે બહુમાન રાખવું અને તેમની બને તેટલી સેવા કરવી.

અને અભ્યંતર બંને પ્રકારની તપશ્ચર્યા કરવી, (૭) નિત્ય શાસ્ત્રાભ્યાસ કરવો અને (૮) પરોપકાર કરવામાં તત્પર રહેવું, એ આઠ માનવજન્મનાં મધુર ફળો છે.'

અહીં ઈષ્ટમંત્રના જપનો પણ ખાસ નિર્દેશ થયેલો છે, તે પાઠકોએ લક્ષ્યમાં રાખવું. વાસ્તવમાં મંત્ર-જપ તથા યોગસાધના વિના કોઈ તપશ્ચર્યા પૂર્ણ થતી નથી, તેથી જ અભ્યંતર તપશ્ચર્યાના અધિકારે સ્વાધ્યાય શબ્દથી મંત્રજપનું તથા ધ્યાન શબ્દથી યોગસાધનાનું સૂચન કરવામાં આવ્યું છે. તપથી અનેક પ્રકારની લબ્ધિઓ-સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તેમાં મંત્રજપ તથા ધ્યાન મહત્ત્વનો ભાગ ભજવે છે.

## અધ્યાત્મવાદ

જે વાદ એટલે સિદ્ધાંત આત્માની મુખ્યતાએ પ્રવર્તે તે અધ્યાત્મવાદ કહેવાય છે. આ અધ્યાત્મવાદ મોક્ષમાર્ગની મુખ્ય ભૂમિકા છે; તેથી જ સર્વ આર્ય મહર્ષિઓએ તેનો ઉપદેશ કર્યો છે. જૈન શાસ્ત્રોમાં તે અંગે છ સ્થાનની પ્રરૂપણા થયેલી છે, તે પાઠકોએ બરાબર સમજવા જેવી છે.

अत्थि जिओ तह निच्चा, कत्ता भोत्ता य पुन्नपावाणं ।
अत्थि धुवं निव्वाणं, तदुवाओ अत्थि छट्ठाणे ॥

(१) अत्थि जिओ—આત્મા છે.

(૨) तह निच्चा—તે નિત્ય છે, શાશ્વત છે, અજર-અમર છે.

(૩) कत्ता पुन्नपावाणं—તે આત્મા પુણ્ય-પાપનો એટલે સારાં-ખોટાં કર્મોનો કર્તા છે.

(૪) भोत्ता य- અને તે આત્મા સારાં-ખોટાં કર્મોનો ભોક્તા પણ છે.

(૫) अत्थि धुवं निव्वाणं-તે આત્મા સકલ કર્મથી છૂટો થતાં અવશ્ય નિર્વાણ પામે છે, અર્થાત્ મોક્ષ મેળવે છે.

(૬) तदुवाओ अत्थि-તે નિર્વાણનો-મોક્ષનો ઉપાય પણ છે કે જેને સુધર્મ કહેવામાં આવે છે.

આમાંના એક પણ સિદ્ધાંતનો અસ્વીકાર કરવામાં આવે તો અધ્યાત્મવાદની ઈમારત તૂટી જાય અને નાસ્તિકતા કે જડવાદનું જોર જામી પડે. નાસ્તિકો-ચર્વાકો શું કહે છે? આત્મા જેવી કોઈ સ્વતંત્ર વસ્તુ નથી. જે ચેતના જણાય છે, તે પંચભૂતના સંયોગથી ઉત્પન્ન થયેલી છે. માટે આ જીવનમાં જેટલો મોજશોખ કરી શકાય, તેટલો કરી લ્યો. પાસે પૈસા ન હોય તો કોઈના ઉછીના લ્યો કે યેન કેન પ્રકારેણ મેળવી લ્યો. આ દેહ ભસ્મીભૂત થયા પછી કોને જવાબ આપવાનો છે? આ નિંદ્ય વિચારસરણી આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ ન માનવાને લીધે ઉત્પન્ન થયેલી છે અને તેણે માનવજાતિનું ઘણું અહિત કરેલું છે. જેઓ આ વિચારની જાળમાં ફસાય છે, તેઓ પોતાના

આત્માનું કલ્યાણ કરી શકતા નથી. વળી અનીતિ, અધર્મ તથા વિવિધ પ્રકારના જુલ્મોની જડ આ વિચારસરણીને જ આભારી છે.

કેટલાક કહે છે કે 'આત્મા છે ખરો, પણ તે ક્ષણિક છે, એટલે કે દરેક ક્ષણે નવો ઉત્પન્ન થાય છે. આ વિચાર પણ પ્રથમના જેટલો જ કુત્સિત છે, ખરાબ છે, ખોટો છે; કારણ કે આત્મા ક્ષણિક હોય તો તેણે કરેલાં સારાં–ખોટાં કામનો બદલો તેને ભોગવવો પડે નહિ, એ તો બીજો જ ભોગવે. તો એણે ખોટાં કામોનો ત્યાગ તથા સારાં કામોની પ્રવૃત્તિ કરવી શા માટે? અથવા તો ધર્મની કડાકૂટમાં પડવું જ શા માટે?

જેઓ આત્માને માનવા છતાં અને તેનું નિત્યત્વ સ્વીકારવા છતાં તેને પુણ્ય–પાપનો કર્તા કે ભોક્તા માનતા નથી, તેનું અંતિમ પરિણામ પણ અનિષ્ટ જ આવે છે. જો આત્માને પુણ્ય–પાપનો બંધ થતો ન હોય કે તેનું ફળ ભોગવવું પડતું ન હોય તો કર્તવ્યધર્મની વિચારણા કરવાની જરૂર શી? પછી તો ગમે તેવાં કામ કરો, પણ આત્મા અસંગ હોવાથી તેને કોઈ પ્રકારનો કર્મબંધ થવાનો નહિ અને તેનું ફળ ભોગવવાનો વારો આવવાનો નહિ. તાત્પર્ય કે આ વિચારસરણી પણ આત્માને ન માનવા જેટલી જ ભયંકર છે અને તે અધ્યાત્મવાદ પર ભયંકર કુઠારાઘાત કરનારી છે.

કેટલાક કહે છે કે 'આત્માને અનાદિ કાલથી કર્મો વળગેલાં છે, તે સર્વથા કેમ છૂટી શકે?' પણ આત્માની શક્તિ અનંત છે. તે શક્તિ ફોરવવાથી ગમે તેવાં કઠિન કર્મોની જંજીર તૂટી જાય છે અને આત્મા તેની પકડમાંથી સદાને માટે મુક્ત થઈ શકે છે. જો આવી સ્થિતિ વિદ્યમાન ન હોય તો મુક્તિ, મોક્ષ, નિર્વાણ, નિઃશ્રેયસ કે પરમપદ કલ્પિત જ ઠરે અને તેને માટે કોઈ સુજ્ઞ વ્યક્તિ પ્રયત્ન ન જ કરે. 'જો આત્મા કર્મથી સર્વથા મુક્ત થવાનો નથી, તો તે માટે પ્રયત્ન શા માટે કરવો?' પરંતુ આવી સ્થિતિ વિદ્યમાન છે અને તેથી જ આજ સુધીમાં અનેક આત્માઓએ તે માટે પ્રચંડ પ્રયત્ન-પુરુષાર્થ કરી મોક્ષની પ્રાપ્તિ કરેલી છે.

## મોક્ષ

જ્યારે આત્મા સકલ કર્મમાંથી મુકત થાય છે અને વર્તમાન દેહ છોડે છે, ત્યારે સીધી ઊર્ધ્વગતિ કરે છે અને લોકના અગ્રભાગ પર આવેલી સિદ્ધશિલામાં પહોંચી ત્યાં સ્થિર થાય છે. તેની ઉપર લોકાકાશ આવેલું છે, ત્યાં જીવ કે પુદ્ગલ કોઈની ગતિ-સ્થિતિ સંભવતી નથી. અન્ય શબ્દોમાં કહીએ તો ગતિ થવા માટે ધર્માસ્તિકાયના માધ્યમની જરૂર રહે છે અને એ દ્રવ્ય ત્યાં વિદ્યમાન નથી; એટલે મુકત થયેલો જીવ સિદ્ધશિલાના અગ્રભાગે જ અટકે છે અને સદા ત્યાં જ રહી અનંત સુખનો અનુભવ કરે છે.

ભવભ્રમણમાંથી મુક્ત થએલા જીવોને સિદ્ધ કહેવામાં આવે છે, કારણ કે તેમણે ભવસાગરને તરી જવાનું મુખ્ય પ્રયોજન સિદ્ધ કરેલું છે.

જૈન શાસ્ત્રોમાં અરિહંત તથા સિદ્ધ એ બંનેની ગણના દેવતત્ત્વમાં કરેલી છે, એટલે તે બંને એક સરખા પૂજ્ય છે. અહીં એ સ્પષ્ટતા પણ કરી દઈએ કે દેવ-તત્ત્વનો અર્થ પરમાત્મા કરીએ તો અરિહંત એ સાકાર પરમાત્મા છે અને સિદ્ધ એ નિરાકાર–નિરંજન પરમાત્મા છે. આમ જૈન ધર્મે સાકાર અને નિરાકાર બંને પરમાત્માની પૂજા–ભકિત સ્વીકારી છે અને તે આત્મકલ્યાણ માટે ઘણી ઉપકારક છે.

## ધર્મની આવશ્યકતા

મોક્ષપ્રાપ્તિનો મુખ્ય ઉપાય ધર્મ છે કે જેનું મુખ્ય લક્ષણ પ્રાણીને દુર્ગતિમાં જતો અટકાવીને સદ્ગતિમાં સ્થાપન કરવાનું છે. જ્યાં ધર્મ છે, ત્યાં નીતિ છે, સદાચાર છે, ઉત્તમ વિચારોનું સેવન છે અને તેનું પરિણામ કર્મ-નાશમાં આવે છે. અન્ય શબ્દોમાં કહીએ તો ધર્મ મનુષ્યને પશુમાંથી માનવ બનાવે છે, માનવમાંથી મહા માનવ બનાવે છે અને છેવટે પરમેષ્ઠીપદે સ્થાપીને તેનું અત્યંત કલ્યાણ કરે છે; જ્યારે અધર્મને આચરનારો મનુષ્ય પોતાનામાં રહીસહી માનવતા ગુમાવી દે છે અને પશુ જેવું અધમ જીવન ગુજારે છે. શાસ્ત્રકારના શબ્દોમાં

કહીએ તો ધર્મ વિનાના મનુષ્યમાં અને પશુમાં કોઇ તફાવત નથી. બંને આહાર–નિદ્રાદિ સંજ્ઞાઓથી પ્રવૃત્ત થઈને પોતાના દિવસો પસાર કરે છે.

આજે ધર્મની સામે વિવિધ પ્રકારના આક્ષેપો થઈ રહ્યા છે અને તેને અફીણની ઉપમા આપવામાં આવે છે, પણ **જૈન** ધર્મને તેમાંનો કોઈ આક્ષેપ લાગુ પડે તેમ નથી, કારણ કે તેણે પ્રાણીમાત્રના હિત માટે ઉપદેશ આપ્યો છે અને કદી પણ હિંસાની હિમાયત કરી નથી.

**જૈન** ધર્મના મુખ્ય સિદ્ધાંતો એ છે કે—

(૧) દેવ–ગુરુ–ધર્મ પર સંપૂર્ણ શ્રદ્ધા રાખવી.
(૨) કોઇ પ્રાણીની હિંસા કરવી નહિ.
(૩) જૂઠું બોલવું નહિ.
(૪) ચોરી કરવી નહિ.
(૫) બ્રહ્મચર્ય પાળવું. ગૃહસ્થે પોતાની વિવાહિત સ્ત્રીથી સંતોષ માનવો.
(૬) ધન–ધાન્ય આદિ પરિગ્રહની મર્યાદા કરવી.
(૭) ક્રોધને જિતવો, ક્ષમા ધારણ કરવી.
(૮) કોઈ વાતનું અભિમાન કરવું નહિ.
(૯) દંભ કે કપટક્રિયા કરવી નહિ.
(૧૦) ઝઘડાથી દૂર રહેવું.
(૧૧) સંતોષ ધારણ કરવો.
(૧૨) દીન–હીનને યથાશક્તિ મદદ કરવી.

(૧૩) હમેશાં સદ્‌વિચારોનું સેવન કરવું.

(૧૪) યથાશક્તિ વ્રત-નિયમો કરવા.

(૧૫) નાની-મોટી તપશ્ચર્યા કરવી.

(૧૬) મનને પવિત્ર રાખવું.

(૧૭) માનવજીવનનો બને તેટલો સદુપયોગ કરવો.

**જૈન** ધર્મની મંગલભાવના એ છે કે-

शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः ॥

'સર્વ જગતનું કલ્યાણ થાઓ, લોકો પરોપકાર-પરાયણ બનો, પાપસમૂહ નાશ પામો અને સર્વથા લોકો સુખી થાઓ.'

આટલા વિવેચનથી **જૈન** ધર્મની શ્રેષ્ઠતા સમજી શકાશે.

[ ૪ ]

# મંત્ર અને બીજાક્ષરો

મંત્ર અંગે શાસ્ત્રોમાં જુદી જુદી વ્યાખ્યાઓ જોવામાં આવે છે. જેમ કે :–

(૧) જે અક્ષરરચના, સૂત્ર, સિદ્ધાંત કે પાઠ વારંવાર મનન કરવા યોગ્ય હોય, તે મંત્ર કહેવાય.

(૨) જે અક્ષરરચનાનું વારંવાર મનન કરતાં વિવિધ પ્રકારના ભયોમાંથી કે કોઈ વિશિષ્ટ ભયથી રક્ષણ થાય, તે મંત્ર કહેવાય.

(૩) જે શબ્દો સદ્ગુરુ વડે શિષ્યને ગુપ્ત રીતે અપાય, તે મંત્ર કહેવાય.

(૪) જે અક્ષરરચના દેવાધિષ્ઠિત હોય, તે મંત્ર કહેવાય.

(૫) જેનો પાઠ કરતાં જ કાર્યસિદ્ધિ થાય, તે મંત્ર કહેવાય.

## મંત્રની રચના

મંત્રની રચના ગમે તે મનુષ્યો કરી શકતા નથી અને કદાચ કરે તો તે વિદ્વદ્દમાન્ય-સમાજમાન્ય થઈ શકતી નથી. જેમને આર્ષદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે, જેઓ આગમ-નિગમનો ભેદ જાણે છે અને જેઓ મંત્રવિદ્યાનાં તમામ રહસ્યોથી પરિચિત છે, એવા પુરુષો જ મંત્રની રચના કરી શકે છે અને તે કાર્યસિદ્ધિ માટે અકસીર નીવડે છે.

જૈન ધર્મમાં જે મુખ્ય મંત્રો છે, તે તીર્થંકર ભગવંતો દ્વારા ઉપદેશાયેલા છે અને ગણધર ભગવંતો કે શ્રુતસ્થવિરો દ્વારા રચાયેલા છે; એટલે તેને પરમ પવિત્ર અને સદા આરાધના યોગ્ય માનીને ચાલવું જોઈએ.

વળી પૂર્વાચાર્યોએ જે મંત્રનો સ્વીકાર કર્યો હોય અને જેનું પરંપરાગત આરાધન થતું હોય, એ મંત્રને પણ શુદ્ધ માનીને તેનું આરાધન કરવામાં બાધ નથી.

અહીં સંપ્રદાય તો એવો છે કે સદ્ગુરુ હિતબુદ્ધિથી શિષ્યને જે મંત્ર આપે, તેને સર્વ શ્રેષ્ઠ માનીને તેનું આરાધન કરવું અને તેમાં કોઈ પણ જાતની શંકા-કુશંકા કરવી નહિ. જે સંશયાત્મા છે અને દરેક બાબતમાં શંકા કરે છે, તે કદી ઊંચો આવી શકતો નથી. તેને આ ભવમાં દુ:ખ અને દુર્ભાગ્યનો અનુભવ કરવો પડે છે અને પરલોકમાં પણ અનેક પ્રકારની યાતનાઓ ભોગવવી પડે છે.

વળી દેવ, ગુરુ, તીર્થ અને મંત્રની બાબતમાં તો

ભાવના પ્રમાણે જ ફળ મળે છે, તેથી તેનો ચડતા પરિણામે સ્વીકાર કરવો અને તેની આરાધનામાં ઉજમાળ બનવું.

અહીં એટલી સૂચના આવશ્યક છે કે મંત્રની અક્ષર-રચના બાબત આપણે આપણી બુદ્ધિ લડાવીને કોઈ પણ સ્થળે કંઈ પણ ફેરફાર કરવો નહિ. જો મંત્રમાંથી એક પણ અક્ષર ઓછો-વત્તો થાય કે આઘો-પાછો થાય, તો તેના સ્વરૂપમાં ફેરફાર પડી જાય છે અને તેથી ફલમાં ઘણી ન્યૂનતા આવે છે. જેમ શ્રુતજ્ઞાનમાં વ્યંજન, અર્થ કે તદુભયમાં કોઈપણ પ્રકારનું પરિવર્તન કરવાની મનાઈ છે, તેમ આમાં પણ સમજવું. મંત્રપાઠ પણ શ્રુતજ્ઞાનનો જ એક ભાગ છે.

## વર્ણમાતૃકા

મંત્રની રચના અક્ષર કે વર્ણો દ્વારા થાય છે. આ વર્ણો સ્વર અને વ્યંજન એમ બે પ્રકારના છે. તેમાં સ્વરો ૧૬ છેઃ

अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अ: ।

અને વ્યંજનો ૩૩ છે.

**क ख ग घ ङ च छ ज झ ञ ट ठ ड ढ ण त थ द ध न प फ ब भ म य र ल व श ष स ह ।**

આમાં ळ ઉમેરીને કેટલાક વ્યંજનોની સંખ્યા ૩૪ ગણે છે અને એ રીતે સમસ્ત વર્ણમાતૃકામાં-વર્ણમાલામાં ૫૦ વર્ણોની ગણના કરે છે.

મંત્રારાધનમાં આ વર્ણમાતૃકાનો ઉપયોગ અનેક વાર આવે છે, એટલે આરાધકોએ તેનો ખ્યાલ બરાબર રાખવો જોઇએ.

## વર્ણમંત્ર

વર્ણમાતૃકા અર્થાત્ વર્ણમાલાનો દરેક વર્ણ મંત્ર-રૂપ છે, કારણ કે અનુસ્વાર લગાડીને તેનો જપ કરતાં તથા તેનું ધ્યાન ધરતાં વિશિષ્ટ શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. શ્રી સમંતભદ્રાચાર્યવિરચિત **મંત્રવ્યાકરણમાં** આ દરેક વર્ણની શક્તિ કેવા સ્વરૂપે પ્રકટ થાય છે, તે વિસ્તારથી જણાવેલું છે.+

## બીજાક્ષરો

મંત્રની બીજરૂપ શક્તિ ધરાવનારા અક્ષરોને બીજાક્ષર કહેવામાં આવે છે. તે અક્ષરોના વિશિષ્ટ સંયોજનથી નિર્માણ થાય છે. દાખલા તરીકે ૐ એ બીજાક્ષર છે, તો તે अ+अ+आ+उ+म् એ પાંચ અક્ષરોથી બનેલો છે અને હ્રીં એ બીજાક્ષર છે, તો તે ह् + र् + ई + म्

+ મંત્રવ્યાકરણ હજી સુધી મુદ્રિત થયેલું નથી. તેની હસ્ત-લિખિત પ્રતિઓ મળે છે.

એ ચાર અક્ષરોથી બનેલો છે. આ રીતે જે જે બીજાક્ષરો છે, તે વ્યંજન અને સ્વરના વિશિષ્ટ સંયોજનથી બનેલા છે અને તે અમુક અમુક પ્રકારની શક્તિઓ ધરાવે છે.

સર જ્હોન વુડ્રોફ કે જેઓ એક વખત મદ્રાસ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ હતા, તેમણે આ બીજાક્ષરોની શક્તિ વિષે શંકા ઉઠાવેલી કે 'ૐ બોલીએ તો શું? હ્રીં બોલીએ તો શું? અને क्लीं બોલીએ તો શું? એ બધા એક પ્રકારના અક્ષરો જ છે. તેમાં શક્તિ શી રીતે હોય? એ હું સમજી શકતો નથી.' પરંતુ ત્યાંના એક સ્થાનિક બ્રાહ્મણપંડિતે તેમને જણાવ્યું કે 'આ દરેક બીજાક્ષરમાં જુદી જુદી શક્તિ હોય છે અને તે અમે જાતે અનુભવેલું છે.' પછી અગ્નિબીજ 'રં'નો અમુક જપ કરીને અગ્નિ પ્રકટાવી આપ્યો, ત્યારે જ્હોન વુડ્રોફને ભારે આશ્ચર્ય થયું અને ત્યારથી તેઓ ભારતીય તંત્ર-શાસ્ત્રના—ખાસ કરીને શાક્ત તંત્રોના પરમ અભ્યાસી બન્યા અને તે વિષે અંગ્રેજી ભાષામાં પ્રમાણભૂત ગ્રંથો લખવા લાગ્યા. આજે તેમના લખેલા ગ્રંથો તંત્રશાસ્ત્રના પ્રમાણભૂત ગ્રંથો ગણાય છે અને તેની સંખ્યા બેડઝનથી પણ વધારે છે.

હવે અમે **મંત્રવ્યાકરણ**ને આધારે આ બીજા-ક્ષરોનો વિશેષ પરિચય કરાવીશું.

## બીજાક્ષરોનો વિશેષ પરિચય

ૐ બીજ—તેજસ, ભકિત, વિનય, પ્રણવ, **બ્રહ્મ,**

પ્રદીપ, વામ, વેદ, કમલ, અગ્નિ, ધ્રુવ, આદિ અને આકાશ સંજ્ઞાથી પ્રસિદ્ધ છે.

અન્ય તંત્રોમાં તેને માટે નીચેની સંજ્ઞાઓનો ઉપયોગ થયેલો છેઃ વર્તુલ, તાર, હંસકારણ, મંત્રાદ્ય, સત્ય, બિંદુ, શકિત, ત્રિદૈવત, સર્વબીજોત્પાદ, પંચદેવ, ત્રિક, સાવિત્રી, ત્રિશિખ, ત્રિગુણ, ગુણજીવક, વેદસાર, વેદબીજ, પંચરશ્મિ, ત્રિકુટ, ત્રિભવ, ભવનાશન, ગાયત્રી-બીજ, પંચાંશ, મંત્રવિદ્યાપ્રસૂ, પ્રભુ, અક્ષરમાતૃકાસૂ, અનાદિ, અદ્વૈત, મોક્ષ વગેરે.

હ્રીઁ--બીજ માયાતત્ત્વ, શકિત, લોકેશ, ત્રિમૂર્તિ અને બીજેશ તરીકે ઓળખાય છે. કેટલાક તેને માયાબીજ માયાક્ષર, ત્રૈલોક્યબીજ કે ત્રૈલોક્યાક્ષર પણ કહે છે.

**બ્રહ્મવિદ્યાવિધિ** જે એક દિગમ્બર જૈનાચાર્યની કૃતિ છે, તેમાં હ્રીઁકારનાં નામોનો નીચે પ્રમાણે સંગ્રહ થયેલો છેઃ હૃલ્લેખા, લોકરાજ, જગદધિપ, લોકપતિ, ભુવનેશ્વરી, માયા, ત્રિદેહ, તત્ત્વ, શક્તિ, શક્તિપ્રણવ આદિ.

અન્ય તંત્રોમાં તેને માટે લજ્જા, ગિરિજા, પરા, સંવિત્, ત્રિગુણા, ઇશ્વરી, શિવા, મહામાયા, પાર્વતી, પરમેશ્વરી, ભુવનધાત્રી, એકાક્ષર, આદિરૂપ, કામદ, આદિ-મંત્ર, ત્રૈલોક્યવર્ણ વગેરે સંજ્ઞાઓ નજરે પડે છે.

**ક્ષ**—એ કૂટાક્ષર છે.

हम्ल्व्र्युं—ને પિંડ કે અષ્ટમૂર્તિ કહેવામાં આવે છે.

द्रॉं द्रीं क्लीं ब्लूं सः—આ પંચમંત્રબીજોને પંચબાણ કહેવાય છે.

ઠ—વર્ણનો પર્યાય પૂર્ણચંદ્ર છે.

ग्वीं क्ष्वीं हसः—સુરભિમુદ્રાના અક્ષરો છે અને વાગ્ભવબીજ પણ કહેવાય છે.

क्षि प ॐ स्वा हा—આ બીજો અનુક્રમે પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશના છે. બીજા મંત્રવાદીઓ એને ગરુડના પંચાક્ષર, આકાશબીજ કે શત્રુબીજ પણ કહે છે. **ભૈરવપદ્માવતીકલ્પ**ના ગારુડ અધિકારમાં સર્પનું ઝેર ઉતારવા માટે આ પાંચ બીજોનો કેવી રીતે વિવિધતાભર્યો ઉપયોગ થાય છે, તે બતાવ્યું છે.

ई કાર—શ્રી અને લક્ષ્મીનું બીજ છે.

ग्वीं—ઈન્દુબીજ છે.

क्ष्वीं—સુધાબીજ છે.

क्रों—અંકુશબીજ છે.

क्लीं—અનંગબીજ છે. કેટલાક તેને આકર્ષણબીજ પણ કહે છે.

क्ष्मं—પીઠબીજ છે.

स्वाहा—હોમબીજ છે. કેટલાક તેને શાંતિબીજ પણ કહે છે.

क्लैँ અને क्लीँ બીજો રત્નયુગ્મક છે.

हंसः — બીજ વસુધાસંજ્ઞક છે અને નિર્વિષીકરણ પણ કહેવાય છે.

च—ખલ્વાટ છે.

ह्सौं—મહાશક્તિબીજ છે.

ह्राः—નિરોધકબીજ છે.

ठः—સ્તંભનબીજ છે.

हँ—જૈન સકલ નામથી પ્રસિદ્ધ છે.

ब्लैं ब्लौं—વિમલપિંડ કહેવાય છે.

ग्लैं—સ્તંભનબીજ છે.

जँ—સૃષ્ટિબીજ છે.

यँ—વિસર્જનબીજ છે.

जूँ हूँ—વિદ્વેષણબીજ છે.

ब्लूँ—વિદ્રાવણબીજ છે.

नं—ચલબીજ છે.

यः —અચલબીજ છે.

ह्राँ ह्रीँ ह्रूँ ह्रैँ ह्रौँ ह्रः —આ છ બીજો શૂન્યરૂપ છે.

लं—ઐન્દ્રાક્ષરસંજ્ઞક છે. કેટલાક તેને પૃથ્વીબીજ પણ કહે છે.

घे घे—વધબીજ છે.

द्रॉं द्रीँ—દ્રાવણસંજ્ઞક છે.

ह—શબ્દગુણક છે અને શૂન્યરૂપ છે.

નમઃ—શોધન અને અર્ચનબીજ છે. કેટલાક તેને મોક્ષબીજ કહે છે.

આ સિવાય બીજાં પણ કેટલાંક બીજો તંત્રપ્રસિદ્ધ છે. જેમકે :–

ऐँ—વાગ્બીજ કે તત્ત્વબીજ છે.

वषट्—દહનબીજ છે.

वौषट्—આકર્ષણ અને પૂજાગ્રહણબીજ છે.

संवौषट्—આકર્ષણબીજ છે.

स्वधा—પૌષ્ટિકબીજ છે.

## મંત્રના પ્રકારો

જે મંત્રમાં બીજાક્ષરો તથા અન્ય અક્ષરો હોય, પણ મંત્રદેવતાનું નામ ન હોય, તેને બીજમંત્ર કહેવામાં આવે છે અને જેમાં મંત્રદેવતાનું વિશિષ્ટ નામ હોય, તેને નામમંત્ર કહેવામાં આવે છે. આ વ્યાખ્યા અનુસાર 'ॐ ह्रीँ ॐ' એ બીજમંત્ર છે અને 'ॐ श्री पार्श्वनाथाय ह्रीँ' એ નામમંત્ર છે. પ્રથમમંત્રમાં માત્ર બીજાક્ષરો છે, પરંતુ કોઈનું વિશેષ નામ નથી; જ્યારે બીજા મંત્રમાં બીજાક્ષરો ઉપરાંત મંત્રદેવતા શ્રી પાર્શ્વનાથનું નામ પણ છે.

મંત્રસમુદાયના ‘આગ્નેય’ અને ‘સૌમ્ય’ એવા પણ બે પ્રકારો છે. તેમાં પૃથ્વી, અગ્નિ અને આકાશ મંડળવાળા મંત્રોને આગ્નેય કહેવામાં આવે છે તથા જલ અને વાયુમંડળવાળા મંત્રોને સૌમ્ય કહેવામાં આવે છે. જો અંતમાં **फट्** પલ્લવનો પ્રયોગ થાય તો સૌમ્ય મંત્રો આગ્નેય બને છે અને મંત્રના અંતે **नमः** પલ્લવ લાગે તો આગ્નેયમંત્રો પણ સૌમ્ય થાય છે.

મંત્રના પુલ્લિંગી, સ્ત્રીલિંગી અને નપુંસકલિંગી એવા ત્રણ પ્રકારો પણ પડે છે. તેમાં જેને છેડે **वषट्** અને **फट्** પલ્લવ આવે તેને પુલ્લિંગ સમજવા, **वौषट्** અને **स्वाहा** પલ્લવ આવે તેને સ્ત્રીલિંગ સમજવા અને **हुं** તથા **नमः** પલ્લવ લાગે તેને નપુંસકલિંગી સમજવા.

પલ્લવ એટલે મંત્રના છેડે લાગતો ખાસ શબ્દ. તેમાં **नमः**, **स्वाहा**, **वषट्**, **वौषट्**, **हुँ** તથા **फट्**ની મુખ્યતા છે અને તેના આધારે જ ઉપરના ત્રણ પ્રકારો પાડવામાં આવ્યા છે.

અન્યત્ર મંત્રના બીજમંત્ર, મંત્ર અને માલામંત્ર એવા પણ પ્રકારો જોવામાં આવે છે. તેમાં ૧ થી ૯ અક્ષર સુધીના મંત્રને બીજમંત્ર, ૧૦ થી ૨૦ અક્ષર સુધીના મંત્રને મંત્ર અને તેથી વધારે અક્ષરવાળા મંત્રને માલામંત્ર કહેલા છે.

કેટલાક સાત્ત્વિક, રાજસિક અને તામસિકના ભેદથી પણ મંત્રના ત્રણ પ્રકારો માને છે, તો કેટલાક સિદ્ધ-

મંત્ર, સાધારણમંત્ર અને નિર્બીજમંત્ર એ રીતે પણ મંત્રના ત્રણ પ્રકારો ગણાવે છે.

વળી કોઈક મંત્રસંપ્રદાય એક અક્ષરના મંત્રને પિંડ, બે અક્ષરના મંત્રને કર્તરી, ત્રણથી નવ અક્ષરના મંત્રને બીજ, દશથી વીશ અક્ષરના મંત્રને મંત્ર અને તેથી વધારે અક્ષરના મંત્રને માલામંત્ર તરીકે ઓળખાવે છે.

જો અવસ્થા અનુસાર મંત્રના પ્રકાર પાડીએ તો સ્વાપ અને જાગૃત એવા બે પ્રકારો પડે છે. જે મંત્રોની શક્તિ હજી સુષુપ્ત છે, તે સ્વાપ અને જે મંત્રોની શક્તિ જાગૃત થઈ છે, તે જાગૃત.

મંત્રના આ પ્રકારો ખ્યાલમાં રાખવાથી તેનાં વિધિ-વિધાન સમજવામાં સરલતા પડે છે.

[ ૫ ]

# આરાધકની યોગ્યતા

અધિકાર કે યોગ્યતા કેળવ્યા વિના કરાયેલાં કાર્યમાં સફલતા મળતી નથી. શિક્ષક થવું હોય તો શિક્ષકની યોગ્યતા કેળવવી પડે છે, સૈનિક થવું હોય તો સૈનિકની યોગ્યતા કેળવવી પડે છે અને ખેડૂત કે વ્યાપારી થવું હોય તો તેની યોગ્યતા કેળવવી પડે છે. મંત્રની આરાધનામાં પણ આજ સ્થિતિ છે. જે વ્યક્તિ મંત્રારાધકની યોગ્યતા કેળવે છે, તે જ મંત્રની આરાધના યથાર્થ રીતે કરી શકે છે અને આખરે સિદ્ધિ મેળવી સફલતાનું શિખર સર કરી શકે છે. તે અંગે મંત્રશાસ્ત્રમાં જે વિધાનો થયેલાં છે, તે પાઠકોની જાણ માટે અહીં રજૂ કરીશું.

આચાર્યશ્રી મલ્લિષેણે **ભૈરવપદ્માવતીકલ્પમાં** મંત્રારાધકનાં લક્ષણો બતાવતાં કહ્યું છે કે—

**निर्जितमदनाटोपः प्रशमितकोपो विमुक्तविकथालापः ।**
**देव्यर्चनानुरक्तो जिनपदभक्तो भवेन्मन्त्री ॥**

'કામદેવના વિલાસને જિતનાર, ક્રોધનું શમન કરનાર, વિકથાઓથી દૂર રહેનાર, દેવીની અર્ચના કરવામાં અનુરક્ત અને શ્રી જિનેશ્વરદેવની ભક્તિ કરનાર મંત્રનો આરાધક થઈ શકે છે.'

કામદેવના વિલાસને જિતવો, એટલે વિવિધ પ્રકારની કામક્રીડાઓથી દૂર રહેવું, કામવાસના પર કાબૂ મેળવવો, બ્રહ્મચર્યનું એકનિષ્ઠાથી પાલન કરવું. કામવાસના ચિત્તને ચંચલ કરનારી છે, ક્ષોભ પમાડનારી છે અને બહિરાત્મભાવમાં જ રમણ કરાવનારી છે, એટલે જ્યાં સુધી તેના પર કાબૂ મેળવવામાં ન આવે ત્યાં સુધી માનસિક એકાગ્રતા સાધી શકાતી નથી તથા અંતરાત્મદશા પ્રાપ્ત કરી શકાતી નથી, પરિણામે મંત્રની આરાધના યથાર્થપણે થઈ શકતી નથી. વધારે સ્પષ્ટ કહીએ તો મંત્રારાધનામાં મંત્રદેવની પૂજા, મંત્રદેવતાનું ધ્યાન તથા જપ આદિ જે જે ક્રિયાઓ કરવાની છે, તે ચિત્તની શુદ્ધિ અને સ્થિરતાપૂર્વક થાય તોજ ફલદાયી થાય છે, અન્યથા ફલદાયી થતી નથી.

જૈન શાસ્ત્રોએ બ્રહ્મચર્યનું રક્ષણ કરવા માટે જે નવનિયમો(નવ વાડો)નું વિધાન કરેલું છે, તે મંત્રારાધકે ધ્યાનમાં રાખવાનું છે, એટલે કે તેમાંથી શકય એટલા નિયમોનું પાલન કરવાનું છે. આ નવનિયમો નીચે પ્રમાણે જાણવા:

(૧) સ્રી, પશુ અને નપુંસકથી રહિત સ્થાનમાં રહેવું.

(૨) સ્રીઓ સંબંધી વાતો કરવી નહિ.

(૩) સ્રી જે આસન પર બેઠેલી હોય, તે આસન પર બે ઘડી સુધી બેસવું નહિ. મનુષ્યના શરીરમાંથી એક પ્રકારનો પુદ્ગલપ્રવાહ નિરંતર બહાર નીકળતો રહે છે, તેને અનુલક્ષીને આ નિયમ ઘડવામાં આવ્યો છે. જો સ્રીએ વાપરેલા આસન પર બ્રહ્મચારી તરત બેસે તો સંભવ છે કે તેની મનોવૃત્તિ દૂષિત થાય અને તેના મનમાં કામવાસના જાગે.

(૪) સ્રીઓનાં અંગોપાંગ આસક્તિથી જોવાં નહિ.

(૫) ભીંતના આંતરે સ્રી–પુરુષનું યુગલ રહેતું હોય, તેવાં સ્થાનમાં રહેવું નહિ.

(૬) પૂર્વકાલમાં સ્રીની સાથે જે ક્રીડા કરી હોય, તેનું સ્મરણ કરવું નહિ.

(૭) માદક આહાર–પાણી વાપરવાં નહિ.

(૮) પ્રમાણથી વધારે આહાર કરવો નહિ.

(૯) શ્રૃંગારિક વેશભૂષા કરવી નહિ.

મહાપુરુષોએ કહ્યું છે કે 'જે વીર્યનું રક્ષણ કરે છે અને તેને ઊર્ધ્વગામી બનાવે છે, તેને સિદ્ધિ સહજ

છે.' એટલે વીર્યનું ક્ષરણ થાય એવી સર્વ પરિસ્થિતિથી બચવાનું છે.

યોગસાધનામાં પણ બ્રહ્મચર્યને એક યમ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે, એટલી વાત પાઠકોએ યાદ રાખવી.

કામ એ અંતરનો શત્રુ છે, તેમ ક્રોધ પણ અંતરનો શત્રુ છે. જો તેને જિતવામાં ન આવે તો ગુણસમુદાયનો નાશ કરે છે અને આરાધકને અતિ કઢંગી સ્થિતિમાં મૂકી દે છે. તે અંગે એક સંતકવિએ કહ્યું છે કે :–

संतापं तनुते भिनत्ति विनयं सौहार्दमुच्छादय–
त्युद्वेगं जनयत्यवद्यवचनं सूते विधत्ते कलिम् ।
कीर्तिं कृन्तति दुर्गतिं वितरति व्याहन्ति पुण्योदय,
दत्ते यः कुगतिं स हातुमुचितो रोषः सदोषः सताम् ॥

'જે સંતાપને આપે છે, વિનયને ભેદે છે, મિત્રતાનો ઉચ્છેદ કરે છે, ઉદ્વેગને ઉત્પન્ન કરે છે, અસત્યવાણીને જન્મ આપે છે, માયાને પ્રકટાવે છે, કીર્તિનો નાશ કરે છે, દુર્ગતિનું (પડતીનું) દાન કરે છે, પુણ્યોદયનો ઘાત કરે છે અને નરકાદિ કુગતિમાં ધકેલી દે છે, તેવા અનેક દોષવાળા ક્રોધનો સત્પુરુષોએ ત્યાગ કરવો ઉચિત છે.'

જૈન શાસ્ત્રોમાં તે અંગે કહેવાયું છે કે :–

जं अज्जिअं चरित्तं, देसूणाए अ पुव्वकोडीए ।
तं पि कसाइयचित्तो, हारेई नरो मुहुत्तेणं ॥

'કંઈક ન્યૂન એવા ક્રોડપૂર્વ સુધી જે ચારિત્રનું પાલન કર્યું હોય છે, તે પણ ક્રોધાદિ કષાયનો ઉદય થવાથી મનુષ્ય બે ઘડીમાં હારી જાય છે.'

ભગવદ્ગીતામાં કહ્યું છે કે :–

क्रोधाद् भवति संमोहः, संमोहात् स्मृतिविभ्रमः ।
स्मृतिविभ्रमाद् बुद्धिनाशः, बुद्धिनाशात्प्रणश्यति ॥

'ક્રોધથી સંમોહ થાય છે, સંમોહથી સ્મૃતિવિભ્રમ થાય છે, સ્મૃતિવિભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થતાં મનુષ્ય સર્વ પ્રકારે નાશ પામે છે.'

તાત્પર્ય કે મંત્રના આરાધકે ક્રોધ પર કાબૂ મેળવવો જોઇએ અને ગમે તેવી વિપરીત કે અપ્રિય સ્થિતિમાં પણ મનને શાંત–સ્થિર રાખતાં શીખવું જોઈએ. અહીં ચંડકૌશિકનું દૃષ્ટાંત વિચારવાથી ક્રોધને જિતવામાં ઘણી સહાય મળશે.

મંત્રના આરાધકે વિકથાઓથી દૂર રહેવું જોઈએ, એટલે કે તેનો ત્યાગ કરવો જોઈએ, કારણ કે તે એક યા બીજા પ્રકારે મનનો સંયમ તોડનારી છે અને આખરે આરાધનાથી ભ્રષ્ટ કરનારી છે. વિકૃત એવી કથા તે વિકથા. અથવા વિકૃતિ ઉત્પન્ન કરે તેવી કથા તે વિકથા. જૈન પરંપરામાં તેના ચાર પ્રકારો મનાયા છે :

(૧) ભક્તકથા, (૨) સ્ત્રીકથા, (૩) રાજકથા અને (૪) દેશકથા.

**ભક્તકથા** એટલે ભોજનના વિવિધ પ્રકારો તથા તેના સ્વાદને લગતી વાતો. આવી વાતો કરતાં રસલાલસા જાગૃત થાય છે અને મનનો સંયમ તૂટે છે. પરિણામે આરાધનાનો રસ ઉડી જાય છે અને તેમાંથી ભ્રષ્ટ થવાનો વખત આવે છે.

**સ્ત્રીકથા** એટલે સ્ત્રીના પ્રકારો તથા સૌંદર્ય વગેરેની વાતો. તે સુષુપ્ત કામવાસનાને જાગૃત કરે છે અને તેથી બ્રહ્મચર્યનું ખંડન થવાનો સંભવ છે. તેથી આવી વાતોને તાલપુટ વિષ સમજી તેનાથી દૂર રહેવાની જરૂર છે.

**રાજકથા** એટલે રાજાના ઐશ્વર્ય આદિનું વર્ણન, તેના ભોગવિલાસની પ્રશંસા. આ પ્રકારની વાતો કરતાં ભોગવિલાસની ભાવના જાગે છે અને તે છેવટે પતનને નોતરે છે, એટલે તેનાથી દૂર રહેવું હિતાવહ છે.

**દેશકથા** એટલે લોકોના ચિત્ર–વિચિત્ર રિવાજો તથા ચરિત્રની વાતો. આવી વાતો કરતાં પણ મન પર ઉલટી અસર થાય છે અને આરાધનાનું જોમ તૂટી જાય છે, એટલે આરાધકે તેનાથી બચવાનું છે.

વર્તમાનપત્રો પણ મોટા ભાગે વિકથાનું પોષણ કરનારા છે, એટલે આરાધકોએ તેનાથી દૂર રહેવું.

કોઈની નિંદા કરવી, ગપ્પાં મારવાં, નિરર્થક વાતો કરવી, એ પણ વિકથા જ છે, તેથી મંત્રના આરાધકે તેનો ત્યાગ કરવો.

દેવીની અર્ચના કરવામાં અનુરક્ત એટલે દેવીની વિવિધ ઉપચારોથી પૂજા કરવામાં આનંદ માનનાર અને તેમાં મગ્ન રહેનાર. અહીં દેવીની આરાધનાનો વિષય છે, એટલે દેવીનો નિર્દેશ કર્યો છે, પણ તત્ત્વથી તો મંત્રદેવતા જ ગ્રહણ કરવાના છે. તાત્પર્ય કે મંત્રારાધકે મંત્રદેવતાની સેવા–પૂજા નિત્ય–નિયમિત કરવી જોઈએ અને તેમાં આનંદ પામવો જોઈએ. જો મંત્રારાધક ત્યાગી હોય, સાધુ હોય તો તેણે ભાવપૂજા કરવી યોગ્ય છે અથવા તો માત્ર વાસક્ષેપથી પૂજા કરીને સંતોષ માનવાનો છે.

મંત્રના આરાધકે રોજ જિનભક્તિ–જિનપૂજા કરવી આવશ્યક છે, કારણ કે તે મહામંગલરૂપ છે અને તેનાથી ચિત્તનો પ્રસાદ પ્રાપ્ત થતાં મંત્રારાધના બહુ સારી રીતે થઈ શકે છે. જેને જિનેશ્વર દેવ પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ નથી, તેને કોઈ પણ શાસનદેવ–દેવીની આરાધના ફલદાયી થઈ શકતી નથી.

કોઈ એમ કહેતું હોય કે શ્રી જિનેશ્વર દેવ તો વીતરાગ છે, તે કંઈ ફળ આપવાના નથી; જ્યારે શાસન–દેવ કે દેવી ફળ આપનાર છે, તો તેમની સેવાભક્તિ જ વિશેષ પ્રકારે કેમ ન કરવી? તો તે ભીંત ભૂલે છે. શાસનદેવ–દેવીઓ શ્રી જિનેશ્વર દેવના સેવકો છે, ભક્તો છે અને તે જ્યારે એમ જાણે છે કે અમુક વ્યક્તિ શ્રી જિનેશ્વરદેવની અનન્ય ભક્તિ કરે છે, ત્યારે તેની ભક્તિથી પ્રસન્ન થઈને તેઓ સહાય કરે છે.

તાત્પર્ય કે જેને જૈન સંપ્રદાયગત કોઈ પણ મંત્રની આરાધના કરવી હોય, તેણે શ્રી જિનેશ્વરદેવની નિત્ય-નિયમિત પૂજા અનન્ય મનથી કરવી જોઈએ અને ત્યાર પછી જ મંત્રદેવતાની અર્ચના-પૂજામાં અનુરક્ત થવું જોઈએ.

मन्त्राराधनशूरः पापविदुरो गुणेन गम्भीरः ।
मौनी महाभिमानी मन्त्री स्यादीदृशः पुरुषः ॥

'મંત્રનું આરાધન કરવામાં શૂરો, દુષ્કર્મથી દૂર રહેનારો, ગુણથી ગંભીર, મૌન ધારણ કરનારો અને મહાભિમાની હોય, એવો પુરુષ મંત્રસાધક થઈ શકે છે.

જે અસ્થિર મનનો છે, ડરપોક છે, કાયર છે, તે મંત્રનું આરાધન કરી શકતો નથી. જે શૂરવીર છે અને ગમે તેવી આપત્તિઓથી ડરતો કે ડગતો નથી, તે જ મંત્રનું આરાધન કરી શકે છે. વળી તે દુષ્કર્મોથી દૂર રહેનારો હોવો જોઈએ. કોઈ જીવની હિંસા કરવી, કોઈનો વિશ્વાસઘાત કરવો, કોઈને દગો દઈને તેની માલમિલકત પડાવી લેવી, ગરીબોને સતાવવા, જૂઠું બોલવું, ચોરી કરવી, કોઈ સ્ત્રીની લાજ લૂંટવી, લડાઈ-ઝઘડા કરવા વગેરેની ગણના દુષ્કર્મોમાં થાય છે. તાત્પર્ય કે મંત્રના આરાધકે આ બધાં દુષ્કર્મોથી દૂર રહેવું જોઈએ અને સત્કર્મમાં જ સન્નિષ્ઠા રાખીને વર્તવું જોઈએ.

ગુણોને ધારણ કરવા અને ગંભીર બનવું, એ પણ

મંત્રારાધકનું એક લક્ષણ છે. અહીં ગુણ શબ્દથી સત્ય, પ્રામાણિકતા, વચનપાલન, ઉદારતા, સૌજન્ય આદિ ગુણો સમજવા. આ પ્રકારના ગુણો ધારણ કરીને જે ગંભીર બને છે, તેનું ચારિત્ર ઉત્તમ પ્રકારનું થાય છે અને તેની આકર્ષણશક્તિ વધે છે. જ્યારે છીછરો મનુષ્ય ગમે ત્યારે તેવું બોલે છે અને પોતાની અલ્પમાત્ર શક્તિનું મોટું પ્રદર્શન કરવા તત્પર રહે છે. તેનાથી ચારિત્રમાં ન્યૂનતા આવે છે અને આકર્ષણશક્તિ ઘણી જ ઘટી જાય છે.

જે જરૂર જેટલું જ બોલે છે અને બાકીના સમયમાં મૌન ધારણ કરે છે, તે મૌની કહેવાય છે. મૌન શક્તિ-સંચયમાં ઘણો અગત્યનો ભાગ ભજવે છે, તેથી આરા-ધકોએ મૌનનું યથાશક્તિ આલંબન લેવાનું છે. શ્રમણ ભગવાન મહાવીરે એકાંત, મૌન અને ઉપવાસથી પોતાની સાધનાને સફલ બનાવી હતી. અન્ય આરાધકો માટે પણ આ જ માર્ગ સુવિહિત છે.

મંત્રારાધક મહા અભિમાની હોવો જોઈએ, એનો અર્થ એ છે કે તે પોતાને દીન-હીન માને નહિ, પણ અનંત શક્તિનો ભંડાર માને અને એ રીતે પોતાની આરાધના આગળ વધારે.

गुरुजनहितोपदेशो गततन्द्रो निद्रया परित्यक्तः ।
परिमितभोजनशीलः स स्यादाराधको देव्याः ॥

'ગુરુજનોએ કહેલો ઉપદેશ માનનાર, આળસ રહિત,

વધારે નિદ્રા ન લેનાર અને પરિમિત ભોજન કરનાર દેવીનો આરાધક થઈ શકે છે.'

અહીં ગુરુજનથી માતા-પિતા, વડીલ, જ્ઞાતિના આગેવાનો, વિદ્યાગુરુ, કલાગુરુ તથા ધર્મગુરુ વગેરે સમજવા. તેઓ હિતબુદ્ધિથી ઉપદેશ આપે છે, એટલે તેને અનુસરવામાં જ આપણું કલ્યાણ છે. કોઈ માતા-પિતા અજ્ઞાન કે સ્વાર્થવશ કોઈ ખોટું કામ કરવાનું કહે તો તેમને સમજાવીને એ કામથી દૂર રહેવું, પણ જે વસ્તુ નિતાંત આપણા હિતની હોય, તેનો તો આપણે સ્વીકાર કરવો જ જોઈએ અને તે પ્રમાણે વર્તવું જોઈએ. તેનાથી વિનયગુણ કેળવાય છે અને તે મંત્રસિદ્ધિમાં સહાયક નીવડે છે.

જેને વડીલો પ્રત્યે માન ન હોય, તેને દેવ-ગુરુ પ્રત્યે પણ ક્યાંથી માન હોય? અને જેને દેવ-ગુરુ પ્રત્યે માન ન હોય, તેને મંત્રસિદ્ધિ કેવી રીતે થાય? એ સુજ્ઞજનોએ વિચારી લેવું.

જે આળસુ છે, એદી છે, તે કદી પણ મંત્રની આરાધના યથાર્થપણે કરી શકતો નથી, કારણ કે આરાધનામાં તો સતત જાગૃતિ અને પુરુષાર્થની જરૂર છે; તેથી જ અહીં આલસરહિત થવાનો ઉપદેશ છે.

વિશેષમાં આરાધના કરનારે આહાર અને નિદ્રા બંનેમાં પરિમિત થવાનું છે. એ તો જાણીતી વાત છે કે

'આહાર અને નિદ્રા વધાર્યાં વધે છે અને ઘટાડચા ઘટે છે.' એટલે તેમાં પરિમિત થવાનું મુશ્કેલ નથી. આહાર વધારે કર્યો હોય તો તરત નિદ્રા આવે છે અને જપધ્યાનાદિ ક્રિયાઓ બરાબર થઈ શકતી નથી. તે જ રીતે નિદ્રાનું પ્રમાણ વધારે હોય તો શરીરમાં જડતા આવે છે અને જપ–ધ્યાનાદિમાં મન બરાબર લાગતું નથી.

નિદ્રા તમોગુણની સૂચક છે, માટે તેનું પ્રમાણ ઘટાડવાનું છે.

'માણસે અમુક કલાક ઊંઘવું જ જોઈએ. તો જ તેનું શરીર સારું રહે.' એવો જે લોકપ્રવાદ આજે ચાલી રહ્યો છે, તેમાં ઝાઝું તથ્ય નથી. જે વ્યક્તિમાં સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે, તે ઓછી નિદ્રાથી પણ પોતાનો જીવન-વ્યવહાર બરાબર ચલાવી શકે છે અને તેને કોઈ હરકત આવતી નથી. યોગસાધનામાં તો એવી ભૂમિકા પણ પ્રાપ્ત થાય છે કે જ્યારે બિલકુલ નિદ્રા આવતી નથી અને છતાં શરીરનું સ્વાસ્થ્ય બરાબર જળવાઈ રહે છે. આ કાળે પણ આવા પુરુષો જોવામાં આવે છે. તાત્પર્ય કે મંત્રના આરાધકે થોડી નિદ્રાથી પણ શરીર સ્વસ્થ રહે, એવી ટેવ પાડવી જોઈએ.

निर्जितविषयकषायो धर्मामृतजनितहर्षगतकायः ।
गुरुतरगुणसम्पूर्णः स भवेदाराधको देव्याः ॥

'વિષય અને કષાયને જિતનારો, ધર્મરૂપી અમૃતના

પાનથી હર્ષ પામેલા શરીરવાળો અને મહાન ગુણોથી યુક્ત હોય, તે દેવીનો આરાધક થઈ શકે છે.'

સ્પર્શ, રસ, ગંધ, વર્ણ શબ્દ એ વિષય કહેવાય છે. તેના અવાંતર ભેદો ૨૩ છે. સ્પર્શના ૮, રસના ૫, ગંધના ૨, વર્ણના ૫ અને શબ્દના ૩. આ ત્રેવીશ વિષયોને જિતવા એટલે પાંચેય ઈન્દ્રિયો પર સંપૂર્ણ કાબૂ રાખવો. જે એક પણ ઇન્દ્રિયની વિષયલાલસામાં ફસાય છે, તેના હાલ બૂરા થાય છે, તો પાંચેય ઈન્દ્રિયોની વિષયલાલસામાં ફસેલાના શા હાલ થાય ? તે માટે હાથી, મત્સ્ય, ભ્રમર, પંતગ અને હરણનાં દૃષ્ટાંતો વિચારવા યોગ્ય છે.

સ્પર્શલાલસામાં ફસેલો હાથી, હાથણી ભણી દોટ મૂકે છે. એમ કરતાં પારધિઓએ તૈયાર કરેલા ખાડામાં પડે છે અને કાયમનો ગુલામ બને છે. (ખાડાની એક બાજુ જે હાથણી દેખાય છે, તે બનાવટી ઊભી કરેલી હોય છે.) ગલના કાંટા પર રહેલો માંસનો ટુકડો ખાવા જતાં મત્સ્યના ગળામાં કાંટો ભોંકાય છે અને તે મરણને શરણ થાય છે. ગંધની લાલસાથી કમલદલમાં પૂરાયેલો ભ્રમર સવાર સુધી બહાર નીકળતો નથી, ત્યાં હાથીઓ આવી પહોંચે છે અને એક પછી એક કમળ ઉખાડીને મુખમાં મૂકતાં તેના આયુષ્યનો અંત આવે છે. પતંગ એટલે પતંગિયું. તે રૂપમાં દિવાનું બનીને દીપક ભણી દોડે છે અને તેમાં ઝંપલાવે છે, એટલે બળીને ખાખ થઈ જાય છે. તેજ રીતે સંગીત સાંભળવામાં તલ્લીન બનેલું હરણ પારધિઓના હાથમાં

સપડાઈ જાય છે અને પોતાના પ્રાણ ગુમાવે છે. આ દૃષ્ટાંતો લક્ષ્યમાં રાખીને મંત્રારાધકે પાંચેય ઈન્દ્રિયોને જિતવા પ્રયત્ન કરવો.

જે મનની વૃત્તિઓને મલિન કરે, તેને કષાય કહેવામાં આવે છે. જૈન પરંપરામાં આવા ચાર કષાયોની પ્રસિદ્ધિ છે: (૧) ક્રોધ, (૨) માન, (૩) માયા અને (૪) લોભ. તેમાં ક્રોધ અંગે કેટલુંક કહેવાઈ ચૂક્યું છે. માન એટલે અભિમાન, અહંકાર અથવા મદ. તેનાથી નમ્રતાનો ગુણ નાશ પામે છે અને જડતા વધી જાય છે. માયા એટલે લુચ્ચાઈ, કપટ, દગો કે અન્યને છેતરવાની વૃત્તિ. તેને શાસ્ત્રકારોએ મૃષાવાદની માતા, શીલવૃક્ષને છેદનારી કૂહાડી, અજ્ઞાનની જન્મભૂમિ અને દુર્ગતિના દરવાજા દેખાડનારી દુર્દાન્ત દ્વારપાલિકા કહી છે. તેનાથી સરલતાનો ગુણ નાશ પામે છે અને વક્રતા વધી જાય છે. લોભ એટલે વધારે ને વધારે મેળવવાની તૃષ્ણા. તેને શાસ્ત્રકારોએ સર્વ દોષની ખાણ, ઉત્તમ ગુણોને ગળી જનારો મહારાક્ષસ અને દુઃખરૂપી વેલીઓનું મૂળ કહેલો છે. તેનાથી સંતોષગુણ નાશ પામે છે અને ઉદ્વેગ વધી જાય છે.

ચારે ય કષાયોને જિતવા માટે તેના પ્રતિપક્ષી ગુણો કેળવવાની જરૂર છે. વધારે સ્પષ્ટ કહીએ તો ક્ષમાગુણ કેળવવાથી ક્રોધને જિતી શકાય છે, નમ્રતાનો ગુણ કેળવવાથી માનને જિતી શકાય છે, સરલતાનો ગુણ કેળવવાથી માયાને

જિતી શકાય છે અને સંતોષનો ગુણ કેળવવાથી લોભને જિતી શકાય છે.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે 'કષાયોમાંથી મુક્ત થવું, એજ સાચી મુક્તિ છે.' તે પરથી કષાયજયનું મહત્ત્વ સમજી શકાશે.

વિષય અને કષાય એ બે પર કાબૂ આવ્યો કે ચારિત્ર ઉત્તમ પ્રકારનું બને છે અને તે મંત્રની આરાધનામાં ઘણું ઉપકારી નીવડે છે. તેથી મંત્રારાધકે આ બંને વસ્તુઓને જિતવા માટે પોતાનો પુરુષાર્થ પૂરેપૂરો ફોરવવાનો છે.

ધર્મ પ્રત્યે અભિરુચિ રાખવી અને તેના પાલનમાં આનંદ માનવો, એ પણ આરાધકનું એક ખાસ કર્તવ્ય છે. જેની ધર્મ પ્રત્યે અભિરુચિ હોય, તે પાપાચરણથી ડરતો રહે છે, સદ્વિચાર તથા સદાચારનું સેવન કરે છે અને ઉત્તરોત્તર આધ્યાત્મિક પ્રગતિ સાધી શકે છે. મંત્રની સિદ્ધિ માટે આ ભૂમિકા ઘણી અનુકૂળ છે, તેથી મંત્રારાધકે પ્રારંભથી જ ધર્મ પ્રત્યે અભિરુચિ રાખવી અને તેના પાલનમાં તત્પર રહેવું.

વળી તેણે મહાન ગુણો કેળવી પૂર્ણતા પ્રાપ્ત કરવા તરફ લક્ષ્ય રાખવું જોઈએ. અહીં મહાન્ ગુણોથી દાન, શીલ, તપ અને ભાવનું સૂચન છે. તે ધર્મના વિધાયક કે પૂરક અંગો છે, એટલે અહીં તેનો આ રીતે નિર્દેશ કરેલો છે.

शुचिः प्रसन्नो गुरुदेवभक्तो, दृढव्रतः सत्यदयासमेतः ।
दक्षः पटुर्बीजपदावधारी, मन्त्री भवेदीदृश एव लोके ॥

'પવિત્રતાવાળો, પ્રસન્ન, ગુરુ અને દેવનો ભક્ત, ગ્રહણ કરેલા વ્રતમાં દૃઢ રહેનારો, સત્ય અને દયાથી યુક્ત, ચતુર, મેધાવી અને મંત્રબીજવાળાં પદોને ધારણ કરનારો હોય, તે જ આ લોકમાં મંત્રની સાધના કરી શકે છે.'

અહીં પવિત્રતાથી બાહ્ય અને અભ્યંતર એમ બંને પ્રકારની પવિત્રતા સમજવી. શરીરને સ્નાનાદિથી સુઘડ રાખવું—સ્વચ્છ રાખવું, એ બાહ્યપવિત્રતા છે અને ભાવોથી શુદ્ધ રાખવું, એ અભ્યંતર પવિત્રતા છે. બાહ્ય પવિત્રતા ઘણી હોય પણ અભ્યંતર પવિત્રતામાં ખામી હોય, તો મંત્રની આરાધના યથાર્થપણે થઇ શકતી નથી. બાહ્ય-પવિત્રતા કરતાં અભ્યંતર પવિત્રતાનું મહત્ત્વ ઘણું વધારે છે, એ ભૂલવાનું નથી.

સદા પ્રસન્ન રહેવું, એ પણ મંત્રારાધકનું એક મહત્ત્વનું લક્ષણ છે. જ્યારે મનમાંથી ચિંતા, ભય, શોક, ગ્લાનિ, વિષાદ આદિ દૂર થાય ત્યારે જ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે, એ કહેવવાની જરૂર છે ખરી ? તાત્પર્ય કે મંત્રના આરાધકે ચિંતા, ભય, શોક, ગ્લાનિ, વિષાદ વગેરે છોડીને ચિત્તને પ્રસન્ન રાખવું, જેથી આરાધના યથાર્થપણે થઈ શકે.

મંત્રારાધકમાં ગુરુ અને દેવ બંને પ્રત્યે ભક્તિ હોવી જોઈએ. અહીં ગુરુ શબ્દથી મંત્રદાતા ગુરુ તથા ધર્મ-

ગુરુ બંને સમજવા. જેને મંત્રદાતા ગુરુ પ્રત્યે ભક્તિ નથી, તેને કદી પણ મંત્ર સિદ્ધ થતો નથી. ધર્મગુરુ પ્રત્યે પણ ભકિત ન હોય તો મંત્રસિદ્ધિ થવાનો સંભવ ઘણો ઓછો રહે છે. તેથી બંને પ્રત્યે ભકિત રાખવી, એ સુજ્ઞ આરાધકનું કર્તવ્ય છે.

જેમ ગુરુ પ્રત્યે ભક્તિ રાખવાની છે, તેમ દેવ પ્રત્યે પણ ભકિત રાખવાની છે. અહીં દેવ શબ્દથી પરમાત્મ-તત્ત્વ અર્થાત્ અરિહંત અને સિદ્ધ સમજવાના છે. તેમાં અરિહંત એટલે શ્રી જિનેશ્વર દેવની ભક્તિ અંગે કેટલુંક કહેવાઇ ગયું છે, એટલે તેનો વિસ્તાર કરતા નથી. શ્રી સિદ્ધ પરમાત્મા પ્રત્યે પણ અરિહંત દેવ જેવી જ ભકિત રાખવાની છે. તેથી જ નમસ્કાર મહામંત્રમાં અરિહંત પછી તરત જ સિદ્ધ ભગવંતને વંદના કરવામાં આવે છે. સિદ્ધ પરમાત્મા થવું, એ આપણું અંતિમ લક્ષ્ય છે અને તે શ્રી સિદ્ધ ભગવંતની અનન્ય ભાવે ભકિત કરવાથી પ્રાપ્ત કરી શકાય છે.

જે વ્રત લીધું, તેમાં દૃઢતા રાખવી; તેમાંથી કોઈ પણ પ્રકારે ચલિત ન થવું, એ ઉત્તમ પુરુષનું લક્ષણ છે. સિદ્ધિ આવા જ પુરુષોને વરે છે, એ યાદ રાખવું. આજે વ્રત લેનાર અને કાલે છોડી દેનારની ગણના અધમ કે કાપુરુષમાં થાય છે. તેઓ કદી પણ કોઈ મહાન સિદ્ધિ હાંસલ કરી શકતા નથી. મંત્રારાધકમાં તો આ ગુણ

ખાસ હોવો જ જોઈએ, નહિ તો તેની આરાધના ગમે ત્યારે તૂટી જવાનો સંભવ રહે છે, અને તેમ થતાં સમય અને શ્રમની બરબાદી થાય છે.

ધર્મના પાલનમાં સત્ય અને દયાનો સમાવેશ થઈ જાય છે, છતાં અહીં તેનો અલગ નિર્દેશ કરવાનો હેતુ એ છે કે તેના પર ખાસ લક્ષ્ય આપવું. જે સદા સાચું બોલે છે અને સાચું આચરે છે, તેને વચનસિદ્ધિ આદિ સિદ્ધિઓ સત્વર પ્રાપ્ત થાય છે અને તે દેવતુલ્ય બની જાય છે. દયાનો ચમત્કાર પણ એવો જ છે. જેનું હૃદય દયાથી ભરપૂર હોય છે, તેને કુદરતનાં બધાં બળો સાનુ-કૂળ થઈ જાય છે અને તેથી મંત્રસિદ્ધિ થવામાં ઘણી સહાય મળે છે. આ વસ્તુ અનુભવે વધારે સમજાય તેવી છે, એટલે તે અંગે વિશેષ વિવેચના કરતા નથી.

જે ચતુર છે, મેધાવી છે, તે સાચા-ખોટાનો ભેદ પારખી શકે છે, કર્તવ્યાકર્તવ્યનો નિર્ણય બરાબર કરી શકે છે અને કોઈથી છેતરાતો નથી. તેથી જ અહીં આ બે ગુણોનો ખાસ નિર્દેશ કર્યો છે. મંત્રારાધનામાં ઘણી વાર વિરોધી બળો પ્રતારણા ઊભી કરે છે, ત્યાં આ ગુણો ઘણા ઉપયોગી થઈ પડે છે. વધારે સ્પષ્ટ કહીએ તો તેનો બચાવ કરનારા નીવડે છે; તેથી તેના પ્રત્યે ખાસ લક્ષ્ય આપવું.

મંત્રની આરાધનામાં ગુરુ પાસેથી મંત્રબીજવાળાં પદોની ધારણા કરવાની હોય છે. એ ધારણા યથાર્થ રીતે કરવામાં આવે અને તેમાં કંઇ ગોલમાલ ન થાય, તોજ

મંત્રારાધના સફલ થઈ શકે છે, એટલે મંત્રારાધકે મંત્ર-બીજોવાળાં પદોની ધારણા કરવામાં કુશળ બનવાનું છે. 'ગુરુએ શું કહ્યું હતું ? બરાબર યાદ આવતું નથી !' એવી સ્થિતિ વિસંવાદ પેદા કરે છે અને સમસ્ત આરાધનાને શંકાસ્પદ બનાવી દે છે, તેથી ગુરુ જ્યારે મંત્ર-પદોની ધારણા કરાવે, ત્યારે પૂરેપૂરી સાવધાની રાખવાની છે અને એકપણ અક્ષર આઘો–પાછો ન થઈ જાય તે જોવાનું છે.

આચાર્ય મલ્લિષેણ છેવટે કહે છે કે 'આવા ગુણો-વાળો હોય તે જ મંત્રનો આરાધક થઈ શકે છે. જેનામાં આ પ્રકારના ગુણો નથી, તે કદી પણ મંત્રનો આરાધક થઈ શકતો નથી.'

આચાર્યશ્રી ભદ્રગુપ્તે **અનુભવસિદ્ધમંત્રદ્વાત્રિંશિકાના** પાંચમા અધિકારમાં મંત્રસાધકનાં લક્ષણો બતાવ્યાં છે, તે લગભગ આને મળતાં જ છે. જેમકે—

दक्षो जितेन्द्रियो धीमान् कोपानलजलोपमः ।
सत्यवादी विलोभश्च, मायामदविवर्जितः ॥
मानत्यागी दयायुक्तः, परनारीसहोदरः ।
जिनेन्द्रगुरुभक्तश्च, मन्त्रग्राही भवेन्नरः ॥

'જે સાધક ચતુર, ઈન્દ્રિયોને જિતનાર, બુદ્ધિશાળી, ક્રોધરૂપી અગ્નિને શમાવવા માટે જલ સમાન, સાચું બોલનાર, નિર્લોભી, કપટ અને મદરહિત, નમ્ર, દયાળુ, પરસ્ત્રીને બહેન સમજનાર તથા શ્રી જિનેશ્વરદેવ અને નિર્ગ્રંથ ગુરુની

ભક્તિવાળો હોય, તે મંત્રનો ગ્રહણ કરનારો થાય છે; એટલે કે ગુરુ તેને મંત્ર આપે છે.'

'ગુરુએ જેને-તેને મંત્ર આપવો નહિ.' એવો આદેશ મંત્રશાસ્ત્રમાં અપાયેલો છે, તેનો અર્થ એ છે કે જે મનુષ્ય આરાધકની યોગ્યતા ધરાવતો હોય, તેને જ મંત્ર આપવો.

કેટલાક પાઠકો મંત્રારાધકની યોગ્યતાનું આ વર્ણન સાંભળીને ભડકી ઉઠશે અને કદાચ એમ કહેશે કે 'આ તો બહુ ભારે કામ છે!' પણ દૃઢ સંકલ્પ અને અવિરત પુરુષાર્થથી કઠિન કામોને પણ સરલ બનાવી શકાય છે. વળી આ પ્રકારના ગુણો ખીલવતાં માનવતાનો સાચો વિકાસ થાય છે, એ પણ જેવો તેવો લાભ નથી; તેથી મંત્રના આરાધકે આ ગુણો કેળવવા તરફ પૂરતું લક્ષ આપવું જોઇએ.

આજે મંત્રસિદ્ધિ અંગે ફરિયાદ કરવામાં આવે છે, પણ આપણે મંત્રારાધક તરીકેની યોગ્યતા કેટલા અંશે કેળવીએ છીએ, તે જોતા નથી. સાચી હકીકત તો એ છે કે આપણી આ બાબતની અપૂર્ણતા અને ત્રુટિઓને લીધે જ મંત્રારાધના યથાર્થપણે થઇ શકતી નથી અને તેથી તેનું જે પરિણામ દેખાવું જોઈએ, તે દેખાતું નથી.

છેવટે અમે આરાધકોને પ્રેમપૂર્વક એટલું જ કહેવા ઇચ્છીએ છીએ કે શાસ્ત્રકાર મહર્ષિઓએ અહીં આરાધકનાં જે લક્ષણો બતાવ્યાં છે, તે કેળવવા પૂરતો પ્રયત્ન કરો અને પછી જુઓ કે તમારી મંત્રારાધના ફલવતી થાય છે કે નહિ?

[ ૬ ]

# આરાધનાનાં મુખ્ય અંગો

મંત્રસિદ્ધિ અર્થે આરાધક દ્વારા જે જે ક્રિયાઓ કરવામાં આવે છે, તેને આરાધના કહેવાય છે. સાધના, ઉપાસના એ તેના પર્યાયશબ્દો છે.

જો આરાધના યથાર્થપણે થાય તો મંત્રસિદ્ધિ અવશ્ય થાય છે અને જો તેમાં ખામી રહી જાય તો મંત્ર-સિદ્ધિ થતી નથી, અથવા તો ઘણા વિલંબે થાય છે; તેથી આરાધકે આરાધનાનાં સઘળાં અંગોથી પરિચિત થવું જોઇએ.

## સદ્ગુરુ

મંત્રદાતા ગુરુ વિના મંત્રની આરાધના થઈ શકતી નથી, એટલે મંત્રનું આરાધન કરવાની ઇચ્છાવાળાએ સહુથી પ્રથમ મંત્રનો ઉપદેશ કરી શકે તેવા સદ્ગુરુને શોધી કાઢવા જોઇએ. આ કામ સહેલું નથી, પણ સંકલ્પ દૃઢ હોય અને તે માટે પૂરતો પુરુષાર્થ કરવામાં આવે તો સદ્ગુરુ મળી જાય છે.

મંત્રશાસ્ત્રમાં સદ્ગુરુનાં લક્ષણો અનેક રીતે બતાવ્યાં છે. તેનો સાર એ છે કે જે શાંત હોય, દાંત હોય, શુદ્ધાચારવાળો અને સુપ્રતિષ્ઠિત હોય, બાહ્ય–અભ્યંતર શુદ્ધિવાળો અને સુબુદ્ધિમાન હોય, વળી ધ્યાનનિષ્ઠ અને મંત્ર–તંત્ર–વિશારદ હોય, તેને સદ્ગુરુ જાણવા.

સદ્ગુરુ શુભ દિવસે, શુભ મુહૂર્તે શિષ્યને મંત્રનો ઉપદેશ કરે છે, એટલે કે તેને વિધિપૂર્વક જમણા કાનમાં કહે છે અને શિષ્યે–આરાધકે તેને શ્રદ્ધા–ભકિત–બહુમાન પૂર્વક ધારી લેવાનો હોય છે.

જો ગુરુ વિશિષ્ટ જ્ઞાની હોય, તો કયો મંત્ર શિષ્યને અનુકૂળ આવશે, તે વિચાર કરતાં જ જાણી લે છે, અન્યથા શાસ્ત્રોએ તે માટે નિર્ણીત કહેલી અકડમચક્ર, ઋણધન–ચક્ર આદિ કેટલીક પદ્ધતિઓનો આશ્રય લે છે. આ બાબતમાં ગુરુનો નિર્ણય એ જ છેવટનો નિર્ણય ગણાય છે અને શિષ્યે તેનો અનન્ય નિષ્ઠાથી અમલ કરવાનો હોય છે. કોઈ વાર ગુરુએ આપેલો મંત્ર વિચિત્ર લાગે, તો પણ શિષ્યે તેના વિષે શંકા ઉઠાવવી નહિ, કારણ કે તેની પાછળ મોટું રહસ્ય હોય છે.

એક ગુરુએ કોઈ ભદ્રિક આરાધકને 'મા રુષ મા તુષ' એવો ષડક્ષરમંત્ર આપ્યો, પણ તે બોલતાં ભૂલ્યો અને 'માષતુષ માષતુષ' એ રીતે મંત્રજપ કરવા લાગ્યો. પરંતુ તેને ગુરુવચનમાં અનન્યશ્રદ્ધા હતી અને તેનો ભાવ

ઉત્કૃષ્ટ હતો, એટલે આ મંત્રનો જપ કરતાં તેની કર્મ-શ્રૃંખલા તૂટી ગઈ અને તે ત્રિકાલજ્ઞાની બની પોતાનું આત્મકલ્યાણ સાધી શક્યો.

વર્તમાન કાલનો એક દાખલો એવો છે કે જેમાં એક મહાત્માએ આરાધક સંતને 'બદરીવિશાલ' એ છ અક્ષરનો મંત્ર આપી તેનો જાપ કરવાનું કહ્યું. દેખીતી રીતે આમાં મંત્ર જેવું કંઈ ન હતું, પણ પેલા આરાધક સંતે તેનો અનન્ય નિષ્ઠાથી જાપ કરવા માંડ્યો, તેથી આખરે મંત્રસિદ્ધિ થઈ અને તેને બદરીનારાયણે સાક્ષાત્ દર્શન આપ્યાં.

કહેવાનું તાત્પર્ય એ છે કે સદ્ગુરુ શિષ્યના હિતાર્થે જે મંત્રનો ઉપદેશ કરે, તેની શિષ્યે–આરાધકે અનન્ય નિષ્ઠાથી આરાધના કરવી જોઈએ.

કેટલાક પુસ્તકો વાંચીને મંત્રની આરાધના શરૂ કરી દે છે, પણ તે ફલદાયી થતી નથી. મંત્રસિદ્ધિ માટે ગુરુની કૃપા–ગુરુનું માર્ગદર્શન અત્યંત આવશ્યક છે.

જો પ્રયત્ન કરવા છતાં સદ્ગુરુ ન સાંપડે તો કોઈ પણ ચારિત્રવાન્ ધર્મગુરુને સદ્ગુરુ માની તેમની પાસેથી મંત્ર ગ્રહણ કરવો અને તેમ ન બને તો કોઈ વિશિષ્ટ જ્ઞાની, મંત્રના અનુભવી અને ઉદારચિત્ત ગૃહસ્થને સદ્ગુરુ માની તેની પાસેથી મંત્ર ગ્રહણ કરવો. છેવટે સદ્ગુરુની

સ્થાપના કરીને મંત્રની આરાધના કરવી, પણ નગુરા રહીને મંત્રની આરાધના કરવી નહિ, કારણ કે તે કદી પણ ફલ-દાયક થતી નથી.

## આરાધનાસ્થાન

મંત્રની આરાધનામાં સ્થાન પણ અતિ મહત્ત્વની વસ્તુ છે. જો સ્થાન અનુકૂલ હોય તો આરાધના યથાર્થપણે થાય છે અને સિદ્ધિ સત્વર સાંપડે છે, અન્યથા આરાધનામાં વિક્ષેપ પડે છે અને સિદ્ધિ દૂર ઠેલાય છે.

મંત્રની આરાધના માટે તે સ્થાન અનુકૂળ મનાયું છે કે જ્યાં કોઈપણ તીર્થંકર ભગવંતનું કલ્યાણક થયેલું હોય* અથવા જ્યાં કોઈ સિદ્ધ પુરુષે સિદ્ધિ મેળવેલી હોય, અથવા જ્યાં વાતાવરણ શુદ્ધ–સ્વચ્છ–પવિત્ર હોય અને શાંતિ સારી રીતે જળવાઇ રહેતી હોય. આ દૃષ્ટિએ વનનો એકાંત પ્રદેશ, સરોવર કે નદીનો કિનારો, સુંદર ઉપવન કે પર્વતનો વિશિષ્ટ પ્રદેશ પસંદ કરવા યોગ્ય છે.

મંત્રારાધના એક પવિત્ર વસ્તુ છે, એટલે તે પવિત્ર સ્થાનમાં પવિત્ર ભાવપૂર્વક થવી જોઈએ. અપવિત્ર સ્થાનમાં પવિત્ર ભાવો આવી શકતા નથી, એટલે આરાધના માટે એવું સ્થાન વર્જ્ય છે. તેજ રીતે જ્યાં ઘણો કોલાહલ થતો હોય, ધાંધલ–ધમાલ મચતા હોય કે એક યા બીજા પ્રકારે શાંતિનો ભંગ થતો હોય, તે સ્થાન પણ વર્જ્ય છે.

---

* નમસ્કારમંત્રસિદ્ધિ–પૃષ્ઠ ૧૨૭ પર ચોવીશ જિનની કલ્યાણકભૂમિનો કોઠો આપેલો છે, તે જિજ્ઞાસુએ બરાબર જોઈ જવો.

પ્રાચીન કાલમાં મંત્રારાધકો મંત્રની સિદ્ધિ અર્થે દિવ્યદેશનું સેવન કરતા, એટલે કે જે પ્રદેશ અતિ રળિયામણો હોય, શાંત હોય, પવિત્ર હોય, ત્યાં જઇને રહેતા અને મંત્રની યથાવિધિ આરાધના કરતા. આધુનિક કાળે તે માટે કોઇ એકાંત તીર્થસ્થાનની પસંદગી કરવી યોગ્ય છે. જેનાથી આવું કંઇ બની શકે એમ ન હોય અને મંત્રારાધના કરવી હોય, તેણે પોતાના ઘરના એક ઓરડાને પસંદ કરી, તેને ગાયના છાણથી લીંપી–ગુંપી અથવા ગુલાબજળ વગેરેથી ધોઈને ધૂપ–દીપથી વાસિત કરવા પૂર્વક તેનો ઉપયોગ કરવો.

## શ્રદ્ધા

મંત્રદેવતા, મંત્રદાતા ગુરુ અને મંત્ર એ ત્રણેયની શકિતમાં પૂરી શ્રદ્ધા રાખીને આરાધકે આરાધના કરવી જોઇએ. તોજ આરાધના સફળ થવા સંભવ છે. જો આ ત્રણ પૈકી કોઈ પરની શ્રદ્ધા ડગમગી તો આરાધનારૂપી ઈમારતને ભારે આંચકા લાગવાના અને આખરે તે તૂટી પડવાની.

‘મંત્રદેવતા પ્રસન્ન થશે કે નહિ?’ ગુરુએ મંત્ર તો બરાબર આપ્યો હશે ને? અથવા ‘આ મંત્ર ફલદાયી થશે કે નહિ?’ આવા વિચારો આરાધકે કદી પણ કરવા નહિ, કારણ કે તે શંસયગ્રસ્ત મનોદશા ઊભી કરે છે અને તેથી આરાધનાનું જોર તૂટવા લાગે છે. એમ કરતાં

શંકા વધારે બળવાન થાય તો આરાધના છૂટી જાય છે અને ઘડ્યું સોનું ધૂળ થાય છે.

આરાધકે તો એમ જ વિચારવું ઘટે કે ગુરુદેવે કૃપાવંત થઈને મને જે મંત્ર આપ્યો છે, તે ઘણો સુંદર છે અને તેનાથી મારું કલ્યાણ જરૂર થશે. હું મંત્રદેવતાની ખૂબ જ ભક્તિ કરીશ, એટલે તે પ્રસન્ન થશે જ થશે.

કેટલાક મંત્રની આરાધના શરૂ કર્યા પછી તરત જ તેના ફલની અપેક્ષા રાખે છે અને એવું ફલ ન દેખાય તો મંત્રદેવતા વગેરેની શક્તિમાં શંકા કરવા લાગે છે, તે હરગીઝ યોગ્ય નથી. બીજ આજે વાવીએ ને વૃક્ષ આજે જ ઉગે, એમ બનતું નથી. તેને જરૂર સમય લાગે છે. વળી વૃક્ષ ઉગ્યા પછી તરત જ ફલ આપતું નથી. તે અમુક સમયે જ ફલ આપે છે, તેમ મંત્રારાધનામાં પણ સમજવું. તે માટે નિયત થયેલો જપ પૂરો થાય કે તે ફળ આપવા લાગે છે અને સાધકનો મનોરથ પૂર્ણ કરે છે.

અહીં એટલી સ્પષ્ટતા ઉચિત છે કે કેટલીક વાર મંત્રારાધના અમુક કક્ષાએ પહોંચ્યા પછી અમુક પ્રકારના લાભો થવા લાગે છે કે યશ મળવા લાગે છે, પણ હરેક વખતે એમ બનતું નથી. તેનું વાસ્તવિક ફલ તો આરાધના પૂરી થયા પછી જ મળે છે.

ટૂંકમાં આરાધકે પૂરેપૂરા શ્રદ્ધાન્વિત થઈને મંત્રની આરાધના કરવી જોઈએ

## મંત્રદેવતા

ચોવીશ તીર્થંકરોમાંથી કોઈ પણ તીર્થંકરનો મંત્ર જપ કરવામાં આવે તો તેમના સેવકો યક્ષ-યક્ષિણી તે સાધકના સઘળા મનોવાંછિતની પૂર્તિ કરે છે.

આ સિવાય જિનમાતા, વિદ્યાદેવીઓ તથા બીજી પણ કેટલીક દેવીઓની આરાધના જૈનશાસ્ત્રસંમત છે અને તે ફલવતી થાય છે.

## ચોવીશ જિનમાતાઓ

ચોવીશ જિનમાતાઓનાં નામ અનુક્રમે આ પ્રમાણે જાણવાં :

| | | |
|---|---|---|
| ૧ મરુદેવા | ૯ રામા | ૧૭ શ્રી |
| ૨ વિજયા | ૧૦ નંદા | ૧૮ દેવી |
| ૩ સેના | ૧૧ વિષ્ણુ | ૧૯ પ્રભાવતી |
| ૪ સિદ્ધાર્થા | ૧૨ જયા | ૨૦ પદ્મા |
| ૫ સુમંગલા | ૧૩ શ્યામા | ૨૧ વપ્રા |
| ૬ સુસીમા | ૧૪ સુયશા | ૨૨ શિવાદેવી |
| ૭ પૃથ્વી | ૧૫ સુવ્રતા | ૨૩ વામા |
| ૮ લક્ષ્મણા | ૧૬ અચિરા | ૨૪ ત્રિશલા |

ચોવીશ જિનમાતાઓની ઉપાસના આજે સ્વતંત્ર રીતે ભાગ્યે જ થાય છે, પણ યંત્ર આદિની પ્રતિષ્ઠા માટે તેની ઉપાસના કરવામાં આવે છે.

એક કાળે જિનમાતાની ઉપાસના સ્વતંત્ર પણ થતી અને તેનો લોકમાનસ પર ઘણો પ્રભાવ હતો. બૃહત્ શાન્તિમાં નીચેની ગાથા આવે છે, તે એના પ્રમાણરૂપ છેઃ

अहं तित्थयर माया, सिवादेवी तुम्ह नयरनिवासिनी।
अम्ह सिवं तुम्ह सिवं, असिवोवसमं सिवं भवतु स्वाहा॥

'હું અરિષ્ટનેમિ તીર્થંકરની માતા શિવાદેવી તમારા નગરમાં વસું છું, તેથી અમારું અને તમારું શ્રેય થાઓ, તેમ જ ઉપદ્રવોનો નાશ કરનારું કલ્યાણ થાઓ. સ્વાહા.'

## ચોવીશ યક્ષો

ચોવીશ તીર્થંકરના શાસનની સેવા કરનારા યક્ષોનાં નામ અનુક્રમે આ પ્રમાણે જાણવાંઃ

| | | |
|---|---|---|
| ૧ ગૌમુખ | ૯ અજિત | ૧૭ ગન્ધર્વ |
| ૨ મહાયક્ષ | ૧૦ બ્રહ્મ | ૧૮ યક્ષરાજ |
| ૩ ત્રિમુખ | ૧૧ યક્ષરાજ | ૧૯ કુબેર |
| ૪ યક્ષનાયક | ૧૨ કુમાર | ૨૦ વરુણ |
| ૫ તુમ્બર | ૧૩ ષણ્મુખ | ૨૧ ભૃકુટિ |
| ૬ કુસુમ | ૧૪ પાતાલ | ૨૨ ગોમેધ |
| ૭ માતંગ | ૧૫ કિન્નર | ૨૩ પાર્શ્વ |
| ૮ વિજય | ૧૬ ગરુડ | ૨૪ બ્રહ્મશાંતિ |

આ યક્ષોનું સ્વરૂપ **નિર્વાણકલિકાદિ** ગ્રંથોમાં આપેલું છે.

## ચોવીશ યક્ષિણીઓ

ચોવીશ તીર્થંકરના શાસનની સેવા કરનારી ચોવીશ યક્ષિણીઓનાં નામ અનુક્રમે આ પ્રમાણે જાણવાં:

| | | |
|---|---|---|
| ૧ ચક્રેશ્વરી | ૯ સુતારિકા | ૧૭ બલા |
| ૨ અજિતબલા | ૧૦ અશોકા | ૧૮ ધારિણી |
| ૩ દુરિતારિ | ૧૧ માનવી | ૧૯ ધરણપ્રિયા |
| ૪ કાલી | ૧૨ ચંડા | ૨૦ નરદત્તા |
| ૫ મહાકાલી | ૧૩ વિદિતા | ૨૧ ગાંધારી |
| ૬ શ્યામા | ૧૪ અંકુશા | ૨૨ અંબિકા (કુષ્માંડી) |
| ૭ શાન્તા | ૧૫ કન્દર્પા | ૨૩ પદ્માવતી |
| ૮ ભૃકુટી (જવાલામાલિની) | ૧૬ નિર્વાણી | ૨૪ સિદ્ધાયિકા |

આ યક્ષિણીઓ કે શાસનદેવીઓમાંથી ચક્રેશ્વરી, જવાલામાલિની, અંબિકા (કુષ્માંડી) તથા પદ્માવતીની આરાધના આજે પ્રચલિત છે. તેમાંયે પદ્માવતીની આરાધના વિશેષ પ્રમાણમાં થાય છે.

આ યક્ષિણીઓનું સ્વરૂપ **નિર્વાણકલિકાદિ** ગ્રંથોમાં આપેલું છે.

## સોળ વિદ્યાદેવીઓ

સોળ વિદ્યાદેવીઓનાં નામ અનુક્રમે આ પ્રમાણે જાણવાં :

| | |
|---|---|
| ૧ રોહિણી | ૩ વજ્રશૃંખલા |
| ૨ પ્રજ્ઞપ્તિ | ૪ વજ્રાંકુશી |

| | |
|---|---|
| ૫ ચક્રેશ્વરી | ૧૧ સર્વાસ્રામહાજ્વાલા |
| ૬ પુરુષદત્તા | ૧૨ માનવી |
| ૭ કાલી | ૧૩ વૈરોટ્યા |
| ૮ મહાકાલી | ૧૪ અચ્છુપ્તા |
| ૯ ગૌરી | ૧૫ માનસી |
| ૧૦ ગાંધારી | ૧૬ મહામાનસી |

જૈન શાસ્ત્રોનું અધ્યયન કરતાં એમ જણાય છે કે એક કાળે આ વિદ્યાદેવીઓની ઉપાસના સારા પ્રમાણમાં થતી અને તે દરેકની ઉપાસનાના સ્વતંત્ર કલ્પો હતા, પણ કાળની કરાલતાએ એ કલ્પો નષ્ટ કરી નાખ્યા છે, અથવા તો આપણી દૃષ્ટિથી અગોચર બનાવી દીધા છે. તે અંગે વિશેષ સંશોધનની જરૂર છે.

## અન્ય ઉપાસ્ય દેવીઓ

આ સિવાય અન્ય દેવીઓની ઉપાસના પણ થતી, જેનાં નીચેનાં નામો નોંધપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ શ્રી | ૯ અંબા | ૧૭ સાનંદા |
| ૨ હ્રીં | ૧૦ વિજયા | ૧૮ નંદમાલિની |
| ૩ ધૃતિ | ૧૧ નિત્યા | ૧૯ માયા |
| ૪ લક્ષ્મી | ૧૨ કિલન્ના | ૨૦ માયાવિની |
| ૫ ગૌરી | ૧૩ અજિતા | ૨૧ રૌદ્રી |
| ૬ ચંડી | ૧૪ મદદ્રવા | ૨૨ કલા |
| ૭ સરસ્વતી | ૧૫ કામાંગા | ૨૩ કાલી |
| ૮ જયા (સુજયા) | ૧૬ કામબાણા | ૨૪ કલિપ્રિયા |
| | ૨૫ અપરાજિતા | |

શ્રીમાનદેવસૂરિએ શાકંભરી નગરીમાં થયેલ મહામારીનો ઉપદ્રવ શાંત કરવા શાન્તિસ્તવની રચના કરી હતી, તેમાં વિજયા, જયા, અજિતા અને અપરાજિતાનું ખાસ આવાહન કરેલું છે, તે પરથી તેઓ આ દેવીઓની ઉપાસના કરતા હતા, એમ જણાય છે.

આ દેવીઓની વિશેષ ઉપાસના તો મંત્રપ્રતિષ્ઠાદિ પ્રસંગે થાય છે, એવી અમારી સમજ છે.

## ચોસઠ યોગિનીઓ

કેટલાક આચાર્યોએ ચોસઠ યોગિનીઓની સિદ્ધિ કર્યાના દાખલાઓ જોવામાં આવે છે, પણ જૈન પરંપરામાં તેનો વિશેષ પ્રચાર નથી, એટલે તે તાંત્રિક યુગની છાયા જણાય છે.

સાધવા યોગ્ય ચોસઠ યોગિનીઓનાં નામ **વિધિપ્રપા** તથા **આચારદિનકરમાં** આપેલાં છે, પણ તેમાં કેટલોક તફાવત છે. અન્ય તંત્રોમાં એની નામાવલી જુદી રીતે પ્રાપ્ત થાય છે.

આ યોગિનીઓને સાધવાનું કામ સહેલું નથી, વળી તેમને સાધવા માટે કેટલાક હિંસક પ્રયોગો પણ કરવા પડે છે, તેથી જૈન આરાધકોએ એમાં પડવા જેવું નથી, એવો અમારો અંગત અભિપ્રાય છે.

## અન્ય દેવતાઓ

આ સિવાય તપગચ્છમાં શ્રીમાણિભદ્રજી અને ખરતરગચ્છમાં શ્રીભૈરવની આરાધના પણ ઈષ્ટ મનાય છે.

શ્રી ઘંટાકર્ણની આરાધના **જૈન** ધર્મને માન્ય નથી, છતાં પ્રચારના બળે તેની આરાધના થવા લાગી છે અને ગતાનુગતિકતાના કારણે તે વૃદ્ધિ પામી રહી છે.

## મંત્રબીજો

આ સિવાય ૐકાર, હ્રીँકાર, અર્હં બીજ વગેરેની ઉપાસના પણ પ્રચલિત છે; તેમાંથી હ્રીँકારની આરાધના અંગે આ ગ્રંથમાં સવિસ્તર વર્ણન કરેલું છે.

## સકલીકરણ

મંત્રની આરાધનામાં પ્રથમ સકલીકરણનો વિધિ કરવાનો હોય છે. આ વિધિ સ્નાન કરીને, શુદ્ધ વસ્ત્ર ધારણ કર્યા પછી, આરાધનાસ્થાને પહોંચીને કરવો જોઈએ.

તેમાં પ્રથમ શોધનમંત્રથી શરીર–મન વગેરેનાં રજકણની શુદ્ધિ કરવામાં આવે છે. તે મંત્ર આ પ્રમાણે જાણવો: ' ॐ अरजे विरजे अशुद्धविशोधिनि मां शोधय शोधय स्वाहा ।' આ મંત્ર ઓછામાં ઓછો સાતેક વાર બોલવો જોઇએ અને તે વખતે ' મારા શરીર તથા મનનું શોધન થઈ રહ્યું છે,' એવી ભાવના ભાવવી જોઈએ. મોટાં અનુષ્ઠાનપ્રસંગે તો આ મંત્ર ૧૦૮ વાર બોલવામાં આવે છે.

ત્યાર પછી અમૃતમંત્ર ભણતાં 'મારા શરીર પર અમૃતની વૃષ્ટિ થઈ રહી છે,' એમ ચિંતવવું જોઈએ. અમૃતમંત્ર આ પ્રમાણે જાણવો : 'ॐ अमृते अमृतोद्भवे अमृतवर्षिणि अमृतं स्रावय स्रावय स्वाहा।' એ વખતે ઉપરથી અમૃતની વૃષ્ટિ થઈ રહી હોય, એ પ્રમાણે હાથ ઊંચો કરીને તેને નીચે વાળતાં રહેવું જોઈએ.

આ બંને મંત્રો બીજી રીતે પણ બોલાય છે, તે સંપ્રદાયભેદ જાણવો.

આ વિધિને આપણે માંત્રિક સ્નાન કહી શકીએ. જલના સ્નાનથી શરીરનાં બાહ્ય અંગોની શુદ્ધિ થાય છે અને માંત્રિકસ્નાનથી અંતરની શુદ્ધિ થાય છે.

તે પછી કરન્યાસ તથા અંગન્યાસની વિધિ કરવી જોઇએ. ડાબા હાથના અંગૂઠાથી શરૂ કરીને આંગળીઓના અગ્રભાગ પર અનુક્રમે ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः એ પાંચ શૂન્યબીજોની સ્થાપના કરવી અને ત્યાર બાદ જમણા હાથના અંગૂઠાથી શરૂ કરીને તેની બધી આંગળીઓના અગ્રભાગ પર અનુક્રમે એ જ બીજોની સ્થાપના કરવી, એ કરન્યાસ કહેવાય છે.

અંગન્યાસની ક્રિયા નીચે પ્રમાણે થાય છે:

મસ્તક પર હાથ મૂકીને—

૧. ॐ नमो अरिहंताणं ह्राँ शीर्षं रक्ष रक्ष स्वाहा। એ મંત્ર બોલવો.

મુખ પર હાથ રાખીને—

૨. ॐ नमो सिद्धाणं ह्री वदनं रक्ष रक्ष स्वाहा। એ મંત્ર બોલવો.

હૃદય પર હાથ રાખીને—

૩. ॐ नमो आयरियाणं ह्रूँ हृदयं रक्ष रक्ष स्वाहा। એ મંત્ર બોલવો.

નાભિ પર હાથ રાખીને—

૪. ॐ नमो उवज्झायाणं ह्रौँ नाभिं रक्ष रक्ष स्वाहा। એ મંત્ર બોલવો.

બંને ઢીંચણ પર હાથ રાખીને—

૫. ॐ नमो लोए सव्वसाहूणं ह्रः पादौ रक्ष रक्ष स्वाहा। એ મંત્ર બોલવો.

આ ક્રિયાથી આત્મરક્ષા થાય છે, એટલે કે મંત્રારાધના દરમિયાન શરીરના કોઈ અંગને નુકશાન થતું નથી.

તે પછી ‘ क्षि प ॐ स्वा हा ’ મંત્રથી ભૂતશુદ્ધિની ક્રિયા કરવી જરૂરી છે, તે આ પ્રમાણે :

પગમાં પીતવર્ણનો क्षि છે, એમ ચિંતવવું
નાભિમાં શ્વેતવર્ણનો प છે, ,,
હૃદયમાં રક્તવર્ણનો ॐ છે, ,,
મુખમાં નીલવર્ણનો स्वा છે, ,,
લલાટે મેઘધનુષ્યના રંગ જેવો हा છે, ,,

તે પછી ઉલટા ક્રમે—

લલાટે શ્યામવર્ણનો હ્રા છે, એમ ચિંતવવું
મુખમાં નીલવર્ણનો સ્વા છે, ,,
હૃદયમાં રક્તવર્ણનો ૐ છે, ,,
નાભિમાં શ્વેતવર્ણનો પ છે, ,,
અને પગમાં પીતવર્ણનો ક્ષિ છે, ,,

આમાં ક્ષિ એ પૃથ્વીબીજ છે, તેનું પીળાવર્ણે ચિંતવન કરવાથી પૃથ્વીભૂતની શુદ્ધિ થાય છે. પ એ જલબીજ છે, તેનું શ્વેતવર્ણે ધ્યાન કરવાથી જલભૂતની શુદ્ધિ થાય છે. ૐ એ અગ્નિબીજ છે, તેનું રક્તવર્ણે ચિંતવન કરવાથી અગ્નિભૂતની શુદ્ધિ થાય છે. સ્વા એ વાયુબીજ છે, તેનું નીલવર્ણે ચિંતવન કરવાથી વાયુભૂતની શુદ્ધિ થાય છે અને હ્રા એ આકાશબીજ છે, તેનું મેઘધનુષ્યના જેવાં રંગે ચિંતન કરવાથી આકાશભૂતની શુદ્ધિ થાય છે.

અન્ય દર્શનીઓમાં ભૂતશુદ્ધિ માટે વિશિષ્ટ પ્રકારની માંત્રિક ક્રિયાઓ છે, તે જિજ્ઞાસુઓએ જરૂર જાણી લેવી. મંત્રદિવાકરના દશમા પ્રકરણમાં તે સંબંધી અમે વિસ્તૃત વર્ણન કરેલું છે.

ભૂતશુદ્ધિ પછી પ્રાણાયામ કરવો જરૂરી છે. તેથી મનને સ્થિર કરવામાં મદદ મળે છે. પ્રારંભમાં પ્રાણાયામની પાંચ આવૃત્તિ કરવી અને તેને ધીમે ધીમે વધારીને સોળ સુધી પહોંચવું.

## ઉપચાર

સામાન્ય રીતે પૂજનની સામગ્રીને જ ઉપચાર કહેવામાં આવે છે અને તેના પંચોપચાર આદિ અનેક પ્રકારો છે. પણ અહીં આહ્વાન, સ્થાપન, સન્નિધીકરણ, અષ્ટ દ્રવ્યથી પૂજન અને વિસર્જનને પંચોપચાર સમજવાનો છે. તે આ પ્રમાણે કરવામાં આવે છે.

૧ ॐ ह्रीँ नमोऽस्तु......एहि एहि संवौषट् ।
(આહ્વાન)

૨ ॐ ह्रीँ नमोऽस्तु......तिष्ठ तिष्ठ ठः ठः ।
(સ્થાપન)

૩ ॐ ह्रीँ नमोऽस्तु.........मम संनिहिता भव भव वषट् ।
(સન્નિધીકરણ)

૪ ॐ ह्रीँ नमोऽस्तु......गन्धादीन् गृहाण गृहाण स्वाहा ।
(પૂજન)

૫ ॐ ह्रीँ नमोऽस्तु......स्वस्थानं गच्छ गच्छ जःजः ।
(વિસર્જન)

અહીં જે જગા ખાલી છે, ત્યાં જે દેવતાની આરાધના કરવાની હોય તેમનું નામ બોલવું. જેમ કે ॐ ह्रीँ नमोऽस्तु भगवति पद्मावति एहि एहि संवौषट् ।

આહ્વાન પૂરક પ્રાણાયામથી; સ્થાપન, સન્નિધીકરણ અને પૂજન એ ત્રણે કુંભક પ્રાણાયામથી અને વિસર્જન રેચક પ્રાણાયામથી કરવાનો સંપ્રદાય છે.

પૂજાની આઠ વસ્તુઓ નીચે પ્રમાણે જાણવી : (૧) જલ (પંચામૃત), (૨) ગંધ (સુગંધી ચૂર્ણ–વાસક્ષેપ), (૩) અક્ષત, (૪) પુષ્પ, (૫) નૈવેદ્ય, (૬) દીપક, (૭) ધૂપ અને (૮) ફલ. એ દરેક વસ્તુ ખાસ મંત્ર બોલીને અર્પણ કરવી જોઈએ.

## ધ્યાન

પૂજન પછી તરતજ દેવતાના સ્વરૂપનું ધ્યાન ધરવું જોઈએ, એટલે કે તેના સમસ્ત સ્વરૂપનું ક્રમશઃ ચિંતન કરવું જોઇએ. જે સ્વરૂપે દેવતાનું ધ્યાન ધર્યું હોય, તેજ સ્વરૂપે આગળ જતાં સાક્ષાત્કાર થાય છે.

## જપ

તે પછી શાંત ચિત્તે મંત્રજપ કરવો જોઈએ. જપના ત્રણ પ્રકારો છે : (૧) ભાષ્ય અથવા વાચિક, (૨) ઉપાંશુ અને (૩) માનસ. જેમાં મંત્રપદોને બીજા સાંભળી શકે એ રીતે ઉચ્ચાર થાય, તે ભાષ્ય અથવા વાચિક. જે બીજા સાંભળી ન શકે એ રીતે કંઠગતા વાણીથી થાય, તે ઉપાંશુ. અને જે માત્ર મનની વૃત્તિએ જપાય, તે માનસ. આ જપનું ફળ ઉત્તરોત્તર વિશુદ્ધ છે, પરંતુ મંત્રાક્ષરોની શુદ્ધિ માટે તથા તેનો ઉચ્ચાર બરાબર થાય તે માટે, પ્રારંભમાં કેટલોક ભાષ્યજપ કરી લેવો જોઈએ.

મંત્રજપ યથાર્થપણે ત્યારે જ થાય છે કે મનને જ્યારે અન્ય સર્વ વિષયોમાંથી ખેંચી લેવામાં આવે છે અને ઈષ્ટ મંત્રપદો સાથે જોડવામાં આવે છે.

મન અને મંત્ર એક થઈ જાય, ત્યારે જ જપનું વાસ્તવિક ફળ મળે છે, પણ આજે તો મન કયાંઇ અને મંત્ર કયાંઇ ? એવી સ્થિતિ પ્રાયઃ જોવાય છે. તાત્પર્ય કે મંત્રની એક માળા પણ સ્થિરચિત્તે ફેરવી શકાતી નથી. જ્યાં માળા હાથમાં લીધી કે દુનિયાભરના વિચારો આવે છે અને જપ ડહોળાઈ જાય છે. આવી સ્થિતિમાં તેની સિદ્ધિ કેવી રીતે થાય ? તેનું ફળ કેવી રીતે મળે ? એ સુજ્ઞજનોએ વિચારી લેવું.

જપને માટે બીજા પણ નિયમો છે; જેમ કે–જમીને તરતજ જપ કરવો નહિ, મન અતિ વ્યગ્ર હોય ત્યારે જપ કરવો નહિ, ખુલ્લી ભોંય પર બેસીને મંત્રજપ કરવો નહિ, કોઈની સાથે વાતો કરતાં કરતાં મંત્રજપ કરવો નહિ તથા બહુ ઉતાવળથી કે વચ્ચે અંતર પાડીને પણ મંત્રજપ કરવો નહિ. જો નિદ્રા આવતી હોય તો પ્રથમ મુખ ધોઈ લેવું અને પછી મંત્રજપ કરવો અથવા થોડી નિદ્રા લીધા બાદ જ મંત્રજપ કરવો.

જપ વખતે જે માલા વપરાય, તેની શુદ્ધિ કરી લેવી જોઈએ. શાંતિકર્મ માટે શ્વેત મણકાની માળા અને સૌભાગ્યની વૃદ્ધિ તથા આકર્ષણ માટે લાલ મણકાની માળા વાપરવી જોઇએ. શ્વેત મણકા માટે સ્ફટિકની માળા સહુથી વધારે પસંદ કરવા યોગ્ય છે. તેના અભાવે ચાંદીના મણકાવાળી કે શ્વેત સુતરાઉ પારાની બનેલી પણ ચાલી શકે. લાલ મણકા માટે પરવાળાંની માળાને

પ્રથમ પસંદગી આપવી જોઈએ. તેના અભાવે રક્તચંદન કે સુતરાઉ લાલમણકાની માળા પણ ચાલી શકે.

માળામાં સામાન્ય રીતે ૧૦૮ મણકા અને મેરુ હોય છે. તેમાં જપ કરતી વખતે મેરુનું ઉલ્લંઘન કરવું નહિ.

જેઓ મંત્રજપ કરમાલા વડે ગણે છે, એટલે કે આંગળીના વેઢાનો ઉપયોગ કરીને ગણે છે, તેણે નંદ્યાવર્ત, શંખાવર્ત આદિ આવર્તોનું સ્વરૂપ જાણી લેવું જોઇએ. તે માટે સદ્ગુરુનો સમાગમ જરૂરી છે અથવા અનુભવી વ્યક્તિની પાસેથી એ વસ્તુ શીખી લેવી જોઈએ.

## હોમ

મૂળ મંત્રજપની સંખ્યાથી દશમા ભાગે હોમ કરવાનો હોય છે. એટલે કે મંત્રજપ ૧૦૦૦ હોય તો હોમમાં ૧૦૦ આહુતિ આપવી જોઈએ.

હોમ માટેના કુંડ ત્રણ પ્રકારના હોય છેઃ (૧) ચતુષ્કોણ, (૨) ત્રિકોણ અને (૩) ગોળ. તેમાં પ્રથમ કુંડ શાંતિક-પૌષ્ટિક તથા સ્તંભનકર્મમાં, બીજો કુંડ આકર્ષણ અને મારણકર્મમાં તથા ત્રીજો કુંડ વિદ્વેષણ અને ઉચ્ચાટન કર્મમાં ઉપયોગમાં લેવાય છે. આ કુંડો સામાન્ય રીતે એક હાથ ઊંડા અને એક હાથ પહોળા બનાવવા જોઈએ અને તેની ઉપર ત્રણથી પાંચ આંગળની પાળી બાંધવી જોઈએ.

હોમમાં જે દ્રવ્યો વાપરવાનાં હોય, તે અગાઉથી મેળવી લઈને તૈયાર રાખવાં જોઈએ તથા તે માટે જે પ્રકારનાં સમિધો જણાવેલાં હોય, તે પ્રકારનાં સમિધો વાપરવાં જોઈએ.

જો દશાંશ હોમ ન થઈ શકે તો તેનાથી ચાર ગણો મંત્રજપ કરી લેવો જોઈએ.

## ક્ષમાપના

દૈનિક મંત્રાનુષ્ઠાનની પૂર્ણાહૂતિ વખતે નીચેના શ્લોકો બોલવા આવશ્યક છે:

आह्वानं नैव जानामि, न च जानामि पूजनम् ।
विसर्जनं न जानामि, प्रसीद परमेश्वर! ॥

आज्ञाहीनं क्रियाहीनं, मन्त्रहीनं च यत् कृतम् :
क्षमस्व देव ! तत् सर्वं, प्रसीद परमेश्वर ! ॥

જો દેવિનું આરાધન હોય તો અહીં परमेश्वरि! देवि! એ શબ્દો બોલવા જોઈએ.

આરાધનામાં ભક્તિ અને શુદ્ધિ જેટલી વધારે, તેટલું ફળ વધારે મળે છે. જો તેમાં ખામી હોય તો ફલમાં ન્યૂનતા આવે છે, માટે તે તરફ ખાસ લક્ષ્ય રાખવું.

[ ૭ ]

# જૈન મંત્રના ચમત્કારો

હવે પછી જે હ્રૉંકારકલ્પ રજૂ કરવાનો છે, તે શ્રી જિનપ્રભસૂરિજી મહારાજે રચેલો છે. તેઓ ચૌદમી સદીના એક મહાન જૈનાચાર્ય હતા અને સમર્થ મંત્ર-વિશારદ પણ હતા. તેમણે અનેક સ્થળે જૈનમંત્રના ચમત્કારો બતાવીને જૈનધર્મ તરફ હજારો લોકોનું આકર્ષણ કર્યું હતું, એટલે પાઠકોએ તેમના જીવનનો પરિચય કરી લેવો જરૂરનો છે. તેના પરથી તેમણે રચેલા હ્રૉંકારકલ્પનું મહત્ત્વ સમજી શકાશે.

વિક્રમની ચૌદમી સદીમાં રાજપૂતાના, સિંધ અને પંજાબમાં ખરતરગચ્છ ઘણો ઉન્નતિ પર હતો. રાજ્યના મંત્રી અને સેનાપતિઓમાં તથા બીજા દરેક ખાતામાં જૈનો જ આગેવાન હતા અને તેમાંના મોટા ભાગના ખરતરગચ્છના હતા. ખરતરગચ્છના સાધુઓમાં તે વખતે ઘણો જ પ્રભાવ હતો. તેઓ ધર્મશાસ્ત્ર અને સાહિત્યનો

ઊંડો અભ્યાસ કરતા, ન્યાય અને તર્કમાં નિપુણ થતા અને મંત્ર-તંત્ર તથા વૈદક-જ્યોતિષનું જ્ઞાન પણ બહુ સારું પ્રાપ્ત કરતા.

ખરતરગચ્છાચાર્ય શ્રી જિનસિંહસૂરિએ પોતાના ગચ્છની ઉન્નતિ કરવા માટે કોઈ રાજાને પ્રતિબોધ કરવાનો વિચાર કર્યો. તે માટે તેમણે આયંબિલવ્રત શરુ કર્યું અને શ્રી પદ્માવતીદેવીની આરાધના કરવા માંડી. આવી આરાધના કરતાં જ્યારે છ માસ વ્યતીત થયા, ત્યારે શ્રીપદ્માવતીદેવી પ્રસન્ન થયાં. તેમણે પૂછયું: 'હે મુનિ! તમે મને કેમ સંભારી?' શ્રી જિનસિંહસૂરિએ કહ્યું: 'મને એવી શક્તિ આપો કે જેના પ્રભાવથી હું કોઇ રાજાને પ્રતિબોધ પમાડી શકું.'

એ સાંભળી શ્રી પદ્માવતીદેવીએ કહ્યું: 'હવે તમારું આયુષ્ય માત્ર છ માસનું જ રહ્યું છે, તો એવી શકિત લઈને શું કરી શકશો? છતાં તમારા ગચ્છની ઉન્નતિ માટે હું ઉપાય બતાવું છું કે તમે કચ્છ-વાગડના ઝુંઝણું ગામમાં જાઓ. ત્યાં ત્રાંબી શ્રીમાલ ગોત્રનો એક શેઠ રહે છે. તેને પાંચ પુત્રો છે. તેમાંથી વચેટ પુત્ર મહા તેજસ્વી છે. તેને તમારો શિષ્ય બનાવો. તેને હું હાજરાહજુર રહીશ. તે મહાન શહેનશાહોને પણ પ્રતિબોધ પમાડી શકશે અને તેનાથી તમારા ગચ્છની ઉન્નતિ થશે. તેને ઓળખવાની નિશાની એ છે કે તેના પગે એક આંગળી ઓછી છે.' આટલું કહી દેવી અંતર્ધ્યાન થયાં.

શ્રી જિનસિંહસૂરિએ વાગડ ભણી વિહાર કર્યો. અનુક્રમે ઝુંઝણું ગામમાં પધાર્યા. ત્યાં શ્રી પદ્માવતી દેવીએ કહ્યા મુજબ એક શેઠને પાંચ પુત્રો નીકળ્યા અને તેમાં વચેટ બહુ તેજસ્વી જણાયો. વળી તેના પગે એક આંગળી ઓછી હતી. આથી સૂરિજીને ખૂબ આનંદ થયો. તેમણે આ પુત્રને બોધ આપી પ્રવ્રજિત કર્યો અને તેનું નામ શ્રી જિનપ્રભ રાખ્યું.

શ્રી જિનપ્રભમુનિની બુદ્ધિ અલૌકિક હતી. માત્ર એક વખત વાંચી જવાથી કે સાંભળી જવાથી તેમને યાદ રહી જતું. આથી તેઓ શ્રી જિનસૂરિજી પાસેથી ટૂંક સમયમાં જ ઘણું જ્ઞાન મેળવી શકયા. જ્યારે ગુરુનો કાળ નજીક આવ્યો, ત્યારે તેમણે શ્રી જિનપ્રભમુનિને સૂરિપદ આપ્યું અને શ્રીમલ્લિષેણ નામના આચાર્ય પાસે રહેવાની ભલામણ કરી. ત્યારથી તેઓ શ્રી જિનપ્રભસૂરિ તરીકે ઓળખાવા લાગ્યા.

શ્રીમલ્લિષેણસૂરિ એ જમાનાના મહાન વિદ્વાન્ હતા. ન્યાય અને તર્કમાં તો તેઓ એક્કા ગણાતા. તેમનો સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ પણ બહુ ઊંડો હતો. એ સિવાય તેઓ અનેક મંત્ર અને વિદ્યાઓના પણ જાણકાર હતા. તેમની પાસે રહેતાં શ્રી જિનપ્રભસૂરિજી મહાન્ વિદ્વાન્ થયા અને મંત્રસાધક બન્યા. જ્યારે શ્રી મલ્લિષેણજીએ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજીની બનાવેલી

અન્યયોગ–વ્યવચ્છેદ–દ્વાત્રિંશિકા ઉપર સ્યાદ્વાદમંજરી નામની ટીકા રચી, ત્યારે શ્રી જિનપ્રભસૂરિજીએ તેમાં ઘણી મદદ કરી. આ ટીકા **જૈન** ન્યાયનો એક સુંદર ગ્રંથ ગણાય છે.

શ્રી જિનપ્રભસૂરિજીએ **જૈન** શાસ્ત્રો, **જૈન** સાહિત્ય તથા મંત્રવિદ્યામાં પ્રવીણતા મેળવ્યા પછી હિંદના જુદા જુદા ભાગોમાં વિહાર કર્યો. તેમાં તેમણે દેશ, નગર અને રાજ્યો સંબંધી ઊંડું અવલોકન કર્યું, અનેક પંડિતોનો સમાગમ કર્યો, અનેક મંદિરોની પ્રતિષ્ઠા કરી અને વિકટમાં વિકટ સ્થળે જઈને દરેક **જૈન** તીર્થનું માહાત્મ્ય તથા ઈતિહાસ એકઠા કર્યા.

તેઓ શ્રી પદ્માવતીદેવીની સહાયથી કેટલાક મંત્રો સિદ્ધ કરી શકયા હતા, તેમાં હ્રીંકારમંત્રનો પણ સમાવેશ થતો હશે, એમ અમારું માનવું છે. તેમના અગાધ જ્ઞાન, તેમની અજોડ પ્રતિભા તથા વિદ્યાઓના ચમત્કારથી તેમનું નામ લગભગ સારાયે ભારતવર્ષમાં સહુને મ્હોંએ ચડી ગયું હતું.

એ વખતે દિલ્હીમાં મહમ્મદ તઘલખ નામનો સુલતાન રાજ્ય કરતો હતો. તેને વિદ્યા પર ઘણો પ્રેમ હતો અને તે પોતાની રાજસભામાં હિંદુ–મુસલમાન બધા પંડિતોને ભારે માન આપતો હતો.

એક વખત શ્રી જિનપ્રભસૂરિજી વિહાર કરતાં

દિલ્હી પધાર્યા. દિલ્હીના જૈન સંઘે તેમનું અપૂર્વ સ્વાગત કર્યું અને તેમના દર્શન-સમાગમથી કૃતકૃત્યતા માની.

હવે એક વાર રાજસભામાં સુલતાને પ્રશ્ન કર્યો: 'અત્યારે મહા ચમત્કારિક પુરુષ કોણ છે?' એ વખતે કેટલાક મુસલમાન અમીરોએ અમુક ફકીરનું નામ આપ્યું, ત્યારે એક બ્રાહ્મણ પંડિતે જણાવ્યું કે 'અત્યારે તો શ્રી જિનપ્રભસૂરિ મહાન ચમત્કારિક પુરુષ જણાય છે. એમના જેવી શક્તિઓ બીજા કોઈનામાં નથી.' એ જ વખતે સુલતાને એ પંડિતને શ્રી જિનપ્રભસૂરિજીને તેડવા મોકલ્યો અને પેલા ફકીરને પણ રાજસભામાં બોલાવ્યો.

શ્રી જિનપ્રભસૂરિજીએ ધર્મપ્રભાવનાની આ સોનેરી તકને વધાવી લીધી. તેઓ પંડિત સાથે દરબારમાં પધાર્યા કે બાદશાહે સિંહાસન પરથી ઉઠીને તેમનું સ્વાગત કર્યું અને યોગ્ય આસન આપ્યું.

પછી બાદશાહે ત્યાં આવેલા ફકીરને કહ્યું: 'સાંઇજી! તમે જે ચમત્કાર જાણતા હો, તે કરી બતાવો. આથી સાંઈએ પોતાના માથા પરની ટોપી અદ્ધર કરી અને તેને સ્થિર કરી દીધી; એટલે કે કોઈ પણ જાતના આધાર વિના ટોપી હવામાં લટકી રહી. આ જોઈ બધાને ભારે તાજુબી થઇ.

પછી બાદશાહે સૂરિજીને કહ્યું કે: 'આપ પણ કંઈક ચમત્કાર બતાવો.' એટલે સૂરિજીએ પોતાનો ઓઘો

ઊંચો કરીને ટોપીને અડાડયો કે ટોપી તરતજ ભોંય પર પડી અને ઓઘો હવામાં સ્થિર થઈ ગયો. પછી સૂરિજીએ જણાવ્યું કે 'જેનામાં શક્તિ હોય, તે આ ઓઘાને નીચો લાવે.' આથી સાંઈએ કમ્મર કસી અને પોતાને આવડતી હતી, તે બધી વિદ્યાઓ અજમાવી જોઈ, પણ ઓઘો નીચે પડયો નહિ.

પછી સભામાંથી બળવાન માણસો ઊભા થયા અને ઓઘાને નીચે ખેંચવા લાગ્યા, પણ એ ઓઘાએ જરાયે મચક આપી નહિ. આથી બધા બહુ જ ચમત્કાર પામ્યા અને સૂરિજીને વંદન કરવા લાગ્યા. પછી સૂરિજીએ હસતાં હસતાં એ ઓઘો લઈ લીધો. આ પ્રસંગથી બાદશાહને તેમના માટે બહુમાન થયું અને વખતોવખત રાજસભામાં પધારવાનું આમંત્રણ આપ્યું.

બીજા એક વખતે સૂરિજી રાજસભામાં ગયા, ત્યારે પાણીના એક ઘડાને હવામાં સ્થિર કરી દીધો અને તેને ઓઘો લગાડતાં તે ફૂટી ગયો, પણ તેમાંનું પાણી ત્યાં જ સ્થિર થઈ ગયું! આ દૃશ્ય જોતાં કોને આશ્ચર્ય ન થાય? બાદશાહ પણ ખૂબ આશ્ચર્ય પામ્યો અને તે હવે પછી સૂરિજીના વધારે અને વધારે પરિચયમાં આવવા લાગ્યો.

એક વખત બાદશાહે પૂછયું કે 'સૂરિજી! વિજય–મંત્રમાં કેવો પ્રભાવ છે?' સૂરિજીએ કહ્યું: 'શું તમને એ

જોવાનો વિચાર થયો છે? તો હમણાં જ બતાવું છું.' એમ કહી વિજયમંત્ર લખીને એક છત્રી ઉપર બાંધ્યો અને તેની નીચે એક ઊંદરને મૂકયો. તે ઊંદર છત્રીની છાયામાં જ ફરવા લાગ્યો. પછી ત્યાં બે–ચાર બિલાડીઓને લાવીને છોડી મૂકી. બિલાડીઓ ચારે બાજુ દોડી, પણ જ્યાં છત્રીની છાયા પડેલી હતી, તેની અંદર આવી શકી નહિ.

આ મંત્રનો બીજો પ્રયોગ પણ તેમણે કરી બતાવ્યો. એક બકરાની ડોકે આ મંત્ર બાંધ્યા પછી તેમણે જાહેર કર્યું કે જેમને શસ્ત્ર અજમાવવાં હોય, તે આ બકરા પર અજમાવી જુએ. એટલે કેટલાકે ઉઠીને તેના પર તલવાર ચલાવી, પણ બકરાને તેનો સ્પર્શ સુદ્ધાં થયો નહિ. આથી બાદશાહ ખૂબ ખુશ થયો અને તેણે એ યંત્ર બે તામ્રપત્ર પર કોતરાવ્યો. તેમાંનો એક યંત્ર પોતાની પાસે રાખ્યો અને બીજો સૂરિજીને આપ્યો. આ બનાવ પછી બાદશાહ તેમને હમેશાં પોતાની પાસે રાખવા લાગ્યો.

શ્રી જિનપ્રભસૂરિજીએ હવે યોગ્ય અવસર આવેલો જાણીને, શ્વેતામ્બર સંઘને કોઈપણ જાતની તકલીફ ન પડે તે માટે શંત્રુજય, ગિરનાર, ફલોધિ વગેરે તીર્થોની સુરક્ષા માટે ફરમાન માગ્યું અને બાદશાહે તે તરત જ કરી આપ્યું. આથી સકલ જૈનસંઘને ઘણો જ આનંદ થયો.

એક વખત બાદશાહની ઈચ્છા ગુજરાતમાં આવવાની થઈ, એટલે તેણે મુસાફરીની તૈયારીઓ કરી અને સૂરિજીને પણ સાથે લીધા. રસ્તામાં ચાલતાં ચાલતાં એક મોટો

વડ આવ્યો. તેની શીતળ અને સુંદર છાયા જોઈ બાદશાહને તે ખૂબ ગમી ગયો અને તે વડ તરફ વારંવાર દૃષ્ટિ નાખીને કહેવા લાગ્યો કે 'અહો કેવો સુંદર વડ છે?' તે વખતે એના મનનો ભાવ જાણી ગયેલા સૂરિજીએ કહ્યું કે 'તમારી ઇચ્છા હોય તો એ પણ સાથે આવે.'

બાદશાહે હા કહી અને એ વડે ખરેખર સાથે ચાલવા માંડયું. આ જોઇ બધા લોકો ભારે આશ્ચર્ય પામ્યા. કેટલાક વખતે બાદશાહે કહ્યું કે 'ગુરુજી! હવે એને રજા આપો. તે બિચારો બહુ મુસાફરી કરવાથી થાકી ગયો હશે.' સૂરિજી કહે, 'ભલે તેમ થાઓ.' અને તેમણે મંત્ર ભણ્યો કે તે વડ ત્યાંથી ઘરેરાટ ઉડીને પોતાના સ્થાને ચાલ્યો ગયો. કેટલાકને આ વાત પરિકથા જેવી લાગતી હશે, પણ મંત્રશક્તિથી આવાં પરિણામો નિપજાવી શકાય છે.

અનુક્રમે તેઓ મારવાડમાં આવ્યા. ત્યાંના લોકોનો પોશાક જોઈ બાદશાહે સૂરિજીને પૂછયું કે 'આ લોકો લૂંટાયેલા જેવા કેમ દેખાય છે?' સૂરિજીએ કહ્યું કે 'આ લોકો ગરીબ છે. એમની પાસે ધન નથી.' પછી ત્યાંના દરેક પુરુષને પાંચ પાંચ કિંમતી વસ્ત્રો અપાવ્યાં તથા સ્ત્રીઓને બે બે સુવર્ણટંકા સાથે બબ્બે સાડીઓ અપાવી.

એમ કરતાં તેઓ પાટણની પાસે જંઘરાળ ગામમાં આવ્યા. ત્યાં તપાગચ્છના મહાન આચાર્ય શ્રી સોમપ્રભસૂરિજી પધારેલા હતા. તેમનાં દર્શન માટે શ્રી જિનપ્રભ-

સૂરિજી ગામમાં ગયા. શ્રી સોમપ્રભસૂરિજીએ તેમનો આદર–સત્કાર કર્યો. ત્યાં શ્રીજિનપ્રભસૂરિજીએ કહ્યુંઃ 'આપ જેવા મહાન ચરિત્રશાળીને ધન્ય છે. હું તો રાજાની સાથે હોવાથી આપના જેવી ક્રિયાઓ કરી શકતો નથી.' ત્યારે શ્રી સોમપ્રભસૂરિજીએ કહ્યું: 'ધન્ય તો તમને છે કે જેણે હિંદભરમાં જૈનધર્મનો ડંકો વગાડયો.'

આ પ્રમાણે બંને અરસપરસ પ્રેમથી વાતો કરતા હતા, એવામાં શિષ્યોને ભણવાનો સમય થયો, એટલે તેઓ પોતપોતાની પોથીઓ લઈને ત્યાં હાજર થયા. એ વખતે એક શિષ્યની પોથી ઊંદરે તદ્દન કરડી ખાધેલી જણાઈ. તેણે ગુરુજી આગળ આ બાબતની ફરિયાદ કરી. એ સાંભળી શ્રી જિનપ્રભસૂરિજીએ એક મંત્ર ભણીને કહ્યું: 'અહીં જેટલા ઊંદરો રહેલા હોય, તે બધા મારી સામે હાજર થાય.'

એટલે બધા ઊંદરો પોતપોતાના દરમાંથી બહાર નીકળીને ત્યાં હાજર થયા અને વિનીત શિષ્યની જેમ તેમની આગળ ચુપચૂપ બેસી ગયા. પછી સૂરિજીએ કહ્યું: 'જે ગુનેગાર હોય તે અહીં રહે અને બાકીના બધા ચાલ્યા જાય.' આથી બધા ઊંદરો ચાલ્યા ગયા, પણ એક ઊંદર ત્યાં બેસી રહ્યો. સૂરિજીએ કહ્યું: 'તારે ગભરાવાની જરૂર નથી, કારણ કે અમે જૈન સાધુઓ કોઈને દુઃખ દેતા નથી; પણ તેં ગુનો કર્યો છે, માટે આ શાળાની બહાર ચાલ્યો જા.' અને તે ઊંદર શાળાની બહાર ચાલ્યો ગયો.

ત્યાંથી આગળ વધતાં બાદશાહ પાલીતાણા નજીક આવ્યો, ત્યારે સૂરિજીએ કહ્યું કે 'આ મહાન તીર્થ છે.' બાદશાહે પૂછયું: 'એનો શો પ્રભાવ છે?' સૂરિજીએ કહ્યું: 'એ તો ઉપર ચઢીશું, એટલે જણાશે.' પછી તેઓ બાદશાહને લઈને શ્રી શત્રુંજય ગિરિરાજ પર ચડયા ને શ્રી આદિનાથજીના મંદિરમાં આવ્યા. ત્યાં સૂરિજીએ બાદશાહને ઉદ્દેશીને કહ્યું કે 'જુઓ આ દેવનો ચમત્કાર!' અને રાયણના ઝાડમાંથી દૂધનો વરસાદ વરસાવ્યો. આથી બાદશાહ ઘણો ખુશ થયો અને તેણે મંદિરમાં દાખલ થઈને શ્રી આદિનાથ પ્રભુનાં દર્શન કર્યાં તથા તેમને સોનામહોરનો થાળ ભેટ ચડાવ્યો.

ત્યાંથી આગળ જતાં અનુક્રમે ગિરનાર સમીપે આવ્યા, ત્યારે પણ સૂરિજીએ કહ્યું કે 'આ અમારું એક મહાન તીર્થ છે, માટે ચાલો ત્યાં જઈએ.' બાદશાહે પૂછયું કે 'એનો શો ચમત્કાર છે?' સૂરિજીએ કહ્યું કે 'આ તીર્થનો ચમત્કાર બહુ મોટો છે. તે ત્યાં જવાથી જણાશે.' પછી તેઓ બાદશાહ તથા તેના કેટલાક અનુચરોને લઈને ઉપર ચડયા. ત્યાં જિનમંદિરમાં જઈને તેમણે કહ્યું કે 'આ જિનદેવની મૂર્તિ પર ગમે તેવાં શસ્ત્ર ચલાવશો તો પણ તેને કંઈ અસર થશે નહિ.'

બાદશાહે કહ્યું : 'એમ?' અને તેણે લોઢાના મોટા ઘણ મંગાવ્યા. પછી પોતાના અનુચરોને હુકમ કર્યો

કે 'આ દેવમૂર્તિ પર તેના જોરથી ઘા કરો.' અનુચરો તે પ્રમાણે જિનમૂર્તિ પર ઘા કરવા લાગ્યા, પણ તેમાંનો કોઈ ઘા એ મૂર્તિને લાગ્યો નહિ. આથી બાદશાહે એ મૂર્તિને વંદન કર્યું અને કિંમતી ભેટો ચડાવી.

આ રીતે શ્રી જિનપ્રભસૂરિજીએ મહમદ તઘલખના મન ઉપર જૈનધર્મ માટે ઘણી ઊંડી છાપ પાડી હતી. તેમણે અન્યત્ર પણ મંત્રવિદ્યાના ઘણા ચમત્કારો બતાવ્યા હતા અને તેથી લોકો અત્યંત પ્રભાવિત થયા હતા.

કહેવાય છે કે શ્રી જિનપ્રભસૂરિજીને હમેશાં એક સ્તોત્ર બનાવીને આહાર લેવાનો નિયમ હતો. એ રીતે તેમણે ઘણાં સ્તોત્રો બનાવ્યાં હતાં. તે પૈકી કેટલાંક સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, જુની ગુજરાતી, ફારસી વગેરે ભાષામાં મળી આવે છે.

એક વખત શ્રી પદ્માવતીદેવીએ તેમને કહ્યું કે 'ભવિષ્યમાં તપગચ્છનો ઉદય થવાનો છે.' તેથી તેમણે શ્રી સોમતિલકસૂરિજીને-તેમના શિષ્યોને ભણવા કામ લાગે એટલા માટે-સાતસો સ્તોત્રોની ભેટ કરી. એ સ્તોત્રોમાં ઝડઝમક, શબ્દચમત્કાર, અપૂર્વ કાવ્યરચના તથા દરેકના છેડે શ્રી જિનપ્રભસૂરિજીનું નામ હતું. આ સ્તોત્રોમાંથી હાલ ૫૯ જેટલાં સ્તોત્રો મળી આવ્યાં છે અને તેમાંનાં કેટલાંક જુદા જુદા ગ્રંથોમાં પ્રસિદ્ધિ પામ્યાં છે.

શ્રી જિનપ્રભસૂરિજીએ અનેક ગ્રંથોની રચના કરી હતી અને તેમાં પોતાના પ્રૌઢ પાંડિત્યનો પરિચય આપ્યો હતો. આ ગ્રંથોની નામાવલી નીચે મુજબ નિશ્ચિત થઇ છે :

**કાતંત્રવિભ્રમ** ( ર. સં. ૧૩૫૨ )
**શ્રેણિકચરિત્ર** ( દ્વયાશ્રયકાવ્ય ર. સં. ૧૩૫૬ )
**વિધિપ્રપાસમાચારી** ( ર. સં. ૧૩૬૩ )
**શ્રીકલ્પસૂત્રવૃત્તિ-સંદેહવિષૌષધિ** (ર. સં. ૧૩૬૪)
**અજિતશાન્તિ-ભયહર-ઉપસર્ગહર- સ્તવવૃત્તિ** ( ર. સં. ૧૩૬૫ )
**શ્રી પાદલિપ્તસૂરિકૃત વીરસ્તોત્રવૃત્તિ** ( ર. સં. ૧૩૮૦ )
**રાજાદિરૂચાદિગણવૃત્તિ** ( ર. સં. ૧૩૮૧ )
**વિવિધતીર્થકલ્પ** ( ર. સં. ૧૩૮૯ )
**પરમ સુખદ્વાત્રિંશિકા** (ર. સં. જણાઈ નથી.)
**પ્રવ્રજ્યાવિધાનવૃત્તિ** ,,
**પ્રત્યાખ્યાનસ્થાન વિવરણમ્** ,,
**સાધુપ્રતિક્રમણવૃત્તિ** ,,
**વિષમકાવ્યવૃત્તિ** ,,
**તપોમતકુટ્ટનકમ્** ,,
**ધર્માધર્મકુલકમ્** ,,

| | |
|---|---|
| પૂજાવિધિ | ,, |
| સપ્તસ્મરણટીકા | ,, |
| વંદનસ્થાનવિવરણમ્ | ,, |
| દીપાલિકાકલ્પ | ,, |
| સૂરિમંત્રપ્રદેશવિવરણમ્ | ,, |
| હ્રીઁકારકલ્પ | ,, |

આમાં તપોમતકુટ્ટનકમ્ જેવો ગ્રંથ શરૂઆતના વર્ષોમાં ગચ્છના વ્યામોહથી લખેલો જણાય છે, પણ પાછળથી તેમના વિચારો વધારે ઉદાર થયા હતા અને તપાગચ્છ જોડે બહુ સારો સંબંધ બાંધ્યો હતો. વિવિધતીર્થકલ્પ એમની પાકી ઉંમરે લખાયેલો હોવાથી તેમાં અનેક ઉપયોગી બાબતોનું વર્ણન છે અને આજે તે ઈતિહાસની દૃષ્ટિએ અતિ ઉપયોગી ગણાય છે. તેમાં નીચેના તીર્થકલ્પો દાખલ કરેલા છે:–

(૧) શત્રુંજય, (૨) ગિરનાર, (૩) ખંભાત, (૪) અહિછત્રા, (૫) આબૂ, (૬) મથુરા, (૭) અશ્વાવબોધ (ભરુચ), (૮) વૈભારગિરિ, (૯) કૌશાંબી, (૧૦) અયોધ્યા, (૧૧) પાવાપુરી, (૧૨) કલિકુંડ, (૧૩) હસ્તિનાપુર, (૧૪) સાચોર, (૧૫) અષ્ટાપદ, (૧૬) મિથિલા, (૧૭) રત્નપુર, (૧૮) કન્નાનૂર (નયર દક્ષિણ) વીર, (૧૯) પ્રતિષ્ઠાનપટ્ટન, (પેંઠણ), (૨૦) નંદીશ્વર, (૨૧) કાંપિલ્યપુર, (૨૨) શૌરીપૂર, (૨૩) શંખપુર, (૨૪) નાસિક, (૨૫) હરિકંખીપાર્શ્વ,

(૨૬) શુદ્ધદંતી, (૨૭) અભિનંદન, (૨૮) ચંપાપુર, (૨૯) પાટલીપુત્ર (પટણા), (૩૦) શ્રાવસ્તી, (૩૧) વારાણસી, (૩૨) કોકા (પાટણ) પાર્શ્વ, (૩૩) કોટિશિલા, (૩૪) ચેલ્લણપાર્શ્વ (ટિંપુરી), (૩૫) કુડંગેશ્વર (ઉજ્જન), (૩૬) માણિક્યદેવ, (૩૭) અંતરિક્ષપાર્શ્વનાથ (૩૮) ફલોધિ પાર્શ્વ. એ સિવાય મહાવીર પ્રભુના ગણધરોના, કપર્દિયક્ષ, કોહંડિયદેવી, અંબિકાદેવી, આરામકુંડ, પદ્માવતીદેવી, વ્યાઘ્રી (શત્રુંજયની એક દેવી) વગેરેના કલ્પો પણ તેમણે રચેલા છે.

શ્રીજિનપ્રભસૂરિજીએ વિપુલ સાહિત્ય રચના ઉપરાંત તીર્થોદ્ધારમાં પણ સારો રસ લીધો હતો. મથુરા અને હસ્તીનાપુરનાં તીર્થો તેમના હાથે ઉદ્ધાર પામ્યાં હતાં.

તેઓ જીવનની છેલ્લી ઘડી સુધી જૈનશાસનનું ગૌરવ વધારવાના પ્રયત્નો કરી ચૌદમી સદીના અંત ભાગે કાલધર્મ પામ્યા હતા. તેમની પાછળ તેમના મુખ્ય શિષ્ય જિનસેન આચાર્યપદે આરૂઢ થયા હતા.

## [૮]

## હ્રીંકારકલ્પ

મંત્રની આમ્નાય કે મંત્રનાં વિધિ-વિધાનો દર્શાવવા માટે તેના પર 'કલ્પ'ની રચના થાય છે. આ રીતે શ્રી જિનપ્રભસૂરિજી મહારાજે હ્રીંકાર પર એક કલ્પ રચેલો છે. તેનો પ્રારંભ કરતાં તેમણે જણાવ્યું છે કે—

**मायाबीजबृहत्कल्पात् श्रीजिनप्रभसूरि :।**
**लोकानामुपकाराय पूर्वविद्या प्रचक्ष्यते ॥ १ ॥**

श्री जिनप्रभसूरिभिः-શ્રી જિનપ્રભસૂરિ વડે. અહીં માનાર્થે બહુવચનનો પ્રયોગ છે. मायाबीजबृहत्कल्पात्-માયાબીજબૃહત્કલ્પમાંથી. लोकानाम् उपकाराय-લોકોના ઉપકાર માટે. पूर्वविद्या-પૂર્વવિદ્યા. प्रचक्ष्यते-કહેવાય છે.

**ભાવાર્થ :** શ્રી જિનપ્રભસૂરિજી મહારાજે લોકોનું હિત થાય તે માટે પૂર્વવિદ્યારૂપ આ હ્રીંકાર-કલ્પની રચના માયાબીજબૃહત્કલ્પના આધારે કરેલી છે.

સામાન્ય રીતે આવા કલ્પો કે પ્રકરણગ્રંથોનો પ્રારંભ મંગલાચરણથી થાય છે, પણ અહીં કલ્પકર્તાએ સ્વતંત્ર મંગલાચરણ ન કરતાં मायाबीजबृहत्कल्पात् શબ્દને પ્રારંભમાં મૂકીને મંગલ કર્યું છે. માયાબીજબૃહત્-કલ્પથી એક એવા શાસ્ત્રનું સૂચન થાય છે કે જે પ્રાણી-ઓને પરમાર્થની પ્રાપ્તિ કરાવનારું છે તથા તેમના સર્વ રોગ–શોક આદિને દૂર કરનારું છે, તેથી એ મંગ-લરૂપ છે. જે વિઘ્નોને દૂર કરે તથા કલ્યાણની પ્રાપ્તિ કરાવે, તે મંગલ કહેવાય છે.

વિશેષમાં આ શબ્દના પ્રારંભમાં આવતો मायाबीज શબ્દ હ્રીંકારનું સૂચન કરનારો હોઈ મંગલરૂપ છે, કારણ કે તે સર્વ વિઘ્નોને દૂર કરનારો છે તથા અભીષ્ટની પ્રાપ્તિ કરાવનારો છે. તે અંગે **મંત્રાધિરાજ**કલ્પમાં કહ્યું છે કે–

हितं जयावहं भद्रं कल्याणं मङ्गलं शिवम् !
तुष्टिपुष्टिकरं सिद्धिप्रदं निवृत्तिकारणम् ॥
निर्वाणाभयदं स्वस्तिशुभधृतिरतिप्रदम् ।
मतिबुद्धिप्रदं लक्ष्मीवर्द्धनं सम्पदां पदम् ॥
त्रैलोक्याक्षरमेनं ये संस्मरन्तीह योगिनः ।
नश्यत्यवश्यमेतेषामिहामुत्रभवं भयम् ॥

ત્રૈલોક્યાક્ષર એટલે હ્રીંકાર. તે સાધકનું હિત કર-નારો છે, જય લાવનારો છે, સુખ આપનારો છે, કલ્યાણ

કરનારો છે, વિઘ્નોને દૂર કરી અભીષ્ટની પ્રાપ્તિ કરાવનારો છે, શાંતિને અર્પનારો છે, તુષ્ટિ અને પુષ્ટિને કરનારો છે, સર્વકાર્યોમાં સિદ્ધિને અપાવનારો છે તથા મોક્ષનું કારણ છે. વળી તે નિર્વાણરૂપી અભયને દેનારો છે, સ્વસ્તિ –શુભ–ધૃતિ–રતિ–મતિ–બુદ્ધિને આપનારો છે, લક્ષ્મીને વધારનારો છે તથા વિવિધ પ્રકારની સંપત્તિઓનું ધામ છે. જે યોગસાધકો–યોગીઓ તેનું સારી રીતે સ્મરણ કરે છે, તેમનો આ લોક અને પરલોક સંબંધી ઉત્પન્ન થયેલો ભય અવશ્ય નાશ પામે છે.'

વળી આઠની સંખ્યા આપણે ત્યાં મંગલરૂપ લેખાય છે અને માયાબીજ બૃહત્કલ્પશબ્દ પણ આઠ અક્ષરનો જ છે. જેમ કે–

| मा | या | बी | ज | बृ | ह | त्क | ल्प |
|---|---|---|---|---|---|---|---|
| १ | २ | ३ | ४ | ५ | ६ | ७ | ८ |

આને આપણે અષ્ટમંગલરૂપ કેમ ન લેખીએ ?

માયા એટલે શક્તિ, તેનું જે બીજ તે માયાબીજ. તેને લગતો બૃહત્ એવો જે કલ્પ, તે માયાબીજબૃહત્કલ્પ.

સામાન્ય રીતે મંગલની સાથે અભિધેયનું સૂચન પણ થાય છે. એ રીતે કલ્પકર્તાએ અહીં **पूर्वविद्या** શબ્દથી અભિધેયનું સૂચન કર્યું છે. પૂર્વવિદ્યા એટલે પૂર્વાએ માન્ય કરેલી વિદ્યા કે પૂર્વોમાંથી ઉદ્ધરાયેલી વિદ્યા. એ રીતે હ્રીંકારવિદ્યાને પૂર્વવિદ્યાનું અપરનામ પ્રાપ્ત થયેલું લાગે છે અને તેથી આ કલ્પ 'માયાબીજકલ્પ' કે 'હ્રીંકારકલ્પ' તરીકે ખ્યાતિ પામેલો છે.

શ્રીમાન્ જિનપ્રભસૂરિજીના સમયમાં ચૌદ પૂર્વો પૈકી કોઈ પણ પૂર્વ વિદ્યમાન ન હતું, પરંતુ સંભવતઃ એ પૂર્વના આધારે રચાયેલો માયાબીજબૃહત્કલ્પ કે તેનો કેટલોક ભાગ તેમની સામે હતો અને તેના પરથી તેમણે આ ત્રીશ ગાથામય કલ્પ રચ્યો, એટલે તેને પૂર્વ-વિદ્યા કહી હોય એમ લાગે છે.

વિદ્યા અને મંત્રનાં લક્ષણોમાં ફરક છે, આમ છતાં ઘણીવાર વિદ્યા અને મંત્ર એક બીજાના પર્યાય તરીકે વપરાય છે, એટલે અહીં હ્રીँકારવિદ્યા કહીએ કે હ્રીँકાર-મંત્ર કહીએ તે એકજ સમજવાં.

આ પૂર્વવિદ્યા પ્રકટ કરવાનું પ્રયોજન શું? એ પણ તેમણે 'लोकानां उपकाराय' એ શબ્દો વડે જણાવેલું છે. અહીં લોકો શબ્દથી ગમે તે લોકો નહિ, પણ શ્રદ્ધા, વિવેક અને ક્રિયાથી સંપન્ન એવા શ્રાવક–શ્રાવિકાઓને સમજવાના છે. જે તે મનુષ્યને મંત્ર આપવો નહિ, મંત્રામ્નાય બતાવવો નહિ, એ પૂર્વાચાર્યોનો આદેશ છે, તેથી અહીં લોકો શબ્દનો અર્થ આ રીતે સમજવો ઘટે છે.

આવા લોકો હ્રીँકારની આરાધનાનું સાચું સ્વરૂપ સમજતા થાય અને એ રીતે પોતાનું કલ્યાણ સાધી શકે, તે માટે શ્રીમાન્ જિનપ્રભસૂરિજી મહારાજે આ કલ્પની રચના કરેલી છે.

આ રીતે કલ્પની પ્રથમ ગાથામાં મંગલ, અભિધેય


અને પ્રયોજનનું નિરૂપણ કરીને, બીજી ગાથામાં હ્રીँકા-રની આરાધનાનું ફળ દર્શાવવા કહે છે કે—

**सुप्रकाशे ताम्रमये पट्टे मायाक्षरं गुरु ।**
**कारिते परमात्मत्वममलं लभते स्फुटम् ॥२॥**

सुप्रकाशे–સુપ્રકાશવાળા, ચકચકીત. ताम्रमयेपट्टे–ત્રાંબાના પટ્ટ ઉપર, પતરાં ઉપર. मायाक्षरं–માયાક્ષર, હ્રીँકાર. गुरु–મોટો. कारिते–કરાવ્યે છતે. अमलं–મલરહિત, નિર્મલ. स्फुटं–પ્રકટ. परमात्मत्वं–પરમાત્મપણું, પરમાત્મપદ. लभते–પામે છે.

**ભાવાર્થ** : જે મનુષ્ય હ્રીँકારની આરાધના કરવા માટે તેનો ત્રાંબાનો પટ તૈયાર કરાવે છે અને તેમાં હ્રીँકારનો મોટો અક્ષર કોતરાવે છે, તે નિર્મલ તથા પ્રકટ એવા પરમાત્મપદને પામે છે, અર્થાત્ મોક્ષમાં જાય છે.

અહીં સંપ્રદાય એવો છે કે ત્રાંબાનું પાંચ આંગળ લાંબું અને પાંચ આંગળ પહોળું એવું પતરૂં લેવું, પછી તેને સાફ કરવું, જેથી તેના પરના ડાઘ–ડૂઘ નીકળી જાય અને તે ચકચકિત બને. હાલ તો પોલીશ કરવાની કલા સુસાધ્ય છે, એટલે તે કલાનો ઉપયોગ કરી ત્રાંબાના એ પતરાંને ચકચકિત બનાવવું. પછી તેને પંચામૃતમાં ડૂબાડી જળથી ધોઈને કામમાં લેવું. અહીં પંચામૃત શબ્દથી ગાયનું દૂધ, (અભાવે ભેંસનું દૂધ), દહીં, ઘી, સાકર અને પાણી કે શેરડીનો રસ એ પાંચ વસ્તુઓનું મિશ્રણ સમજવું. તે પછી તેના પર કુશળ કારીગર વડે હ્રીँકારને સૂચવતા અક્ષરની મોટી આકૃતિ કોરાવવી,




એટલે કે ૫×૫ આંગળના પતરામાં માપસરની લાગે એ રીતે તેના પર હ્રીઁકાર કોરાવવો. આથી મોટું પતરું લઈને ફરતી બોર્ડર મૂકીને વચ્ચે હ્રીઁકાર કોરાવવો હોય

તો પણ કોરાવી શકાય છે, પણ પ્રથમ જણાવ્યું એ કદ વ્યક્તિગત આરાધના માટે વધારે અનુકૂળ છે. મંદિરોમાં સામાન્ય રીતે હ્રીँકારના મોટા પટ્ટો મૂકાય છે અને ત્યાં તેની નિયમિત સેવા–પૂજા થાય છે.

હ્રીँકારની આ આકૃતિ દેવનાગરી લિપિને કેટલાક અંશે મળતી આવે છે, પણ તેને પોતાની વિશેષતા છે. બૌદ્ધોએ પણ હ્રીँકારની આકૃતિ લગભગ આવી જ માની છે. કેટલાંક વર્ષો પૂર્વે સારનાથ (કાશી)ના નવા બાંધકામમાં અમે તેનાં દર્શન કર્યાં હતાં.

અન્યત્ર હ્રીँકારના છ અંશો મનાયેલા છે, જ્યારે જૈન મંત્રવિશારદોએ તેના સાત અંશો માન્યા છે, તે અંગે **શ્રી ઋષિમંડલસ્તવયંત્રાલેખન**માં કહ્યું છે કે :

रेफः सान्तः शिरश्चन्द्रकलाभं नाद ईस्वरः ।

હ્રીँકારમાં સાત અંશો છે, તે આ પ્રમાણે :–

(૧) રેફ અર્થાત્ र्.

(૨) સાન્ત એટલે स ની સમીપે રહેલો અક્ષર, અર્થાત્ ह्.

(૩) શિર એટલે र સહિત हના મથાળાની સીધી લીટી.

(૪) ચંદ્રકલા.

(૫) બિંદુ.

(૬) નાદ.

(૭) ई સ્વર સૂચવતી રેખા.

હ્રીંકારના આ અંશોનો ખ્યાલ રાખવાની જરૂર છે, કારણ કે તો જ તેની અંદર પંચપરમેષ્ઠી, ચોવીશ તીર્થંકર આદિની સ્થાપના કઈ રીતે થાય છે, તે સમજી શકાશે.

'અહીં હ્રીંકારની આરાધના માટે પટ્ટનું વિધાન શા માટે કર્યું ?' તેનો ઉત્તર એ છે કે પ્રારંભિક અવસ્થામાં કોઈ પણ આલંબન લીધા વિના મનની સ્થિરતા થઈ શકતી નથી; વળી મંત્રાક્ષરનું સ્વરૂપ વારંવાર નિહાળ્યા વિના તેની યથાર્થ આકૃતિ મનમાં ઉઠતી નથી. અહીં હ્રીંકારપટ્ટનું આ રીતે વિધાન કરવામાં આવ્યું છે.

જેઓ આ હ્રીંકારપટ્ટનું નિયમિત પૂજન કરે છે, તથા તેનું ધ્યાન ધરે છે, તે છેવટે નિર્મલ અને પ્રકટ એવા પરમાત્મપદને પામે છે, એટલે કે પરમાર્થની સિદ્ધિ કરે છે.

હ્રીંકારની આરાધનાથી જેમ પરમાર્થની સિદ્ધિ થઈ શકે છે, તેમ વ્યવહારની સિદ્ધિ પણ થઈ શકે છે, એમ દર્શાવવા માટે કલ્પકાર ત્રીજી ગાથા આ પ્રમાણે કહે છે:

**ध्यानाश्रयो यथाम्नायं, शुभाशुभफलोदयः ।**
**तथाऽयं वर्णभेदेन, कार्यकाले प्रजायते ॥३॥**

तथा–તેમજ. कार्यकाले–કાર્યના સમયે, કોઈ વિશિષ્ટ કાર્ય ઉત્પન્ન થાય તે સમયે. यथाम्नायं–આમ્નાય પ્રમાણે, વિધિપૂર્વક. वर्णभेदेन–વર્ણના ભેદથી, જુદા જુદા રંગો વડે. ध्यानाश्रयः–ધ્યાન વડે જેનો આશ્રય લેવાય છે એવો.

अयं–આ, આ મંત્રરાજ. शुभाशुभफलोदयः–શુભ અને અશુભ ફળના ઉદયને આપનારો. प्रजायते થાય છે.

**ભાવાર્થ** :–હ્રીँકારની ઉપાસના મુખ્યત્વે પરમાર્થની –મોક્ષની સિદ્ધિ માટે કરવાની છે, પણ કોઈ વિશિષ્ટ કાર્ય ઉત્પન્ન થાય તો તેનું આમ્નાય અનુસાર જુદા જુદા રંગો વડે ધ્યાન કરવાથી શુભ કે અશુભ જે પરિણામ લાવવા ધાર્યું હોય, તે લાવી શકાય છે.

અહીં શુભ પરિણામથી શાંતિ–તુષ્ટિ–પુષ્ટિ સમજવી અને અશુભ પરિણામથી વિદ્વેષણ, સ્તંભન, વશીકરણ, ઉચ્ચાટન તથા મારણ વગેરે સમજવાં. કોઈવાર અપેક્ષા-વિશેષથી વિદ્વેષણ, સ્તંભન આદિ કાર્યો પણ શુભ બની શકે છે, પરંતુ તેને અપવાદ સમજવો.

આનો વિશેષ ખુલાસો કલ્પકાર પોતે આગળ ચૌદમી, પંદરમી તથા સોળમી ગાથા વડે કરશે. દરમિયાન એટલું જણાવી દઈએ કે જૈન ધર્મનો સમગ્ર ઉપદેશ ધ્યાનમાં લેતાં કોઈની હિંસા કરવી નહિ કે કોઈને દુઃખ ઉપજાવવું નહિ, એ સિદ્ધાંતને આપણે મક્કમતાથી વળગી રહેવું જોઈએ; અને કદાચ કોઈએ આપણું બૂરું કર્યું હોય તો તેને મંત્રારાધન વડે શિક્ષા કરવાને બદલે ક્ષમા આપીને આપણા આત્માને પાપથી બચાવવો જોઈએ.

'તો પછી આ વિદ્વેષણ આદિ કર્મોની સિદ્ધિ શા માટે બતાવવામાં આવે છે?' એવો પ્રશ્ન થવો સહજ છે.

તેનો ઉત્તર અમે 'મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર'ના ચોથા પ્રકરણમાં વિસ્તારથી આપ્યો છે, તે જિજ્ઞાસુઓએ અવશ્ય જોઈ જવો. તેનો સાર એ છે કે આ વસ્તુઓ ધર્મના રક્ષણ માટે અપવાદરૂપે કરવાની છે, પણ તેનો વ્યક્તિગત ઉપયોગ કરીને ક્ષુદ્ર-સ્વાર્થની સાધના કરવાની નથી.

આ રીતે હ્રીँકારની આરાધનાથી પરમાર્થ તથા વ્યવહાર ઉભયની સિદ્ધિ થાય છે, એમ દર્શાવ્યા પછી કલ્પકાર તેની પ્રતિષ્ઠા સંબંધી ચોથી, પાંચમી તથા છઠ્ઠી ગાથા આ પ્રમાણે કહે છે :

पूर्णायां सत्तिथौ शुक्लपक्षे चन्द्रबले तथा ।
कारयेत् सर्वनैवेद्यं पञ्चामृतसमन्वितम् ॥४॥
पक्वान्नान् विविधाश्चान्यानानयेत् सुमनांसि च ।
सर्वैः कणैः फलैः सर्वैः सर्ववस्त्रैः क्रयाणकैः ॥५॥
सुवर्ण-रत्न-रूप्यैश्च कर्पूरादिसुगन्धिभिः ।
प्रतिष्ठादिवसे पूज्यो मन्त्रराजः शुभाशयैः ॥६॥

तथा-અને. शुक्लपक्षे-શુક્લ પક્ષમાં, અજવાળિયામાં. पूर्णायां सत्तिथौ-સારી એવી પૂર્ણતિથિઓમાં. चन्द्रबले-ચંદ્રબળને વિષે, ચંદ્ર બળ પહોંચતું હોય ત્યારે. पञ्चामृतसहितम्-પંચામૃત સહિત. सर्वनैवेद्यं-સર્વ નૈવેદ્ય. च-અને. अन्यान्-અન્ય. विविधान्-વિવિધ. पक्वान्नान्-પક-

વાન્નો. कारयेत्-કરવાં. તથા सुमनांसि-પુષ્પો. आनयेत्-મંગાવવાં. सर्वैः कणः-સર્વ કણો વડે, સર્વ પ્રકારનાં ધાન્યો વડે. सर्वैः फलः-સર્વ પ્રકારનાં ફળો વડે. सर्वैः वस्त्रैः-સર્વ પ્રકારનાં વસ્ત્રો વડે. તથા સર્વ પ્રકારનાં क्रयाणकैः-કરિયાણાં વડે. सुवर्ण-रत्न-रूप्यैः-સુવર્ણ, રત્ન અને રૂપાવડે. कर्पूरादिसुगन्धिभिः-કપૂર વગેરે સુગંધીઓ વડે. शुभाशयैः-શુભ આશયો વડે. प्रतिष्ठादिवसे-પ્રતિષ્ઠાના દિવસે. मन्त्रराजः-મંત્રરાજ, હ્રીઁકાર. पूज्यः-પૂજવા યોગ્ય છે, પૂજવો.

**ભાવાર્થ :** શુક્લપક્ષની પૂર્ણતિથિમાં જે દિવસે ચંદ્રબળ પહોંચતું હોય ત્યારે પંચામૃત સહિત સર્વ નૈવેદ્ય તથા અન્ય વિવિધ પકવાન્નો તૈયાર કરવાં. તથા વિવિધ પ્રકારનાં પુષ્પો મંગાવવાં. પછી પ્રતિષ્ઠાના દિવસે મંત્રરાજ હ્રીઁકારની સર્વ પ્રકારનાં ધાન્યો વડે, સર્વ પ્રકારના ફળો વડે, સર્વ પ્રકારનાં વસ્ત્રો વડે, સર્વ પ્રકારનાં કરિયાણાંઓ વડે, સોના, રત્ન તથા રૂપા વડે, કપૂર વગેરે સુગંધી પદાર્થો વડે અને શુભાશયો વડે પૂજા કરવી.

જેમ દેવમૂર્તિ તૈયાર થયા પછી તેનો પ્રતિષ્ઠાવિધિ આવશ્યક છે, કારણ કે તે સિવાય તે પૂજા-ધ્યાનને યોગ્ય થતી નથી, તેમ યંત્ર કે પટ્ટ તૈયાર થયા પછી તેનો પ્રતિષ્ઠાવિધિ પણ આવશ્યક છે; કારણ કે એ વિધિ થયા પછી જ તે પૂજા-ધ્યાનાદિને યોગ્ય બને છે.

આ પ્રતિષ્ઠાવિધિ ક્યારે કરવો? તેનો ખુલાસો

કલ્પકારે આ ગાથામાં બહુ સ્પષ્ટ શબ્દોમાં કર્યો છે. પ્રથમ તો એ પ્રતિષ્ઠા શુક્લપક્ષમાં કરવી, પણ કૃષ્ણપક્ષમાં કરવી નહિ. વળી શુક્લપક્ષમાં પણ પૂર્ણાતિથિ એટલે પાંચમ, દશમ કે પૂર્ણિમાને પસંદગી આપવી. આ ત્રણ તિથિઓમાં જે દિવસે ચંદ્રબળ પહોંચતું હોય, તે દિવસને પટ્ટની પ્રતિષ્ઠા માટે નક્કી કરવો. જો પોતાને ચંદ્રબળ જોતાં આવડતું હોય તો ઠીક છે, નહિ તો કોઈ જ્યોતિષી પાસે તેનો નિર્ણય કરાવવો.

પ્રતિષ્ઠાના દિવસે પટ્ટને સિંહાસન કે લાકડાના ઊંચા બાજોઠ પર પધરાવવો જોઈએ અને તેની સામે પાટલા પર નૈવેદ્ય, પંચામૃત, સર્વ પ્રકારના પકવાન્ન, વિવિધ જાતિનાં પુષ્પો, વિવિધ જાતિનાં ફળો, વિવિધ જાતિનાં કરિયાણાં (એટલે બદામ, સોપારી, માલકાંગણી વગેરે), વિવિધ પ્રકારનાં વસ્ત્રો, સોનાનું આભરણ કે સોનું, રત્નનું આભરણ કે રત્ન તથા રૂપાનું આભરણ કે રૂપું, તેમજ કર્પૂર, કેશર, કસ્તૂરી, અષ્ટગંધ વગેરે સુગંધી પદાર્થો મૂકવા જોઈએ; અને 'હે મંત્રરાજ! અમારી આ પૂજા સ્વીકારી લેજો' એવી વિનંતિ કરવી જોઈએ તથા તે અંગે શુભ ભાવનાઓ ભાવવી જોઈએ.

જો આ વખતે ભાવનો ઉલ્લાસ ન હોય, તો પ્રતિષ્ઠાની એ ક્રિયા યથાર્થસ્વરૂપે થતી નથી. કહ્યું છે કે—

भावेन लभते सर्वं, भावेन देवदर्शनम् ।
भावेन परमं ज्ञानं, तस्माद् भावावलम्बनम् ॥

'ભાવદ્વારા સર્વ પ્રકારના લાભો મળે છે, ભાવ દ્વારા દેવતાનાં દર્શન થાય છે અને ભાવથી પરમજ્ઞાન મળે છે, તેથી ભાવનું અવલંબન લઈને કામ કરવું જોઈએ.'

बहुजापात् तथा होमात् कायक्लेशादिविस्तरैः ।
न भावेन विना देव-यन्त्र-मन्त्राः फलप्रदाः ॥

'બહુ જાપ, ઘણા પ્રકારના હોમ તથા અનેક પ્રકારના કાય-ક્લેશો કરવામાં આવે, પણ ભાવ ન હોય તો દેવો, યંત્રો અને મંત્રો ફળ દેનારા થતા નથી.'

**કલ્યાણમંદિરસ્તોત્ર**માં શ્રી સિદ્ધસેનસૂરિજીએ કહ્યું છે કે—

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि,
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबान्धव ! दुःखपात्रं,
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ॥

'હે જનબંધુ ! મેં તમને કોઈ પણ ભવમાં સાંભળ્યા પણ છે, પૂજ્યા પણ છે અને જોયા પણ છે. પરંતુ ભક્તિ વડે ચિત્તમાં ધારણ તો નથી જ કર્યા, તેથી કરીને હું દુઃખનું ભાજન થયો છું, કારણ કે જે ક્રિયાઓ ભાવશૂન્ય છે, તે ફલદાયક થતી નથી.'

આ વચનો આપણે બરાબર વિચારવાં જેવાં છે; કારણ કે આજે ક્રિયાઓની ધૂમ મચી છે, પણ તેની પાછળ જે ઉત્કૃષ્ટ કોટિનો ભાવ જોઇએ, તે દેખાતો નથી. પરિણામે આપણે જ્યાંના ત્યાં જ રહીએ છીએ અને ઉક્ત ક્રિયાઓ દ્વારા દિવ્યપ્રકાશનાં જે દર્શન થવા જોઈએ, તે થતાં નથી. શ્રી ભરત ચક્રવર્તીને અરીસા-ભુવનમાં કેવળજ્ઞાનનો દિવ્યપ્રકાશ સાંપડ્યો કે શ્રી ઈલાચીકુમારને નટના દોરડા પર જ દિવ્યપ્રકાશનાં દર્શન થયાં, તેનું કારણ ભાવનો અતિરેક હતો. એટલે આરાધના-નિમિત્તે આપણે પૂજા, જપ, ધ્યાન આદિ જે જે ક્રિયાઓ કરીએ, તે બધી જ ભાવપૂર્વક કરવી જોઈએ અને તેમાં ચડતા પરિણામ રાખવા જોઈએ.

પટ્ટનો પ્રતિષ્ઠાદિવસ તો આરાધકને માટે એક ઉત્તમમાં ઉત્તમ દિવસ છે, એટલે તે દિવસે તેણે સર્વ પ્રકારની જંજાળમાંથી-ઉપાધિમાંથી મુક્ત થઈને માત્ર પ્રતિષ્ઠાનો જ વિચાર કરવો જોઈએ અને 'આજે હું ધન્ય થઈશ, કૃતાર્થ થઈશ, હવે મારા કલ્યાણનો માર્ગ ખુલી જશે' વગેરે વિચારોથી ખૂબ આનંદ પામવો જોઇએ. એ જ ભાવવૃદ્ધિ છે અને પ્રતિષ્ઠાની ક્રિયાને અમૃતમય બનાવનારી છે.

હવે પટ્ટની પ્રતિષ્ઠા કોની પાસે કરાવવી? અને તે અંગે આરાધકનું શું કર્તવ્ય છે? તે જણાવવા કલ્પકાર આતમી ગાથા આ પ્રમાણે કહે છે :

**आम्नायदायकं नत्वा दानैः सत्कृत्य तं गुरुम् ।**
**प्रतिष्ठाप्यः परो मन्त्रेणानेनैव विपश्चिता ॥७॥**

आम्नायदायकं गुरुं–આમ્નાય દેનાર ગુરુને, જેમણે આ પટ્ટની આરાધનાનો વિધિ આપ્યો હોય એવા પુરુષને. नत्वा–નમીને. તથા दानैः सत्कृत्य–દાનો વડે સત્કાર કરીને. विपश्चिता–બુદ્ધિમાન આરાધકે. अनेन एव मन्त्रेण–આ જ મંત્ર વડે. परः प्रतिष्ठाप्यः–શ્રેષ્ઠ એવા હ્રીંકારની પ્રતિષ્ઠા કરાવવી જોઈએ.

**ભાવાર્થ :** જેમણે આ પટ્ટની આરાધનાનો વિધિ આપ્યો હોય, તેમને નમીને તથા તેમનો વિવિધ પ્રકારનાં દાનો વડે સત્કાર કરીને બુદ્ધિમાન આરાધકે આ જ હ્રીંકાર મંત્રથી શ્રેષ્ઠ એવા હ્રીંકારપટ્ટની પ્રતિષ્ઠા કરાવવી જોઇએ.

જે એક અક્ષરનું દાન કરે તેને પણ ગુરુ મનાય છે, તો જે આ પટ્ટની આરાધનાનો વિધિ આપે, તેમને તો ગુરુ માનવા જ જોઈએ. વળી પટ્ટની પ્રતિષ્ઠા પણ તેમના જ હાથે કરાવવી જોઈએ. તે માટે તેમને વિધિ-સર આમંત્રણ આપવું જોઈએ અને તેઓ કૃપાવંત થઇને તેનો સ્વીકાર કરે તો આપણી જાતને ધન્ય માનવી જોઇએ.

આવા ગુરુ પ્રતિષ્ઠા કરવા પધારે ત્યારે તેમને ભક્તિભાવ પૂર્વક વિનયથી વંદન કરવું જોઈએ અને તેમનો વસ્ત્ર, આભરણ, સુવર્ણ, ફળ તથા પુષ્પો વગેરે વડે સત્કાર

કરવો જોઈએ અને ત્યારબાદ તેમના વરદ હસ્તે પટ્ટની પ્રતિષ્ઠા કરાવવી જોઈએ.

આ પટ્ટને એક પ્રકારનો યંત્ર જ સમજવાનો છે અને તેની યંત્ર તરીકે જ પ્રતિષ્ઠા કરવાની છે. પરંતુ અહીં તો તેનો વિધિ એટલો જ છે કે પ્રથમ પંચામૃતથી અભિષેક કરવો, પછી ઇક્ષુરસથી અભિષેક કરવો, પછી દૂધથી અભિષેક કરવો અને ત્યાર બાદ જલનો અભિષેક કરી સ્વચ્છ અંગલૂંછણા વડે લૂંછીને સાફ કરવો અને 'ॐ ह्रीँ नमः' એ મંત્રનો જપ કરતાં કરતાં તેને નિયત કરેલા આસન પર પધરાવવો. તે પછી 'ॐ ह्रीँ नमः' એ મંત્ર બોલીને તેની ચંદન-કેસરથી પૂજા કરવી અને તેનાં પર રક્ત પુષ્પ એટલે જાસુદનાં ફૂલ ચડાવવાં. પછી તેની આગળ ઉપર જણાવેલી નૈવેદ્ય આદિ સર્વ સામગ્રી ધરી શુભ ભાવના ભાવવી, એટલે તેની પ્રતિષ્ઠા થાય છે.

સામાન્ય રીતે આવી પ્રતિષ્ઠા કરતી વખતે કેટલાક મંત્રો બોલાય છે, તે અહીં બોલવાની જરૂર નથી, તેનું કારણ આઠમી ગાથામાં કલ્પકાર આ પ્રમાણે જણાવે છેઃ

**सर्वमन्त्रमयत्वाच्च सर्वदेवमयत्वतः**
**नान्यमन्त्रस्य संन्यासमयमर्हति तीर्थराट् ॥८॥**

अयम् तीर्थराट्-આ તીર્થરાજ, સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ એવો હ્રીँકાર. सर्वमन्त्रमयत्वात्-સર્વ મંત્રમય હોવાને લીધે. च-અને. सर्वदेवमयत्वतः-સર્વ દેવપણાને લીધે.

अन्यमन्त्रस्य–અન્ય મંત્રના. संन्यासं–સારા એવા ન્યાસને. न अर्हति–યોગ્ય નથી.

**ભાવાર્થ** : આ હ્રીઁકાર તીર્થરાજ છે, સર્વ મંત્રમય છે અને સર્વ દેવમય પણ છે, તેથી તેનો પ્રતિષ્ઠા-વિધિ કરવા માટે અન્ય મંત્રન્યાસની જરૂર નથી.

જેનાથી ભવસાગર તરાય, તેને તીર્થ કહેવાય. એ રીતે હ્રીઁકારમંત્ર પણ ભવસાગર તરવાનું એક સાધન હોઈ તીર્થરૂપ છે. વળી આ પ્રકારનાં બધાં તીર્થોમાં તેની શ્રેષ્ઠતા છે, તેથી તેને તીર્થરાજ સમજવાનો છે. હાથીનાં પગલામાં બધાં પગલાં સમાઈ જાય છે, તેમ આ મંત્રમાં બધા મંત્રો સમાઈ જાય છે, સમાવેશ પામે છે, તેથી તે સર્વ મંત્રમય છે; અને તેમાં સર્વ દેવોની સ્થાપના છે, એટલે તે સર્વ દેવમય પણ છે; પછી તેમાં અન્ય મંત્રો વડે દેવત્વનું આરોપણ કરવાની જરૂર રહેતી નથી. ન્યાસ આદિ ક્રિયાઓ દેવત્વનું આરોપણ કરવા માટે જ થાય છે.

હ્રીઁકારની આ મોટી વિશેષતા છે અને તે કારણે જ અન્ય કોઈ મંત્ર કરતાં તેની આરાધના પર વિશેષ ભાર મૂકાયો છે.

હવે પ્રતિષ્ઠિત થયેલા એવા આ યંત્રરાજની આરાધના કરવા માટે આરાધકે કેવી યોગ્યતા કેળવવી જોઈએ? તે દર્શાવવા નવમી ગાથા આ પ્રમાણે કહે છે:

**कृतस्नानेन सद्धर्मधारिणा चैकभोजिना ।**
**साधकेन सदा भाव्यं, विजने भूमिशायिना ॥९॥**

कृतस्नानेन–જેણે સ્નાન કર્યું છે એવા. सद्धर्मचारिणा–જે સદ્ધર્મને આચરનાર છે એવા. च–અને. જે एकभोजिना–એક જ વાર ભોજન કરનાર છે એવા. વળી भूमिशायिना–ભૂમિ ઉપર શયન કરનાર છે એવા. साधकेन–સાધક વડે, આરાધક વડે. विजने–જનરહિત સ્થાનમાં, એકાંતમાં. सदा–હંમેશાં. भाव्यं–ભાવવો જોઇએ, આરાધવો જોઈએ.

**ભાવાર્થ** : આરાધકે સદ્ધર્મનું આચરણ કરીને, એક વખત ભોજન કરીને તથા ભૂમિ પર શયન કરીને સ્નાન કરવાપૂર્વક એકાંત સ્થાનમાં આ યંત્રરાજનું સદા આરાધન કરવું જોઈએ.

મંત્રારાધકની યોગ્યતા માટે અમે પૂર્વ પ્રકરણમાં કેટલુંક કહ્યું છે, પણ આ વિશિષ્ટ આરાધનાના અધિકારે જે કંઈ કહેવાયું છે, તેનો મર્મ સમજી લેવો જોઈએ.

પ્રથમ તો આ મંત્રરાજનું આરાધન કરવા તત્પર થનાર આરાધક સદ્ધર્મનું આચરણ કરનારો હોવો જોઈએ. હવે આ જગતમાં અનેક પ્રકારના ધર્મો છે, તે બધાને સદ્ધર્મ કહી શકાય એવું નથી. તે માટે જ્ઞાની પુરુષોએ જે પરીક્ષાવિધિ બતાવી છે, તેમાં પાર ઉતરનાર ધર્મને સદ્ધર્મ સમજવાનો છે અને તેનું જ આચરણ કરવાનું છે.

ધર્મની પરીક્ષા અંગે કહેવાયું છે કે—

यथा चतुर्भिः कनकं परीक्ष्यते,
निघर्षण–च्छेदन–ताप–ताडनैः ।
तथा हि धर्मो विदुषा परीक्ष्यते,
श्रुतेन शीलेन तपोदया गुणैः ॥

'જેમ સોનાની પરીક્ષા **નિઘર્ષણ** એટલે કસોટીના પત્થર પર ચડાવીને કસ લેવાથી થાય છે, **છેદન** એટલે છીણી વતી કાપીને અંદરનો ભાગ જોવાથી થાય છે, **તાપ** એટલે તેને તપાવીને તેમાં કોઈ ધાતુનો ભેળ તો નથી ? તેની ખાતરી કરવાથી થાય છે તથા **તાડન** એટલે ટીપીને તેનું પતરૂં સોનાની માફક બારીક થાય છે કે કેમ ? એ જોવાથી થાય છે, તેમ ધર્મની પરીક્ષા પણ વિદ્વાનો ચાર રીતે કરે છે :

(૧) શ્રુતેન—શાસ્ત્ર વડે. તે ધર્મના અંગે પ્રતિપાદિત થયેલાં શાસ્ત્રો કેવાં છે ? પ્રામાણિક કે અપ્રામાણિક ? સંવાદવાળાં કે વિસંવાદવાળાં ? સર્વજ્ઞોએ કહેલાં કે મનઃ-કલ્પિત ? આ પરીક્ષામાં જો એમ માલુમ પડે કે તેનાં શાસ્ત્રો અપ્રામાણિક છે, વિસંવાદવાળાં છે તથા મનઃકલ્પિત છે, તો તેને કુધર્મ જાણીને તેનો ત્યાગ કરવો અને જો એમ માલુમ પડે કે તેનાં શાસ્ત્રો પ્રામાણિક છે, એટલે કે કોઈપણ જાતની ઘાલમેલ વિનાનાં છે અને સર્વજ્ઞ-પ્રણીત એટલે સર્વજ્ઞોએ પ્રરૂપેલાં છે, તો જાણવું કે

તેના આધારે ચાલતો ધર્મ એ સુધર્મ છે–સદ્ધર્મ છે અને તેનો સ્વીકાર કરવો.

(૨) शीलेन—શીલ વડે. શીલ એટલે ચારિત્ર, તાત્પર્ય કે તે ધર્મ કેવા પ્રકારના ચારિત્રનો ઉપદેશ આપે છે? જો તે સદાચારનો ભંગ થાય, તેવો ઉપદેશ આપતો હોય તો જાણવું કે તે કુધર્મ છે અને તેથી વિરુદ્ધ સદાચારની પુષ્ટિ કરતો હોય તો જાણવું કે તે સુધર્મ છે. દાખલા તરીકે જે ધર્મો કે ધર્મસંપ્રદાયો એવું પ્રતિપાદન કરે છે કે મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન એ પાંચ પ્રકારનું સેવન કરવાથી શીઘ્ર મોક્ષ મળે છે; અથવા તો કાંચલિયો ધર્મ પાળવાથી દેવી પ્રસન્ન થાય છે અને આપણું કલ્યાણ કરે છે; અથવા ભગવાન ગોપીઓ સાથે ક્રીડા કરતાં તેમ આપણે પણ અનેક સ્ત્રીઓ સાથે ક્રીડા કરીએ તો આપણો ઉદ્ધાર થાય છે, એને કુધર્મ સમજવા. સદાચારનું ધોરણ તો એટલું સ્પષ્ટ છે કે સહુ કોઈ તેને સમજી શકે એમ છે. તેમાં બે વાત મુખ્ય છે:–એક તો પરસ્ત્રીને માતા તથા બહેન સમાન ગણવી અને બીજું પારકા દ્રવ્ય સામે દૃષ્ટિ કરવી નહિ.

(૩) तपसा—તપ વડે. જે ધર્મમાં તપ અને સંયમને યોગ્ય સ્થાન ન અપાયું હોય તેને કુધર્મ સમજવો અને જેમાં યોગ્ય સ્થાન અપાયું હોય તેને સદ્ધર્મ સમ-

જવો. કેટલાક કહે છે કે શરીરને બહુ કષ્ટ આપવાથી શું? કારણ કે—

> मृद्वी शय्या प्रातरुत्थाय पेया,
> मध्ये भक्तं पानकं चापराह्ने ।
> द्राक्षाखण्डं शर्करा चार्धरात्रे,
> मुक्तिश्चान्ते शाक्यपुत्रेण दृष्टा ॥

'કોમળ શય્યા, સવારે ઉઠીને દુગ્ધપાન, મધ્યાહ્નકાળે ભોજન, પાછલા પહોરે મદિરાદિનું પાન અને અધી રાત્રિએ દ્રાક્ષાખંડ તથા સાકરનો ઉપયોગ—આવા પ્રકારના ધર્મથી શાકયપુત્ર એટલે ગૌતમબુદ્ધે છેવટની મુક્તિ મેળવી હતી.'

કેટલાક સરલ યોગસાધનાની વાતો કરનારા તપ અને સંયમના નિયમોને સ્થાન ન આપતાં સીધી આત્મસાક્ષાત્કારની વાતો કરે છે અને તે પ્રકારની યોગસાધના કરવા માટે જુવાન–વૃદ્ધ સ્ત્રી–પુરુષોને એકઠાં રાખે છે તથા અનેક જાતના પ્રપંચો કરે છે. તે બધાનું આખરી પરિણામ પતનમાં જ આવે છે, માટે તેને કુધર્મ સમજી તેનો ત્યાગ કરવો.

(૪) दयागुणेन—દયા ગુણ વડે. જે ધર્મ દયાના સિદ્ધાંતને ઠોકરે મારતો હોય કે તેનું યથાર્થ મહત્ત્વ પ્રકાશતો ન હોય, તેને કુધર્મ જાણવો. સંત તુલસીદાસે પોતાના દીર્ઘ અનુભવથી કહ્યું છે કે 'दया धर्मको मूल

है, पाप मूल अभिमान' એટલે જે ધર્મો એક યા બીજા બહાના નીચે હિંસાનું વિધાન કરે છે અને તેથી સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ થાય છે, એમ માને છે, એ કુધર્મ છે અને તેનો આશ્રય લેનારને ભવસાગરમાં ડૂબાડનારા છે. હિંસક યજ્ઞો, માતાને અપાતાં બલિદાનો તથા માન્યતા ખાતર પાડા–બકરાં તમા કૂકડા વગેરેના અપાતા ભોગો સદ્ધર્મને મંજૂર નથી, કારણ કે તે પ્રત્યક્ષ અધર્મ છે અને એ જાતની હિંસા કરનારને માટે નરક સિવાય બીજી ગતિ નથી.

જૈનધર્મ આ ચારેય પ્રકારની કસોટીમાંથી પાર ઉતરે એવો છે, કારણ કે તેનાં શાસ્ત્રો સર્વજ્ઞના રચેલાં છે અને પરસ્પર વિરોધ વિનાના છે, તે શીલધર્મનું ઉત્તમ રીતે પ્રતિપાદન કરે છે, તપને યોગ્ય મહત્ત્વ આપે છે અને દયા–દાન પર ખૂબ ભાર મૂકે છે. એટલે તે સદ્ધર્મ છે, આ જગતનો એક શ્રેષ્ઠ ધર્મ છે.

આવા શ્રેષ્ઠ ધર્મમાં શ્રદ્ધા રાખીને તેનું શક્તિ મુજબ અનુસરણ કરનારને સદ્ધર્મનું આચરણ કરનારો સમજવો.

જૈન અને જૈનેતર મંત્રવિશારદોએ એ વાત નક્કી કરી છે કે જે મનુષ્ય કુલધર્મનું સારી રીતે પાલન કરે છે, તેને કોઈ પણ મંત્ર જલ્દી ફળે છે. તેથી જૈન કુલમાં જન્મેલાઓએ જૈન ધર્મમાં પરમ શ્રદ્ધા રાખીને તેનું

આચરણુ કરવાનું છે; તો જ તેઓ કોઈપણ મંત્રની આરાધનામાં સફલતા મેળવી શકશે.

આ ધર્મ પણ સારો અને તે ધર્મ પણ સારો, એમ બોલનારા ભોળા છે, અવિવેકી છે અથવા તો ગોળ અને ખોળને એક માનનારા મૂઢ છે. જો સાચું અને ખોટું સરખું હોય તો પછી આ જગતમાં સત્યાસત્યનો વિવેક કરવાની જરૂર જ ક્યાં રહી? શાસ્ત્રકારોએ તેને એક પ્રકારનું મિથ્યાત્વ કહ્યું છે અને તેમાંથી બચવાનો આદેશ આપ્યો છે, એ વાત બરાબર લક્ષ્યમાં રાખવી.

જે જૈનો તીર્થંકરદેવોને માને છે, તેના શાસનરક્ષક દેવ–દેવીઓને માને છે અને તેની સાથે ઘંટાકર્ણ, માતા–મેલડી, હનુમાનજી, તથા પીર વગેરેને પણ માને છે, તેમની સ્થિતિ ઘણી કઢંગી છે. વધારે સ્પષ્ટ કહીએ તો સૂકાની વિનાના વહાણુ જેવી છે. તેઓ ક્યારે ક્યાં જશે અને શું કરશે? તે કહી શકાય નહિ. વળી સંકટ આવ્યે તેમને કોઈ પણ પ્રકારની દૈવી સહાય મળવાની નહિ, કારણ કે તેમને કોણ સહાય કરવાનું? જ્યાં કોઈના પ્રત્યે વફાદારી નથી, ત્યાં અણીના સમયે મદદ મળે શી રીતે? એટલે બહેતર એ છે કે તેમણે જૈન ધર્મમાં જ દૃઢ વિશ્વાસ રાખીને તેના દેવી–દેવતાઓમાં શ્રદ્ધાન્વિત થવું, જેથી અણીના સમયે ઉગરી શકાય અને કલ્યાણ કરી શકાય.

સદ્ધર્મનું, આચરણ કરનાર આરાધક આત્માએ આરાધના દરમિયાન એકજ વાર ભોજન કરવાનું છે અને તે પણ સાત્વિક આહારનું. જે ત્રણેય ટંક પેટ ભરીને જમે છે તથા ગમે તેવા રાજસિક અને તામસિક પદાર્થોનું ભક્ષણ કરે છે, તેમની મનોવૃત્તિ સ્થિર શી રીતે રહે? અને મનોવૃત્તિ સ્થિર ન રહે તો પૂજા–જપ–ધ્યાન વગેરે યથાર્થપણે શી રીતે થાય?

વળી તેણે પલંગ, ગાદી, ગાદલાં આદિનો ત્યાગ કરીને ભૂમિ પર શેતરંજી કે સાદડી–નાખીને સૂવાનું છે. આનો અર્થ એ પણ સમજવાનો છે કે તેણે આ આરાધના દરમિયાન સ્ત્રીસંગ વર્જવાનો છે અને બ્રહ્મચર્યનું પૂર્ણ પાલન કરવાનું છે. વીર્યનું રક્ષણ એ બ્રહ્મચર્યનું મુખ્ય લક્ષણ છે, એટલે તેનું ક્ષરણ એક યા બીજા પ્રકારે ન જ થવું જોઈએ.

વિશેષમાં આ આરાધના હંમેશાં નાહી–ધોઈને સ્વચ્છ બન્યા પછી શુદ્ધ વસ્ત્રો ધારણ કરીને કરવાની છે અને તે માટે એકાંત સ્થાનને પસંદગી આપવાની છે. જો સ્થાન એકાંત નહિ હોય તો વારંવાર ગરબડ થવાની અને આરાધનામાં વિક્ષેપ થવાનો, એટલે તેની પસંદગી આવશ્યક છે. વિશેષ ન બને તો પોતાના ઘરમાંથી એક ખાસ ઓરડો કે ઓરડી પસંદ કરીને, તેને ખૂબ શુદ્ધ–સ્વચ્છ રાખવો જોઈએ અને તેમાં રહીને આ આરાધના કરવી જોઈએ. ત્યાગી સાધકને સ્નાનનો નિયમ લાગુ પડતો નથી.

હવે જેને ષટ્કર્મની સાધના કરવી હોય, તેણે શું કરવું જોઈએ ? તે દર્શાવવા દશમી ગાથા આ પ્રમાણે કહે છે :

**षट्कर्मणां विधानार्थं, जागर्ति यस्य मानसम् ।**
**प्रत्येकं पूर्वसेवायां, लक्षस्तेन विधीयते ॥१०॥**

षट्कर्मणां–ષટ્કર્મોનાં. विधानार्थं–વિધાન માટે, સિદ્ધિ માટે. यस्य–જેનું, જે આરાધકનું. मानसं–મન. जागर्ति–જાગે છે, ઉત્સાહિત થાય છે. तेन–તેના વડે. पूर्वसेवायां-પૂર્વ સેવામાં. प्रत्येकं–પ્રત્યેક કર્મને માટે. लक्षः– એક લાખ, એક લાખ જપ. विधीयते–કરવો જોઈએ.

**ભાવાર્થ** : જેને ષટ્કર્મોની સાધના કરવાની ઇચ્છા હોય, તેણે પૂર્વસેવામાં પ્રત્યેક કર્મ માટે 'ૐ હ્રીઁ નમઃ' એ મંત્રનો એક લાખ જપ કરવો જોઈએ.

જેમાં षट् એટલે છ પ્રકારનાં, कर्म એટલે કર્મો કે કામો કરવાનાં હોય, તેને ષટ્કર્મ કહેવામાં આવે છે. આવાં કેટલાક ષટ્કર્મોની શાસ્ત્રમાં પ્રસિદ્ધિ છે. જેમ કે–આવશ્યકના અધિકારે (૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ, (૩) વંદન, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન કરવામાં આવે છે, તે આધ્યાત્મિક ષટ્કર્મ છે.× હઠયોગના અધિકારે (૧) ધોતિ, (૨) બસ્તી, (૩) નેતી, (૪) ત્રાટક,

× આ આધ્યાત્મિક ષટ્કર્મોનું રહસ્ય અમોએ શ્રી પ્રતિક્રમણ સૂત્રપ્રબોધટીકામાં પ્રકાશેલું છે.

(૫) નૌલી અને (૬) કપાલભાતિ કરવામાં આવે છે, તે યૌગિક ષટ્કર્મ છે અને બ્રાહ્મણના કર્તવ્ય અંગે (૧) અધ્યયન, (૨) અધ્યાપન, (૩) યજન, (૪) યાજન, (૪) દાન અને (૬) પ્રતિગ્રહ કરવામાં આવે છે, તે બ્રાહ્મણનાં ષટ્કર્મ છે. પરંતુ અહીં ષટ્કર્મથી તાંત્રિકોનાં ષટ્કર્મ અભિપ્રેત છે કે જેમાં (૧) શાંતિકર્મ, (૨) વશ્યકર્મ, (૩) વિદ્વેષણ કર્મ, (૪) સ્તંભનકર્મ, (૫) ઉચ્ચાટનકર્મ અને (૬) મારણકર્મનો સમાવેશ થાય છે.

કેટલાક તાંત્રિક કર્મોની સંખ્યા આઠની ગણાવે છે, તે આ રીતે : (૧) શાંતિકર્મ, (૨) પુષ્ટિકર્મ, (૩) વશ્યકર્મ, (૪) આકર્ષણકર્મ, (૫) સ્તંભનકર્મ (૬) નિષેધકર્મ કે મારણકર્મ, (૭) વિદ્વેષણકર્મ અને (૮) ઉચ્ચાટનકર્મ. પણ તેમાં કોઈ તાત્ત્વિક ભેદ નથી, કારણ કે અહીં પુષ્ટિકર્મ અને આકર્ષણકર્મને જુદાં ગણાવ્યાં છે, તે ષટ્કર્મનાં શાંતિકર્મ અને વશ્યકર્મમાં અંતર્ભાવ પામે છે.

જે કર્મથી દુષ્ટ ગ્રહોની અસર નાબુદ થાય, વિવિધ પ્રકારના રોગો તથા વ્યાધિઓનું શમન થાય તથા મનુષ્ય તિર્યંચ કે દેવી–દેવતા દ્વારા થયેલા ઉપસર્ગોનું નિવારણ થાય તથા ઘાતક પ્રયોગોનો ચ્છેદ થાય અને શાંતિ પ્રસરે તેને **શાંતિકર્મ** કહેવામાં આવે છે. તુષ્ટિકર્મ એટલે જયની પ્રાપ્તિ અને પુષ્ટિકર્મ એટલે ધન–ધાન્ય તથા સંપત્તિની વૃદ્ધિ. તે આ ક્રિયાની અંતર્ગત ગણાય છે અને તેથી ઘણી

વાર **શાંતિ-તુષ્ટિ-પુષ્ટિકર્મ** એવો પ્રયોગ કરવામાં આવે છે.

જે કર્મથી મનુષ્યો તથા પ્રાણીઓ પોતાને વશ થાય, પોતાનો પડયો બોલ ઝીલે, તેને **વશ્યકર્મ** કે **વશીકરણ** કહેવામાં આવે છે. આકર્ષણ અને મોહન પણ તેના જ પ્રકારો છે. જે કર્મથી કોઈ પણ વસ્તુને પોતાના તરફ કે નિર્દિષ્ટ સ્થાન તરફ આકર્ષી શકાય, તે આકર્ષણકર્મ અને જેનાથી એક કે અધિક સ્ત્રી-પુરુષનું મન મોહિત થઈ જાય, તેને મોહનકર્મ કહેવાય છે.

જે કર્મથી મિત્રોમાં પરસ્પર વિદ્વેષ થાય-વિરોધ થાય તથા સંગઠનનું બળ તૂટી જાય, તેને **વિદ્વેષણકર્મ** કહેવાય છે.

જે કર્મથી કોઈ પણ વ્યક્તિ, પ્રાણી કે પદાર્થ સ્તંભિત થઈ જાય, એટલે કે તે કોઇ ક્રિયા કરી ન શકે એવી સ્થિતિમાં આવી જાય, તેને **સ્તંભનકર્મ** કહેવાય છે.

જે કર્મથી કોઈ પણ વ્યક્તિને પોતાનો દેશ, પોતાનું સ્થાન છોડવું પડે અને માનભ્રષ્ટ થવાનો પ્રસંગ આવે, તેને **ઉચ્ચાટનકર્મ** કહેવામાં આવે છે અને જે કર્મથી કોઈ પણ વ્યક્તિ, પશુ-પક્ષી કે વૃક્ષ આદિ પોતાનું જીવન ગુમાવે, તેને **મારણકર્મ** કહેવામાં આવે છે.

જેણે આ ષટ્કર્મમાં સિદ્ધિ મેળવી હોય, તે આ

જગતમાં ધાર્યું કાર્ય કરી શકે છે. એક જમાનામાં બૌદ્ધો, શૈવો, શાક્તો વગેરેએ આ ષટ્કર્મમાં સિદ્ધિ મેળવી હતી, થી જનતા પર તેમનો ખૂબ પ્રભાવ પડતો હતો અને એ રીતે તેમનું ધર્મપ્રચારનું તંત્ર જોરથી ચાલતું હતું. જૈન શ્રમણો એકંદર વૈરાગી-ત્યાગી હોવાથી અને મુખ્ય તો નિર્વાણયોગની સાધનામાં મસ્ત રહેવાથી તેમનું લક્ષ્ય આ તરફ ઓછું હતું, પણ જ્યારે તેમણે જોયું કે આ રીતે તો આપણે આપણા ઘણા અનુયાયીઓ ગુમાવી બેસીશું અને આપણો ધર્મ ઘણો પાછળ પડી જશે, ત્યારે તેમણે પણ આ ષટ્કર્મ પર ધ્યાન આપવા માંડયું અને પ્રસંગ-વશાત્ ધર્મના રક્ષણ માટે તથા શાસનની પ્રભાવના માટે તેનો ઉપયોગ કરવા માંડયો. એ જમાનામાં કેવી ઘટનાઓ બનતી તેનો ખ્યાલ નીચેની હકીકત પરથી આવી શકશે.

ગુડશસ્ત્ર નગરમાં બડુકર નામે એક બૌદ્ધાચાર્ય આવ્યો. તેણે જૈનાચાર્યને વાદ કરવાનું આમંત્રણ મોકલ્યું, તે જૈનાચાર્યે ઝીલી લીધું અને રાજસભા સમક્ષ વાદ થયો. તેમાં જૈનાચાર્યના નાના શિષ્યે સ્યાદ્વાદની યુક્તિઓથી સર્વ પદાર્થોને અનિત્ય જણાવનાર એ બૌદ્ધાચાર્યને જીતી લીધો, આથી તે અત્યંત ક્રોધાયમાન બન્યો અને બીજા કોઈ સ્થળે જવાને અસમર્થ બનતાં તે જ નગરમાં અનશન કરીને મૃત્યુ પામી યક્ષ થયો. અનુક્રમે એ નગરની બહાર ઉદ્યાનમાં એ યક્ષનું મંદિર બન્યું અને સહુ કોઈ તેને માનવા લાગ્યા.

હવે તે યક્ષ જૈન મુનિઓ પ્રત્યેના દ્વેષથી તેમને ઉપદ્રવ કરવા માંડયો. તે એ રીતે કે કોઈ પણ જૈન મુનિ એ ઉદ્યાનમાં ઉતરે અને રાત્રે માત્રુ કરવા ઉઠે કે તેને ભોંય પર પાડી નાખે અને લોહી વમતા કરી મૂકે. બીજા સાધુ-સંન્યાસી વગેરે ત્યાં ઉતરે તેને એવો કોઈ ઉપદ્રવ થાય નહિ. આવી ઘટના ઘણીવાર બની, તેથી જૈન સંઘ સમજી ગયો કે નક્કી આ યક્ષ જૈન મુનિઓ પ્રત્યે વૈર રાખીને જ આ ઉપદ્રવ કરે છે. હવે શું કરવું ?

આખરે તેમણે પોતાના બે આગેવાનોને ભરૂચ નગરે મોકલ્યા કે જ્યાં આર્ય ખપુટાચાર્ય નામના મહામંત્રવાદી જૈનાચાર્ય વિરાજતા હતા. તેમણે આચાર્યશ્રીને પરિસ્થિતિનું નિવેદન કર્યું, એટલે આચાર્યશ્રી તેમની સાથે ગુડશસ્ત્ર નગરે આવ્યા અને એ ઉદ્યાનમાં યક્ષના મંદિરમાં જ ઉતર્યા. ત્યાં તેઓ યક્ષની મૂર્તિ ઉપર પગ મૂકીને સૂઈ ગયા. એ મહામંત્રવાદી આચાર્યશ્રીના પ્રભાવ આગળ યક્ષનું તેજ હણાઇ ગયું. તે એમને કંઈ પણ કરી શકયો નહિ. શેરને માથે સવાશેર, તે આનું નામ !

સવાર થયું અને પૂજારી આવ્યો. તેણે આચાર્યશ્રીને ત્યાંથી ઉઠાડવા પ્રયત્ન કર્યો, પણ એ શાના ઉઠે ? તેમણે તો આખા શરીરે ચાદર લપેટીને ત્યાં બરાબર જમાવટ કરી દીધી હતી. આખરે પૂજારીએ રાજાને ખબર આપી, એટલે રાજાએ ક્રોધાયમાન થઈને તેમને ઉઠાડવા માટે પોતાના માણસો મોકલ્યા અને તેમને હુકમ કર્યો કે જો

એ અડિયલ સાધુ સીધી રીતે ન ઉઠે તો તેને ચાબુકથી ફટકારજો.

રાજાના માણસોએ તેમને ઢંઢોળવા માંડયા અને ત્યાંથી ઉઠી જવાનું જણાવ્યું, પણ આચાર્યશ્રીએ કંઈ દાદ દીધી નહિ. એટલે પેલા માણસોએ ચાબુકના ફટકા મારવા માંડયા, પણ તે આચાર્યશ્રીના શરીરે લાગવાને બદલે અંતઃપુરમાં રહેલી રાણીઓના શરીર પર પડવા લાગ્યા અને થોડી જ ક્ષણોમાં ત્યાં હાહાકાર મચી ગયો. કંચુકીઓ મારફત આ વસ્તુની જાણ થતાં રાજા પોતાના ખાસ સેવકો સાથે યક્ષના મંદિરે આવ્યો અને હાથ જોડીને આચાર્યશ્રીને કહેવા લાગ્યો કે 'હે સ્વામિન્! અમારું રક્ષણ કરો. ચાબુકના પ્રહારોએ મારા આખા અંતઃપુરને જર્જરિત કરી નાખ્યું છે.'

રાજા સમજી ગયો હતો કે આ કોઈ સિદ્ધપુરુષ છે, એટલે આવી ઘટના બનવા પામી છે. આચાર્યશ્રી પણ હવે યોગ્ય સમય જાણીને જાણે ઊંઘમાંથી ઉઠતા હોય એ રીતે ત્યાંથી ઉઠયા, એટલે રાજાએ તેમને સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને નગરમાં પધારવાની વિનંતિ કરી.

હવે આચાર્યશ્રીએ ત્યાંથી નગરમાં જતી વખતે યક્ષની મૂર્તિને હુકમ કર્યો કે 'તું સપરિવાર મારી સાથે ચાલ!' એટલે યક્ષની મૂર્તિ તથા ત્યાં રહેતી બીજી મૂર્તિઓ તેમની સાથે ચાલવા લાગી. લોકો આશ્ચર્યચકિત નયને આ અપૂર્વ ઘટના જોઈ રહ્યા.

પરંતુ લોકોને વધારે આશ્ચર્ય તો ત્યારે થયું કે ત્યાં એક હજાર માણસોથી ખસી શકે એવી પત્થરની બે કુંડીઓ પડી હતી, તે પણ આચાર્યશ્રીના હુકમથી સાથે ચાલવા લાગી. એમ કરતાં તેઓ નગરના દરવાજા સુધી આવ્યા, ત્યારે રાજાએ વિનંતિ કરવાથી આચાર્યશ્રીએ યક્ષ તથા તેના પરિવારને તેના સ્થાને મોકલી દીધો, પરંતુ કુંડીઓને તો ત્યાં જ પડી રહેવા દીધી કે જેથી લોકોને આ ઘટના યાદ રહે અને તેઓ કદી પણ જૈન સાધુઓને સતાવવાની હિંમત કરે નહિ.

પછી આચાર્યશ્રીએ પ્રતિબોધ કરતાં રાજાએ, તેના કુટુંબે તથા ઘણા નગરજનોએ જૈનધર્મનો સ્વીકાર કર્યો અને આચાર્યશ્રી ત્યાંથી ભરૂચ પાછા ફર્યા. ત્યારબાદ પેલા ઉદ્યાનમાં કોઈ વાર જૈન મુનિની સતામણી થઈ નહિ.

આ પરથી ‘ચમત્કાર ત્યાં નમસ્કાર’નું સૂત્ર સમજી શકાશે. આને આપણે યોગ્ય ગણીએ કે અયોગ્ય, પણ આગળના જમાનામાં તેનો ખૂબ ઉપયોગ થતો હતો, અને આજે પણ આવું ક્યાં નથી બનતું ?

સ્વામીનારાયણ સંપ્રદાયમાં મોતી બહેન નામની એક બાઈ આકર્ષણવિદ્યાથી કોઈ પણ વસ્તુ લાવી શકતી અને બીજી પણ થોડી વિદ્યાઓ જાણતી. તેણે એ વિદ્યાના પ્રભાવે સ્વામીનારાયણ સંપ્રદાયની ૫૦,૦૦૦ નવી કંઠીઓ બંધાવી! સાંઈબાબાનો ભસ્મચમત્કાર પણ એજ રીતે

હજારો લોકોને પોતાના તરફ આકર્ષી રહ્યો છે અને તેમાં રાજ્યપાલો, રાજ્યપ્રધાનો તથા મોટા મોટા આગેવાનોનો પણ સમાવેશ થાય છે.

**જૈન** સંપ્રદાયની વાત કરીએ તો છેલ્લી સદીમાં શ્રી ભ્રાતૃચંદ્રજી મહારાજ, શ્રી મોહનલાલજી મહારાજ વગેરે મંત્રસિદ્ધ મહાપુરુષો હતા અને તેઓ **જૈન**–જૈનેતર સમાજ પર પોતાનો ઘણો પ્રભાવ પાડી શક્યા હતા. આજે એવા મંત્રસિદ્ધ મહાપુરુષોની ખોટ જિનશાસનને ખૂબજ સાલે છે. શું એવો વખત નહિ આવે કે જ્યારે **જૈન**શ્રમણો યોગસિદ્ધ–મંત્રસિદ્ધ બનીને જગતના ક્રોડો મનુષ્યોનું જિનશાસન તરફ આકર્ષણ કરશે અને તેમને દાન–દયાના પાઠો પઢાવી જગતમાં એક નવોજ યુગ નિર્માણ કરશે ?

મંત્રની સિદ્ધિ માટે પ્રથમ જે જપ કરવો પડે છે, તેને પૂર્વસેવા કહેવામાં આવે છે. આ રીતે કોઈપણ કર્મની સિદ્ધિ કરવી હોય તો પ્રથમ '**ૐ હ્રીઁ નમઃ**' એ મંત્રનો એક લાખ જપ વિધિપૂર્વક કરવો જોઈએ અને ત્યારબાદ અમુક અમુક રંગના ધ્યાન વગેરેનો પ્રયોગ કરવો જોઈએ.

'શું એક લાખ મંત્રનો જપ કરવાથી મંત્રસિદ્ધિ થઈ જાય ?' અહીં એવો પ્રશ્ન ઉઠવો સહજ છે. તેનો ઉત્તર એ છે કે જો આરાધક ઉપર્યુક્ત નિયમોનું યથાર્થ પાલન કરે અને શુદ્ધ–સ્થિર ચિત્તે એક લાખ મંત્રનો જપ કરે તો તેની સિદ્ધિ અવશ્ય થઈ જાય. જે લોકોને લાખ

તો શું પણ ક્રોડ મંત્રજપે પણ સિદ્ધિ થતી નથી, તેનું કારણ ચિત્તની અશુદ્ધિ તથા અસ્થિરતા છે. વળી તેમનું બ્રહ્મચર્ય પણ એક યા બીજી રીતે સ્ખલિત થતું હોય છે, એટલે સિદ્ધિ તેમનાથી દૂર રહે છે. આ પરથી આરાધકોએ યોગ્ય ધડો લેવાનો અને પોતાની આરાધનાનો માર્ગ નિષ્કંટક બને તેવી સર્વ તૈયારી કરવાની.

ષટ્કર્મમાં શાંતિ-તુષ્ટિ-પુષ્ટિની મુખ્યતા છે. એ કર્મ માટે હ્રીઁકારમંત્રનો એક લાખ જપ શ્વેત સામગ્રીથી કરવો જોઈએ. તેનું વર્ણન કરતાં કલ્પકાર કહે છે કે-

**सितश्रीखण्डलुलितः सितवस्त्रः सिताशनः ।**
**सितसद्ध्यानजापस्रक् सितजापाङ्गसंयुतः ॥११॥**
**सितपक्षे सुधाश्वेतगृहे फलमयं भवेत् ।**

सितश्रीखण्डलुलितः-શ્વેત ચંદનથી શરીરને ચર્ચનાર. सितवस्त्रः-શ્વેત વસ્ત્ર ધારણ કરનાર. सिताशनः-શ્વેત વસ્તુઓનું ભોજન કરનાર. सितसद्ध्यानजापस्रक्ः-શ્વેત રંગે ધ્યાન ધરનાર, તથા શ્વેત રંગની માળા ધારણ કરનાર. सितजापाङ्गसंयुतः-અને જપનાં બીજાં અંગો એટલે આસન આદિ પણ શ્વેત રાખનાર. सितपक्षे-શુક્લપક્ષમાં. सुधा-श्वेतगृहे-ચુનાથી રંગેલ શ્વેત ઘરમાં. फलमय-ફલવાળો થાય છે.

**ભાવાર્થ** :-જે સાધક પોતાના શરીરે શ્વેત ચંદનનો લેપ કરે છે, વસ્ત્રો પણ શ્વેત જ ધારણ કરે છે,

ભોજન પણ શ્વેત વસ્તુઓનું જ કરે છે, ધ્યાન પણ શ્વેત રંગે જ ધરે છે અને જપમાળા, આસન આદિ પણ શ્વેત જ રાખે છે તથા ચૂનાથી ધોળીને શ્વેત બનાવેલા ઘરમાં શુકલપક્ષને વિષે આ હ્રીંકારમંત્રનો જપ કરે છે, તેને તે ફલદાયી થાય છે.

આગળના જમાનામાં સ્નાન કર્યા પછી શરીરે શ્વેત ચંદનનો થોડો થોડો ખરડ કરવાનો રિવાજ હતો. તેથી શરીરમાં સુવાસ રહેતી અને શાંતિ પણ અનુભવાતી. ગમે તેવો બળતરિયો તાવ પણ સમસ્ત શરીરે શ્વેત ચંદનનો લેપ કરવાથી શાંત થઈ જતો, એવી હકીકતો ઇતિહાસના પાને નોંધાયેલી છે. શ્વેતચંદનમાં પણ બાવનાચંદન ઉત્તમ ગણાતું અને તે મલય પ્રદેશમાંથી એટલે આજના મ્હૈસુર રાજ્યમાંથી આવતું. તાત્પર્ય કે આ કાર્ય માટે બને તેટલા ઉત્તમ ચંદનનો ઉપયોગ કરવો.

શ્વેત વસ્ત્રો ધારણ કરવાથી સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે અને ચિત્ત પ્રસન્ન રહે છે. આજ કારણે જૈન મુનિઓનાં વસ્ત્ર શ્વેત હોય છે અને ઘણા ખરા ગૃહસ્થો પણ શ્વેત વસ્ત્રનો જ ઉપયોગ કરે છે. ખાસ કરીને સામાયિકાદિ ક્રિયા કરવી હોય ત્યારે તો શ્વેત વસ્ત્રોને જ ઉપયોગમાં લેવાય છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ સામાન્ય રીતે લાલ-લીલાં વસ્ત્રોનો ઉપયોગ કરે છે, પરંતુ તેઓ પણ આ ક્રિયા કરતી વખતે શ્વેત વસ્ત્ર ધારણ કરે તો જુદોજ અનુભવ થાય છે, એટલે કે એક પ્રકારની શાંતિ-પ્રસન્નતા જરૂર અનુભવાય છે.

આજે લોકો દેખાદેખીમાં પડીને રંગનું મહત્ત્વ ભૂલી ગયા છે અને ગમે તે રંગનાં વસ્ત્રો પહેરવા લાગ્યાં છે, તેમાં કાળા રંગનો પણ સમાવેશ થાય છે. પરંતુ તેની અસર શરીર તથા મન પર બૂરી થાય છે, એટલે કે તામસિક ભાવો વધે છે અને તે કૃષ્ણલેશ્યા સુધી જઈ પહોંચે છે. પછી 'દુનિયાનું ગમે તે થાય, મને સુખ મળવું જોઈએ' એવી નિકૃષ્ટ ભાવના અંતરમાં જાગે, એમાં નવાઈ શું ? તાત્પર્ય કે આરાધકે આ વખતે શ્વેત વસ્ત્રોનોજ ઉપયોગ કરવો જોઇએ.

ભોજન પણ શ્વેત વસ્તુઓનું જ કરવું, એનો અર્થ એ છે કે એ વખતે માત્ર ક્ષીર અથવા દૂધ ભાત જ લેવાં, પણ ઘઉં–ચણા–મગ–મઠ–અડદ–વાલ–મસુર વગેરેનો ઉપયોગ કરવો નહિ. આનો વિશેષ અર્થ એ પણ છે કે આ વખતે શાક, દાળ, અથાણાં, પાપડ, ચટણી વગેરેનો ઉપયોગ કરવો નહિ.

આગળ જ્યારે દૂધ–ભાત લેવાનો પ્રચાર વધારે હતો, ત્યારે આ વસ્તુ સહેલી લાગતી, પણ હાલના ફરસાણિયા જમાનામાં આ વસ્તુ કેટલાકને કઠિન લાગે, એ સ્વાભાવિક છે. પરંતુ મનને મજબૂત કરવાથી ક્ષીર કે દૂધ–ભાત ઉપર બરાબર રહી શકાય છે અને એ રીતે રહેવાની તૈયારી અવશ્ય રાખવી જોઇએ. અન્યથા આ પ્રકારની આરાધના થવી મુશ્કેલ છે.

વળી આ વખતે હ્રીંકારનું જે ધ્યાન ધરવાનું છે, તે શ્વેત રંગે શુભ ભાવનાપૂર્વક ધરવાનું છે અને એ વખતે જે જપમાળાનો ઉપયોગ કરવામાં આવે, તે શ્વેત રંગની એટલે સ્ફટીકની, ચાંદીના મણકાની કે શ્વેત રેશમ અથવા શ્વેત સૂતરાઉ પારાની રાખવાની છે. પ્લાસ્ટીકની માળાનો આજે પ્રચાર વધી રહ્યો છે, પણ આ કાર્ય માટે તેનો ઉપયોગ કરવો નહિ, કારણ કે એ શાસ્ત્રસંમત નથી.

જપનાં બીજાં અંગોમાં આસનનો વિચાર મુખ્ય છે. તે પણ શ્વેન ઊનનું રાખવું. સુતરાઉ આસન આપણે ત્યાં સામાયિક-પ્રતિક્રમણ આદિમાં વપરાતું નથી, તેમ આમાં પણ વાપરવું નહિ.

આ જપ કરવા માટે ચૂનાથી ધોળીને શ્વેત-સ્વચ્છ બનાવ્યું હોય તેવા ઘરનો કે સ્થાનનો ઉપયોગ કરવો અને તે માટે શુકલ પક્ષનો કોઈ પણ શુભ દિવસ પસંદ કરવો.

જેઓ આ રીતે હ્રીંકારનો એક લાખ જપ કરે છે, તેને હ્રીંકાર સિદ્ધ થાય છે અને તે સુંદર ફળ આપવા લાગે છે.

તે કેવાં કેવાં ફળો આપે છે? તેનું વર્ણન કલ્પકાર આગામી દોઢ ગાથામાં આ રીતે કરે છે:

विपद्रोगहतिं शान्ति, लक्ष्मीसौभाग्यमेव च ॥१२॥
बन्धमोक्षं च कान्ति च, क्रमात् काव्यं नवं तथा।
पुरक्षोभं सभाक्षोभमाज्ञैश्वर्यमभङ्गुरम् ॥१३॥

**विपद्रोगहर्तिं**–વિપત્તિ અને રોગનો નાશ. અહીં हर्ति શબ્દ હાનિ કે નાશના અર્થમાં છે. **शान्ति**–શાંતિ. **लक्ष्मीं**–લક્ષ્મી. **सौभाग्यं**–સૌભાગ્ય. **एव च**–અને વળી. **बन्धमोक्षं**–બંધનમાંથી મુક્તિ. **कान्ति**–કાંતિ. **च**–અને. **क्रमात्**–ક્રમથી, ક્રમ પ્રમાણે. **नवं काव्यं**–નવીન કાવ્ય રચવાની શક્તિ. **तथा**–તે પ્રમાણે, અને. **पुरक्षोभं**–પુરક્ષોભ, આખા નગરને ક્ષોભ પમાડવો તે. **सभाक्षोभं**–સભાક્ષોભ, આખી સભાને ક્ષોભ પમાડવી તે. **अभङ्गुरं आज्ञैश्वर्यं**–ન ભાંગે તેવું, ચિરકાલીન આજ્ઞાનું ઐશ્વર્ય. અહીં **प्राप्नोति**–પામે છે, એવું ક્રિયાપદ અધ્યાહારથી લેવાનું છે.

**ભાવાર્થ**:–જે ઉપર જણાવેલી વિધિએ હ્રીંકારની આરાધના કરે છે, તેની સઘળી વિપત્તિઓનો નાશ થાય છે, તેના સઘળા રોગોનું શમન થાય છે, તેને બાહ્ય–અભ્યંતર શાંતિ મળે છે, ઇચ્છિત લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, સૌભાગ્ય સાંપડે છે, બંધનમાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે, તેની કાંતિ વધે છે, તેનામાં ક્રમશઃ નવીન કાવ્ય કરવાની શક્તિ આવે છે, તથા તે પુરક્ષોભ અને સભાક્ષોભ કરી શકે છે, તેમજ તેને ચિરકાલીન આજ્ઞાનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.

આ ફલ જેવું–તેવું નથી. અન્ય શબ્દોમાં કહીએ તો ઘણું મોટું છે. વિવિધ પ્રકારની વિપત્તિઓ આવતાં મનુષ્યનું મન કેવું મુંઝાય છે? ગભરાય છે? તે આપણા કોઈથી અજાણ્યું નથી; કારણ કે આપણે પોતે આ સંસારમાં રહીને અનેક પ્રકારની વિપત્તિઓનો અનુભવ કરેલો

છે. વળી ગમે તેવી બુદ્ધિ લડાવવા છતાં અને પ્રયત્નો કરવા છતાં ય ઘણીવાર એ વિપત્તિઓ હઠતી નથી કે મચક આપતી નથી. કેટલીક વાર તો એવું પણ બને છે કે એક વિપત્તિ દૂર ન થાય, ત્યાં બીજી આવીને ઊભી રહે છે અને બીજી વિપત્તિ દૂર ન થાય, ત્યાં ત્રીજી વિપત્તિ આવીને ઊભી રહે છે. એમ વિપત્તિની હારમાળા ચાલે છે અને તે માનવજીવનનો સર્વ આનંદ લૂંટી લે છે. આ પરિસ્થિતિનો ખ્યાલ રાખવાથી વિપત્તિનાશનો ખરો મહિમા સમજી શકાશે.

રોગ પણ મનુષ્યનો જાલીમ શત્રુ છે. તે મનુષ્યને સતાવે છે, પીડા આપે છે, દુઃખી કરે છે, અરે! હેરાન હેરાન કરી મૂકે છે. તેમાં કેટલાક રોગો તો એવા છે કે જે મનુષ્યને બિલકુલ ચેન પડવા દે નહિ. અને કેટલાક રોગો એવા છે કે જે મનુષ્યને લાંબા સમય સુધી કષ્ટ આપ્યા જ કરે તથા છેવટે પ્રાણ અને પૈસા બંને લઈને જ છૂટકારો કરે.

રોગ આવતાં મનુષ્યની દૃષ્ટિ વૈદ્ય–હકીમ–ડૉકટર તરફ દોડે છે અને તેઓ જે દવા આપે તથા અન્ય ઉપચાર બતાવે, તે કરવામાં આવે છે; આમ છતાં રોગ તદ્દન મટતા નથી અને મનુષ્ય તેનાથી પીડાયા જ કરે છે. આ સંયોગોમાં મંત્રજપનો આશ્રય લેવો શું ખોટો? જો હ્રીँકાર જેવા મંત્રનો આશ્રય લેવામાં આવે તો ગમે તેવો હઠીલો રોગ પણ મટી જાય છે અને દર્દીને આરામ થાય છે.

થોડા વર્ષ પહેલાં નાસિકમાં એક મહાનુભાવે હ્રીઁકારનો જપ કરીને તેમાં સિદ્ધિ મેળવી હતી અને યોગ્ય અધિકારીઓ તેની સાધના કરી શકે, તે માટે હ્રીઁકારવિદ્યાલય નામની સંસ્થા ખોલી હતી. તેમાં કેટલાક સાધકો તૈયાર થયા હતા. તેઓ હ્રીઁકારમંત્રથી અભિમંત્રિત કરેલું જળ રોગીને અમુક દિવસ આપતા કે તેનો રોગ સારો થઈ જતો.

સોલાપુરમાં એક દિગંબર જૈન પંડિતને ત્યાં પણ અમે આવો વ્યવહાર જોયેલો છે. તેઓ રોજ હ્રીઁકારપટ્ટની પૂજા કરતા અને ત્યારબાદ જળને અભિમંત્રિત કરતા. તેના સેવનથી ઘણાને સારું થઈ જતું. અમે તેમને મળવા ગયા, ત્યારે અનેક દર્દીઓને અભિમંત્રિત જળ લેવા માટે ત્યાં આવેલા જોયા હતા.

તાત્પર્ય કે અહીં હ્રીઁકારની આરાધનાથી રોગનો નાશ થવાની જે વાત જણાવી છે, તે યથાર્થ છે અને આજે પણ તે અનુભવી શકાય એવી છે.

હ્રીઁકારની આરાધનાથી ચિત્તને પરમશાંતિ મળે છે, એ પણ જેવી તેવી વાત નથી. ધન, ધાન્ય, વિપુલ સંપત્તિ, કુટુંબ–પરિવાર, નોકર–ચાકર બધું હોય, પણ ચિત્તને શાંતિ ન હોય, તો એ શા કામનું ? આજે અમેરિકા જેવા દેશમાં ધન–સંપત્તિ વિપુલ છે, પણ લોકોના ચિત્તને શાંતિ નથી. ત્યાં હજારો માણસો ચિત્તભ્રમ કે ઉન્માદના રોગથી પીડાય છે. દુનિયાના કોઈપણ દેશ કરતાં માનસિક રોગનું પ્રમાણ ત્યાં વધારે છે. અમને પોતાને એવા અમેરિકન લોકો મળેલા છે કે જેમની પાસે ધન-

સંપત્તિ ઘણી હતી, પણ મનને શાંતિ ન હતી અને તેથી તેની શોધમાં તેઓ ભારતમાં આવ્યા હતા. આ પરથી ચિત્તશાંતિનું મહત્ત્વ સમજી શકાશે.

હ્રીँકારની આ શક્તિનો અનુભવ કેટલાક અંશે અમને થયેલો છે અને પાઠકો ધારે તો તેમને પણ થઈ શકે એમ છે. જ્યારે તમારું મન કોઈ પણ કારણે ચિંતાતુર બની જાય કે વિષાદનો અનુભવ કરવા લાગે, ત્યારે તમે બધું છોડીને 'ॐ ह्रीँ नमः' એ મંત્રનો જપ કરવા લાગી જાઓ તો થોડી વારમાં જ મન શાંત થઈ જશે અને પૂર્વવત્ પ્રસન્નતા આવી જશે. આ વખતે પદ્માસન કે સુખાસને બેસવું જોઈએ, બરડો ટટ્ટાર રાખવો જોઈએ અને જપ એકાગ્ર ચિત્તે કરવો જોઈએ.

હ્રીંકારના થોડા જ જપથી આવો અનુભવ થતો હોય તો તેનું વિધિસર અનુષ્ઠાન કરતાં પરમ શાંતિનો અનુભવ કેમ ન થાય? એ સુજ્ઞજનોએ વિચારી લેવું.

હ્રીંકારની આરાધનાથી લક્ષ્મી એટલે ધન મળે છે અને મનુષ્યનો જીવન-વ્યવહાર સુખ-રૂપ ચાલે છે. કેટલાક એમ માને છે કે મંત્રથી વિપત્તિનો નાશ થાય છે, રોગ મટે છે અને શાંતિ મળે છે, પણ લક્ષ્મી મળતી નથી, તેમણે શ્રીમાન્ જિનપ્રભસૂરિજીનું આ વચન વિચારવા જેવું છે.

અહીં અમને જગત્ શેઠની વાત યાદ આવે છે કે જેમને એક જૈન મુનિએ ચંદ્રકલ્પનું સાધન આપ્યું હતું

અને જેનું વિધિસર અનુષ્ઠાન કરતાં તેમને ક્રોડો રૂપિયાની સંપત્તિ પ્રાપ્ત થઈ હતી. તેમની આ સંપત્તિનો ખ્યાલ એ પરથી આવી શકશે કે પેશ્વાના લશ્કરે સાત દિવસ સુધી તેમની હવેલીમાં લૂંટ ચલાવ્યા છતાં બીજા જ દિવસે તેમનો વ્યાપાર-વ્યવહાર યથાવત્ ચાલુ થઈ ગયો હતો અને ત્યાંથી દશ-દશ લાખની હુંડીઓ લખાઈ હતી. આજે તો એટલું ધન આ દેશમાં કોઈની પાસે નથી. જો મંત્રારાધનથી લક્ષ્મી મળતી ન હોય તો આવી ઘટના શી રીતે બની?

## ચંદ્રકલ્પ

**ચંદ્રકલ્પ** વિષે અમને કેટલીક માહિતી મળી છે. તે પાઠકોની જાણ માટે અહીં રજૂ કરીએ છીએ. તેનો મૂળ મંત્ર છે:

'ॐ ऐँ श्रीँ क्लीँ क्रों क्रों कलंकरहिताय सर्वजनवल्लभाय क्षीरवर्णाय ॐ ह्रीँ श्रीँ चन्द्रमूर्तये नमः।'

તેનો વિધિ એવો છે કે પ્રથમ ચંદ્રમાની રૂપાની મૂર્તિ બનાવવી અને તેનું વાહન સસલું, તેની મૂર્તિ પણ રૂપાની બનાવવી. ચંદ્રમાના એક હાથમાં શંખ, એક હાથમાં કમલ, એક હાથમાં પુષ્પની માળા અને એક હાથમાં ઝારી ધારણ કરાવવી. સસલા ઉપર ચંદ્રમાને સવાર કરાવ્યા પછી સોમવારે પૂર્ણિમા હોય, તે દિવસથી ઉપરના મંત્રનો જપ શરૂ કરવો.

તે પહેલાં શ્રી ગુરુદેવનું પૂજન કરવું અને તેમના મુખેથી જ ઉપલો મંત્ર ગ્રહણ કરવો તથા તેમની અનુજ્ઞા લઈને જ સવા લાખ મંત્ર જપવાનો પ્રારંભ કરવો. છ મહિનામાં મંત્રજપ પૂરા કરવા.

આ વખતે શ્વેત વસ્ત્ર ધારણ કરવા, શ્વેત મુક્તા-ફલની માળા વડે મંત્રજપ કરવો, શ્વેત રંગની વસ્તુ-ઓનું ભોજન કરવું અને તે સસલાને પોતાને હાથે દૂધભાત ખવડાવ્યા પછી જ કરવું. આનો અર્થ એ છે કે આ સાધના દરમિયાન સાધકે એક સસલું પોતાની પાસે રાખવું, તેની સારસંભાળ કરવી અને તેને ઉપર જણાવ્યું તેમ દૂધ–ભાતનું ભોજન કરાવવું.

આ મંત્રજપ કરતી વખતે પૂર્વદિશા તરફ મુખ રાખીને બેસવું અને બ્રહ્મચર્ય પાળવું તથા જમીન પર સૂવું. નિદ્રા ઓછી કરવી.

આ રીતે છ માસ સુધી ચંદ્રકલ્પની આરાધના કરતાં ચંદ્રમા પ્રસન્ન થઈને દર્શન આપે છે અને તે વખતે જેનું વરદાન માગવામાં આવે, તેની પ્રાપ્તિ થાય છે. જગત્ શેઠે આ વખતે લક્ષ્મી માગેલી, એટલે તેમને લક્ષ્મી મળી અને તેમણે રાજ્યદ્વારે યશ–કીર્તિ પ્રાપ્ત કરી.

વળી આ ચંદ્રકલ્પ કરતાં સર્વજનવલ્લભ થવાય છે. ખાસ કરીને સ્ત્રીઓની પ્રીતિ વિશેષ પ્રમાણમાં સાંપડે છે.

અહીં હ્રીઁકારની આરાધનાના જે નિયમો બતાવ્યા છે, તે આ ચંદ્રકલ્પના નિયમોને કેટલા બધા મળતા છે?

તાત્પર્ય કે તેનાથી યથેચ્છ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, એ બાબતમાં કશી શંકા રાખવી નહિ.

અહીં સૌભાગ્ય શબ્દથી કુલવતી સ્વરૂપવાન સ્ત્રી, પુત્ર-પુત્રીનો પરિવાર, નોકર-ચાકર, હાટ-હવેલી, બાગ-બગીચા, તથા ગાડી-મોટર વગેરે વાહનની સમૃદ્ધિ સમજવાની છે. મનુષ્ય પાસે ધન હોય, પણ કુલવતી સ્ત્રી ન મળે તો તેનો જીવનવ્યવહાર બરાબર ચાલતો નથી. વળી તે સ્ત્રી સ્વરૂપવાન ન હોય તો તેના મનને સંતોષ થતો નથી, એટલે કુલવતી સ્વરૂપવાન સ્ત્રીની પ્રાપ્તિ થવી, એ સૌભાગ્ય ગણાય છે. સ્ત્રીને કુલવાન યોગ્ય પતિ મળવો, તે તેને માટે સૌભાગ્ય ગણાય છે.

જે ગૃહસ્થના ઘરમાં પુત્ર-પુત્રીનો પરિવાર હોતો નથી, તે શૂન્ય મનાય છે. તેથી પતિ-પત્ની બંનેનું મન નારાજ રહે છે, એટલે પુત્ર-પુત્રીના પરિવારની ગણના સૌભાગ્યમાં થાય છે. તે જ રીતે રહેવા માટે હવેલી એટલે સારૂં મકાન હોય, વ્યાપાર વગેરે માટે હાટ એટલે દુકાનો હોય, ઘરમાં નોકર-ચાકર હોય, હાલની પરિભાષામાં કહીએ તો રસોઈયા અને ઘાટી હોય, જવા-આવવા માટે ઘોડાગાડી, મોટર વગેરે વાહનો હોય તથા આનંદ-પ્રમોદ માટે બાગ-બગીચા હોય, તેનો સમાવેશ પણ સૌભાગ્યમાં જ થાય છે. હ્રીઁકારની ઉપર્યુક્ત આરાધના કરવાથી આવું સૌભાગ્ય સાંપડે છે.

હવે કોઈ પણ કારણસર મનુષ્યને બંધન પ્રાપ્ત થયું હોય તો હ્રીંકારની આરાધનાથી એ બંધન છૂટી જાય છે અને તે સ્વતંત્રતાથી હરી-ફરી શકે છે.

પ્રિયંકર રાજાના ચરિત્રમાં આવી જ એક ઘટનાનો ઉલ્લેખ આવે છે. એક વાર ચોરોએ પ્રિયંકરને પકડી લીધો અને તેમની અમુક વાત ન માનવા માટે તેને બંદીખાનામાં પૂર્યો અને તેના પગમાં હેડ નાખી. પરંતુ પ્રિયંકરે અનન્ય મનથી ઉવસગ્ગહરં સ્તોત્ર ગણવા માંડયું કે ચોરોના સરદારને એવો વિચાર આવ્યો કે પેલા વાણિયાના છોકરાને પૂરી મૂકવાથી શો લાભ થવાનો? તે ધમકીથી માને એવો નથી, માટે તેની સાથે મિત્રતા કરવી અને તેના પગમાંથી હેડ કાઢી નાખી, બંદીખાનામાંથી મુક્ત કરવામાં આવ્યો.

આજના યુગમાં પણ આવા દાખલાઓ બને છે. એક ગુજરાતી ભાઈને કારણસર રંગુનની જેલમાં પૂરવામાં આવ્યા હતા. તેનો કોઈ રીતે છૂટકારો થતો ન હતો, પણ તે અંગે એક મંત્રાનુષ્ઠાન થયું કે તરત તેનો છૂટકારો થઇ ગયો.

એટલે હ્રીંકાર જેવા મહામંત્રની આરાધના કરતાં બંધનમાંથી મુકિત મળે, એ વાત સર્વથા સત્ય છે.

સામાન્ય રીતે શરીર નીરોગી હોય અને માથે ઝાઝી ફીકર ન હોય તો મનુષ્યના શરીરની કાંતિ વધે

છે; અથવા તો અમુક પ્રકારનાં તેલોનું મર્દન કરવાથી કે અમુક પ્રકારનાં રસાયણોનું સેવન કરવાથી મનુષ્યના શરીરની કાંતિ વધે છે; પરંતુ હ્રીઁકારની આરાધના તો એવી અદ્ભુત છે કે આવાં કોઈ પણ સાધન વિના તે મનુષ્યના શરીરની કાંતિ વધારી દે છે અને તેનો પ્રભાવ અન્ય મનુષ્યો પર બહુ ભારે પડે છે.

વળી હ્રીઁકારની ઉપર્યુક્ત આરાધના કરનારમાં કવિત્વશક્તિ આવે છે અને તે ક્રમે ક્રમે નવાં કાવ્યો બનાવી શકે છે. આ લાભ પણ જેવો તેવો ન જ ગણાય! કવિત્વશકિત એ મનુષ્યની એક એવી શકિત છે કે જેના વડે હજારો–લાખો મનુષ્યનું પોતાના તરફ આકર્ષણ કરી શકે છે અને સાહિત્યક્ષેત્રે ચિરંજીવી બની શકે છે. આજે આપણે શ્રી સિદ્ધસેનસૂરિ, શ્રી હરિભદ્રસૂરિ, શ્રી માનતુંગ-સૂરિ તથા કવિ કાલિદાસ, કવિ ધનપાળ, કવિ બાણ વગેરેને શા માટે યાદ કરીએ છીએ? તેમણે સુંદર કાવ્યો રચ્યાં, એટલા જ માટે ને?

હ્રીઁકારની આરાધનાથી વ્યક્તિત્વનો વિકાસ પણ ઘણો પ્રબળ થાય છે અને તેના પરિણામે સમસ્ત નગરને કે સમસ્ત સભાજનોને ક્ષોભ પમાડવો હોય તો પમાડી શકાય છે. અન્ય શબ્દોમાં કહીએ તો એ જ્યાં જાય, ત્યાં એનું વર્ચસ્વ પડે છે.

વિશેષમાં તેની આજ્ઞાનું પાલન બરાબર થાય છે અને

કોઇ તેને તોડવાની કે ઓળંગવાની હિંમત કરી શકતું નથી. એટલે કે તેની આજ્ઞાનું ઐશ્વર્ય લાંબો વખત ટકી રહે છે અને તેને એક રાજા-મહારાજા જેવો મોભો પ્રાપ્ત થઈ જાય છે.

હ્રીઁકારની આરાધના કરવા માટે ધ્યાનની જે પ્રક્રિયા કરવાની છે, તેનો પ્રારંભ પૂજા અને જપથી થાય છે. હ્રીઁકારના પટ્ટનું પૂજન કરતી વખતે ચિત્તને એકાગ્ર રાખવાનું હોય છે તથા જપ કરતી વખતે આ પટ્ટ પર દૃષ્ટિને સ્થિર કરવાની હોય છે. આ રીતે અહીં જે ધ્યાનની પ્રક્રિયા થાય છે, તેને 'સાલંબન ધ્યાન' કહેવામાં આવે છે, કારણ કે તેમાં પટ્ટનું આલંબન હોય છે.

તે પછી હ્રીઁકારનું માત્ર મનની વૃત્તિએ ધ્યાન ધરવાનું હોય છે, એટલે કે માનસપટ પર હ્રીઁકારની આકૃતિને લાવવાની હોય છે અને તેમાં જૂદા જૂદા રંગની ભાવના કરવાની હોય છે, તેને 'નિરાલંબન ધ્યાન' કહેવામાં આવે છે, કારણ કે તેમાં પટ્ટ કે એવી બીજી કોઈ સ્થૂલ વસ્તુનું આલંબન હોતું નથી.

હવે હ્રીઁકારનું શ્વેતવર્ણે નિરાલંબન ધ્યાન ધરતાં કેવું ફળ મળે છે? તે કલ્પકાર ચૌદમી ગાથામાં આ પ્રમાણે કહે છે:

**किं बहूक्तैर्निरालम्बं, सितध्यानं करोत्यदः ।**
**सर्वपापक्षयं पुंसां, नात्र कार्या विचारणा ॥१४॥**

किं बहु उक्तं:-વિશેષ કહેવાથી શું? अदः-આ, આ હ્રીંકારનું. निरालम्बं-આલંબનરહિત. सितध्यानं-શ્વેતવર્ણે કરાતું ધ્યાન. पुंसां-પુરુષોના, આરાધકોનાં. सर्वपापक्षयं-સર્વ પાપોનો ક્ષય. करोति-કરે છે. अत्र विचारणा न कार्या-અમારા આ વિધાનમાં બીજો કોઈ વિચાર કરવો નહિ, એટલે કે તર્ક-વિતર્ક કરવો નહિ.

**ભાવાર્થ** : વિશેષ કહેવાથી શું? હ્રીંકારનું શ્વેતવર્ણે નિરાલંબન ધ્યાન ધરતાં આરાધકના સર્વે પાપોનો ક્ષય થાય છે. આ વસ્તુ નિઃસંદેહ છે, એટલે તેમાં અન્ય કોઈ વિચાર કરવો નહિ.

કલ્પકાર કહે છે કે જે વિષય ચાલી રહ્યો છે, તેનું વિશેષ વર્ણન કરવા ધારીએ તો થઇ શકે એમ છે, પણ સુજ્ઞજનો એટલા વર્ણનથી બધું સમજી જશે, એટલે તેનો વધારે વિસ્તાર કરવાથી સર્યું! હવે અમે આરાધનાના બીજા ભાગ પર આવીએ છીએ. તેમાં નિરાલંબન ધ્યાન મુખ્ય છે, એટલે કે આ ધ્યાન માત્ર મનની વૃત્તિએ કરવાનું છે. આ ધ્યાન અનેક વર્ણે થઈ શકે છે, પણ તેમાં મહત્ત્વ શ્વેતવર્ણનું છે. જો હ્રીँકારનું ધ્યાન શ્વેત વર્ણે ધરવામાં આવે તો આરાધકના સર્વે પાપોનો ક્ષય થઈ જાય છે, એટલે કે તે સર્વ પાપોથી રહિત એવો પવિત્ર પુરુષ બની જાય છે અને મહાપુરુષોની કોટિમાં વિરાજે છે.

એ તો પાઠકોના ખ્યાલમાં જ હશે કે આપણો આત્મા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ તથા કષાયના કારણે અનાદિકાલથી અનેક પ્રકારનાં પાપો–પાપકર્મો આચરતો આવ્યો છે અને તેના લીધે પાપકર્મોનો મહાન સંચય થયેલો છે. હજી પણ એ પાપકર્મ આચરી જ રહેલો છે. જ્યાં અઢાર પાપસ્થાનકોનું કે તેમાંનાં અમુકનું સેવન ચાલુ હોય, ત્યાં સુધી પાપકર્મ અટકે શી રીતે ?

જૈન શાસ્ત્રોમાં અઢાર પાપસ્થાનકો આ રીતે વર્ણવાયેલાં છે. ×

| | |
|---|---|
| પહેલું પ્રાણાતિપાત | – જીવહિંસા. |
| બીજું મૃષાવાદ | – અસત્ય વચનવ્યવહાર. |
| ત્રીજું અદત્તાદાન | – ચોરી, રાજ્યદંડ ઉપજે તેવાં કાર્યો. |
| ચોથું મૈથુન | – વિષયભોગ. |
| પાંચમું પરિગ્રહ | – ધન–સંપતિ વગેરે પર મૂર્છા. |
| છઠ્ઠું ક્રોધ | – ગુસ્સો, રોષની લાગણી. |
| સાતમું માન | – અભિમાન, મદ. |
| આઠમું માયા | – કપટ. |

× આ પાપસ્થાનકોનાં વિસ્તૃત વર્ણન માટે અમે ‘ પાપનો પ્રવાહ ’ નામનું એક પુસ્તક લખેલું છે અને તે ધર્મબોધ ગ્રંથમાળાના ચૌદમા મણકા તરીકે પ્રસિદ્ધ થયેલું છે. તે પાઠકોએ એક વાર અવશ્ય અવલોકી લેવું.

| | |
|---|---|
| નવમું લોભ | – તૃષ્ણા. |
| દશમું રાગ | – મમતા, મોહ. |
| અગિયારમું ષ | – ઘૃણા. |
| બારમું કલહ | – ક્લેશ, કંકાસ, ઝઘડો કરવો તે. |
| તેરમું અભ્યાખ્યાન | – કોઈ પર આળ મૂકવું તે. |
| ચૌદમું પૈશુન્ય | – ચાડી ખાવી તે. |
| પંદરમું રતિ–અરતિ | – હર્ષ અને શોક. |
| સોળમું પર–પરિવાદ | – નિંદા, બીજાનું ઘસાતું બોલવું તે. |
| સત્તરમું માયા–મૃષાવાદ | – જેમાં કપટ અને જૂઠ બંને સામેલ હોય તે, કાવતરું કરવું તે. |
| અઢારમું મિથ્યાત્વશલ્ય | – સત્યને અસત્ય માનવું, અસત્યને સત્ય માનવું કે સત્ય અને અસત્ય બંનેને સરખાં માનવાં તે. |

આમાંથી આપણે કેટલાં પાપસ્થાનકોનું કેટલા પ્રમાણમાં સેવન કરીએ છીએ ? તે સ્વયં વિચારી લેવું, જેથી અમારા ઉપર્યુક્ત કથનનું તાત્પર્ય સમજાશે.

સર્વ પાપકર્મોનો ક્ષય કરવો હોય–નાશ કરવો હોય તો સહુથી પહેલાં પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ અને મન–વચન–

કાયાનો સંયમ કેળવવો જોઈએ. પરંતુ હ્રીંકારનું શ્વેત વર્ણે ધ્યાન ધરતાં સર્વે પાપોનો સત્વર નાશ થઈ જાય છે, એ તેનું કેવું ઉત્કૃષ્ટ સુંદર ફળ!

જૈનશાસ્ત્રોમાં કહ્યું છે કે 'કર્મો ઇંધણ સમાન છે અને ધ્યાન અગ્નિ સમાન છે. જ્યારે ધ્યાનનો અગ્નિ પ્રજ્વલિત થાય છે, ત્યારે ક્રોડો ભવનાં પાપકર્મોનો ક્ષણમાં નાશ થઈ જાય છે, એટલે કે એ કર્મો આત્માથી છૂટા પડી જાય છે અને આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપે પ્રકાશવા લાગે છે.' અહીં એ પણ સ્પષ્ટ કરી દઈએ કે હ્રીંકારનું ધ્યાન એ વાસ્તવમાં પંચપરમેષ્ઠી કે ચોવીશ તીર્થંકરોનું જ ધ્યાન છે, એટલે તેનું આવું ઉત્કૃષ્ટ સુંદર પરિણામ આવે, એમાં કંઈ આશ્ચર્ય નથી.

અહીં અમને **જૈન**મહર્ષિઓનાં એ વચનો યાદ આવે છે કે 'તમે જેનું ધ્યાન ધરશો, તેના જેવા થશો. ઈયળ ભ્રમરીનું ધ્યાન ધરતાં ધરતાં ભ્રમરી બની જાય છે, તેમ તમે પરમાત્માનું ધ્યાન ધરતાં રહેશો તો એક કાળે પરમાત્મા બની જશો.'

'यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी' એ વચનો આ હકીકતનું સમર્થન કરનારાં છે; અને 'As a man thinketh so he is' એ ઉક્તિ પણ આ મહાન સત્યની પુષ્ટિ કરનારી છે.

કોઈપણ મંત્ર કે મંત્રાક્ષરનું ધ્યાન ધરવું હોય તો પ્રારંભિક અવસ્થામાં તેની આકૃતિ માનસપટ પર અંકિત

કરવી પડે છે અને તેમાં કોઈપણ રંગની ભાવના કરવી પડે છે. જ્યાં આકૃતિ આવી કે રંગ પણ આવવાનો જ. તે વિના એનું ચિત્ર માનસપટ પર બરાબર ઉઠવાનું નહિ. પરંતુ આવી આકૃતિ અને રંગ માનસપટમાં ત્યારે જ બરાબર ઉઠે છે કે જ્યારે ચિત્તની વૃત્તિઓ ઘણી શાંત અને સ્થિર હોય છે. જો એ વૃત્તિઓમાં વિશેષ ચંચળતા હોય તો આકૃતિ કે રંગ બરાબર ઉઠી શકતા નથી, એટલે કરવા ધારેલું ધ્યાન થઈ શકતું નથી અને એ રીતે ધ્યાન ધરવામાં નિષ્ફળતા મળે છે.

આજની સહુથી મોટી ફરિયાદ જ એ છે કે અમારું મન જરાયે સ્થિર નથી, તે ધજાની પૂંછડીની જેમ કે કુંજરના કાનની જેમ ચપળ બનીને ફર્યા જ કરે છે, એટલે કે એક વિષય પરથી બીજા વિષય પર અને બીજા વિષય પરથી ત્રીજા વિષય પર દોડી જાય છે. તેથી અમે એક માળા પણ બરાબર ગણી શકતા નથી. આ ફરિયાદનો અંત લાવવા માટે મનને સ્થિર કરવાની કલા શીખી લેવી જોઈએ કે જે આપણને યોગશાસ્ત્ર બહુ સારી રીતે શીખવે છે.

જેઓ યોગશાસ્ત્રનું અધ્યયન કરી શકે તેમ નથી, તેમના માર્ગદર્શન માટે અહીં કેટલાક નિયમો દર્શાવવામાં આવે છે :

(૧) સાંસારિક વાસનાઓ ઓછી કરવી. આ વાસનાઓની તીવ્રતાને લીધે જ મન ઘણું ચંચળ રહે છે.

(૨) બને તેટલો સત્સંગ કરવો. સદ્‌ગ્રંથોનું વાંચન એ પણ એક પ્રકારનો સત્સંગ છે.

(૩) બ્રહ્મચર્યનું પાલન કરવું.

(૪) બને તેટલી તપશ્ચર્યા કરવી.

(૫) કોઈ જોડે ચર્ચા કે વાદવિવાદમાં ઉતરવું નહિ, ગપ્પાં મારવાં નહિ કે કુથલીમાં પડવું નહિ.

(૬) બને તેટલું મૌન ધારણ કરવું.

(૭) એકાંત પસંદ કરવી.

(૮) ઇષ્ટમંત્રનો જપ કર્યા જ કરવો.

(૯) જ્યારે ધ્યાન કરવા બેસવું હોય ત્યારે પદ્માસન કે સુખાસને બેસવું, બરડો ટટ્ટાર રાખવો અને હડપચી જરા નીચી રાખી નેત્રોને અર્ધા ઢળેલાં રાખવાં.

(૧૦) આ વખતે હોઠ બીડેલા રાખવા, પણ દાંત ખુલ્લા રાખવા અને જીભનું ટેરવું અંદર વાળી તેને તાળવે અડાડી દેવી.

આથી મનની ચંચળતા ઘણી જ ઓછી થઇ જશે. અને ધ્યાન જામવા લાગશે.

આ ઉપાયો અનુભૂત છે, તેથી જ અહીં રજૂ કરવામાં આવ્યા છે.

હવે અન્ય રંગોએ હ્રીંકારનું ધ્યાન ધરતાં કેવું પરિણામ આવે છે, તે દર્શાવવા કલ્પકાર પંદરમી તથા સોળમી ગાથા આ પ્રમાણે કહે છે:

**मोहाकृष्टिवशाक्षोभमित्थं रक्तः करोत्ययम् ।**
**पीतः स्तम्भं रिपोर्वक्त्रबन्धं सम्यक् करोत्ययम् ॥१५॥**
**नीलो विद्वेषणं चैवोच्चाटनं तु प्रयोगतः ।**
**कृष्णवर्णो गुरुर्वाक्यादरेर्मृत्युविधायकः ॥१६॥**

इत्थं–આ પ્રમાણે. गुरोः वाक्यादरे–ગુરુના વચનનો આદર કરતાં. अयम्–આ. रक्तः–રક્તવર્ણ, રક્તવર્ણનું હ્રીँકારનું ધ્યાન. मोहाकृष्टिवशाक्षोभं–મોહન, આકર્ષણ, વશીકરણ અને આક્ષોભકર્મને. करोति–કરે છે. अयम्–આ. पीतः–પીતવર્ણ, પીળારંગનું હ્રીંકારનું ધ્યાન. स्तम्भं–સ્તંભનકર્મ. रिपोः वक्त्रबन्धं–શત્રુના મુખનું બંધન. सम्यक्–સારી રીતે. करोति–કરે છે. च–અને प्रयोगतः–પ્રયોગથી. नीलः–નીલવર્ણ, નીલવર્ણનું હ્રીँકારનું ધ્યાન. विद्वेषणं વિદ્વેષણ. एवं–એ પ્રમાણે उच्चाटनं–ઉચ્ચાટન. तु–પણ. અહીં करोति પદ અધ્યાહારથી લેવાનું છે. અને कृष्णवर्णो–કૃષ્ણવર્ણ, કૃષ્ણવર્ણે કરાતું હ્રીँકારનું ધ્યાન. मृत्युविधायकः–મૃત્યુ કરનારું થાય છે.

**ભાવાર્થ**—જો ગુરુના વચન અનુસાર હ્રીँકારનું ધ્યાન રક્તવર્ણે કરવામાં આવે તો તે મોહન, આકર્ષણ, વશીકરણ તથા આક્ષોભણ કરે છે; પીતવર્ણે કરવામાં આવે તો સ્તંભન કરે છે તથા શત્રુનું મુખ બંધ કરે છે;

નીલવર્ણે કરવામાં આવે તો વિદ્વેષણ અને ઉચ્ચાટન કરે છે; તથા કૃષ્ણવર્ણે કરવામાં આવે તો શત્રુનું મરણ નીપજાવે છે.

પૂર્વે ત્રીજી ગાથામાં કલ્પકારે કહેલું છે કે કોઈ વિશિષ્ટ કાર્ય ઉત્પન્ન થાય ત્યારે જુદા જુદા વર્ણે કરાતું હ્રીઁકારનું ધ્યાન શુભ કે અશુભ જેવું પરિણામ લાવવું હોય તેવું લાવી શકે છે. વળી તેમણે એ પણ કહ્યું જ છે કે જેનું મન ષટ્કર્મ સાધવામાં ઉત્સાહિત છે, તેણે પ્રથમ હ્રીઁકારમંત્ર (ૐ હ્રીઁ નમઃ) નો એક લાખ જપ કરી લેવો જોઈએ. હવે તેઓ આ વિષયની વધારે સ્પષ્ટતા કરતાં જણાવે છે કે જેમને આકર્ષણ, મોહન, વશીકરણ તથા આક્ષોભણકર્મ સિદ્ધ કરવું હોય, તેણે રક્તવર્ણથી હ્રીઁકારનું ધ્યાન ધરવું જોઇએ, પણ આ ધ્યાન આરાધકે પોતાની ઈચ્છાથી ઠીક લાગે તેમ ધરવાનું નથી. એ ગુરુના વચન અનુસાર ધરવાનું છે, એટલે કે ગુરુએ પરંપરાગત જે વિધિ બતાવ્યો હોય, તે પ્રમાણે ધરવાનું છે.

રક્તવર્ણે હ્રીઁકારનું ધ્યાન ધરવાનો સામાન્ય વિધિ એવો છે કે આરાધકે લાલ વસ્રો ધારણ કરવાં, આસન પણ લાલ ઊનનું રાખવું, માળા પણ લાલ રંગની એટલે પ્રવાલની કે રક્તચંદન આદિની રાખવી અને હ્રીઁકારના પટ્ટનું પૂજન પણ રક્તવર્ણના પુષ્પોથી જ કરવું, એટલે કે તેમાં જાસુદ (રતનજ્યોત) કે લાલ કરેણનો ઉપયોગ કરવો. વળી ખોરાકમાં પણ લાલ વસ્તુનો વિશેષ ઉપયોગ

કરવો, એટલે ઘઉંની વાનીઓ વિશેષ વાપરવી. વળી હ્રીँકારપટ્ટ આગળ જે બાજોઠ મૂકવામાં આવે, તેને લાલ વસ્ત્રથી આચ્છાદિત કરવો. નૈવેદ્ય આદિ તેના પરજ મૂકવું. ત્યાર પછી રક્તવર્ણે હ્રીँકારના નિરાલંબન ધ્યાન ધરવાનો પ્રારંભ કરવો. આ ધ્યાન જેટલું પ્રબલ હશે, તેટલી કાર્યસિદ્ધિ વધારે સારી અને વધારે ઝડપથી થશે.

આવું ધ્યાન ધર્યા પછી આકર્ષણને લગતા મંત્રનો ૧૦૮ જપ કરવામાં આવે તો આકર્ષણ થાય છે, મોહનને લગતા મંત્રનો ૧૦૮ જપ કરવામાં આવે તો મોહન થાય છે, વશીકરણને લગતા મંત્રનો ૧૦૮ જપ કરવામાં આવે તો વશીકરણ થાય છે અને આક્ષોભને લગતો મંત્ર ૧૦૮ વાર બોલવામાં આવે તો આક્ષોભ થાય છે. આ મંત્ર ગુરુગમથી યોગ્ય અધિકારીને અપાય છે.

દૂર રહેલી કોઇપણ વસ્તુને આપણા તરફ આકર્ષવી કે નિર્દિષ્ટ સ્થાન તરફ આકર્ષવી, તે આકર્ષણ કર્મ કહેવાય છે. આ કર્મથી સો ગાઉ કે તેથી અધિક દૂર રહેલા મનુષ્યનું પણ આકર્ષણ કરી શકાય છે. આકર્ષણનો મંત્ર ભણવા માંડયો કે તેના દિલમાં એવી અસર થાય છે કે 'ચાલ, હું હમણાં જ અમુક સ્થળે જાઉં. ત્યાં જવાની મારે જરૂર છે.' અને તે ત્યાંથી શીઘ્ર પ્રસ્થાન કરે છે.

સર્પ અમુક દૂર રહેલો હોય તો તેનું આકર્ષણ પણ આ કર્મથી કરી શકાય છે અને અમુક સ્થાનમાં અવશ્ય આવી જાય છે. જન્મેજય રાજાએ યજ્ઞ કર્યો, ત્યારે તાંત્રિકોએ

આકર્ષણકર્મનો પ્રયોગ કરવાથી સર્પના ઝુંડના ઝુંડ યજ્ઞ સ્થળે ખેંચાઈ આવ્યા હતા. આ હકીકત હિંદુ પુરાણોમાં સ્પષ્ટાક્ષરે જણાવેલી છે.

વળી મંત્રશાસ્ત્રમાં એવાં વર્ણનો પણ મળી આવે છે કે આકર્ષણકર્મનો પ્રયોગ કરતાં જ અમુક વ્યક્તિ પલંગ સહિત પોતાના સ્થાનેથી ઉડીને નિર્દિષ્ટ કરેલા સ્થાને આવી ગઈ હોય. આવા કોઈ મંત્રવાદીઓ આજે છે કે નહિ? તે અમે જાણતા નથી, પણ ઘણે દૂર રહેલી વસ્તુનું ક્ષણમાત્રમાં આકર્ષણ કરીને પોતાના સ્થાને લાવનારા મંત્રવાદીઓને અમે નજરે નિહાળ્યા છે અને તેમની એ શક્તિને ધન્યવાદ આપેલા છે. ×

મોહન કર્મથી પુરુષને કે સ્ત્રીને મોહિત કરી શકાય છે તથા પુરુષ કે સ્ત્રીના સમૂહને પણ મોહિત કરી શકાય છે. વળી રાજ્યસભાને તથા રાજાને પણ મોહિત કરવાના ખાસ પ્રયોગો છે. તે જ રીતે બળદ, ઘોડા, કૂતરા, બિલાડી વગેરે પશુઓને પણ મોહિત કરી શકાય છે. અને તેનો અમુક રીતે ઉપયોગ કરી શકાય છે. તેના કેટલાક દાખલાઓ અમારા જોવામાં આવ્યા છે. +

કોઈ પણ સ્ત્રી કે પુરુષ સંપૂર્ણપણે આપણા કબજામાં આવી જાય અને આપણે કહીએ તેટલું જ કરે, તેને વશી-

× આકર્ષણકર્મ તથા તેના તાંત્રિક પ્રયોગો માટે જુઓ–**મંત્ર-દિવાકર**–પ્રકરણ એકવીશમું.

+ મોહનકર્મ તથા તેના તાંત્રિક પ્રયોગો માટે જુઓ–**મંત્ર દિવાકર**–પ્રકરણ બાવીશમું.

કરણ કહેવામાં આવે છે. સાધુપુરુષો તથા ધર્મોપદેશકો પોતાના ચારિત્રબળથી તથા વાણીના પ્રભાવથી હજારો લોકોના મન પર ભારે પ્રભાવ પાડી શકે છે; તેને પણ એક જાતનું વશીકરણ જ કહી શકાય, પણ તે તાંત્રિક વશીકરણ નથી; આત્મશક્તિનું વશીકરણ છે, અથવા તો આધ્યાત્મિક વશીકરણ છે.+

કોઇ મનુષ્ય કે પશુમાં એકદમ ક્ષોભ ઉત્પન્ન કરવો, તેને આક્ષોભ કહેવાય છે. દાખલા તરીકે માતર ગામમાં દેવીને બલિદાન આપવા માટે એક પાડો લાવવામાં આવ્યો અને તેને મજબૂત બંધને બાંધવામાં આવ્યો. શ્રાવક–સમુદાયે આ પાડાનું બલિદાન ન આપવા લાગતાવળગતા-ઓને ઘણું સમજાવ્યું. પણ તેઓ માન્યા નહિ. તેમને ભય હતો કે જો આ રીતે દેવીને બલિદાન નહિ આપીએ તો આપણે તેનું કરેલું અનુષ્ઠાન નિષ્ફળ જશે અને તેના કોપના ભોગ બનીશું.

એજ વખતે ત્યાં શ્રીમાન્ મોહનલાલજી મહારાજ વિરાજતા હતા કે જેઓ યોગ અને મંત્રમાં વિશારદ હતા. તેમને શ્રાવકસંઘે આ બાબતમાં કંઈ પણ કરવાની વિનંતિ કરી, એટલે તેમણે તેનો સ્વીકાર કર્યો અને કેટલોક વાસ-

---

+ વશીકરણકર્મ તથા તેને લગતા તાંત્રિક પ્રયોગો માટે જુઓ –મંત્રદિવાકર–પ્રકરણ ત્રેવીશમું.

ક્ષેપ મંત્રી આપ્યો. વાસક્ષેપ કોઈ પણ રીતે પાડાના શરીર પર નાખવો, એ તેમની સૂચના હતી, એટલે શ્રાવકોએ પાડાની નજીક જઈને એ વાસક્ષેપ તેના શરીર પર નાખ્યો. એ જ ક્ષણે એ પાડામાં એવું જોર આવી ગયું કે કૂદાકૂદ કરવા લાગ્યો અને થોડી જ વારમાં બંધનો તોડીને ત્યાંથી નાસી ગયો. કોની તાકાત છે કે આ રીતે છટકેલા પાડાને પકડી શકે? ત્યાર પછી પૂજ્ય મુનિશ્રીના ઉપદેશથી એ ગામમાં દેવીને અપાતું મૂંગા પશુઓનું બલિદાન કાયમને માટે બંધ થઈ ગયું.

માનવસમૂહ કે ગામ યા નગરમાં ખળભળાટ મચી જાય, એ પણ ક્ષોભની ક્રિયા છે.

હ્રીँકારનું પીતવર્ણે ધ્યાન ધરવું હોય તો વસ્ત્ર, આસન, માળા વગેરે પીતવર્ણના એટલે પીળા રંગના રાખવામાં આવે છે અને ભોજનમાં પણ પીળી વસ્તુઓનો ઉપયોગ વિશેષ કરવામાં આવે છે. આ પીતવર્ણના ધ્યાનથી મુખ્યત્વે સ્તંભનકર્મ સિદ્ધ થાય છે અને લક્ષ્મી ઝડપથી આવવા લાગે છે.

જેનાથી ગતિનો રોધ થાય, તેને સ્તંભન કહેવામાં આવે છે. દાખલા તરીકે એક મનુષ્ય હૃષ્ટપુષ્ટ હોય અને ઘણું કામ કરવાની શક્તિ ધરાવતો હોય, પણ તેના પર સ્તંભનનો પ્રયોગ થાય તો તેના હાથ–પગ હાલતાં અટકી જાય છે, એટલું જ નહિ પણ સર્વે અંગો અકડાઇ જાય

છે અને તે કંઈ પણ કાર્ય કરી શકતો નથી. જેવી હાલતમાં તેના પર સ્તંભનપ્રયોગ થયો હોય, તેવી જ હાલતમાં તે રહી જાય છે.

કોઈ પ્રચંડ શત્રુનો હુમલો અટકાવવો હોય ત્યારે આ પ્રયોગ ઉપયોગી થઈ પડે છે. જ્યાં સમસ્ત શરીરનું સ્તંભન થઈ શકે છે, ત્યાં મુખસ્તંભન એટલે કે બોલતાં બંધ થઈ જવું, એ શી મોટી વાત છે?

વળી પ્રવાસમાં હાથી, સિંહ, વાઘ કે અન્ય જંગલી પ્રાણીઓ સામા મળે અને ધસી આવવાનો સંભવ હોય, ત્યારે પણ આ પ્રયોગ કરવામાં આવે છે. તેથી તે તે પ્રાણીઓનું સ્તંભન થાય છે અને જીવલેણ હુમલામાંથી બચી શકાય છે.

સાપને માટે પણ એમજ સમજવું. તે ગમે તેટલો જોરથી ધસ્યો આવતો હોય તો પણ સ્તંભનપ્રયોગથી અટકી જાય છે અને પોતાના સ્થાનેથી બિલકુલ ચાલી શકતો નથી. વળી તે કુંડાળું વળીને પડયો હોય અને સ્તંભનપ્રયોગ થાય તો એ જ હાલતમાં રહે છે, પછી સીધો થઈ શકતો નથી. વળી તેના મુખનું સ્તંભન પણ એ જ રીતે થાય છે, એટલે તે પોતાનું મોઢું ઉઘાડી શકતો નથી અને પોતાનો-ઝેરી દંશ બીજાને મારી શકતો નથી. પરંતુ મનુષ્ય તથા બીજા બધા પ્રાણીઓને સ્તંભનની અસરમાંથી

મંત્રદ્વારા મુક્ત કરવામાં આવે કે તેઓ પોતાની સ્વાભાવિક ગતિ કરવાને શક્તિમાન થાય છે.×

હ્રીँકારનું નીલવર્ણે ધ્યાન ધરવું હોય તો વસ્ત્ર, આસન, માળા બધાં નીલ વર્ણનાં રાખવા પડે છે અને ભોજનમાં પણ તેને અનુરૂપ ફેરફાર કરવો પડે છે. આ ધ્યાનના પરિણામે વિદ્વેષણકર્મ તથા ઉચ્ચાટનકર્મ સિદ્ધ થઇ શકે છે, એટલે કે બે અથવા વધારે મિત્રોની વચ્ચે ફુટ પડાવવી હોય અને તેમનું બળ તોડવું હોય તો તોડી શકાય છે, તથા કોઈ વ્યક્તિને તેના સ્થાનેથી ભ્રષ્ટ કરીને દૂર ભગાડવી હોય તો ભગાડી શકાય છે. સંયોગો પરત્વે આ પ્રકારના પ્રયોગો કરવામાં આવે છે. જ્યારે કોઈ માણસો સંગઠન કરીને ધર્મ પર કે ધર્મનાં સ્થાનો પર હુમલો કરતા હોય, તો તેમનું સંગઠન તોડવું જરૂરી બને છે અને તે વખતે આ પ્રયોગ ઉપયોગી થઈ પડે છે. જો બે શત્રુપક્ષ એકઠા થઇ ગયા હોય અને આપણા ગામ, નગર કે દેશ પર હુમલો કરે એવી સ્થિતિ પેદા થઇ હોય, તે વખતે આ પ્રયોગ ઘણું કામ આપે છે અને તેનાથી સહુને લાભ થાય છે.

હ્રીँકારનું ધ્યાન કૃષ્ણવર્ણે ધરવું હોય તો વસ્ત્રો કાળાં પહેરવાં પડે છે, આસન પણ કાળું વાપરવું પડે

× સ્તંભનને લગતા કેટલાક પ્રયોગો માટે જુઓ–**મંત્રદિવાકર–પ્રકરણ સત્તરમું.**

છે અને માળા પણ કાળા મણકાની જ ફેરવવી પડે છે. વળી એ વખતે ભોજન પણ તેને અનુરૂપ જ લેવું પડે છે. આ ધ્યાનના પરિણામે મારણકર્મ સિદ્ધ થાય છે, એટલે કે જે વ્યક્તિનું મરણ નીપજાવવા ધાર્યું હોય તેનું મરણ નીપજે છે.

આ પ્રયોગ એ ઘણો ઉગ્ર પ્રયોગ છે, કારણ કે આ જગતના સર્વ જીવોને પોતાનું જીવન વહાલું છે, મરવું કોઈને ગમતું નથી. એટલે પ્રાણહાનિનો પ્રસંગ આવતાં સહુને ઘણું દુઃખ થાય છે, એમ જાણીને સુજ્ઞ પુરુષો બને ત્યાં સુધી આ પ્રયોગનો આશ્રય લેતા નથી. જો બીજા ઉપાયે કામ થતું હોય, તો એ ઉપાય અજમાવે છે. પરંતુ સંઘ, સમુદાય, ધર્મ કે રાષ્ટ્રના હિતનો પ્રશ્ન ઊભો થાય અને તે સામાન્ય ઉપાયોથી ઉકલે તેવો ન હોય, ત્યારે આવો ઉપાય અજમાવવાનું તેમને આવશ્યક થઈ પડે છે.

ષટ્કર્મની બાબતમાં બીજી પણ કેટલીક વસ્તુઓ ધ્યાનમાં રાખવા જેવી છે. તે નીચેના યંત્રથી સમજી શકાશે.

# दीपनादि—प्रकार—यन्त्र

| कार्यनाम | वशीकरण | स्तम्भन | आकर्षण | शान्तिक | पौष्टिक | मारण | विद्वेषण | उच्चाटन |
|---|---|---|---|---|---|---|---|---|
| काल | पूर्वाह्न | पूर्वाह्न | पूर्वाह्न | अर्धरात्रि | प्रभात | सायंकाल | मध्याह्न | अपराह्न |
| ऋतु | वसन्त | वसन्त | वसन्त | हैमन्त | शिशिर | शरद् | ग्रीष्म | वर्षा |
| हस्त | वामहस्त | दक्षिण | दक्षिण | दक्षिण | दक्षिण | दक्षिण | दक्षिण | दक्षिण |
| अंगुलि | अनामिका | तर्जनी | कनिष्ठा | मध्यमा | मध्यमा | तर्जनी | तर्जनी | तर्जनी |
| मुद्रा | सरोजमुद्रा | शंखमुद्रा | अंकुशमुद्रा | ज्ञानमुद्रा | ज्ञानमुद्रा | वज्रासन | प्रवाल | प्रवाल |
| आसन | स्वस्तिका-सन | वज्रासन | दण्डासन | पद्मासन | पद्मासन | मुद्रासन | कुक्कुटासन | कुक्कुटासन |
| ध्यानवर्ण | रक्त | पीत | अरुण | चन्द्रकान्त | चन्द्रकान्त | कृष्ण | धूम्र | धूम्र |
| तत्त्वध्यान | जल | पृथ्वी | अग्नि | जल | पृथ्वी | व्योम | वायु | वायु |
| माला | प्रवाल | सुवर्ण | प्रवाल | स्फटिक | मुक्तामणि | पुत्रजी-वनी | पुत्रजीवनी | पुत्रजीवनी |
| पल्लव | वषट् | घे घे | वौषट् | स्वाहा | स्वाहा | घे घे | हुँ | फट् |
| मुख | उत्तर | पूर्व | दक्षिण | पश्चिम | नैऋत्य | ईशान | आग्नेय | वायव्य |

વિવિધ વર્ણે હ્રીઁકારનું ધ્યાન ધરતાં કેવી ફલપ્રાપ્તિ થાય છે? તે જણાવ્યા પછી હવે કલ્પકાર એ ધ્યાન કેવી રીતે, ક્યાં ધરવું જોઈએ? તે દર્શાવવા સત્તરમી ગાથા આ પ્રમાણે કહે છેઃ

**भ्रुवोर्मध्ये तु साध्यस्य चिन्तनीयो गुरुः क्रमात् ।**
**गृहीतस्य च चन्द्रस्याकृष्टया प्राणप्रयोगतः ॥१७॥**

साध्यस्य—સાધવા યોગ્ય એવા. च–અને. गृहीतस्य–ગ્રહણ કરાયેલા એવા. चन्द्रस्य–ચન્દ્ર સ્વરના. आकृष्टया–આકર્ષણ વડે. प्राणप्रयोगतः–પ્રાણાયામ કરીને. भ्रुवोः मध्ये–બે ભમરોની વચ્ચે. क्रमात्—ક્રમથી. गुरुः—મોટો એવો હ્રીઁકાર. चिन्तनीयः–ચિંતવવો જોઈએ.

**ભાવાર્થ** : સાધવા યોગ્ય એવા અને ગ્રહણ કરાયેલા એવા ચંદ્રસ્વરના આકર્ષણ વડે પ્રાણાયામની ક્રિયા કરીને બે ભ્રમરોની વચ્ચે હ્રીઁકારને અનુક્રમે મોટો ને મોટો ચિંતવવો.

ધ્યાનસિદ્ધિને પ્રાણાયામની ક્રિયા સાથે ઘણો સંબંધ છે, તેથી જ યોગશાસ્ત્ર તથા મંત્રશાસ્ત્ર બંનેમાં પ્રાણાયામને મહત્ત્વ અપાયેલું છે. પ્રાણાયામ એટલે પ્રાણનો–શ્વાસનો આયામ કરવો, અર્થાત્ શ્વાસ પોતાની જે રીતિએ ચાલે છે, તેનો ક્રમ બદલીને પૂરક, કુંભક તથા રેચકની ક્રિયા વડે તેનું નિયંત્રણ કરવું. આ રીતે શ્વાસોશ્વાસનું નિયંત્રણ થતાં અનેક પ્રકારના રોગો મટે છે તથા ચિત્તને સ્થિર થવાની ભૂમિકા પ્રાપ્ત થાય છે.

આવશ્યકનિર્યુક્તિમાં એક એવો ઉલ્લેખ આવે છે કે શ્વાસનું રૂંધન કરવું નહિ, કારણ કે તેથી કેટલીક વખત સદ્ય મરણ નીપજે છે. આ પરથી કેટલાક એમ માને છે કે જૈન ધર્મે પ્રાણાયામ ઉપર ખાસ ભાર આપ્યો નથી; પરંતુ આ માન્યતા સુધારવા જેવી છે.

જે સાધકો ગુરુ પાસેથી પ્રાણાયામનું સ્વરૂપ જાણ્યા વિના શ્વાસરૂંધનની ક્રિયા કરવા લાગી જાય છે, તેમાં ઉપર જણાવ્યું તેવું પરિણામ આવવાનો સંભવ ખરો, પણ ગુરુ પાસેથી તેનું માર્ગદર્શન મેળવીને તેમની નિશ્રાએ જો આ ક્રિયા કરવામાં આવે તો તેમાં આવી કોઈ દહેશત રહેતી નથી. એટલે ઉપર્યુક્ત કથનનો અર્થ એમ જ સમજવો જોઈએ કે 'ગુરુની પાસેથી શિક્ષણ મેળવ્યા વિના શ્વાસનું રૂંધન કરવું નહિ, કારણ કે તેથી કેટલીક વખત સદ્ય મરણ નીપજે છે.'

જો જૈનધર્મે પ્રાણાયામની ક્રિયાને માન્ય રાખી ન હોય તો ચતુર્દશપૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી મહાપ્રાણ ધ્યાનની સાધના માટે નેપાળની તળેટીમાં જઈને રહે શા માટે? વળી આવશ્યકનિર્યુકિતની હારિભદ્રીયા ટીકામાં પૃ. ૭૨૨ પર આચાર્ય પુષ્પભૂતિએ પણ આ ધ્યાનનો પ્રયોગ કર્યાની હકીકત નોંધાયેલી છે. વિશેષમાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં પ્રાણાયામનું વર્ણન કરેલું છે અને તેનું મહત્ત્વ સ્વીકારેલું છે. તે જ રીતે શ્રી સિંહ-તિલકસૂરિજી જેવા મહાન મંત્રવિશારદે પણ મંત્રીન

આરાધનામાં પ્રાણાયામની પ્રક્રિયાઓ બતાવી છે અને શ્રી જિનપ્રભસૂરિ જેવા જિનશાસનના શણગાર પણ ધ્યાનસિદ્ધિ પરત્વે પ્રાણાયામની પ્રક્રિયા પર ભાર મૂકી રહ્યા છે, એટલે જૈનધર્મે પણ યોગસિદ્ધિ—મંત્રસિદ્ધિ માટે પ્રાણાયામનો સ્વીકાર કરેલો છે અને આરાધકોએ તેનો વિધિ અનુસાર પ્રયોગ કરવાનો છે.

કલ્પકાર કહે છે કે હ્રીँકારના ધ્યાનની સિદ્ધિ માટે ચંદ્રસ્વર સાધવા જેવો છે. તે સાધીને અર્થાત્ ગ્રહણ કરીને તેના વડે શ્વાસનું આકર્ષણ કરવું, એટલે કે પૂરક કરવો અને એ રીતે પ્રાણાયામમાં પૂરકપૂર્વક કુંભક કરવાનો હોય છે, એટલે પૂરક વડે જે શ્વાસ ગ્રહણ કર્યો હોય તેને—કુંભ જળને ધારણ કરે તેમ—કેટલાક સમય સુધી ધારી રાખવાનો હોય છે અને ત્યાર પછી તેનું રેચન કરવાનું હોય છે, એટલે કે તેને ધીમે ધીમે બહાર કાઢી નાખવાનો હોય છે.

આવી ક્રિયા ધ્યાનસિદ્ધિના પ્રારંભમાં પાંચ—છ વખત કરવાની હોય છે અને પછી ધીમે ધીમે તેનો ક્રમ વધારીને અનુક્રમે સોળ પ્રાણાયામ સુધી પહોંચવાનું હોય છે.

આ રીતે પ્રાણાયામની ક્રિયા કર્યા પછી આરાધકે બે ભ્રમરોની વચ્ચે હ્રીँકારનું ચિંતવન કરવાનું છે. તેમાં જે વર્ણે હ્રીँકારનું ધ્યાન કરવું હોય, તે રંગનો હ્રીँકાર

ચંતવવો જોઈએ અને ક્રમે ક્રમે તેનું કદ મોટું કરવું જોઇએ. આ રીતે હ્રીँકાર જ્યારે અતિ મોટો થાય, ત્યારે તેના વર્ણના આંદોલનો ચારેબાજુ જોરથી પ્રસરે છે અને તેનો પ્રભાવ ચરાચર સમસ્ત સૃષ્ટિ પર પડે છે. એ રીતે તેના વડે આકર્ષણ, મોહન, વશીકરણ આદિ કર્મો સિદ્ધ થાય છે.

જેઓ કુંડલિની શક્તિમાં માને છે, તેઓ મુખ્યત્વે ષટ્ચક્રનું વિધાન કરે છે. તે વિધાન અનુસાર બે ભ્રમરોની વચ્ચે આજ્ઞાચક્ર આવેલું છે અને તેમાં સાધ્યનું ધ્યાન ધરતાં સિદ્ધિ ઘણી ઝડપથી થાય છે, એમ એમનું માનવું છે. જૈન સાધકોનો અભિપ્રાય તેનાથી ભિન્ન નથી, એટલે કે તેના જેવો જ છે અને તેથી જ અહિં બે ભ્રમરોની વચ્ચે ધ્યાન ધરવાનું જણાવ્યું છે.

ચંદ્રસ્વર, સૂર્યસ્વર તથા પૃથ્વી આદિ પાંચ તત્ત્વો અંગે વિશેષ જાણવું હોય, તેણે સ્વરોદય સંબંધી જ્ઞાન મેળવવું જોઈએ. તે માટે જૈન—જૈનેતર સંપ્રદાયમાં કેટલુંક સાહિત્ય રચાયેલું છે, તેનું અવગાહન કરવું જોઈએ તથા એ વિષયના જાણકારને મળીને તેનું રહસ્ય જાણી લેવું જોઈએ.

સ્વરોદયમાં સિદ્ધિ મેળવનાર ભૂત, વર્તમાન તથા ભવિષ્યની વાતો બહુ સારી રીતે જાણી શકે છે અને તેથી ઘણો લાભ થાય છે. અમને આવી સિદ્ધિ મેળવનાર એક સાધુનો પરિચય થયેલો છે. તેણે અમારા પૂછેલા બધા

પ્રશ્નોના જવાબ બરાબર આપ્યા હતા અને તેથી અમે અત્યંત પ્રભાવિત થયા હતા. અહીં એ પણ જણાવી દેવું જોઈએ કે જેમ આજે મંત્રવિશારદોની સંખ્યા ઘણી અલ્પ છે, તેમ સ્વરોદયમાં સિદ્ધિ મેળવનારની સંખ્યા પણ ઘણી અલ્પ છે, તેથી કોઈક જ વાર એવા પુરુષનો ભેટો થાય છે.

ધ્યાનનો આ વિધિ બતાવ્યા પછી તેમાં સિદ્ધિ કેવી રીતે મેળવવી ? એ કલ્પકાર અઢારમી ગાથામાં આ પ્રમાણે કહે છે :

**सालम्बाच्च निरालम्बं, निरालम्बात् पराश्रयम् ।**
**ध्यानं ध्यायन् विलोमाच्च, साधकः सिद्धिमान् भवेत्॥१८॥**

सालम्बात्—સાલંબન ધ્યાનમાંથી. निरालम्बं—નિરાલંબન ધ્યાન પર આવવું. च—અને. निरालम्बात्—નિરાલંબન ધ્યાનથી. पराश्रयम्—પરાશ્રય ધ્યાન પર આવવું. च—અને. विलोमात्—વિલોમક્રમથી. ध्यानं—ધ્યાનને. ध्यायन्—ધ્યાતો એવો. साधकः—સાધક, આરાધક. सिद्धिमान् भवेत्—સિદ્ધિવાળો થાય છે.

**ભાવાર્થ** : સાલંબન ધ્યાનમાંથી નિરાલંબન ધ્યાન પર આવવું અને નિરાલંબન ધ્યાનમાંથી પરાશ્રય ધ્યાન પર આવવું. પછી વિલોમક્રમથી ધ્યાન ધરવું, એટલે કે પરાશ્રય ધ્યાનમાંથી નિરાલંબન ધ્યાન પર આવવું અને નિરાલંબન ધ્યાન પરથી સાલંબન ધ્યાન પર આવવું. આ રીતે ધ્યાનનો અભ્યાસ કરનારો સાધક સિદ્ધિ મેળવી શકે છે.

વિદ્યા-કલા આદિ અભ્યાસથી સિદ્ધ થાય છે, તેમ ધ્યાન પણ અભ્યાસથી સિદ્ધ થાય છે. આનો અર્થ એમ સમજવાનો કે ધ્યાન એકાએક સિદ્ધ થઈ શકતું નથી, પણ પ્રયત્ન કરતાં કરતાં કેટલાક સમયે સિદ્ધ થાય છે અને તે માટે અમુક ક્રમને અનુસરવો પડે છે.

જે મનુષ્ય પ્રયત્ન—પ્રયાસ—પુરુષાર્થ કરવા તૈયાર નથી, તેને ધ્યાનસિદ્ધિ થતી નથી. વળી પ્રયત્ન-પ્રયાસ-પુરુષાર્થ આદર્યા પછી ખંત રાખવી પડે છે અને માર્ગમાં જે કંઈ વિઘ્ન આવે તેને ઓળંગી જવા માટે ધીરતા તથા વીરતા કેળવવી પડે છે. તેમ જ આ બધા સમય દરમિયાન આત્મશ્રદ્ધાનો દીપ જલતો રાખવો પડે છે. જો તેમાં ખામી આવી તો પ્રયત્ન-પ્રયાસ-પુરુષાર્થમાં મોટું ગાબડું પડે છે અને સિદ્ધિ સિદ્ધિના ઠેકાણે રહી જાય છે. તાત્પર્ય કે જેને ધ્યાનસિદ્ધિ કરવી છે, તેણે આ બધા ગુણો કેળવવા જોઇએ.

કોઈ પણ અભ્યાસ ક્રમ વિના થતો નથી. વિદ્યાભ્યાસ કરવો હોય તો પ્રથમ બાળપોથીનું, પછી પહેલી કક્ષાનું, પછી બીજી કક્ષાનું એમ ક્રમવાર શિક્ષણ લેવું પડે છે અને તો જ વિદ્યાભ્યાસમાં સિદ્ધિ સાંપડે છે. ધ્યાનના અભ્યાસનું પણ આમ જ સમજી લેવું.

તેનો પ્રારંભ સાલંબનથી કરવો, એટલે કે પ્રથમ યંત્ર, પટ્ટ, મૂર્તિ આદિ સ્થૂલ વસ્તુનું આલંબન લેવું અને

તેના પર મનની વૃત્તિઓને સ્થિર કરવી. જ્યારે મનની વૃત્તિઓ યત્ર-તત્ર ભ્રમણ કરતી બંધ થઇ જાય છે, ત્યારે જ તે એક વસ્તુ પર સ્થિર થાય છે, એ ભૂલવાનું નથી.

તમે એક મૂર્તિ સામે એકી ટશે જોઈ રહેવાનો તથા મનની વૃત્તિઓને તેમાં જ સ્થિર રાખવાનો નિર્ણય કરો અને જુઓ કે તેમાં કેટલા સફળ થાઓ છો ? હજી તો પૂરી એક મીનીટ પણ વ્યતીત થઈ નહિ હોય, ત્યાં બીજો વિચાર ટપકી પડશે અને તમારી વૃત્તિઓને ચલાયમાન કરી દેશે. તેથી જ અભ્યાસની આવશ્યક્તા સ્વીકારવામાં આવી છે. તમે મનને મક્કમ રાખો અને ફરી પણ મૂર્તિ સામે એકીટશે જોઈ રહો તથા ચિત્તવૃત્તિઓને સ્થિર રાખવાનો પ્રયત્ન કર્યા કરો તો કેટલીક સફળતા મળશે. આ અભ્યાસ શરૂ કર્યા પછી તેને નિયમિત ચાલુ રાખવો, પણ વચ્ચે ખાડો પાડવો નહિ. એમ કરવાથી કેટલાક દિવસે મનની વૃત્તિઓને સ્થિર કરી શકાશે અને સાલંબન ધ્યાનમાં પ્રગતિ થશે.

આ રીતે જ્યારે સાલંબન ધ્યાનમાં સારી એવી પ્રગતિ થાય, ત્યારે નિરાલંબન ધ્યાન શરૂ કરવું. એમાં તો માત્ર મનોવૃત્તિથી જ કામ લેવાનું છે, એટલે મનની સ્થિતિ શાંત-સ્થિર હોવી જોઈએ. જો મન કોઈ પણ કારણે અશાંત હશે, વ્યગ્ર હશે, ડહોળાયેલું હશે, તો આ ધ્યાન જામવાનું નહિ.

જૈન મહર્ષિઓ કહે છે કે જ્યાં સુધી આત્મા આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં સબડી રહ્યો છે, ત્યાં સુધી મનમાં શાંતિ કે સ્થિરતા આવતી નથી. તાત્પર્ય કે મનને શાંત અને સ્થિર કરવું હોય તો આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન છોડવા જોઈએ તથા ધર્મધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ.

અહીં પ્રશ્ન થવો સહજ છે કે 'આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન એ શી વસ્તુ છે?' એટલે તેનો પરિચય કરાવવો ઉચિત છે. જેમાં દુઃખ કે પીડાનું ચિંતન મુખ્ય હોય, તેને આર્ત્તધ્યાન કહેવાય; અને જેમાં રુદ્રતા એટલે હિંસા અસત્ય, ચોરી વગેરેનું ચિંતન મુખ્ય હોય, તેને રૌદ્રધ્યાન કહેવાય.

આર્ત્તધ્યાનના ચાર પ્રકારો છે :

(૧) **અનિષ્ટવસ્તુસંયોગ આર્ત્તધ્યાન**-કોઈ પણ અનિષ્ટ વસ્તુનો સંયોગ થઈ જતાં તેના વિયોગને માટે સતત ચિંતન કરવું તે. દાખલા તરીકે એક વ્યક્તિ તરફ અણગમો હોય, તે જ વ્યક્તિ સાથે રહેવાનો પ્રસંગ આવે ત્યારે મનમાં એવો જ વિચાર આવ્યા કરે કે આ બલા કયારે ટળે? તો એ અનિષ્ટવસ્તુસંયોગ આર્ત્તધ્યાન છે. અથવા વૃદ્ધાવસ્થા ગમતી નથી, છતાં તે આવે છે, ત્યારે એવો વિચાર આવ્યા કરે કે આમાંથી હું કયારે છૂટું? તો એ પણ અનિષ્ટવસ્તુસંયોગ આર્ત્તધ્યાન છે.

(૨) **ઇષ્ટવિયોગ આર્ત્તધ્યાન**–કોઈ પણ ઇષ્ટ કે મનને અનુકૂલ વસ્તુ ચાલી જતાં તેની પુનઃપ્રાપ્તિ માટે સતત ચિંતન કરવું કે તેના વિયોગના વિચારથી સતત ઝુરવું, તે ઇષ્ટવિયોગ આર્તધ્યાન છે. પત્ની, પુત્ર, પુત્રી કે કોઈ સ્નેહીજનનું મરણ થતાં મનમાં જે દુઃખમય વિચારો આવે છે, તે આ પ્રકારનું ઇષ્ટવિયોગ આર્ત્તધ્યાન છે. અથવા તો ધન, સંપત્તિ, અધિકાર આદિ ચાલ્યા જતાં મનમાં જે વિષાદપૂર્ણ વિચારો આવ્યા કરે છે, તે આ પ્રકારનું ઇષ્ટવિયોગ આર્ત્તધ્યાન છે.

(૩) **પ્રતિકુલવેદના આર્તધ્યાન**–શારીરિક પીડા, માનસિક પીડા કે કોઈ રોગની ઉત્પત્તિ થતાં તેને દૂર કરવાનું સતત ચિંતન કરવું, તે પ્રતિકૂલ વેદના આર્ત્તધ્યાન છે. 'હાય, વોય, બાપરે, મરી ગયો' વગેરે ઉદ્ગારો આ ધ્યાનના પ્રતાપે નીકળે છે.

(૪) **ભોગલાલસા આર્ત્તધ્યાન**–ભોગની તીવ્ર લાલસાને વશ થઈ અપ્રાપ્ત ભોગોને પ્રાપ્ત કરવાનો દૃઢ સંકલ્પ કરવો અને મનને તેમાં જ જોડાયેલું રાખવું, તે ભોગલાલસા આર્ત્તધ્યાન છે. દાખલા તરીકે એક સ્ત્રીને અતિ સુંદર જાણીને તેને મેળવવા માટે અનેક પ્રકારનાં સાહસો કરવાં અને તેને લગતી યોજનાઓ ઘડવામાં મનને પરોવાયેલું રાખવું, તે આ પ્રકારનું ભોગલાલસા આર્ત્ત-ધ્યાન છે.

તાત્પર્ય કે જે મનુષ્ય દુઃખના વિચારોમાં સબડી રહ્યો છે અને એક પ્રકારની ભયંકર અતૃપ્તિનો અનુભવ કરી રહ્યો છે, તેનું મન શાંત કે સ્થિર થઈ શકતું નથી. એ તો કડાઈમાં તેલ ઉકળતું હોય, તેની માફક ઉકળી રહ્યું હોય છે, ત્યાં શાંતિ અને સ્થિરતાનો લેશ પણ કેવો ?

રૌદ્રધ્યાનના પણ ચાર પ્રકારો છે :

(૧) **હિંસાનુબંધી રૌદ્રધ્યાન**—હિંસા સંબંધી સતત ચિંતન કરવું, તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન. 'આજે આને મારું, કાલે આનો નાશ કરું, પેલાની ખો ભૂલાવી દઉં.' વગેરે વિચારો આ પ્રકારના રૌદ્રધ્યાનમાંથી જન્મે છે.

(૨) **અનૃતાનુબંધી રૌદ્રધ્યાન**—અનૃત એટલે અસત્ય કે જૂઠ, તે સંબંધી સતત ચિંતન કરવું, તે અનૃતાનુબંધી રૌદ્રધ્યાન. સ્વાર્થ સાધવા માટે વિવિધ પ્રકારે જૂઠું બોલવાના જે વિચારો અને તેમાં રાચવાપણું એ અનૃતાનુંબંધી રૌદ્રધ્યાનનું વાસ્તવિક સ્વરૂપ છે.

(૩) **સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન**— સ્તેય એટલે અદત્તાદાન કે ચોરી. તે સંબંધી સતત ચિંતન કરવું, તે સ્તેયાનુંબંધી રૌદ્રધ્યાન. ચોર, લૂંટારા, ડાકુ, ઘરફાડું, ગજવાકાતરુ, ઠગ વગેરેની વિચારધારા આ પ્રકારની હોય છે.

(૪) **વિષયસંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન**—વિષય-ભોગની સામગ્રીનું રક્ષણ કરવા સતત ચિંતન કરવું, તે વિષયસંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન. આ મારું મકાન છે,

જોઉં છું કે એને કોણ હાથ અડાડે છે? આ મારો બગીચો છે, તેનો કબજો લેનારનો હું નાશ કર્યે જ રહીશ. આ મારી સ્ત્રી છે, તેને ઉપાડી જનારનું હું અવશ્ય ખૂન કરીશ, વગેરે વિચારો આ પ્રકારના રૌદ્રધ્યાનમાંથી ઉદ્ભવે છે.

તાત્પર્ય કે જે મનુષ્ય હિંસા, જૂઠ, ચોરી તથા વિષયભોગની લાલસામાં લપટાઈ ગયો છે, તેનું મન શાંત કે સ્થિર હોઇ શકતું નથી. એ અનેક જાતના રુદ્ર એટલે ઉગ્ર કે ક્રૂર વિચારો કરતું જ હોય છે, ત્યાં શાંતિ અને સ્થિરતાનો અનુભવ થાય શી રીતે?

આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાન છૂટી જાય અને મનને શાંત તથા સ્થિર કરી શકાય, તે માટે સામાયિકની ક્રિયા યોજાયેલી છે, એટલે સુજ્ઞજનોએ તેની બને તેટલી આરાધના કરવી જોઈએ. એવી આરાધના કરવાથી નિરાલંબન ધ્યાન ધરવાની ક્ષમતા આવી જાય છે અને તેના દ્વારા કલ્યાણની પ્રાપ્તિ થાય છે.

તપશ્ચર્યા પણ આમાં ઘણી સહાયભૂત થઈ શકે છે; કારણ કે તેનાથી શારીરિક અને માનસિક વિકારો શમી જાય છે અને ચિત્ત, શાંત, સ્વસ્થ તથા પ્રસન્ન રહે છે. શ્રમણ ભગવાન મહાવીરે ચિત્તની શુદ્ધિ કરવા માટે ઉગ્ર તપશ્ચર્યાનું આલંબન લીધું હતું, તે આપણે બરાબર યાદ રાખીએ અને આ બાબતમાં તેમનું જ અનુસરણ કરીએ. જેઓ ઉગ્ર તપશ્ચર્યા ન કરી શકે તે મધ્યમ કોટિની તપ-

શ્ચર્યા કરે અથવા તો પોતાની શક્તિને અનુસરીને તપશ્ચર્યા કરે, પણ એ સાધનને અપનાવવાનું ચૂકે નહિ.

જ્યારે નિરાલંબન ધ્યાન સારી રીતે થવા લાગે અને તેમાં પ્રગતિ થાય, ત્યારે પરાશ્રય ધ્યાન ધરવું. પર વસ્તુનો આશ્રય લઈને ધ્યાન ધરવું, તે પરાશ્રય ધ્યાન. અહીં પર શબ્દથી પ્રશસ્ત એવી ભાવનાનું સૂચન છે. તાત્પર્ય કે સુંદર શાસ્ત્રવિહિત ભાવના અનુસાર ધ્યાન ધરવું, તે પરાશ્રય ધ્યાન છે. તેનું સ્વરૂપ આગામી સાત ગાથાઓથી સમજાશે.

સાલંબન ધ્યાનમાંથી નિરાલંબન ધ્યાન પર આવીએ અને નિરાલંબન ધ્યાનથી પરાશ્રય ધ્યાન પર આવીએ, એટલે એમ સમજી લેવાનું નથી કે હવે તો ધ્યાન સિદ્ધ થઈ ગયું, તે માટે અભ્યાસ ચાલુ જ રાખવાનો છે. પ્રથમ લોમક્રમને અનુસર્યા, તો હવે વિલોમક્રમને અનુસરવો; એટલે કે પરાશ્રય ધ્યાનમાંથી નિરાલંબન ધ્યાન પર આવવું અને નિરાલંબન ધ્યાન પરથી સાલંબન ધ્યાન પર આવવું. આનો અર્થ એ છે કે જ્યાં સુધી પૂરેપૂરી ધ્યાનસિદ્ધિ ન થાય , ત્યાં સુધી આલંબનને છોડવાનું નથી. એના સતત અભ્યાસથી નિરાલંબન ધ્યાન ધરવાની ક્ષમતા આવે છે અને પરાશ્રય ધ્યાન પણ સારી રીતે ધરી શકાય છે.

ધ્યાનસિદ્ધિનો આ વિહિત માર્ગ છે અને તેને આરાધકોએ અનન્ય નિષ્ઠાથી અનુસરવાનો છે.

હવે કલ્પકાર પરાશ્રય ધ્યાન કેવી રીતે ધરવું ? તે વિસ્તારથી કહે છે :

क्षीरपूर्णां महीं पश्येत् सितकल्लोलमालिनीम् ।
अवृक्षपर्वतमेकामर्णवात्माद्वितीयकाम् ॥१९॥

बाधसंबाधरहितां, शान्तामानन्ददायिनीम् ।
चिन्तयेदेकमेवात्रामलं कुसुममुत्तमम् ॥२०॥

अवृक्षपर्वतम्–વૃક્ષ અને પર્વત વિનાની. बाधसंबाधरहितां–બાધા અને સંબાધાથી રહિત, ઉપદ્રવ વિનાની. शान्तां–શાંત. आनन्ददायिनीम्–આનંદદાયી, આનંદ આપનારી. क्षीरपूर्णां–ક્ષીરથીપરિપૂર્ણ, દૂધથી ભરેલી. सितकल्लोलमालिनीम्–શ્વેત કલ્લોલના સમૂહથી શોભતી. अर्णवात्म अद्वितीयकाम्–અદ્વિતીય અર્ણવ જેવી, મહાસાગર જેવી. महीं–પૃથ્વીને. पश्येत्–જુએ. અને अत्र–એમાં. एकमेव–માત્ર એક એવું. अमलं–મલરહિત, નિર્મલ. उत्तमं–ઉત્તમ પ્રકારનું. कुसुम–પુષ્પ. चिन्तयेद्–ચિંતવે.

**ભાવાર્થ** : પ્રથમ સાધક વૃક્ષ અને પર્વત વિનાની, સર્વ બાધા અને સંબાધાથી રહિત, શાંત, આનંદદાયક, દૂધથી ભરેલી અને શ્વેત કલ્લોલના–તરંગોના સમૂહથી શોભતી અદ્વિતીય મહાસાગર જેવી પૃથ્વીને જુએ અને તેમાં નિર્મલ તથા ઉત્તમ એવું માત્ર એક પુષ્પ ચિંતવે.

ઉદાત્ત અને ભવ્ય કલ્પનાનો આશ્રય લીધા વિના

મનની સ્થિતિ સુધરતી નથી, અર્થાત્ તેમાં દુઃખમય રૌદ્ર વિચારોથી જે કાલુષ્ય ઉત્પન્ન થયેલું છે—મલિનતા આવી ગયેલી છે, તે દૂર થતી નથી; તેથી જ અહીં પરાશ્રય ધ્યાન ધરવાનું વિધાન છે. જેમ લોહને પારસનો સ્પર્શ થતાં તે સુવર્ણ બની જાય છે, તેમ આરાધકને આ ધ્યાનનો પટ લાગતાં તે ભાવનાવાદી ઉચ્ચ કોટિનો પુરુષ બની જાય છે.

હવે પરાશ્રય ધ્યાન કેવી રીતે ધરવું? તે કલ્પકાર જણાવે છે. તે માટે આરાધકે પોતાની પ્રતિભાશક્તિનો—કલ્પનાનો પૂરો ઉપયોગ કરીને નીચે પ્રમાણે ભાવના કરવીઃ

જાણે કે વલયાકાર પૃથ્વી મારી સામે પથરાઈ રહેલી છે. તેમાં વૃક્ષો કે પર્વતો નથી, તે સીધી સપાટ છે, પણ દૂધથી ભરેલી છે, એટલે અદ્વિતીય ક્ષીરસાગરનું રૂપ ધારણ કરે છે. આ ક્ષીરસાગરમાં શ્વેત તરંગો ઉછળી રહ્યા છે, તેથી તે અતિ શોભાયમાન લાગે છે. તેમાં કોઈ જાતની બાધા—સંબાધા નથી, એટલે કે કોઈ જાતનો ઉપદ્રવ નથી. તે બિલકુલ શાંત છે અને તેનું દર્શન અતિશય આનંદને ઉત્પન્ન કરે એવું છે. આ ક્ષીરસાગરની મધ્યમાં એક ઉત્તમ કોટિનું નિર્મલ પુષ્પ અર્થાત્ કમલ ખીલેલું છે.

તે પછી કેવી ભાવના કરવી? તે કલ્પકાર એકવીશમી ગાથામાં આ પ્રમાણે કહે છેઃ

पत्राष्टकैस्तु ह्रीँकारं स्फाटिककर्णिकोपरि ।
स्मरेदात्मानमत्रैवोपविष्टं धवलत्विषत् ॥२१॥

તે કમળ–तु–તો. पत्राष्टकैः–આઠ પાંખડીઓથી (યુક્ત છે.) અને कर्णिकोपरि–તેની કર્ણિકાની ઉપર. स्फाटिकं–જાણે સ્ફટીકનો બન્યો હોય એવો. ह्रीँकार–હ્રીંકાર વિરાજે છે. अत्रैव–અહીં જ, આ હ્રીંકારની મધ્યમાં જ. धवलत्विषत्–ધવલ પ્રકાશને ફેંકતો એવો. आत्मानं–પોતાના આત્માને. उपविष्टं–બેઠેલો. स्मरेत्–સ્મરવો, ચિંતવવો.

ક્ષીરસાગરની મધ્યમાં જે કમલ ચિંતવ્યું, તેને આઠ પાંખડીઓ ચિંતવવી અને તેની કર્ણિકામાં એટલે મધ્ય ભાગમાં સ્ફટિકના જેવો સ્વચ્છ તથા શ્વેત એવો હ્રીँકાર ચિંતવવો. અને એ હ્રીँકારમાં ધવલ પ્રકાશને ફેંકી રહેલો એવો પોતે બેઠેલો છે, એમ ચિતવવું. એટલે કે હ્રીંકારના સાલંબન–નિરાલંબન ધ્યાનના યોગે પોતાની પાપરૂપી સર્વ કાલિમા નષ્ટ પામી છે અને પોતે હવે શુભ–શુદ્ધ–પવિત્ર ભાવનારૂપી ધવલ પ્રકાશથી વિરાજી રહ્યો છે અને હ્રીँકારની સાથે ઓતપ્રોત થઈ રહ્યો છે, એવી ભાવના કરવી.

અહીં અમને એટલું સ્પષ્ટ કરવા દો કે આવી ઉદાત્ત અને ભવ્ય ભાવનાઓ કરતાં કરતાં જ આત્માનું સર્વ કાલુષ્ય દૂર થાય છે અને તેનામાં રહેલો દિવ્ય પ્રકાશ ઝળહળી ઉઠી છે.

આજના માનસશાસ્ત્રીઓએ એ વાત કબૂલ રાખી છે કે Thoughts are things–વિચારો એક પ્રકારની વસ્તુ છે અને તેની અસર ચરાચર વસ્તુઓ પર થાય છે. ત્યારે ભાવના તો વિચારોનું Concentrated form–ઘનસ્વરૂપ છે, તેની અસર કેટલી બધી થાય ?

જેમ રસાયણના સેવનથી બળ–બુદ્ધિ–કાંતિ વધે છે, તેમ ભાવનાઓના સેવનથી આત્માનું સામર્થ્ય, આત્માનું જ્ઞાન તથા આત્માનું નૂર વધે છે અને તેનું સમસ્ત સ્વરૂપ જ બદલાઈ જાય છે. ગઈ કાલે જે આત્મા એમ માનતો હતો કે 'હું દુઃખી છું, દીન છું, મારું શું થશે ?' વગેરે વગેરે, તેજ આત્મા ઉત્તમ–આદર્શ ભાવનાઓનું સેવન કર્યા પછી એમ માનવા લાગી જાય છે કે 'હું શક્તિ–સામર્થ્યથી ભરપૂર છું, જ્ઞાનવંત છું, પ્રકાશવાન છું અને આ જગતમાં ધારું તે કરી શકું એમ છું.' આ શું ઓછો ચમત્કાર છે ?

વિચારોમાં પરિવર્તન થયું, એટલે પ્રવૃત્તિમાં પરિવર્તન થાય છે અને પ્રવૃત્તિમાં પરિવર્તન થયું, એટલે પરિણામમાં પણ પરિવર્તન થાય છે. આ જગતમાં જે જે મહાપુરુષો થયા, તે બધાએ પ્રથમ પોતાના વિચારોમાં જ પરિવર્તન કર્યું હતું અને તેને આત્માની અભિમુખ બનાવ્યા હતા, તેથી જ તેઓ માનવતાના ઉચ્ચ શિખરે પહોંચી શકયા અને ઇતિહાસનાં પૃષ્ઠોને અજવાળી ગયા.

ટૂંકમાં આપણે આગળ વધવું હોય, પ્રગતિ કરવી હોય, વિકાસ સાધવો હોય તો ઉત્તમ વિચારો અને ઉત્તમ ભાવનાઓનું સેવન કરવું જોઈએ.

અહીં એ પણ જણાવી દઈએ કે જ્યાં સુધી મંત્રનું અભેદ ચિંતન ન થાય, ત્યાં સુધી મંત્રાર્થ પ્રાપ્ત થતો નથી અને પરિણામે મંત્રચૈતન્ય પ્રકટતું નથી. આ પરાશ્રય ધ્યાન મંત્ર અને આરાધકની એકતા કરનારું છે, એટલે કે અભેદ ચિંતનના માર્ગે લઈ જનારું છે, તેથી જ અહીં તેનું વિધાન કરવામાં આવ્યું છે.

હજી આ ધ્યાનને આગળ ધપાવવાનું છે; તે આ રીતે :

**चतुर्मुखं चतुर्भेदगतिविच्छेदकारकम् ।**
**सर्वकर्मविनिर्मुक्तं सर्वसत्त्वाभयावहम् ॥२२॥**

**निरञ्जन निराबाधं सर्वव्यापारवर्जितम् ।**
**पद्मासनसमासीनं श्वेतवस्त्रविराजितम् ॥२३॥**

આરાધક પોતાના આત્માને चतुर्मुखं-ચાર મુખવાળો. चतुर्भेदगतिविच्छेदकारकम्-ચાર પ્રકારની ગતિનો વિચ્છેદ કરનારો. सर्वकर्मविनिर्मुक्तं-સર્વ કર્મોથી મૂકાયેલો. सर्वसत्त्वा--भयावहम्-સર્વ પ્રાણીઓને અભય આપનારો. निरञ्जनं-નિરંજન, ન દેખાય તેવો. निराबाधं-નિરાબાધ, કોઈ પણ જાતની બાધા વિનાનો. सर्वव्यापारवर्जितं—સર્વ પ્રવૃત્તિ-

ઓથી રહિત. **पद्मासनसमासीनं**—પદ્માસન વાળીને બેઠેલો. **श्वेतवस्त्रविराजितं**—શ્વેત વસ્ત્રોથી શોભી રહેલો જુએ.

**ભાવાર્થ** : વળી આરાધક પોતાના આત્માને ચાર મુખવાળો, ચારગતિનો વિચ્છેદ કરનારો, સર્વ કર્મોથી મુક્ત, સર્વ પ્રાણીઓને અભય આપનારો, નિરંજન, નિરાબાધ સર્વ પ્રવૃત્તિઓથી રહિત તથા પદ્માસન વાળીને બેઠેલો અને શ્વેત વસ્ત્રથી વિરાજિત હોય એવો જુએ.

'**अप्पा सो परमप्पा**–આત્મા તેજ પરમાત્મા' એ **જૈન** મહર્ષિઓએ ઉચ્ચારેલું એક મહાવાકય છે. તેનો અર્થ એ કે આપણો આત્મા સામાન્ય ભલે દેખાતો હોય, પણ જો તે શ્રદ્ધાસંપન્ન બને, સમ્યગ્ જ્ઞાનથી વિભૂષિત થાય અને જ્ઞાનીઓએ બતાવેલી આરાધનાઓનું અવલંબન લે તો અરિહંત તથા સિદ્ધરૂપ પરમાત્મા બની શકે છે.

અરિહંત અને સિદ્ધ એ આપણો ઊંચામાં ઊંચો આધ્યાત્મિક આદર્શ છે, તેથી જ આપણે સહુ પ્રથમ '**नमो अरिहंताणं**' તથા '**नमो सिद्धाणं**' ના ઉચ્ચારપૂર્વક તેમને નમસ્કાર–વંદન–પ્રણામ કરીએ છીએ.

હવે હ્રીંકારનું પરાશ્રય ધ્યાન ધરી રહેલા આરાધકે પોતાના આત્માને સાક્ષાત્ અરિહંત તથા સિદ્ધરૂપે જોવાનો છે, તે આ રીતેઃ

સમવસરણમાં બેઠેલા અરિહંત ભગવંત જેમ ચતુર્મુખ હોય છે, તેમ હું પણ ચતુર્મુખ છું, એટલે કે ચારે

દિશામાં એક એક મુખ ધરાવનારો છું. વળી તેઓ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર પ્રકારની ગતિનો વિચ્છેદ કરનારા હોય છે, તેમ હું પણ ચાર ગતિનો વિચ્છેદ કરનારો છું. વિશેષમાં તેઓ જ્ઞાનાવરણીય આદિ કર્મોથી મુક્ત હોય છે, તેમ હું પણ જ્ઞાનાવરણીય આદિ કર્મોથી મુક્ત છું અને તેઓ જેમ સર્વ જીવોને અભયદાન આપનારા હોય છે, તેમ હું પણ સર્વ જીવોને અભયદાન આપનારો છું.

અરિહંત તો ગુણના અક્ષય મહાનિધિ જેવા છે, એટલે તેમનું સ્વરૂપ અનેકાનેક રીતે ચિંતવી શકાય એવું છે. તે માટે શક્રસ્તવ એટલે નમોત્થુણં સૂત્રનો પાઠ પુનઃ પુનઃ વિચારવા જેવો છે. તેમાં કેવું અર્થગૌરવ રહેલું છે, તેનો ખ્યાલ સૂરિપુરંદર શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ તેના પર **લલિતવિસ્તરાચૈત્યવંદ**નાવૃત્તિ રચીને આપેલો છે. તેનો સાર ગૂર્જરભાષામાં પણ ઉતરેલો છે, તે આરાધકોએ અવશ્ય અવલોકી લેવો. અથવા તો તે માટે શ્રી પ્રતિક્રમણ-સૂત્રપ્રબોધટીકાના પ્રથમ ભાગનું નિરીક્ષણ કરવું.

આરાધકે પ્રસ્તુત ધ્યાનમાં આગળ વધીને એવ ભાવના કરવાની છે કે જેમ સિદ્ધ ભગવંત નિરંજન, નિરાબાધ, સર્વ પ્રવૃત્તિઓથી રહિત તથા પદ્માસનસ્થ હોય છે, તેમ હું પણ નિરંજન છું, નિરાબાધ છું, સર્વ પ્રવૃત્તિઓથી રહિત છું અને પદ્માસન વાળીને બેઠેલો છું.

વિશેષમાં તેણે પોતાના આરાધકપણાનો ખ્યાલ રાખીને એમ પણ ચિંતવવું કે હું શ્વેતવસ્ત્રોથી વિભૂષિત છું.

હવે હ્રીँકારને અનુલક્ષીને બીજી ભાવના કયા પ્રકારે કરવી? તે દર્શાવવા કલ્પકાર ચોવીશમી ગાથા આ પ્રમાણે કહે છે:

**ह्रीँकारेण शिरःस्थेन स्फाटिकेनोपशोभितम् ।**
**क्षरद्भिरमृतैर्सिक्तं मायाबीजाक्षराङ्गजैः ॥२४॥**

તે પછી **शिरःस्थेन** શિરમાં રહેલા. **स्फाटिकेन ह्रीँकारेण**–સ્ફટિક જેવા હ્રીँકાર વડે. **उपशोभितम्**–શોભી રહેલ એવી પોતાની કાયાને જુએ. તથા **मायाबीजाक्षराङ्गजैः**–માયા બીજાક્ષર–હ્રીँકારના અંગમાંથી ઉત્પન્ન થતા. **क्षरद्भिः अमृतैः**–તથા ઝરી રહેલા એવા અમૃત વડે. **सिक्तं**–સિંચાતો એવો પોતાને જુએ.

**ભાવાર્થ**: તે પછી પોતાના મસ્તકમાં હ્રીँકાર સ્થપાયેલો છે અને તેના વડે પોતે શોભી રહેલો છે, એવું ચિંતવે તથા હ્રીँકાર અક્ષરના જુદા જુદા અંગોમાંથી ઝરી રહેલા અમૃત વડે પોતે સિંચાઈ રહ્યો છે, એવું ચિંતવે.

પૃથ્વીના પટ પર ક્ષીરસાગર લહેરી રહ્યો છે, વચ્ચે

અષ્ટદલકમલ છે, તેની કર્ણિકામાં હ્રીँકાર વિરાજે છે અને તેની મધ્યમાં પોતે બેઠેલો છે. ત્યાં તે પોતાને અરિહંત અને સિદ્ધ જેવો જોયા પછી એવું ચિંતન કરે કે 'મારા મસ્તકમાં એટલે કે બ્રહ્મરંધમાં હ્રીँકાર વિરાજે છે અને તેનાથી હું શોભી રહેલ છું. વળી એ હ્રીँકારનાં પ્રત્યેક અંગમાંથી અમૃત ઝરી રહ્યું છે અને તેનો મારા શરીર પર અભિષેક થઈ રહ્યો છે, એટલે કે મારાં સર્વ અંગો અમૃત-મય બની રહ્યાં છે; હું અમૃતમય બની રહ્યો છું.'

અહા : કેવી ભવ્ય ઉદાત્ત કલ્પના છે ! આમ તો આ શરીર માટીનું છે–પંચભૂતનું પૂતળું છે અને તેની અંદર વિષય તથા કષાયનું ઝેર પૂરેપૂરું વ્યાપી ગયેલું છે, અને તે જ કારણે આપણા વર્તન તથા વ્યવહારમાં કડવાશ–ઝેર નજરે પડે છે. પરંતુ આપણા એ ઝેરનો સર્વથા નાશ થઈ જાય અને આપણે અમૃતમય બની જઈએ તો આપણું વર્તન તથા આપણો વ્યવહાર કેવો હોય !

પછી તો મુખમાંથી એવા ઉદ્‌ગારો નીકળ્યા જ કરે કે–

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥

'હું સર્વ જીવોને ખમાવું છું. સર્વ જીવો મને મારા અપરાધની ક્ષમા આપો. મારે સર્વ જીવોથી મૈત્રી છે. કોઈથી વૈર–વિરોધ નથી.'

૧૩

જ્યાં આ પ્રકારની વિશ્વમૈત્રી આવી, ત્યાં શમરસની રંગત જામવાની અને ભવભ્રમણ પર ભયંકર કાપ મૂકાવાનો, એટલે કે આરાધક અલ્પસંસારી બની જવાનો.

કલ્પકાર હવે પછીની ગાથામાં આ વસ્તુ સ્પષ્ટ કરે છે :

**इति ध्यानमयो ध्यातः सम्यक् संसारभेदकः ।**
**भवैस्त्रिभिश्चतुर्भिर्वा मोक्षमार्गं च गच्छति ॥२५॥**

इति–આ પ્રમાણે. ध्यानमयो ध्यातः–ધ્યાનમય બનીને ધ્યાન કરનારો. सम्यक्–સારી રીતે. संसारभेदकः–સંસારનો ભેદ કરનારો–નાશ કરનારો થાય છે. च–અને. त्रिभिःचतुर्भिः भवैः वा–ત્રણ કે ચાર ભવો વડે. मोक्षमार्गं गच्छति–મોક્ષમાં જાય છે.

**ભાવાર્થ**: આ પ્રમાણે ધ્યાનમય બનીને ધ્યાન કરનારો આરાધક સંસારનો સારી રીતે નાશ કરનારો થાય છે, એટલે કે ત્રણ અથવા ચાર ભવમાં અવશ્ય મોક્ષે જાય છે.

જેમાં જીવોનું એક ભવમાંથી બીજા ભવમાં સંસરણ થાય છે, તે સંસાર કહેવાય છે. તેમાં નરક, તિર્યંચ મનુષ્ય અને દેવ એ ચાર પ્રકારની ગતિ છે, એટલે કે સંસારમાં પરિભ્રમણ કરી રહેલો જીવ આ ચાર પ્રકારની ગતિમાંથી કોઈ પણ એક ગતિમાં જાય છે. વળી તે ચોરાશી

લાખ જીવયોનિમાંથી કોઈ એક યોનિમાં ઉત્પન્ન થાય છે અને ત્યાં આયુષ્યના બંધ અનુસાર જીવન ભોગવીને બીજો ભવ કરે છે. તેમાં પણ ચાર ગતિ પૈકી એક યોનિનો આશ્રય લે છે અને તેમાં ઉત્પન્ન થઈને પોતાનું જીવન પૂરું કરે છે. આમ તે એક પછી બીજો ભવ અને બીજા ભવ પછી ત્રીજો ભવ ધારણ કરે છે અને એ રીતે ભવની પરંપરા લંબાયે જ જાય છે.

જો આ રીતે સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવને સમ્યક્ત્વની સ્પર્શના થાય તો તેનો સંસાર મર્યાદિત બને છે, એટલે કે તે મોડામાં મોડો અર્ધપુદ્ગલપરાવર્ત કાલમાં× સંસારમાંથી છૂટી જાય છે અને મોક્ષગામી બને છે. પરંતુ જેને સમ્યક્ત્વની સ્પર્શના થતી નથી, તેઓ તો અનંતકાલ સુધી આ જ પ્રમાણે સંસારમાં રખડયા કરે છે, એટલે તેમના ભવભ્રમણનો અંત આવતો નથી. જેમને કોઈ પણ કાળે સમ્યક્ત્વની સ્પર્શના થાય છે, તે ભવ્ય કહેવાય છે અને કોઇ પણ કાળે સમ્યક્ત્વની સ્પર્શના થતી નથી, તે અભવ્ય કહેવાય છે.

જે આત્મા સમ્યક્ત્વ પામ્યા પછી જિનવચનોમાં અનુરક્ત થઈને તેમણે બતાવેલી કોઈ પણ આરાધના અનન્ય ભાવે કરે છે, તેનો સંસાર ઘણો જ મર્યાદિત થઈ જાય છે, એટલે કે તે થોડા જ ભવો કરીને મોક્ષમાં જાય છે.

---

× કાલનું આ માપ સમજવા માટે જુઓ–નવતત્ત્વદીપિકા–પૃ–૧૪૫થી ૧૫૧.

હ્રીँકારની જે આરાધના અહીં બતાવેલી છે, તેનું અનન્ય ભાવે આરાધન કરતાં સમ્યક્ત્વની સ્પર્શના થાય છે અને માત્ર ત્રણ કે ચાર ભવોમાં જ મોક્ષે જવાય છે.

અહીં એ પણ જણાવી દેવું જોઈએ કે આપણે સંસારની ગડમથલમાંથી ઊંચા આવતા નથી અને જ્ઞાની ભગવંતોએ જે ઉત્તમ આરાધનાઓ બતાવી છે, તે તરફ દૃષ્ટિ દોડાવતા નથી. પછી આપણું ભવભ્રમણ મર્યાદિત થાય શી રીતે? અને સંસારનો અંત આવે શી રીતે? ખરેખર! આ સ્થિતિ શોચનીય છે અને તે આપણે સુધારી લેવી જ જોઈએ.

હ્રીँકારના સાલંબન, નિરાલંબન અને પરાશ્રય ધ્યાનનો વિધિ દર્શાવ્યા પછી કલ્પકાર હ્રીँકારનો મહિમા આ પ્રમાણે વર્ણવે છે :

**चतुर्विंशतितीर्थेशैर्जैनशक्तया विभूषितः ।**
**परमेष्ठिमयश्चैव, सिद्धचक्रमयो ह्ययम् ॥२५॥**

**त्रयीमयो गुणमयः, सर्वतीर्थमयो ह्ययम् ।**
**पञ्चभूतात्मको ह्येष, लोकपालैरधिष्ठितः ॥२७॥**

**चन्द्रसूर्यादिग्रहयुग्दशदिक्पालपालितः ।**
**गृहेषु पूज्यते यस्य, तस्य स्युः सर्वसिद्धयः ॥२८॥**

अयम्—આ હ્રીँકાર, આ હ્રીँકારને. चतुर्विंशतितीर्थशैः—ચોવીશ તીર્થેશોએ, ચોવીશ તીર્થંકરોએ. जैनशक्तया—

જૈન શક્તિ વડે. विभूषितः–શોભાયમાન કરેલો છે. च–અને તે. परमेष्ठिमयः एव–તે પરમેષ્ઠિમય પણ છે. તેમજ सिद्धचक्रमयः हि–સિદ્ધચક્રમય પણ છે.

વળી अयम् हि–આ હ્રીઁકાર ખરેખર. त्रयीमयः–તત્ત્વત્રયીમય છે. गुणमयः–ગુણમય છે. सर्वतीर्थमयः–સર્વતીર્થ-મય છે. पञ्चभूतात्मकः हि–પંચભૂતાત્મક છે. તથા एष–એ. लोकपालैः अधिष्ठितः–લોકપાલોથી અધિષ્ઠિત છે.

તેમજ चन्द्रसूर्यादिग्रहयुग्–ચન્દ્ર, સૂર્ય આદિ ગ્રહોથી યુક્ત છે. તથા दशदिक्पालपालितः–દશ દિક્પાલોથી સુરક્ષિત છે. यस्य–જેના. गृहेषु–ઘરોને વિષે. तु–પાદપૂર્તિ અર્થે મૂકાયેલ છે. पूज्यते–પૂજાય છે. तस्य તેને. सर्वसिद्धयः स्युः–સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :** જેને ચોવીશ તીર્થંકરોએ જૈન શક્તિથી શોભાયમાન કરેલો છે, જે પંચપરમેષ્ઠિમય છે, સિદ્ધ-ચક્રમય છે, તત્ત્વત્રયીમય છે, ગુણમય છે, સર્વતીર્થમય છે, પંચભૂતાત્મક છે, વળી જે લોકપાલોથી અધિષ્ઠિત છે, ચંદ્ર–સૂર્ય આદિ ગ્રહોથી યુક્ત છે અને દશ દિક્પાલોથી સુરક્ષિત છે, એવો હ્રીઁકાર જેના ઘરમાં સદા પૂજાય છે, તેને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

હ્રીઁકાર એ મહામંત્રાક્ષર હોઈ અનેક પ્રકારની દૈવી શક્તિઓથી ભરપૂર છે, તેથી જ તેને ‘શક્તિ’ સંજ્ઞા આપવામાં આવી છે. હ્રીઁકારના આ શક્તિમય સ્વરૂપનો

જેટલો મહિમા ગાઈએ, તેટલો ઓછો જ છે, છતાં આરાધકોને તેનો ખ્યાલ આવે, તે માટે કલ્પકાર અહીં તેની મહિમાસૂચક કેટલીક વસ્તુઓ રજૂ કરે છે, તે આપણે ક્રમશઃ જોઈ લઇએ.

જૈન ધર્મના મંતવ્ય અનુસાર કાલ અનાદિ છે. આ અનાદિ કાલનો પ્રવાહ કાલચક્રો વડે નિર્માણ થાય છે, એટલે કે એક કાલચક્ર પૂરું થાય છે અને બીજું કાલચક્ર શરૂ થાય છે. આમ એક પછી એક કાલચક્રો આવતાં જ જાય છે અને તે અનંત ભૂતકાળમાં ભળતાં જાય છે.

એક કાલચક્ર ઘણા લાંબા સમયનું બને છે. તેમાં ઉત્સર્પિણી કાલ અને અવસર્પિણી કાલ એવા બે ભાગો હોય છે. ઉત્સર્પિણી કાલમાં વસ્તુના રસ–કસનું ઉત્સર્પણ થાય છે, એટલે કે તે ઉત્તરોત્તર વૃદ્ધિ કે વિકાસ પામતા રહે છે અને અવસર્પિણી કાલમાં વસ્તુના રસ–કસ આદિનું અવસર્પણ થાય છે, એટલે કે તે ઉત્તરોત્તર ઘટતા જાય છે. આ બંને કાલના છ–છ પેટા વિભાગો છે, તેને છ આરા કહેવામાં આવે છે.

હાલ અવસર્પિણી કાલનો પાંચમો આરો ચાલી રહ્યો છે, પણ જ્યારે ત્રીજો આરો થોડો બાકી રહ્યો હતો, ત્યારે આ ભરતક્ષેત્રમાં શ્રી ઋષભદેવ નામે પ્રથમ તીર્થંકર થયા. તેમણે લોકોને સર્વ પ્રકારનો વ્યવહાર શીખવ્યો તથા ધર્મની શિક્ષા આપી. તે પછી ચોથા આરાના છેડા

સુધીમાં બીજા ૨૩ તીર્થંકરો થયા. એમ બધા મળીને જે ચોવીશ તીર્થંકરો થયા, તેમને અહીં ચોવીશ તીર્થેશ તરીકે નિર્દેશવામાં આવ્યા છે.

જે તીર્થના ઈશ–સ્વામી છે, તે તીર્થેશ. અને જે તીર્થને કરે–સ્થાપે, તે તીર્થકૃત્, તીર્થકર કે તીર્થંકર. અહીં તીર્થ શબ્દથી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપી ચતુર્વિધ સંઘ સમજવાનો છે, કારણ કે તેના આલબંન વડે આ ભયાનક ભવસાગર તરી શકાય છે. જિન, જિનેશ, જિનેશ્વર, અર્હત્, અરિહંત, અરહંત, અરુહંત, દેવાધિદેવ, પરમાત્મા, ધર્મનાયક, ધર્મદેશક, ધર્મચક્રવર્તી વગેરે તીર્થંકરના પર્યાયશબ્દો છે. વિદ્વાનોએ તેમની સ્તુતિ ૧૦૦૮ નામો વડે પણ કરેલી છે. ×

દરેક તીર્થંકર, અર્હત્ કે જિન ભગવંતની શકિત અગાધ હોય છે. બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી કે ઇન્દ્રની શકિત તેની આગળ કોઇ વિસાતમાં નથી. ‘ચરણ અંગૂઠેરે મેરુ કંપાવિયો,’ એ પંકિત તો પાઠકોએ સાંભળી જ હશે. તેનો અર્થ એ છે કે શ્રમણ ભગવાન મહાવીરે તદ્દન બાલ્યાવસ્થામાં પોતાના જમણા પગનો અંગૂઠો મેરુપર્વત પર દબાવ્યો કે તે પર્વતરાજ કંપી ઉઠયો, ત્યારે તેમની શકિત કેટલી? તાત્પર્ય કે દરેક તીર્થંકર, અર્હત્ કે જિન-ભગવંતમાં આવી અદ્‌ભૂત–અનંત શકિત રહેલી હોય છે.

× આ સ્તુતિ નમસ્કાર–સ્વાધ્યાયના બીજા ભાગમાં છપાયેલી છે.

તેનું બીજ હ્રીँકારમાં રહેલું છે, એ તેનો કેવો અપૂર્વ મહિમા !

અહીં સંપ્રદાય એવો છે કે હ્રીँકારમાં પંચવર્ણની ભાવના કરવી અને તેમાં ચોવીશ તીર્થંકરોની તેમના દેહવર્ણે સ્થાપના કરવી. પછી તેમનું ધ્યાન ધરવું, એટલે યોગ્ય સમયે એ શક્તિ પ્રગટ થાય છે.

હ્રીँકારમાં પંચવર્ણની ભાવના આ પ્રમાણે કરવી: તેના પર જે ચંદ્રકલા છે, તેને રકત વર્ણની ચિંતવવી; તેના પર જે બિંદુ છે, તેને શ્યામ વર્ણનું ચિંતવવું અને તેના પર જે નાદ છે, તેને શ્વેત વર્ણનો ચિંતવવો. તેમાં હ્ રૂપ જે અક્ષર છે, તેને સુવર્ણવર્ણનો ચિંતવવો અને જે ઈ કાર છે, તેને નીલવર્ણનો ચિંતવવો.

ચોવીશ તીર્થંકરનો દેહવર્ણ શાસ્ત્રોમાં નીચે પ્રમાણે વર્ણવાયેલો છે :

| | |
|---|---|
| ૧ શ્રી ઋષભદેવ | સુવર્ણવર્ણ |
| ૨ શ્રી અજિતનાથ | ,, |
| ૩ શ્રી સંભવનાથ | ,, |
| ૪ શ્રી અભિનંદન સ્વામી | ,, |
| ૫ શ્રી સુમતિનાથ | ,, |
| ૬ શ્રી પદ્મપ્રભ સ્વામી | રકતવર્ણ |
| ૭ શ્રી સુપાર્શ્વનાથ | સુવર્ણવર્ણ |
| ૮ શ્રી ચંદ્રપ્રભ સ્વામી | શ્વેતવર્ણ |

| | | |
|---|---|---|
| ૯ | શ્રી સુવિધિનાથ | શ્વેતવર્ણ |
| ૧૦ | શ્રી શીતલનાથ | સુવર્ણવર્ણ |
| ૧૧ | શ્રી શ્રેયાંસનાથ | ,, |
| ૧૨ | શ્રી વાસુપૂજ્ય સ્વામી | રકતવર્ણ |
| ૧૩ | શ્રી વિમલનાથ | સુવર્ણવર્ણ |
| ૧૪ | શ્રી અનંતનાથ | ,, |
| ૧૫ | શ્રી ધર્મનાથ | ,, |
| ૧૬ | શ્રી શાંતિનાથ | ,, |
| ૧૭ | શ્રી કુંથુનાથ | ,, |
| ૧૮ | શ્રી અરનાથ | ,, |
| ૧૯ | શ્રી મલ્લિનાથ | નીલવર્ણ |
| ૨૦ | શ્રી મુનિસુવ્રત | શ્યામવર્ણ |
| ૨૧ | શ્રી નમિનાથ | સુવર્ણવર્ણ |
| ૨૨ | શ્રી નેમિનાથ | શ્યામવર્ણ |
| ૨૩ | શ્રી પાર્શ્વનાથ | નીલવર્ણ |
| ૨૪ | શ્રી મહાવીર સ્વામી | સુવર્ણવર્ણ |

એટલે હ્રીઁકારના શ્વેતવર્ણીય નાદમાં શ્રી ચન્દ્રપ્રભ સ્વામી અને શ્રી સુવિધિનાથની સ્થાપના કરવી, શ્યામવર્ણીય બિંદુમાં શ્રી મુનિસુવ્રત સ્વામી તથા શ્રી નેમિનાથની (અરિષ્ટનેમિ) સ્થાપના કરવી, રક્તવર્ણીય કલામાં શ્રી પદ્મપ્રભ સ્વામી અને શ્રી વાસુપૂજ્ય સ્વામીની સ્થાપના કરવી, નીલવર્ણીય ઈ કારમાં શ્રી મલ્લિનાથ અને શ્રી પાર્શ્વનાથની સ્થાપના કરવી અને સુવર્ણવર્ણીય હ્કારમાં

બાકીના સોળ જિનો એટલે શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી સંભવનાથ, શ્રી અભિનંદનસ્વામી, શ્રી સુમતિનાથ, શ્રી સુપાર્શ્વનાથ, શ્રી શીતલનાથ, શ્રી શ્રેયાંસનાથ, શ્રી વિમલનાથ, શ્રી અનંતનાથ, શ્રી ધર્મનાથ, શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ, શ્રી નમિનાથ, તથા શ્રી મહાવીર સ્વામીની સ્થાપના કરવી.

આ વસ્તુ **શ્રી ઋષિમંડલ સ્તોત્ર**માં નીચે પ્રમાણે કહેવાયેલી છે:

**अस्मिन् बीजे स्थिताः सर्वे, ऋषभाद्या जिनोत्तमाः।**
**वर्णैर्निजैर्निजैर्युक्ताः, ध्यातव्यास्तत्र सङ्गता ॥२१॥**

**नादश्चन्द्रसमाकारो, बिन्दुर्नीलसमप्रभः ।**
**कलारुणसमा सान्तः, स्वर्णाभः सर्वतोमुखः ॥२२॥**

**शिरः सलीन ईकारो, विनीलो वर्णतः स्मृतः ।**
**वर्णानुसारसंलीनं, तीर्थकृन्मण्डलं स्तुमः ॥२३॥**

**चन्द्रप्रभ–पुष्पदन्तौ, 'नाद'स्थितिसमाश्रितौ ।**
**'बिन्दु' मध्यगतौ नेमि–सुव्रतौ जिनसत्तमौ ॥२४॥**

**पद्मप्रभ–वासुपूज्यौ, 'कला'पदमधिष्ठितौ ।**
**'शिर' 'ई' स्थितिसंलीनौ, पार्श्वमल्ली जिनोत्तमौ ॥२५॥**

शेषास्तीर्थकृतः सर्वे 'ह-र' स्थाने नियोजिताः।
मायाबीजाक्षरं प्राप्ताश्चतुर्विंशतिरर्हताम् ॥२६॥

ऋषभं चाजितं वन्दे, सम्भवं चाभिनन्दनम् ।
श्रीसुमतिं सुपार्श्वं च, वन्दे श्रीशीतलं जिनम् ॥२७॥

श्रेयांसं विमलं वन्देऽनन्तं श्री धर्मनाथकम् ।
शान्तिं कुन्थुमरार्हन्तं, नमिं वीरं नमाम्यहम् ॥२८॥

षोडशैवं जिनानेतान्, गाङ्गेयद्युतिसन्निभान् ।
त्रिकालं नौमि सद्भक्त्या, 'ह-रा'क्षरमधिष्ठितान् ॥२९॥

**શ્રીમંત્રધિરાજકલ્પ**માં પણ આવો જ વિધિ દર્શાવેલો છે.

વળી પંચવર્ણીય હ્રીઁકારમાં પંચપરમેષ્ઠીની સ્થાપના પણ છે, તે આ પ્રમાણે :

તે અંગે **ઋષિમંડલસ્તવયંત્રાલેખનમાં** કહ્યું છે કે–

नादोऽर्हन्तः कला सिद्धाः, सान्तः सूरिः स्वरोऽपरे ।
बिन्दुः साधुरितः पञ्च-परमेष्ठिमयस्त्वसौ ॥

'નાદ એ અરિહંત છે, કલા એ સિદ્ધ છે, સાન્ત એટલે ह એ સૂરિ છે, સ્વર એટલે ई એ ઉપાધ્યાય છે અને બિંદુ એ સાધુ છે. આ પ્રમાણે આ હ્રીંકાર પંચપરમેષ્ઠિ-મય છે.'

વધારે સ્પષ્ટ કહીએ તો હ્રીંકારના શ્વેતવર્ણીય નાદમાં શ્રી અરિહંતની ભાવના કરવાની છે, શ્યામવર્ણીય બિંદુમાં સાધુની ભાવના કરવાની છે, રક્તવર્ણીય કલામાં સિદ્ધની ભાવના કરવાની છે, નીલવર્ણીય ઈકારમાં ઉપાધ્યાયની ભાવના કરવાની છે, અને બાકીના સ્વર્ણવર્ણીય હ્ અક્ષરમાં આચાર્યની ભાવના કરવાની છે. પરમેષ્ઠિયંત્રમાં તેમના વર્ણો આ પ્રમાણે નિયત થયેલા છે.

આ રીતે હ્રીँકારનું ધ્યાન ધરતાં પંચપરમેષ્ઠિનું ધ્યાન થાય છે અને તે આરાધકને મુક્તિ તથા ભુક્તિ ઉભયનાં સુખ આપે છે.

અર્હँ મંત્રની મુખ્યતાવાળા મહાન યંત્રને સિદ્ધચક્ર કહેવામાં આવે છે. તેની પૂજાનો અતિશય મહિમા છે. તાત્ત્વિક દૃષ્ટિએ આ સિદ્ધચક્રનું સમસ્ત સ્વરૂપ હ્રીँકારમાં અંતર્ગત છે; તેથી તેને સિદ્ધચક્રમય કહેવામાં આવ્યો છે. આનો અર્થ એમ સમજવો કે જે હ્રીँકારનું આરાધન કરે છે, તેને સિદ્ધચક્રનું આરાધન આપોઆપ થઈ જાય છે.

સુદેવ, સુગુરુ અને સુધર્મને તત્ત્વત્રયી કહેવામાં આવે છે. તેમાં શ્રદ્ધાન્વિત થનારને સમ્યક્ત્વની સ્પર્શના થાય છે અને તે જ આખરે ભવસાગર તરી શકે છે. આ તત્ત્વત્રયી હ્રીँકારમાં સમાયેલી છે. અરિહંત અને સિદ્ધ એ સુદેવ છે, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ સુગુરુ છે

અને તેમના વડે પ્રચારાતો ધર્મ એ સુધર્મ છે. હ્રીँકારને પંચપરમેષ્ઠિમય માનતાં આ વસ્તુઓનો તેમાં આપોઆપ સમાવેશ થઈ જાય છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને આત્માના મુખ્ય ગુણો માનવામાં આવે છે. તેના પરિપૂર્ણ વિકાસથી જ કોઈ પણ આત્મા મોક્ષમાં જઈ શકે છે. આ ત્રણેય ગુણો પ્રકટાવવાની શક્તિ હ્રીँકારમાં રહેલી છે, તેથી તેને ગુણમય કહેલો છે.

અહીં ગુણનો અર્થ સત્ત્વ, રજસ્ અને તમ એ ત્રણ પ્રકારના ગુણો કરવામાં આવે તો હ્રીँકાર એ ત્રણેય ગુણોથી યુક્ત છે અને તેથી જ તે ધાર્યું પરિણામ લાવી શકે છે.

જે સંસારસાગર તરવામાં સહાયભૂત થાય, તેને તીર્થ કહેવામાં આવે છે. આવા તીર્થોની યાત્રા કરવી અને જીવનને પવિત્ર બનાવવું, એ આરાધક આત્માઓનું મુખ્ય કર્તવ્ય છે; તેથી જ તેઓ પ્રતિવર્ષ કોઈને કોઈ તીર્થની યાત્રા કરે છે. આવાં તીર્થો અનેક છે, પણ તે બધાનો સમાવેશ હ્રીँકારમાં થઈ જાય છે. આનો પરમાર્થ એ છે કે જો અનન્ય મનથી હ્રીँકારની આરાધના કરીએ તો સર્વ તીર્થની યાત્રા કર્યા બરાબર છે.

પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચને પંચભૂત કહેવામાં આવે છે. આ વિશ્વની તમામ દશ્ય કે સ્થૂલ વસ્તુઓ તેનાથી બનેલી છે અને આપણું શરીર

પણ એ પંચભૂતનું જ બનેલું છે. જો આ પંચભૂતની શુદ્ધિ થાય તો પૂજા, જપ, ધ્યાન વગેરે ક્રિયાઓ સારી રીતે થઈ શકે છે અને ઈષ્ટ મંત્રની આરાધના સફળ થાય છે. આ પાંચ ભૂત હ્રીઁકારમાં સમાયેલા છે, તે આ રીતેઃ

હ્રીઁકારના શ્વેતવર્ણીય નાદમાં જલભૂતની સ્થાપના છે, કારણ કે તેનો રંગ શ્વેત છે.

હ્રીઁકારના શ્યામવર્ણીય બિંદુમાં આકાશભૂતની સ્થાપના છે, કારણ કે તેનો રંગ શ્યામ છે.

હ્રીઁકારની રક્તવર્ણીય કલામાં અગ્નિભૂતની સ્થાપના છે, કારણ કે તેનો રંગ રક્ત છે.

હ્રીઁકારના નીલવર્ણીય ઈકારમાં વાયુભૂતની સ્થાપના છે, કારણ કે તેનો રંગ નીલ છે અને હ્રીઁકારના સુવર્ણ-વર્ણીય હ્કારમાં પૃથ્વીભૂતની સ્થાપના છે, કારણકે તેનો તેનો વર્ણ સુવર્ણ જેવો અર્થાત્ પીળો છે.

લોકનું પાલન અર્થાત્ રક્ષણ કરનાર દેવોને લોકપાલ કહેવાય છે. તે અહીં સોમ, યમ, વરુણ અને વૈશ્રવણ એટલે કુબેર જાણવા, કે જે ઈન્દ્રના સામ્રાજ્યની ચાર દિશાનું રક્ષણ કરે છે. હ્રીઁકારની મંગલમૂર્તિમાં આ ચારેય લોકપાલો અધિષ્ઠિત છે.

સૂર્ય–ચંદ્ર આદિ ગ્રહો એટલે (૧) સૂર્ય, (૨) ચંદ્ર, (૩) મંગલ, (૪) બુધ, (૫) બૃહસ્પતિ (ગુરુ), (૬) શુક્ર, (૭)

શનિ, (૮) રાહુ અને (૯) કેતુ એ નવ ગ્રહો. આકાશમાં બીજા ગ્રહો અનેક છે, પણ આ નવ ગ્રહો મનુષ્યના જીવન પર વિશેષ પ્રભાવ પાડનારા હોવાથી જ્યોતિષશાસ્ત્ર તથા મંત્રશાસ્ત્રમાં તેમની ખાસ ગણના થાય છે. આ ગ્રહો શુભ હોય તો મનુષ્યને સુખશાંતિનો અનુભવ થાય છે, અન્યથા અનેક પ્રકારની વિટંબણાઓ ભોગવવી પડે છે અને જીવન ત્રાસરૂપ થઈ પડે છે. હ્રીંકાર આ નવેય ગ્રહોથી યુક્ત છે, તેની આરાધના કરનારને ગ્રહો અનુકૂળ રહે છે અને એ રીતે તેના જીવનમાં સુખ-શાંતિનો અનુભવ થાય છે.

દિક્ એટલે દિશા, તેનું જે પાલન કરે-રક્ષણ કરે, તે દિક્પાલ. દિશાઓ દશ હોવાથી તેનું પાલન કરનારા દેવોની સંખ્યા પણ દશની મનાયેલી છે. જૈન શાસ્ત્રોમાં તેનો નિર્દેશ આ રીતે મળે છે:

| **દિશા** | **રક્ષા કરનાર દેવનું નામ** |
|---|---|
| (૧) પૂર્વ | ઈન્દ્ર |
| (૨) દક્ષિણ | યમ |
| (૩) પશ્ચિમ | વરુણ |
| (૪) ઉત્તર | સોમ |
| (૫) અગ્નિ | અગ્નિ |
| (૬) નૈઋત્ય | નૈઋત (નૈઋતિ) |

× દિશા સંબંધી જૈનોનું મંતવ્ય સમજવા માટે જુઓ—નવતત્ત્વદીપિકા —પૃષ્ઠ ૧૨૧-૨૨.

| | |
|---|---|
| (૭) વાયવ્ય | વાયુ |
| (૮) ઈશાન | ઈશાન |
| (૯) ઊર્ધ્વ | બ્રહ્મ |
| (૧૦) અધઃ | નાગ |

આ દશેય દિક્પાલોથી હ્રીँકાર સુરક્ષિત છે, એટલે તેના આરાધકને કોઈ પણ દિશામાંથી ભય ઉપસ્થિત થતો નથી.

આવો અપૂર્વ મહિમાશાળી હ્રીँકાર જેના ઘરમાં પૂજાય છે, તેને સર્વ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, એટલે કોઈ પણ વસ્તુની કમી રહેતી નથી.

જીવનમાં સફલતા કેમ મેળવવી ? સર્વ પ્રકારનું સુખ શી રીતે મેળવવું ? વગેરે વિષયો પર આજે કેટલાંક પુસ્તકો પ્રસિદ્ધિ પામ્યાં છે, પણ તેની આ કલ્પ સાથે તુલના કરો તો જરૂર લાગશે કે તેમાં ખદ્યોત અને ખગપતિ જેવો તફાવત છે. અહીં દર્શાવેલી હ્રીँકારની આરાધના ઘણા પ્રાચીન કાળથી ચાલી આવે છે અને તેનો અનુભવ આજ સુધીમાં લાખો-ક્રોડો વ્યક્તિઓએ લીધેલો છે.

હવે કલ્પકાર હ્રીँકારના મહિમા અંગે એક વિશિષ્ટ વસ્તુનું સૂચન આ પ્રમાણે કરે છે:

**इयं कला सिद्धिकला बिन्दुरूपमिदं मतम् ।**
**स्वरूपं सर्व सिद्धानां, निराबाधपदात्मकम् ॥२९॥**

इयं कला-હ્રીँકાર પર રહેલી આ કલા. सिद्धि-कला-સિદ્ધિ

કલા કહેવાય છે, કારણ કે તે सर्वसिद्धानां स्वरूपं–સર્વ સિદ્ધોનું સ્વરૂપ દર્શાવે છે. અને इयं बिन्दुरूपं આ કલા પર રહેલું બિંદુ निराबाधपदात्मकं मतम्–નિરાબાધ પદવાળું મનાયેલું છે.

**ભાવાર્થ**: હ્રીંકાર પર જે કલા છે, તેને સિદ્ધશિલા સમજવાની છે, કારણ કે તેમાં સર્વ સિદ્ધોનો નિવાસ છે અને તેના પર જે બિંદુ છે, તે તેમની નિરાબાધ પદવાળી સ્થિતિનું સૂચન કરે છે.

મંત્રયંત્રમાં જે આકૃતિઓનો ઉપયોગ થાય છે, તેમાં કેટલુંક રહસ્ય અવશ્ય હોય છે. એ રીતે હ્રીંકારની આકૃતિ પર જે ચંદ્રકલા મૂકાય છે અને તેના પર બિંદુની સ્થાપના કરવામાં આવે છે, તેનું રહસ્ય દર્શાવતાં કલ્પકાર કહે છે કે એ ચંદ્રકલાને સિદ્ધિકલા એટલે સિદ્ધશિલા સમજવાની છે; કારણ કે તેનો આકાર સિદ્ધશિલાના આકારને મળતો છે. સિદ્ધશિલા એટલે જ્યાં સર્વ સિદ્ધોએ સ્થિતિ કરેલી છે, એવું વિશિષ્ટ સ્થાન. તે લોકના અગ્રભાગે આવેલું છે અને શ્વેત વર્ણની પ્રભાને ધારણ કરનારું છે.

આપણે રોજ પ્રભુજી સન્મુખ અગ્રપૂજાના અધિકારે અક્ષતનો સ્વસ્તિક રચીએ છીએ, તેના પર અક્ષતની ત્રણ ઢગલીઓ કરીએ છીએ અને તેના પર અક્ષત વડે ચંદ્રકલા જેવી આકૃતિ નિર્માણ કરીએ છીએ, ત્યાં પણ સિદ્ધશિલાની જ ભાવના કરાય છે. એટલે ચંદ્રકલાની આકૃતિમાં સિદ્ધ

શિલાની ભાવના કરવાનો સંપ્રદાય અતિ પુરાણો છે અને કલ્પકારે તેનો જ અહીં નિર્દેશ કરેલો છે.

એ ચંદ્રકલા પર બિંદુની જે સ્થાપના થાય છે, તે સંપૂર્ણ વર્તુલકાર હોવાથી નિરાબાધ પદનું સૂચન કરે છે. જેમ વર્તુલની રેખા તેના ક્રમે એક સરખી દોરાય છે અને તેમાં કોઈ બાધ આવતો નથી, તેમ સિદ્ધશિલામાં રહેલા સર્વે સિદ્ધ ભગવંતો અક્ષય–અનંત સુખનો અનુભવ કરે છે અને તેમાં કદી કોઈ જાતની બાધા એટલે અડચણ ઊભી થતી નથી.

તાત્પર્ય કે હ્રીઁકારનો આરાધક આવશ્યકતા અનુસાર ષટ્કર્મની પ્રવૃત્તિ ભલે કરે, પણ તેનું અંતિમ ધ્યેય તો મોક્ષની પ્રાપ્તિ છે, એટલે કે સર્વ કર્મોથી રહિત થઈને સિદ્ધ–બુદ્ધ–નિરંજન બનવાનું છે, તે કદી ભૂલે નહિ. જો તે હ્રીઁકાર પરની ચંદ્રકલા તથા તેના પર રહેલા બિંદુની આ પ્રમાણે અર્થભાવના કરે, તો મોક્ષપ્રાપ્તિનું ધ્યેય સદા તેની સન્મુખ રહે છે અને તેથી એ માર્ગમાં તેની પ્રગતિ થયા જ કરે છે. જેનું ધ્યેય નિશ્ચિત છે અને તે અનુસાર સદા યોગ્ય પ્રવૃત્તિઓ કરતો રહે છે, તે પોતાના ધ્યેયને પહોંચ્યા વિના રહેતો નથી. અન્ય શબ્દોમાં કહીએ તો તે અવશ્ય સિદ્ધિ મેળવે છે અને પોતાને પ્રાપ્ત થયેલા મહામોંઘા માનવભવને સાર્થક કરે છે.

છેવટે કલ્પકાર જણાવે છે કે–

करजापं लक्षमितं होमं च तद्दशांशतः ।
कुर्याद् यः साधको मुख्यः स सर्वं वाञ्छितं लभेत् ॥३०॥

यः–જે. मुख्यः–શ્રેષ્ઠ. साधकः–સાધક, ઉપાસક, આરાધક. लक्षमितं–એક લાખ પ્રમાણ. करजापं–કરજાપ. कुर्यात्–કરે. च–અને तद् दशांशतः–તેના દશમા ભાગે. होमं–હોમ કરે. स–તે. सर्ववाञ्छितं–સર્વ મનોવાંછિતને. लभेत्–પામે છે.

**ભાવાર્થ :** જે શ્રેષ્ઠ સાધક હ્રીઁકારમંત્રનો એક લાખ કરજાપ કરે છે અને તેના દશમા ભાગે હોમ કરે છે, તે સર્વપ્રકારનાં મનોવાંછિત પામે છે.

મંત્રનો જપ માલા વડે થાય છે અને કર વડે એટલે હાથની આંગળીઓના વેઢા પ્રમાણે જપ કરતાં ૧૫ની સંખ્યા પૂરી થાય છે અને તે દરેકનો આવર્ત ડાબા હાથની આંગળીઓના વેઢાથી યાદ રાખતાં ૧૫ × ૧૫ = ૨૨૫ જપની ગણના થાય છે. આ રીતે ચાર વખત ગણના કરતાં ૯૦૦ની સંખ્યા પૂરી થાય છે અને છેલ્લી વખતે સાત આવર્ત તથા ત્રણ જપનો ઉમેરો કરતાં ૧૫ × ૭ = ૧૦૫ + ૩ = ૧૦૮ જપની સંખ્યા પૂરી થાય છે. એ રીતે કુલ ૧૦૦૮ મંત્ર જપ કરી શકાય છે.

આ લાખ જપનું અનુષ્ઠાન ૨૦ દિવસમાં પૂરું કરવું હોય તો રોજના ૫૦૦૦ કર જાપ કરવો જોઈએ. એટલે કે પાંચ વાર ૧૦૦૮ની ગણના કરવી જોઈએ. અહીં ૧૦૦૮માં ૧૦૦૦ની જ ગણના થાય છે, એ ભૂલવાનું નથી.

આ રીતે ' ॐ ह्रीँ नमः' મંત્રનો એક લાખ કર–જાપ કર્યા પછી ઉત્તરસેવામાં દશમા ભાગે હોમ કરવો જોઈએ, એટલે કે ખાસ હોમકુંડ તૈયાર કરી નીચે મુજબ ૧૦૦૦૦ આહુતિ આપવી જોઈએ.

પ્રથમ ચોરસ કુંડ તૈયાર કરી તેમાં પલાશ એટલે ખાખરાનાં લાકડાં ભરી કપૂરથી અગ્નિ પ્રગટાવવો.

તેમાં અંખડ ચોખા વાટીને ઘી, મધ, સાકર તથા ગુગળના યોગથી બનાવેલી ગોળીઓ ' ह्रीँ स्वाहा ' મંત્ર બોલવાપૂર્વક નાખતાં જવું. આવી એક ગોળી નાખતાં એક આહુતિ આપી ગણાય. એ રીતે દશ હજાર આહુતિ પૂરી કરવી. છેવટે ઘીથી ખરડેલી ૧૦૮ દ્રાક્ષ, ૧૦૮ ખારેક તથા ૧૦૮ બદામ હોમવી અને તે પછી ઘીથી ભરેલું આખું નાળિયેર હોમવું, એટલે આ હોમવિધિ પૂર્ણ થાય છે.

અહીં બીજો પણ જે સંપ્રદાય છે, તે પ્રસંગવશાત્ જણાવીએ છીએ.

જો ખેરના લાકડાં સળગાવીને તેમાં દૂધ, દહીં, મધ, સાકર તથા ચોખા અને ઘીની ૧૦૦૦ આહુતિ આપવામાં આવે તો વૈરીનો પરાજય થાય.

જો પલાશનાં લાકડાં સળગાવીને તેમાં ઘી મિશ્રિત અડદનો ૧૦૦૦ હોમ કરવામાં આવે તો પરચક્રનો ભય ટળી જાય.

જો એમાં ઘી મિશ્રિત મગ અને અડદનો ૧૦૦૦ હોમ કરવામાં આવે તો ગ્રહપીડા મટી જાય અને સર્વ પ્રકારે શાંતિ થાય.

જે વ્યક્તિના નામથી મીઠા અને રાઈનો હોમ કરવામાં આવે, તેનું આકર્ષણ થાય.

જે વ્યક્તિના નામથી સરસિયું અને લીમડાનાં પાનનો હોમ કરવામાં આવે, તેને જ્વર ચઢે તથા બીજો પણ ઉત્પાત થાય.

જે વ્યકિતના નામથી લાલ કરેણ, ઘી અને મધનો હોમ કરવામાં આવે, તેનું વશીકરણ થાય.

આકર્ષણ, ઉચ્ચાટન, મારણ તથા વશીકરણમાં હોમની સંખ્યા ૧૦૦૮ સમજવી.

આ રીતે હોમનો વિધિ જાણીને તે પ્રમાણે કાર્ય કરવાથી આરાધકના સર્વ મનોવાંછિત પૂરા થાય છે. જો માત્ર સુખશાંતિની જ ઇચ્છા હોય તો સહુથી પ્રથમ જણાવેલ વિધિએ દશ હજાર હોમ કરવો.

જો હોમ કરવાની અનુકૂળતા ન હોય તો તેનાથી ચાર ગણો જપ એટલે ૪૦૦૦૦નો જપ વિશેષ કરવો જોઈએ, પણ કાર્યસિદ્ધિ માટે હોમ અકસીર છે, એ ભૂલવાનું નથી.

શ્રી જિનપ્રભસૂરિજીએ રચેલો હ્રીઁકારકલ્પ અહીં પૂરો થાય છે. તે સર્વેના કલ્યાણનું કારણ બનો, એવી અભિલાષા સાથે આ વિવરણ પૂરું કરીએ છીએ.

[ ૯ ]

## હ્રીँકારવિદ્યાસ્તવન

હ્રીંકાર પર જેમ બૃહત્કલ્પ અને લઘુકલ્પની રચના થયેલી છે, તેમ કેટલાંક સ્તવનોની રચના પણ થયેલી છે અને તે હ્રીँકારના મહિમા તથા હ્રીँકારની આરાધના પર જુદી જુદી દૃષ્ટિએ સુંદર પ્રકાશ પાડે છે. આવા એક સ્તવનની અહીં શબ્દાર્થ, ભાવાર્થ તથા વિસ્તૃત વિવેચન સાથે રજૂઆત કરવામાં આવે છે. આ સ્તવનની રચના કુલ ૧૬ પદ્યો વડે થયેલી છે, તેમાં પ્રથમનાં પંદર પદ્ય ઉપજાતિ છંદમાં છે અને છેલ્લું પદ્ય વસંતતિલકા છંદમાં છે.

આ સ્તવન કોણે રચ્યું ? અને કયારે રચ્યું ? એ કહેવું મુશ્કેલ છે, કારણ કે પ્રસ્તુત સ્તવનમાં તેના કર્તાનો નિર્દેશ થયેલો નથી, તથા હસ્તલેખિત પ્રતિઓમાં તે અંગે ખાસ નોંધ જોવામાં આવતી નથી. પરંતુ સિંહનંદીગણિએ વિક્રમની અઢારમી સદીમાં **શ્રીપંચનમસ્કૃતિદીપક** નામની એક કૃતિ રચી છે, તેમાં આ સ્તવન સંગ્રહાયેલું છે અને તેને શ્રી પૂજ્યપાદની કૃતિ તરીકે ઓળખાવવામાં આવ્યું

છે., પરંતુ આ વસ્તુ ખાસ સંશોધન માગે છે. જ્યાં સુધી આવું સંશોધન ન થાય અને તે અંગે કોઈ પુષ્ટ પ્રમાણ મળી આવે નહિ, ત્યાં સુધી આપણે તેને કોઈ અજ્ઞાત મહાત્માની કૃતિ જ લેખવી જોઈએ, એમ અમે માનીએ છીએ.

આ સ્તવન ઘણું પ્રાસાદિક છે, હ્રીँકારનો મહિમા સુંદર રીતે રજૂ કરે છે તથા પૂર્વે વર્ણવેલી હ્રીँકારની આરાધના સાથે કોઈ જાતની વિસંગતિ ધરાવતું નથી. અન્ય રીતે કહીએ તો તેની સરસ પૂર્તિ કરનારું છે અને તે જ કારણે અહીં તેને સ્થાન આપવાનું યોગ્ય માનેલું છે.

આ સ્તવનનું પ્રથમ પદ્ય આ પ્રકારનું છે :

**सवर्णपार्श्वं ल-यमध्यसिद्धि-**
**मघीस्वरं भास्वररूपभासम् ।**
**खण्डेन्दुबिन्दु स्फुटनादशोभं,**
**त्वां शक्तिबीज ! प्रमनाः प्रणौमि ॥१॥**

सवर्णपार्श्वं—જેના પાર્શ્વમાં ‘स’ વર્ણ છે એવા. (એટલે કે ह्.) ल—यमध्यसिद्धं—જે ‘ल’ અને य ની મધ્યમાં સિદ્ધ છે, નિષ્ઠિત છે એવા. (એટલે કે र्.) अघीश्वरं—જેની અંદર ई સ્વર છે એવા, તથા भास्वररूप-भासम्—જે દેદીપ્યમાન સૂર્યના જેવી કાંતિ ધરાવે છે એવા અને खण्डेन्दुबिन्दुस्फुटनाद शोभं—જે અર્ધ ચન્દ્ર, બિંદુ તથા સ્પષ્ટ નાદથી શોભી રહેલ છે એવા. शक्तिबीज—

હે શક્તિબીજ! त्वां–તને. प्रमनाः–પ્રોલ્લસિત મનથી. प्रणौमि–સ્તવું છું.

**ભાવાર્થ** :– જેમાં ह् તથા र् તથા ई તેમજ અર્ધ ચન્દ્ર, બિંદુ અને નાદ શોભી રહેલ છે, જે સૂર્ય જેવી દેદીપ્યમાન કાંતિને ધારણ કરનાર છે, એવા હે હ્રીંકાર! હે શક્તિબીજ! તને હું અત્યંત ઉલ્લાસથી સ્તવું છું.

માનવહૃદયમાં વિવિધ પ્રકારના ભાવોનું સંવેદન જાગે છે, તેમાંથી કાવ્યનો જન્મ થાય છે અને તે જો સ્તુતિ-પ્રધાન હોય તો સ્તવનનું રૂપ ધારણ કરે છે. આ હ્રીંકાર-વિદ્યાસ્તવનનું નિર્માણ એ જ રીતે થયેલું છે. અહીં સ્તવન-કર્તાએ प्रमनाः શબ્દનો પ્રયોગ કરીને એમ સૂચવ્યું છે કે આ સ્તવન હું અત્યંત પ્રોલ્લસિત મનથી એટલે કે ભાવના ઉત્કૃષ્ટ સંવેદનપૂર્વક કરી રહ્યો છું.

ભાવ વિના ભક્તિ નથી, એ હકીકત તો સહુને વિદિત છે. જો ભક્તિ કરવી હોય, ગુણાનુવાદ કરવો હોય તો સહુથી પ્રથમ હૃદયના તાર હાલવા જોઇએ, તેમાં ઝણ-ઝણાટ પેદા થવો જોઈએ અને તેમાંથી ઊર્મિઓની પરંપરા જાગવી જોઈએ; તો જ તેમાં અવનવા ભાવો ઊઠે છે અને તે હજારો હૈયાંને સ્પર્શી જાય છે.

રાવણે અષ્ટાપદ પર્વત ઉપર હાથમાં વીણા લઈને શ્રી જિનેશ્વરદેવનું સ્તવન અતિ ભાવપૂર્વક ગાવા માંડયું, તેમાં મંદોદરી નૃત્ય વડે તાલ પૂરવા લાગી, એનો એવો રંગ જામ્યો કે રાવણને તીર્થંકર નામકર્મનો બંધ પડયો,

એટલે કે તે આ અપૂર્વ ભક્તિના પરિણામે આગામી ચોવીશીમાં એક તીર્થંકર તરીકે જન્મ ધારણ કરશે અને જગતને ધર્મનો સત્ય ઉપદેશ આપી ધર્મદેશક તથા ધર્મનાયકનું બિરુદ સાર્થક કરશે.

જ્યાં ભાવ નથી, ત્યાં ભકિત નથી; જ્યાં ભક્તિ નથી ત્યાં શક્તિ નથી; અને જ્યાં શક્તિ નથી, ત્યાં કોઈ પ્રકારની સિદ્ધિ નથી. આટલી વાત પાઠકો બરાબર યાદ રાખે તો કેવું સારું!

અહીં સ્તવનકાર ભક્તિથી ભરેલા હૈયે હ્રીઁકારના સ્તવનનો આરંભ કરે છે અને પ્રથમ તેની અક્ષરરચનાનો પરિચય આપે છે. હ્રીઁકારમાં સહુથી પહેલો ह् છે, તે स ની પાસે રહેલો છે. વર્ણમાલામાં श ष स ह એ ક્રમે વર્ણ–અક્ષરો બોલાય છે, એ તો પાઠકોના લક્ષ્ય બહાર નહિ જ હોય.

હ્રીઁકારમાં ह् પછી र् આવે છે, તે ल અને य ની વચ્ચે, એટલે કે य અને ल ના વચ્ચે રહેલો છે. જેમકે– य र ल. આ રીતે ह् + र् મળી ह्र એવો સંયુક્તાક્ષર– જોડાક્ષર બને છે. તેમાં ई સ્વર જોડાતાં અને તેના પર ચંદ્રકલા, નાદ તથા બિંદુ મૂકાતાં હ્રીઁકારની રચના પૂર્ણ થાય છે.

આ અક્ષરરચનાને ઉદ્દેશીને જૈન મંત્રવિશારદોએ કહ્યું છે કે—

वर्णान्तः पार्श्वजिनो, रेफस्तदधोगतः स धरणेन्द्रः ।
तुर्यस्वरः सबिन्दुः स भवेत् पद्मावतीसंज्ञः ॥

'વર્ણમાલાના અંતે આવેલો વર્ણ અર્થાત્ ह्, તે શ્રી ધરણેન્દ્ર છે; અને બિંદુસહિત જે ई સ્વર છે, તે શ્રી પદ્માવતી દેવી છે.' તાત્પર્ય કે ह्रीँકારમાં શ્રી ધરણેન્દ્ર અને પદ્માવતીસહિત શ્રી પાર્શ્વનાથ ભગવાન રહેલ છે.

સ્તવનકર્તાએ અહીં હ્રીઁકારને શક્તિબીજ તરીકે સંબોધ્યો છે, કારણ કે–તેની વિધિસર આરાધના–ઉપાસના કરતાં આરાધકના અંતરમાં શક્તિનો મહાસ્રોત વહેવા લાગે છે અને તેના લીધે દુર્ઘટમાં દુર્ઘટ જણાતાં કાર્યોની પણ સિદ્ધિ થાય છે. વળી જ્યારે હ્રીઁકારની સિદ્ધિ થાય છે, ત્યારે તે પૂરેપૂરો જ્યોતિર્મય બની જાય છે, એટલે કે દેદીપ્યમાન સૂર્ય જેવો ભાસે છે અને તેનાં દર્શનથી આરાધક અનેરી કૃતકૃત્યતા અનુભવે છે. પછી તેને આ જગતમાં કોઇ વસ્તુની કમી રહેતી નથી.

અહીં પ્રજ્ઞાવંત પાઠકને કદાચ એવો પ્રશ્ન થશે કે આવા સુંદર સ્તવનના પ્રારંભમાં સ્તવનકર્તાએ મંગળ કેમ નહિ કર્યું હોય? તથા અભિધેય, પ્રયોજન અને ફળનો નિર્દેશ કેમ નહિ કર્યો હોય? તેનો ઉત્તર એ છે કે હ્રીઁકારમાં ચોવીશ તીર્થંકરો, પંચ પરમેષ્ઠી તથા અન્ય દેવોનો વાસ હોવાથી તે પોતે મંગલરૂપ છે, એટલે તેને વિશેષ

મંગલની જરૂર નથી. અથવા તો સ્તવનકર્તાએ પ્રારંભમાં **सवर्णपार्श्व** શબ્દથી **ह** નો નિર્દેશ કરેલો છે અને **ह** એ પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સૂચન કરનારો હોવાથી મંગલરૂપ છે. વળી એ શબ્દની અંતર્ગત **पार्श्व** શબ્દ મૂકીને પણ સ્તવનકર્તાએ તેના માંગલિકપણાનું સૂચન કરેલું જ છે.

હવે અભિધેય પર આવીએ. સ્તવનકર્તાએ આ મંત્રમાં **सवर्णपार्श्वं** આદિ પદો વડે હ્રીँકારનાં અંગોનું વર્ણન કર્યું છે. અને છેવટે **प्रणौमि** પદ વડે તેના સ્તવનનો નિર્દેશ કર્યો છે, એટલે હ્રીँકારનું સ્તવન એ આ કૃતિનું અભિધેય છે.

હ્રીँકારની સ્તવના કરવાનું મુખ્ય પ્રયોજન એ છે કે તે મહાન શક્તિબીજ છે, તેનો પાઠકોને ખ્યાલ આપવો. અને તેની આરાધના કરતાં તે દેદીપ્યમાન સૂર્યના જેવી કાંતિથી હ્રદયમાં પ્રકાશવા લાગે છે તથા સર્વ મનોરથોની સિદ્ધિ કરે છે, એ તેનું ફળ પ્રદર્શિત કરવું.

આ રીતે આ સ્તવનમાં મંગલ, અભિધેય, પ્રયોજન તથા ફળનો નિર્દેશ થતાં શિષ્ટાચારનું યથાર્થ પરિપાલન થયેલું છે.

હવે હ્રીँકારનું સંબોધન જુદાં જુદાં કેવાં નામો વડે થાય છે, તે દર્શાવવા સ્તવનકાર બીજું પદ્ય આ પ્રમાણે કહે છે :

ह्रीँकारमेकाक्षरमादिरूपं,
मायाक्षरं कामदमादिमन्त्रम् ।
त्रैलोक्यवर्ण परमेष्ठिबीजं,
विज्ञाः स्तुवन्तीश ! भवन्तमित्थम् ॥२॥

ईश–હે ઈશ ! હે ભગવાન્ ! भवन्तं–તમને. विज्ञाः–વિદ્વાન્ પુરુષો. इत्थम्–આ પ્રકારે. स्तुवन्ति–સ્તવે છે. ह्रीँकारं–હ્રીँકાર. एकाक्षरं–એકાક્ષર. आदिरूपं–આદિ રૂપ. मायाक्षरं–માયાક્ષર. कामदं–કામદ. आदिमन्त्रं–આદિ મંત્ર. त्रैलोक्यवर्गं–ત્રૈલોક્યવર્ણ અને परमेष्ठिबीजं–પરમેષ્ઠિબીજ.

**ભાવાર્થ**–હે ઇશ ! વિદ્વાનો હ્રીँકાર, એકાક્ષર, આદિરૂપ, માયાક્ષર, કામદ, આદિમંત્ર, ત્રૈલોકયવર્ણ તથા પરમેષ્ઠિબીજ વગેરે વિશેષણો વડે તમારી સ્તુતિ કરે છે.

જેમ જિનમૂર્તિને જિન સરખા માનીને તેની સ્તુતિ–પ્રાર્થના–પૂજા કરવામાં આવે છે, તેમ હ્રીँકારને ઈશ કે ઇશ્વર માનીને તેની સ્તુતિ–સ્તવના કરવામાં આવે છે. આ રીતે તેના પ્રત્યે આંતરિક બહુમાનની લાગણી પ્રકટ કરવાથી તેના પ્રત્યે પરમ ભકિત–ભાવ જાગે છે અને તે ખરેખર ભગવાનનું કામ આપે છે.

હ્રી અક્ષર પર ચંદ્રકલા, બિંદુ એટલે અનુસ્વાર તથા નાદ હોવાથી તેને હ્રીँકાર કહેવામાં આવે છે. સંસ્કૃત ભાષામાં હ્રીનો અર્થ લજ્જા થાય છે અને તે

લલનાઓનું મુખ્ય લક્ષણ હોવાથી કેટલાકે હ્રીँકારને દેવી રૂપ માનેલો છે. તેઓ તેને લજ્જા, ગિરિજા, શક્તિ, હૃલ્લેખા, માયા, મહામાયા, પાર્વતી, ઈશ્વરી, પરમેશ્વરી, ભુવનધાત્રી, શિવપ્રિયા આદિ સ્ત્રીલિંગી નામોથી ઓળખે છે.

**મંત્રમહોદધિ** નામક તંત્રગ્રંથના પ્રથમ તરંગમાં સરસ્વતીની નવ શક્તિઓ વર્ણવેલી છે, તેમાં હ્રી ને પણ ખાસ સ્થાન અપાયેલું છે. જેમકે-શ્રી, હ્રી, ધૃતિ, મતિ, કીર્તિ, કાંતિ, બુદ્ધિ, લક્ષ્મી અને મેધા. વળી **જૈન** તંત્ર-વાદમાં શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી એ છને વર્ષધર દેવીઓ ગણવામાં આવી છે અને પૌષ્ટિક કર્મમાં તેની વિશિષ્ટ સ્થાપના થાય છે. **અર્હ્દ્અભિષેકવિધિ**ના ત્રીજા પર્વમાં આ છયે દેવીઓનું સ્મરણ કરવામાં આવ્યું છે. તેમાં હ્રી નું સ્મરણ કરતાં જણાવ્યું છે કે—

धूम्राङ्गयष्टिरसि-खेटक बीजपूर<br>
वीणाविभूषितकरा धृतरक्तवस्त्रा।<br>
ह्रीर्धोरवारण-विघातन-वाहनाढ्या,<br>
पुष्टिश्च पुष्टिकविधौ विदधातु नित्यम् ॥

'જેનો વર્ણ ધૂમ્ર જેવો છે, જેના એક હાથમાં ખડ્ગ, બીજા હાથમાં ઢાલ, ત્રીજા હાથમાં બીજોરૂં અને ચોથા હાથમાં વીણા છે, જે વિકરાળ સિંહના ઉપર આરૂઢ થયેલી છે, તે હ્રીદેવી પૌષ્ટિકવિધિમાં નિત્ય પુષ્ટિ આપો.'

વળી **ભગવતીસૂત્ર** તથા **વસુદેવહિંડી** વગેરે

ગ્રંથોમાં આવતાં વર્ણનો પરથી એમ જણાય છે કે આ છ દેવીઓને સૌભાગ્યદાયિની માનવામાં આવતી હતી અને લગ્નપ્રસંગે તેમની રત્નમય કે સુવર્ણમય મૂર્તિઓ પ્રીતિ-દાનમાં અપાતી હતી. ટૂંકમાં હ્રીદેવીને જૈન તંત્રવાદમાં ખાસ સ્થાન અપાયેલું છે, પણ તે પ્રસ્તુત હ્રીંકારથી એક જુદી જ વસ્તુ છે, એટલી વાત લક્ષ્યમાં રાખવી.

હ્રીંકાર વિદ્યામાં 'ॐ હ્રીઁ નમઃ' એવાં ત્રણ પદો હોય છે. તેમાં ॐ સેતુરૂપ છે અને **નમઃ** પલ્લવરૂપ છે. મુખ્ય મંત્રાક્ષર તો એક હ્રીં જ છે, તેથી તેને એકાક્ષર તરીકે સંબોધવામાં આવે છે. કાવ્યશાસ્ત્ર તથા મંત્રશાસ્ત્રમાં સંયુક્તાક્ષરને એક અક્ષર ગણવાનો રિવાજ છે.

હ્રીંકારને આદિરૂપ કહેવાનું કારણ એ છે કે સર્વે દૈવી તત્ત્વો તેમાંથી ઉદ્ભવેલા છે. આ વિધાન અપેક્ષા-વિશેષથી સમજવું.

હ્રીઁકારનું માયાક્ષર તરીકે સંબોધન થવાનું કારણ એ છે કે તે માયાને વ્યક્ત કરનારો અક્ષર છે. માયા એટલે શક્તિ, મહાશક્તિ.

જે સર્વ કામનાઓને દે–આપે–પૂર્ણ કરે તે કામદ. હ્રીઁકાર આરાધકની સર્વ કામનાઓને પૂર્ણ કરનારો છે, તેથી કામદ તરીકે સંબોધાય છે. વળી બધા મંત્રોમાં પહેલો અર્થાત્ મુખ્ય હોવાથી આદિમંત્ર તરીકે પણ સંબોધાય છે, અને ત્રણેય લોકનું ઐશ્વર્ય ધરાવનાર હોવાથી ત્રૈલોક્યવર્ણ તરીકે પણ તેનું સંબોધન થાય છે.

વિશેષમાં પરમેષ્ઠિબીજ તરીકે પણ તેની ખ્યાતિ છે, કારણ કે તે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચપરમેષ્ઠિની શક્તિનું અધિષ્ઠાન છે. અહીં જો પરમેષ્ઠી શબ્દથી પરબ્રહ્મ કે પરમાત્મા એવો અર્થ ગ્રહણ કરીએ તો તેમનું બીજ પણ હ્રીँકારમાં રહેલું છે.

આ રીતે હ્રીँકારની વિવિધ શક્તિઓને અનુલક્ષીને, વિદ્વાનો વિવિધ વિશેષણો વડે તેની સ્તુતિ–સ્તવના કરે છે.

**બ્રહ્મવિદ્યાવિધિ** નામના એક દિગમ્બર ગ્રંથમાં તેને લોકરાજ, લોકપતિ, જગદધિપ તથા શક્તિપ્રણવ પણ કહેવામાં આવ્યો છે, તે હ્રીँકારની વ્યાપકતા તથા તેના અદ્ભુત સામર્થ્યનું સૂચન કરે છે.

હવે સ્તવનકાર હ્રીँકારના આરાધકનું કર્તવ્ય દર્શાવવા ત્રીજું પદ્ય આ પ્રમાણે રજૂ કરે છે:

**शिष्यः सुशिक्षां सुगुरोरवाप्य,**
**शुचिर्वशी धीरमनाश्च मौनी ।**
**तदात्मबीजस्य तनोतु जाप–**
**मुपांशु नित्यं विधिना विधिज्ञः ॥३॥**

सुगुरोः–સદ્‌ગુરુ પાસેથી. सुशिक्षां–સારી શિક્ષા. अवाप्य–પામીને. विधिज्ञः शिष्यः–વિધિનો જાણકાર એવો શિષ્ય. शुचिः–પવિત્ર થઈને. वशी–ઇન્દ્રિયોને વશ કરનારો બનીને

धीरमनाः–ધીર મનવાળો થઈને. मौनी–અને તેટલું મૌન ધારણ કરીને. तद्–તે. आत्मबीजस्य–આત્મબીજનો—હ્રીઁકારનો. उपांशुजापं–ઉપાંશુ જાપ. नित्यं–નિત્ય, હંમેશાં. विधिना–વિધિપૂર્વક. तनोतु–કરે.

**ભાવાર્થ**–સુગુરુ પાસેથી સારી રીતે શિક્ષા પામીને વિધિનો જાણકાર એવો શિષ્ય પવિત્ર, ઇન્દ્રિયોને વશ કરનારો, ધીર મનવાળો તથા બને તેટલું મૌન ધારણ કરનારો બનીને નિત્ય વિધિપૂર્વક આત્મબીજ હ્રીઁકારનો ઉપાંશુ જાપ કરે.

સ્તવનકારે પ્રથમ હ્રીઁકારનો મહિમા વર્ણવ્યો તથા તેનાં જુદાં જુદાં નામોનો પરિચય કરાવ્યો. હવે તેની આરાધના કરનારે શું કરવું જોઈએ ? તેનું વર્ણન કરે છે. તેમાં સહુથી પહેલું સુગુરુ પાસેથી સુશિક્ષા પામવાનું સૂચન છે, એટલે એ વાત નક્કી કે હ્રીઁકારની આરાધના કરનારે સહુથી પ્રથમ મંત્ર–તંત્રવિશારદ અને અનેક શુભ લક્ષણોથી યુક્ત એવા સદ્‌ગુરુને શોધી કાઢવા જોઈએ અને તેમનું શરણ સ્વીકારવું જોઈએ.

મંત્રની આરાધનામાં જેટલું મહત્ત્વ મંત્રનું તથા મંત્રદેવતાનું છે, તેટલું જ મહત્ત્વ મંત્રદાતા ગુરુનું પણ છે. જો તેઓ કૃપાવંત થઈને આરાધકનો શિષ્ય તરીકે સ્વીકાર કરે અને તેને યથાવિધિ મંત્રનું દાન કરે તો આરાધકની આરાધના સફલ થાય છે. જ્યાં ગુરુની કૃપા

છે, ત્યાં વિઘ્નો પ્રાયઃ આવતાં નથી અને કદાચ આવે તો તેમનાં અદ્ભુત સામર્થ્યથી શમી જાય છે–નાશ પામે છે; તેથી જ મંત્રના આરાધકે સહુથી પ્રથમ સદ્ગુરુને શોધી તેમનાં શરણે જવાનું છે અને તેમની પાસેથી મંત્રારાધનને લગતી સર્વ શિક્ષા ગ્રહણ કરવાની છે.

જેમ સુશિક્ષા પામ્યા વિનાનો ઘોડો ગાડીએ જોડવાથી ગાડી બરાબર ચાલતી નથી કે ખાડાખડિયામાં પડી જાય છે, તેમ સુશિક્ષા પામ્યા વિનાનો સાધક–આરાધક જો મંત્રની આરાધના કરવા લાગી જાય તો એ આરાધના યથાર્થ રૂપે થતી નથી અને કેટલીક વાર તો તેનું પરિણામ વિપરીત પણ આવે છે.

અહીં સુજ્ઞ પાઠકોએ એટલો વિચાર કરવાનો છે કે કોઈ નૌકાને દરિયામાં એમને એમ છોડી દેવામાં આવે તો એ ઇષ્ટ સ્થાને પહોંચી શકે ખરી ? બીજો વિચાર એ પણ કરવાનો છે કે તેને યોગ્ય દિશામાં ચલાવવા માટે કુશળ સુકાનીની જરૂર ખરી કે નહિ ? અમને ખાતરી છે કે આમાંના પ્રથમ પ્રશ્નનો જવાબ નકારમાં અને બીજા પ્રશ્નનો જવાબ હકારમાં મળશે. તાત્પર્ય કે યોગ્ય સુકાની વિના કોઈ નૌકા પોતાના ઇષ્ટ સ્થાને પહોંચી શકતી નથી, તેમ મંત્રનો આરાધક સદ્ગુરુના યોગ્ય માર્ગદર્શન વિના ગમે તેટલી આરાધના કરે, તો પણ સિદ્ધિસમીપે પહોંચી શકતો નથી.

મંત્રનો આરાધક વિધિજ્ઞ એટલે વિધિનો જાણકાર

પણ હોવો જોઈએ. તોજ મંત્રારાધનની દરેક વિધિ યથાર્થપણે કરી શકે અને તેમાં પ્રગતિ સાધી શકે. જેને વિધિનું પૂર્ણ જ્ઞાન નથી, તે મંત્રારાધનામાં કદી સફળ થઈ શકતો નથી. વળી તે બાહ્ય–અભ્યંતર પવિત્રતાવાળો પણ હોવો જોઈએ. બાહ્ય પવિત્રતા સ્નાનાદિથી પ્રાપ્ત થાય છે અને અભ્યંતર પવિત્રતા સત્સંગ, શુભ ભાવના, ભૂતશુદ્ધિ, પ્રાણાયામ, સાત્ત્વિક ખોરાક આદિ દ્વારા પ્રાપ્ત થાય છે.

વળી તે વશી એટલે પાંચે ઇન્દ્રિયોને વશ કરનારો હોવો જોઈએ અને ધીર મનનો એટલે ગમે તેવી આપત્તિમાં પણ ધૈર્ય ગુમાવે નહિ એવા ગુણવાળો હોવો જોઈએ. આનો અર્થ એમ સમજવાનો કે જેની ઇન્દ્રિય કાબૂમાં નથી કે જેનું મન અતિ ચંચળ, બીકણ કે અસ્થિર છે, તે મંત્રની આરાધના કરી શકતો નથી.

વિશેષમાં તેણે બને તેટલું મૌન ધારણ કરવાનું છે, કારણ કે તેથી મનને શાંત અને સ્થિર કરવામાં ઘણી સહાય મળે છે.

અહીં સ્તવનકારે હ્રીँકારને આત્મબીજ કહ્યું છે, તેનો અર્થ એ છે કે હ્રીँકાર એ આત્મશક્તિનો વિકાસ કરનારું બીજ છે. આજ સુધીમાં જેણે જેણે હ્રીँકારની અનન્યમને આરાધના કરી છે, તેની આત્મશક્તિનો અપૂર્વ વિકાસ થયો છે અને તેણે કૃતાર્થતા અનુભવી છે.

આ આરાધનામાં મુખ્યત્વે હ્રીँકાર વિદ્યાનો એટલે કે 'ॐ ह्रीँ नमः' એ મંત્રનો જાપ કરવાનો છે, તે ભાષ્યમાણ એટલે મોટેથી બોલીને નહિ, પણ ઉપાંશુ એટલે બીજો સાંભળી ન શકે એ રીતે કરવો જોઈએ.+ વળી તે નિત્ય કરવાનો છે, એટલે કે શરૂ કર્યા પછી તેને એક પણ દિવસ છોડવાનો નથી. આ જાપ જો પ્રતિદિન નિયત સમયે જ કરવામાં આવે તો વધારે લાભદાયી થાય છે. તાત્પર્ય કે આરાધકે હ્રીँકારનો ઉપાંશુ જાપ નિત્ય–નિયમિત કરવો જોઈએ.

અહીં સ્તવનકારે **વિધિના** શબ્દ મૂકયો છે, તે અતિ મહત્ત્વનો છે. તેનો અર્થ એ છે કે આરાધકે હ્રીँકારની આરાધના વિધિપુરસ્સર કરવાની છે, પણ ગમે તેમ કરવાની નથી. વધારે સ્પષ્ટ કહીએ તો એ આરાધના–નિમિત્તે પૂજા, જપ, ધ્યાન આદિ જે જે ક્રિયાઓ કરવામાં આવે તે વિધિપૂર્વક કરવી જોઈએ. તેમાં જરાપણ અવિધિ ચાલી શકે નહિ.

કેટલાક કહે છે કે 'ન કરવા કરતાં અવિધિએ કરેલું સારું.' પણ એ વસ્તુ બરાબર નથી. જે કાર્ય વિધિએ થાય છે, તે બરાબર થાય છે અને તેનું પરિણામ ધાર્યું આવે છે; જ્યારે અવિધિએ કરેલું કાર્ય નષ્ટ થાય છે અને તે માટે સેવેલો શ્રમ તથા અપાયેલો ભોગ નિષ્ફળ જાય છે. રસોઈ ગમે તેમ કરવા માંડો તો થાય છે ખરી?

---

+ 'उपांशुस्तु परैरश्रूयमाणो अंतःसंजल्परूपः ।'

ઔષધનું સંયોજન ગમે તેમ કરવા માંડો તો રસાયણ બને ખરું ? અથવા મોટર, રેલ્વે કે વિમાનને ગમે તેમ ચલાવવા માંડો તો ચાલે છે ખરાં ? જો આ દરેકમાં વિધિની જરૂર રહે છે, તો મંત્રારાધનામાં વિધિની જરૂર કેમ ન રહે ?

કેટલાક કુતર્કો કરીને એમ કહે છે કે 'આમ બોલીએ તો શું અને તેમ બોલીએ તો શું ? અથવા હાથ અમુક રીતે રાખીએ તો શું અને પગ અમુક રીતે રાખીએ તો શું ?' પણ એ સમજણ વિનાની વાત છે. દરેક ક્રિયાને પોતાની વિશેષતા છે અને તે સમજીને જો તેનું આરાધન કરવામાં આવે તો તેનું ફળ અવશ્ય મળે છે. આસન, મુદ્રા, માળા, તેને ગણવાની રીત આદિ સંબંધમાં જે જે નિયમો બાંધવામાં આવ્યા છે, તે ઘણા વિચાર અને અનુભવ પછી બાંધવામાં આવેલા છે, એટલે આરાધકે તેનું પાલન અવશ્ય કરવાનું છે.

હવે સ્તવનકાર હ્રીઁકારના શ્વેતવર્ણીય ધ્યાનનું ફળ જણાવતાં કહે છે—

त्वां चिन्तयन् श्वेतकरानुकारं,
ज्योत्स्नामयीं पश्यति यस्त्रिलोकीम्।
श्रयन्ति तं तत्क्षणतोऽनवद्य-
विद्याकलाशान्तिकपौष्टिकानि ॥४॥

**यः**—જે આરાધક. त्वां—તને તારું. श्वेतकरानुकारं

—ચંદ્રમા સમાન ઉજ્જ્વલ વર્ણે. चिन्तयन्–ચિંતવતો, ચિંતન કરતો. त्रिलोकीं–ત્રણ લોકને. ज्योत्स्नामयीं–પ્રકાશ-મય. पश्यति–જુએ છે. तं–તેને अनवद्यविद्याकलाशान्तिकपौष्टिकानि–નિર્દોષ એવી વિદ્યાઓ, કલાઓ તથા શાંતિક અને પૌષ્ટિ કર્મો. तत्क्षणतः श्रयन्ति–તરત જ સિદ્ધ થાય છે.

**ભાવાર્થ** :–હે હ્રીँકાર ! ચંદ્રસમાન ઉજ્જ્વલ વર્ણથી તારું ધ્યાન ધરતો જે આરાધક ત્રણેય લોકને પ્રકાશમય જુએ છે, તેને નિર્દોષ એવી વિદ્યાઓ, કલાઓ તથા શાંતિક–પૌષ્ટિક કર્મો તરતજ સિદ્ધ થાય છે.

હ્રીँકારનું જુદા જુદા વર્ણે ધ્યાન ધરતાં જુદું જુદું ફળ મળે છે, એ હકીકત પૂર્વ પ્રકરણમાં સ્પષ્ટ કરવામાં આવી છે- વળી તેનું શ્વેત વર્ણે ધ્યાન ધરતાં સર્વ પાપોનો ક્ષય થાય છે, એ હકીકત પણ સવિસ્તર જણાવવામાં આવી છે.

આ સ્તવનનું ચોથું પદ્ય એ વસ્તુનું સમર્થન કરનારૂં છે. તેમાં જણાવ્યું છે કે જે આરાધક હ્રીँકારને ચંદ્રમા સમાન ઉજ્જ્વલ વર્ણનો ચિંતવે છે અને તેના પ્રકાશથી સ્વર્ગ, મર્ત્ય, અને પાતાલ એ ત્રણેય લોકને શ્વેત બની ગયેલા નિહાળે છે, તેને કોઈપણ વિદ્યા કે કલા તરતજ સિદ્ધ થાય છે. વળી તે, જે જે શાંતિક કે પૌષ્ટિક કર્મોની સિદ્ધિ કરવા ઈચ્છતો હોય, તેમાં જરાપણ વિલંબ થતો નથી.

આનો અર્થ એમ સમજવાનો છે કે કોઈ મહાન વિદ્યા કે કલા સિદ્ધ કરવી હોય તો તેણે પ્રથમ હ્રીઁકારનું અનુષ્ઠાન કરવું જોઈએ અને તેમાં શ્વેત સાધનોનો ઉપયોગ કરી શ્વેત વર્ણે તેનું ધ્યાન ધરવું જોઈએ. અથવા તો કોઈ ઉપદ્રવનું નિવારણ કરવું હોય, રોગ કે રોગચાળો મટાડવો હોય, ધન-ધાન્ય તથા સંપત્તિની વૃદ્ધિ કરવી હોય કે ચિત્તમાં શાંતિ-સ્થિરતા-પ્રસન્નતા લાવવી હોય તો તેણે પણ હ્રીઁકારનું શ્વેત સાધનોએ અને શ્વેત ધ્યાન વડે અનુષ્ઠાન કરવું જોઈએ. તેમાં 'ૐ હ્રીઁ નમઃ એ મંત્રનો એક લાખ જપ કરવો જોઈએ તથા બીજાં પણ જે જે વિધાનો નિયત થયેલાં છે, તે કરવા તરફ લક્ષ્ય આપવું જોઈએ.

તંત્રગ્રંથોમાં કહ્યું છે કે—

'शान्तिकादौ श्वेतवर्णं दुग्धधाराभिवर्षं चिन्त्यं, ग्रहरोगमार्यादीनां पीडामुपशाम्यति । अथवा शुद्धस्फटिकसंकाशं मुखान्निःसरन् नाभौ प्रविश्य चातुर्वर्ण्ययुतेन ध्यातव्यं तज्जपात् अणिमादि-सिद्ध्यष्टकं लभ्यते ।'

શાંતિક વગેરે કાર્યોમાં દૂધની ધારા જેવા શ્વેતવર્ણે હ્રીઁકારને ચિંતવવો. તેથી દુષ્ટ ગ્રહોની અસર, વિવિધ પ્રકારના રોગો તથા મરકી જેવા રોગચાળાની પીડાનું ઉપશમન થાય છે. અથવા શુદ્ધ સ્ફટિક જેવો હ્રીઁકાર મુખમાંથી નીકળી રહ્યો છે અને નાભિમાં પ્રવેશ કરી રહ્યો છે, એમ ચિંતવીને તેનું ચાર પ્રકારના વર્ણો એટલે શ્વેત,

રક્ત, પીત્ત અને ધૂમ્ર વર્ણે ધ્યાન ધરવું જોઈએ તથા વિધિસર મંત્રજપ કરવો જોઇએ, એટલે અણિમાદિ આઠ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.'

હવે હ્રીંકારના રક્તવર્ણીય ધ્યાનનું ફળ જણાવે છે.

त्वामेव बालारुणमण्डलाभं,
स्मृत्वा जगत् त्वत्करजालदीप्रम्।
विलोकते यः किल तस्य विश्वं,
विश्वं भवेद् वश्यमवश्यमेव ॥ ५ ॥

बालारुणमण्डलाभं–ઉગતા સૂર્યના મંડળ જેવી કાંતિવાળા. त्वाम् एव–તને. स्मृत्वा સ્મરીને. યઃ–જે. त्वत्करजालदीप्रम्–તારા કિરણોના સમૂહથી દેદીપ્યમાન એવા. जगत्–જગતને. विलोकते–જુએ છે. तस्य–તેને. किल–ખરેખર! विश्व–સમસ્ત. विश्वं–વિશ્વ. अवश्यमेय–અવશ્ય. वश्यं भवेत्–વશ થાય છે.

**ભાવાર્થ**–ઊગતા સૂર્યના મંડળ જેવી કાંતિવાળા તને સ્મરીને જે આરાધક તારા રક્ત કિરણોના સમૂહથી દેદીપ્યમાન જગતને જુએ છે, તેને ખરેખર સમસ્ત જગત્ વશ થઈ જાય છે.

પૂર્વ પ્રકરણમાં હ્રીંકારના રક્તવર્ણીય ધ્યાનનું ફળ જણાવતાં કહ્યું છે કે ' मोहाकृष्टि वशाक्षोभमित्थं रक्तः करोत्यम्–રક્તવર્ણવાળો હ્રીંકાર મોહન, આકર્ષણ, વશીકરણ તથા આક્ષોભ કરે છે.' પ્રસ્તુત સ્તવનકારનો અભિપ્રાય પણ એવોજ છે. તેઓ આ પદ્યમાં જણાવે છે કે હે હ્રીંકાર! જે આરાધક તારૂં ઉગતા સૂર્યના મંકળ જેવી

કાંતિથી સ્મરણુ કરે છે, એટલે કે રક્તવર્ણે ધ્યાન ધરે છે અને સમસ્ત જગતને હ્રીँકારના રક્ત કિરણો વડે વ્યાપ્ત થયેલું જુએ છે, તે સમસ્ત વિશ્વને વશ કરી શકે છે. તાત્પર્ય કે તેનાથી સર્વે સ્ત્રી-પુરુષોનું, તેમજ રાજા વગેરેનું આકર્ષણ, સંમોહન તથા વશીકરણ કરી શકાય છે.

આ ધ્યાન સંબંધી તંત્રગ્રંથોમાં કહ્યું છે કે-
'वश्यकर्मणि सिन्दूरसदृशं जपाकुसुमसंकाशं साध्यं ललाटे ध्येयम् । तस्य महाभोगा भवन्ति । लोकाश्च स्त्रियो दास्यतां व्रजत्येव ॥'

'વશ્યકર્મમાં-સિંદૂરના જેવા અથવા તો જાસુદ કે રતનજ્યોતના પુષ્પ જેવા રંગે એટલે રક્તવર્ણે આરાધકે પોતાના કપાળમાં બે ભ્રમરો વચ્ચે આજ્ઞાચક્રમાં ધ્યાન ધરવું. તેનાથી મહાભોગોની પ્રાપ્તિ થાય છે, લોકો વશ થઈને તાબેદારી ઉઠાવે છે તથા સ્ત્રીઓ દાસીની માફક સેવા કરે છે.'

આકર્ષણ, મોહન તથા વશીકરણ અંગે પૂર્વ પ્રકરણમાં વર્ણન થઇ ગયેલું છે, એટલે અહીં તેનો વિસ્તાર કરતા નથી.

હવે સ્તવનકાર હ્રીँકારના પીતવર્ણીય ધ્યાનનું ફળ આ પ્રમાણે કહે છે :

यस्तप्तचामीकरचारुदीप्त,
पिङ्गप्रभं त्वां कलयेत् समन्तात् ।
सदा मुदा तस्य गृहे सहेलं, ×
करोति केलिं कमला चलाऽपि ॥६॥

यः—જે આરાધક. पिङ्गप्रभं—પીળી પ્રભાવાળા. त्वां—તને. तप्तचामीकरचारुदीप्तं—તપ્ત સુવર્ણના જેવા સુંદર પ્રભાવાળો. समन्तात्—સર્વત્ર. कलयेत्—જુએ છે. तस्य गृहे—તેના ઘરમાં. कमला—લક્ષ્મી. चला अपि—ચંચલ હોવા છતાં. सदा—નિત્યં. सहेलं તરતજ અને मुदा—આનંદથી. केलिं करोति—ક્રીડા કરે છે.

**ભાવાર્થ**—જે આરાધક તને પીળા રંગનો ચિંતવે છે અને તેની તપેલા સુવર્ણ જેવી પીત પ્રભા સર્વત્ર ફેલાતી નિહાળે છે, તેના ઘરમાં લક્ષ્મી–ચંચલ સ્વભાવની હોવા છતાં તરતજ આનંદપૂર્વક ક્રીડા કરવા લાગે છે અને એ સ્થિતિ કાયમ રહે છે.

હ્રીँકારના શ્વેતવર્ણીય ધ્યાનનું ફળ વિદ્યા, કલા તથા શાંતિક–પૌષ્ટિક કર્મોની સિદ્ધિ છે, રક્તવર્ણીય ધ્યાનનું ફળ આકર્ષણ, મોહન અને વશીકરણ છે, તેમ પીતવર્ણીય ધ્યાનનું ફળ લક્ષ્મીની યથેચ્છ પ્રાપ્તિ છે. આ વસ્તુ પ્રસ્તુત પદ્યમાં બહુ સુંદર રીતે કહેવામાં આવી છે.

---

+ અહીં सहेलिं એવો પાઠ પણ પ્રાપ્ત થાય છે.

તેમાં પ્રથમ એમ જણાવ્યું છે કે હે હ્રીંકાર! તને જે પીળી પ્રભાવાળો એટલે પીળા રંગનો ચિંતવે છે અને તેમાંથી જાણે તપાવેલા સુવર્ણના જેવી કાંતિ સર્વત્ર પ્રસરી રહી હોય એવું અંતરદષ્ટિથી નિહાળે છે, તેના ઘરમાં લક્ષ્મી તરતજ આનંદપૂર્વક ક્રીડા કરે છે. અહીં સ્તવનકારે વિશેષમાં એ પણ કહ્યું છે કે લક્ષ્મી ચંચલ સ્વભાવની હોવાથી કોઇપણ જગાએ સ્થિર રહેતી નથી, પરંતુ હ્રીંકારના પીતવર્ણીય ધ્યાનનો પ્રભાવ એવો છે કે તે એના આરાધકના ઘરમાં સ્થિર થઈને રહે છે અને તેની લીલા વિવિધ રીતે પ્રકટ કરે છે.

ૐકારસ્તવનમાં 'पीते लक्ष्मीकरायापि ॐकाराय नमो नमः–જે પીતવર્ણથી ધ્યાન ધરતાં લક્ષ્મી આપે છે, તે ૐકારને વારંવાર નમસ્કાર હો.' આ શબ્દો વડે ઉક્ત વસ્તુનું સમર્થન કરવામાં આવ્યું છે. એટલે હ્રીંકારના પીતવર્ણીય ધ્યાનથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, એવી માન્યતા તંત્રકારોમાં પ્રસિદ્ધ છે અને તે જ અહીં દર્શાવવામાં આવી છે. પરંતુ હ્રીંકારના પીતવર્ણીય ધ્યાનનું બીજું પણ ફળ છે, તે સ્તંભનકર્મની સિદ્ધિ. ગત પ્રકરણમાં 'पीतः स्तम्भ रिपोर्वक्त्रबन्धं सम्यक् करोत्ययम्'–એ શબ્દો વડે આ વસ્તુ સ્પષ્ટ કરવામાં આવી છે. અન્ય તંત્રગ્રંથોમાં પણ આ પ્રકરણનાં વર્ણનો મળે છે, એટલે હ્રીંકારના પીતવર્ણીય ધ્યાનથી સ્તંભનકર્મની સિદ્ધિ થાય છે, એ પણ નિશ્ચિત છે.

અહીં સંપ્રદાય એવો છે કે લક્ષ્મીની ઈચ્છાથી હ્રીँકારનું પીતવર્ણે ધ્યાન ધરનારે વસ્ત્રો પીળાં પહેરવાં જોઈએ, આસન પણ પીળું વાપરવું જોઈએ, માળા પણ પીળા રંગની વાપરવી જોઈએ, પુષ્પો પણ પીળાં વાપરવાં જોઈએ અને કપાલમાં તિલક પણ પીળું એટલે કેશરનું કરવું જોઈએ. વળી તેણે શુક્રવારના દિવસે હળદર અને તેલ ભેગાં કરીને શરીરે ચોળવાં જોઈએ અને રવિવારે ઉપવાસ કરવો જોઈએ. ભોજનમાં પીળાં રંગની વસ્તુ વિશેષ વાપરવી જોઈએ.

સ્તંભનકર્મની સિદ્ધિ માટે પણ આ જ રીતે વર્તવાનું છે.

હવે સ્તવનકાર હ્રીँકારના શ્યામવર્ણીય ધ્યાનનું ફળ બતાવતાં કહે છે.

**यः श्यामलं कज्जलमेचकाभं,**
**त्वां वीक्षते वा तुषधूमधूम्रम् ।**
**विपक्षपक्षः खलु तस्य वाता-**
**हताऽभ्रवद् यात्यचिरेण नाशम् ॥७॥**

य :-જે સાધક. कज्जलमेचकाभं-કાજળ કે મેચક મણિ જેવા. श्यामलं-શ્યામ રંગે. वा-અથવા. तूषधूमधूम्रम्-ફોતરાનાં ધૂમાડા જેવા ધૂમ્રવર્ણે. त्वां-તને. वीक्षते-જુએ છે. तस्य-તેનો. विपक्षपक्षः-શત્રુનો સમૂહ. खलु-ખરેખર.

**वाताहृताऽभ्रवद्**–વાયુથી હણાયેલાં વાદળાંની જેમ. **अचिरेण**–થોડાજ વખતમાં. **नाशम् याति**–નાશને પામે છે.

**ભાવાર્થ**—હે હ્રીँકાર ! જે સાધક કાજળ કે મેચકમણિ જેવા શ્યામ વર્ણે અથવા ફોતરાના ધૂમાડા જેવા ધૂમ્રવર્ણે તારું ધ્યાન ધરે છે, તેના શત્રુનો સમૂહ વાયુથી હણાયેલાં વાદળોઓની જેમ થોડા જ વખતમાં નાશ પામે છે.

શત્રુ પક્ષ બળવાન હોય અને તે ગામ–નગરના કે આપણા પર હુમલો કરી આપણો નાશ કરે એવી સંભાવના હોય, ત્યારે હ્રીँકારનું શ્યામ વર્ણે ધ્યાન ધરવાથી ઘણી સહાય મળે છે. એટલે કે શત્રુ પક્ષનું બળ તૂટી જાય છે, તેમાં રોગચાળો ફેલાય છે કે તેમનો શીઘ્ર નાશ થાય છે. અન્ય શબ્દોમાં કહીએ તો હ્રીँકારનું શ્યામવર્ણે ધ્યાન ધરવાથી ઉચ્ચાટન તથા મારણકર્મ સિદ્ધ થાય છે. પૂર્વ પ્રકરણમાં આ વસ્તુ વિસ્તારથી કહેવાયેલી છે, એટલે તે અંગે અહીં વધુ વિવેચન કરતા નથી.

હ્રીँકારનું જુદા જુદા વર્ણે ધ્યાન ધરતાં કેવું ફળ મળે છે? તે અહીં જણાવી દીધું, પણ તે ક્યાં ધરવું ? તે સંબંધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી, એટલે જણાવવું જરૂરનું છે કે આ ધ્યાન મુખ્યત્વે નાભિ, હૃદય અને બે ભ્રમરોની વચ્ચે ધરવાનું છે. વળી મૂલાધારચક્રમાં પણ તેનું ધ્યાન ધરી શકાય છે અને તે પણ અકસીર નીવડે છે.

અહીં એ સ્પષ્ટતા પણ આવશ્યક છે કે જેણે પૂર્વ-સેવામાં હ્રીँકારવિદ્યાનો એક લાખ જપ કર્યો હોય, તેને જ આ ધ્યાનો ઉક્ત ફળ આપે છે, એટલે પ્રથમ હ્રીँકારનું એક લાખ જપનું અનુષ્ઠાન કરી લેવું આવશ્યક છે.

હવે સ્તવનકાર હ્રીँકારના વિશિષ્ટ ધ્યાનનું ફળ દર્શાવવા આઠમું પદ્ય આ પ્રકારે કહે છે :

**आधारकन्दोद्‌गत तन्तुसूक्ष्मं-**
**लक्ष्योद्भवं ब्रह्मसरोजवासम् ।**
**यो ध्यायति त्वां स्रवदिन्दुबिम्बा-**
**मृतं स च स्यात् कविसार्वभौमः ॥ ८ ॥**

यः-જે સાધક. आधारकन्दोद्‌गततन्तुसूक्ष्मलक्ष्योद्‌भवं-મૂલાધાર કંદમાંથી નીકળતી તંતુ સમાન સૂક્ષ્મ કુંડલિની શક્તિના લક્ષ્યોમાંથી ઉદ્‌ભવતો, અને ब्रह्मसरोजवासम्-સહસ્રારકમળમાં વાસ કરતો. તથા स्रवदिन्दुबिम्बामृतं-ચંદ્રના બિંબની જેમ અમૃત ઝરતો. त्वां-તને. ध्यायति-ચિંતવે છે. सः-તે. च-વળી. कविसार्वभौमः स्यात्-કવિચક્રવર્તી થાય છે.

**ભાવાર્થ** : હે હ્રીँકાર ! જે સાધક તને મૂલાધાર કંદમાંથી નીકળતી તંતુ સમાન સૂક્ષ્મ કુંડલિની શક્તિના લક્ષ્યોને ભેદતો, સહસ્રારકમલમાં સ્થિર થતો અને ત્યાંથી ચંદ્રની જેમ અમૃત ઝરતો ચિંતવે છે, તે કવિ ચક્રવર્તી થાય છે.

હ્રીંકારનું જુદા જુદા વર્ણે ધ્યાન ધરતાં ષટ્કર્મ સિદ્ધિ થાય છે, તેમ અન્ય વિશિષ્ટ વિધિએ ધ્યાન ધરતાં અન્ય કાર્યોની સિદ્ધિ પણ થાય છે. દાખલા તરીકે આરાધક તેનું મૂલાધાર ચક્ર, સ્વાધિષ્ઠાનચક્ર, મણિપુરચક્ર, અનાહતચક્ર, વિશુદ્ધચક્ર અને આજ્ઞાચક્રમાં ધ્યાન ધરે તથા છેવટે સહસ્રાર કમલદલમાં ધ્યાન ધરે અને ત્યાંથી તે ચંદ્રની જેમ અમૃતની વર્ષા કરી રહ્યો છે, એવું ચિંતવે તો તેને કવિત્વની અદ્ભુત શક્તિ પ્રાપ્ત થાય છે.

આ વિષય કુંડલિનીશક્તિ તથા ષટ્ચક્રભેદનનો છે, એટલે તે અંગે થોડું વિવેચન કરીશું.

આપણા ગુહ્ય દેશથી બે આંગળ ઉપર અને લિંગમૂળથી બે આંગળ નીચે ચાર આંગળ જેટલો વિસ્તૃત પ્રદેશ આવેલો છે, તેને આધારકંદ કે મૂલાધારકંદ કહેવામાં આવે છે. ત્યાં બ્રહ્મનાડીની વચ્ચે સ્વયંભૂલિંગ આવેલું છે. તેના ગાત્રમાં દક્ષિણાવર્ત એટલે જમણી બાજુથી ડાબી બાજુ તરફ સાડા ત્રણ આંટા મારીને કુંડલિની શક્તિ રહેલી છે. સર્પિણીની જેમ કુંડલ–કુંડાળું મારવાથી તે કુંડલિની કે કુલકુંડલિની તરીકે ઓળખાય છે. અંગ્રેજી ભાષામાં તેને સર્પન્ટ પાવર ( Serpent power ) કહેવામાં આવે છે.

આ કુંડલિની શક્તિ પોતાની પૂંછડી મ્હોમાં રાખીને

સુષુમ્ણા નાડીનું દ્વાર રોકીને રહેલી છે. તે સૂક્ષ્મ તંતુ-સમાન છે, તેજઃસ્વરૂપા છે અને સત્ત્વ, રજસ્ તથા તમઃ એ ત્રણ ગુણો પર પ્રભુત્વ ધરાવે છે. આ કુંડલિનીશક્તિ જ ઇચ્છા, જ્ઞાન અને ક્રિયા એ ત્રણ નામોમાં વિભક્ત થઈને સમસ્ત શરીરનાં ચક્રોમાં ભ્રમણ કરે છે. આ શક્તિ આપણી જીવનશક્તિ છે. તેને જાગૃત કરવી, એ યોગસાધક તથા મંત્રસાધકનું ખાસ કર્તવ્ય છે.

આ કુંડલિની શક્તિ સૂષુપ્ત હોવાથી આપણે ઈન્દ્રિયગણ દ્વારા ચંચળ થઈએ છીએ, અહંભાવથી યુક્ત બનીએ છીએ અને અજ્ઞાનીની જેમ સુખ–દુઃખનો અનુભવ કરીએ છીએ. પરંતુ તપ, જપ તથા ધ્યાનથી આ શક્તિને જાગૃત કરી શકાય છે, જે આપણી મૂઢ દશાનો નાશ કરે છે તથા આપણને અનેક પ્રકારની સિદ્ધિઓ સમર્પે છે. એટલે આરાધકોએ કુંડલિની શકિતને જાગ્રત કરવાનો ખાસ પ્રયત્ન કરવો જોઈએ. તે અંગે અનુભવી પુરુષોએ કહ્યું છે કે–

मूलपद्मे कुण्डलिनी यावन्निद्रायिता प्रभो !
तावत् किञ्चिन्न सिध्येत मन्त्रयन्त्रार्च्चनादिकम् ।
जागर्ति यदि सा देवी बहुभिः पुण्यसंचयैः
तदा प्रसादमायाति मन्त्रयन्त्रार्च्चनादिकम् ॥

'જ્યાં સુધી મૂલાધારપદ્મમાં કુંડલિની શક્તિ નિદ્રાવસ્થામાં રહેલી છે, ત્યાં સુધી મંત્ર, યંત્ર કે દેવનું પૂજન સિદ્ધ થતું નથી. જ્યારે એ દેવી ઘણા પુણ્યના

સંચયથી જાગૃત થાય છે, ત્યારે જ મંત્ર, યંત્ર અને પૂજાનો પ્રસાદ પ્રાપ્ત થાય છે.'

કુંડલિની શક્તિ મૂલાધારકંદ કે મૂલાધારપદ્મ કે મૂલાધારચક્રમાં રહેલી છે, એટલે સહુથી પ્રથમ ત્યાં ધ્યાન ધરવાનું હોય છે. એ ધ્યાનના પ્રભાવે કુંડલિની શક્તિ જાગૃત થાય તો તેનો પ્રવાહ ઉપર ચડે છે અને લિંગમૂલમાં સ્વાધિષ્ઠાન નામનું ચક્ર છે, ત્યાં સુધી આવે છે.

પછી એ ચક્રમાં વિશિષ્ટ રીતે ધ્યાન ધરતાં તેનો પ્રવાહ આગળ વધે છે અને નાભિપ્રદેશમાં રહેલા મણિપુર-ચક્ર સુધી આવે છે.

પછી એ ચક્રમાં વિશિષ્ટ ધ્યાન ધરતાં તેનો પ્રવાહ હૃદયપ્રદેશમાં રહેલ અનાહતચક્ર સુધી આવે છે. એ રીતે કંઠમાં રહેલા વિશુદ્ધચક્ર તથા બે ભ્રમરોની વચ્ચે રહેલા આજ્ઞાચક્રનો ભેદ પણ વિશિષ્ટ ધ્યાનપ્રક્રિયાથી થાય છે.

છેવટે એ પ્રવાહ મસ્તકની ટોચે રહેલા બ્રહ્મરંધ્રમાં રહેલા સહસ્રારકમલદલમાં પહોંચે છે, ત્યારે તેમાંથી અમૃત ઝરે છે અને આરાધકને અપૂર્વ આહ્લાદ પ્રાપ્ત થાય છે.

ત્યાંથી એ પ્રવાહ ક્રમશઃ નીચે ઉતરતો મૂલાધારમાં આવી જાય છે.

જેની કુંડલિની શક્તિ જાગૃત થયેલી છે, તેને પોતાના શરીરમાં અપૂર્વ શક્તિનો સંચાર થતો હોય એમ લાગે છે અને એક પ્રકારની ઉષ્ણતાનો પણ અનુભવ થાય છે. વળી તેને અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, એટલે તે સામાન્ય મનુષ્ય મટીને એક મહાપુરુષની કોટિમાં આવી જાય છે અને પોતાનું જીવન ધન્ય બનાવી શકે છે.

કેટલાક પોતાની વિશિષ્ટ શક્તિથી એટલે કે શક્તિ-પાતથી શિષ્યની કુંડલિની શક્તિ જાગૃત કરી શકવાનો દાવો કરે છે, પણ એ બાબતમાં પૂરી ખાતરી કરવાની જરૂર છે.

કેટલાક પોતાની કુંડલિની શક્તિ જાગૃત નહિ થયેલી હોવા છતાં જાગૃત થયાનો ભ્રમ સેવે છે, પણ તેથી કોઈ વિશિષ્ટ ફળની પ્રાપ્તિ થતી નથી.

હ્રીँકારના વિધિયુક્ત જપથી કુંડલિની શક્તિ જાગૃત કરી શકાય છે.

અહીં તો સ્તવનકારે એટલું જ કહ્યું છે કે જે આરાધક હ્રીँકારનું છયે ચક્રમાં એટલે મૂલાધાર, સ્વાધિ-ષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્રમાં ક્રમશઃ ધ્યાન કરે છે અને છેવટે બ્રહ્મરંધ્ર કે જ્યાં સહસ્રાર કમલદલ આવેલું છે, ત્યાં હ્રીँકારને સ્થિર કરીને જાણે તેમાંથી અમૃત ઝરી રહ્યું હોય, એવું ચિંતન કરે છે, તેનામાં અદ્‌ભુત કવિત્વશકિત પ્રકટ થાય છે.

શ્રી બપ્પભટ્ટિસૂરિ મહારાજ તથા શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે સારસ્વતમંત્રની આરાધના કરીને અપૂર્વ કવિત્વ શક્તિ મેળવી હતી, એ હકીકત જાણીતી છે, એટલે હ્રીઁકારની આ પ્રકારની આરાધનાનું ફળ અદ્ભુત કવિત્વ શક્તિના ઉદ્ગમમાં આવે, તો એમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ જ નથી.

મહાકવિનો યશ રાજા–મહારાજા કે ચક્રવર્તી કરતાં પણ વિશેષ હોય છે અને તે યુગો સુધી ચાલુ રહે છે. કવિત્વની પ્રાપ્તિ વિશ્વોત્તમ પ્રાપ્તિ છે. સામાન્ય શબ્દના જોડકણાં કરનાર કરતાં આ શક્તિ ભિન્ન છે. આ શક્તિ મળવી સુદુર્લભ છે.

હવે હ્રીઁકારની અન્ય રીતે આરાધના કરવાથી અજેય વાદી બની શકાય છે, એમ દર્શાવવા સ્તવનકાર નવમું પદ્ય આ પ્રમાણે કહે છે :

षड्दर्शनी स्वस्वमतावलेपैः
स्वे दैवते तन्मयबीजमेव ।
ध्यात्वा तदाराधनवैभवेन,
भवेदजेयः परवादिवृन्दैः ॥९॥

षड्दर्शनी–ષડ્દર્શનનો જાણકાર. स्वे दैवते–પોતાના ઈષ્ટદેવતામાં. तन्मयबीजम् एव–તારાથી યુક્ત બીજનું જ, હ્રીઁકારનું જ. ध्यात्वा–ધ્યાન કરીને. तद् आराधनवैभवेन–

તે આરાધનાના વૈભવથી. स्वस्वमतावलेपैः–પોતપોતાના મતમાં ગર્વિષ્ઠ એવા. परवादिवृन्दैः–પરમતવાદીઓના સમૂહથી. अजेयः भवेत्–અજેય બને છે.

**ભાવાર્થ** : ષડ્દર્શનનો જાણકાર એવો પંડિત જો પોતાના ઇષ્ટ દેવતામાં હ્રીઁકાર બીજનું ધ્યાન ધરે, તો એ ધ્યાનના પ્રભાવથી તે સમર્થ વાદી બની શકે અને ગમે તેવા પ્રખર વાદીઓ પણ તેનો પરાભવ કરી શકે નહિ.

એક મનુષ્ય ષડ્દર્શનનો અભ્યાસી હોય, તેટલા માત્રથી જ વાદ કરવાને સમર્થ થતો નથી. તેનામાં બુદ્ધિ-ચાતુર્ય, તર્ક કરવાની અપૂર્વ શકિત તથા વાણી ઉપર સંપૂર્ણ પ્રભુત્વ હોવું જોઈએ; તો જ તે વાદ–વિવાદમાં જિતી શકે છે અને પોતાના પક્ષને–સિદ્ધાંતને યશસ્વી બનાવી શકે છે. ભૂતકાળમાં એવા દાખલાઓ પણ નોંધાયા છે કે જ્યારે એક સિદ્ધાંત પરનો વાદ–વિવાદ છ–છ મહિના સુધી લંબાયો હોય. આવા વખતે તર્ક અને વાણીની કેટલી શક્તિ જોઈએ ? તે વિચાર કરવાથી સમજી શકાશે.

આવી શક્તિ મંત્રારાધન સિવાય આવી શકતી નથી અને મંત્રારાધનમાં હ્રીઁકારનું સ્થાન શ્રેષ્ઠ છે, એટલે જ સ્તવનકારે અજેય વાદી થવા માટે હ્રીઁકારની ઉપાસના કરવા જણાવ્યું છે. વળી આ ઉપાસના કેવી રીતે કરવી ? તેની સ્પષ્ટતા ‘स्वे दैवते तन्मयबीजमेव’ એ શબ્દો વડે કરી છે, એટલે કે પોતે જે ઇષ્ટદેવની ઉપાસના કરતો હોય,

તેમાં હ્રીઁકારની સ્થાપના કરવી અને તેનું અનન્ય મને ધ્યાન ધરવું.

શ્રી મલ્લવાદી આચાર્યને બૌદ્ધોની સાથે વાદ કરવાનો પ્રસંગ આવ્યો, ત્યારે તેમણે સરસ્વતીની આરાધના કરીને તેમનો પ્રસાદ મેળવ્યો હતો અને ભૃગુકચ્છમાં છ મહિના સુધી વાદ કરીને બૌદ્ધોને હરાવ્યા હતા તથા શ્વેતામ્બરોને લાટ દેશમાં ફરી વસાવ્યા હતા. આગળના વિવાદમાં શ્વેતામ્બરો બૌદ્ધો સાથેના વાદમાં હારી ગયા હતા, ત્યારે તેમને લાટ દેશ છોડી જવો પડયો હતો, પરંતુ શ્રી મલ્લવાદીએ આ રીતે વાદમાં અજેય બનીને શ્વેતામ્બર સંઘને લાટ દેશમાં ફરી વસાવ્યો હતો અને એ રીતે **જૈન** ઇતિહાસનું એક સુવર્ણપૃષ્ઠ આલેખ્યું હતું.

આજે આ પ્રકારના વાદો ઓછા થાય છે, પણ લોકસભાઓમાં, ધારાસભાઓમાં, તથા ન્યાયાલયો વગેરેમાં તર્કયુદ્ધ કરવાના પ્રસંગો તો આવે જ છે, એટલે જે આરાધકે વાદમાં કુશલ બનવું હોય, તેણે ઉપર જણાવ્યા મુજબની હ્રીઁકારની આરાધના અવશ્ય કરવી. સારા વક્તા થવા માટે પણ આ ઉપાય અકસીર છે.

અહીં પ્રસંગોપાત્ત એ પણ જણાવી દઈએ કે જે મનુષ્ય બરાબર બોલી શકતો ન હોય, એટલે કે જેની જીભ તોતડી હોય તે જો હ્રીઁકારમંત્રથી અભિમંત્રિત કરેલા સારસ્વતચૂર્ણનું સેવન કરે અને રોજ હ્રીઁકારની પાંચ માળા ફેરવે તો તેને પણ ઘણો લાભ થવા સંભવ છે.

હવે સ્તવનકાર હ્રીઁકારનો મહિમા વર્ણવતાં કહે છે કે—

किं मन्त्रयन्त्रैर्विविधागमोक्तैः
दुःसाध्यसंशीतिफलाल्पलाभैः ।
सुसेव्यः सद्यः फलचिन्तितार्था-
धिकप्रदश्चेतसि चेत्त्वमेकः ॥१०॥

सुसेव्यः–સુખે સેવી શકાય એવો અને सद्यः–શીઘ્ર. फलचिन्तितार्थाधिकप्रदः–ચિંતવ્યા કરતાં પણ અધિક ફળ આપનારો એવો. त्वं एकः–તું એક. चेत्–જો. चेतसि–ચિત્તમાં વિદ્યમાન છે, તો विविधागमोक्तैः–વિવિધ આગમો વડે કહેવાયેલા. दुःसाध्यसंशीतिफलाल्पलाभैः– દુઃસાધ્ય, સંદિગ્ધ ફલવાળા અને અલ્પ લાભવાળા. मन्त्रयन्त्रैः किं–મંત્ર અને યંત્રોથી શું ?

**ભાવાર્થ**—સુખે સેવી શકાય એવો અને ચિંતવ્યા કરતાં પણ અધિક ફળ શીઘ્ર આપનારો એવો તું જો ચિત્તમાં વિદ્યમાન છે, તો આગમોએ કહેલા, ઘણી કઠિનાઈએ સિદ્ધ થાય એવા તથા અલ્પ લાભવાળા એવા મંત્ર અને યંત્રોથી શું ? તાત્પર્ય કે એ બધા આની સરખામણીમાં કંઈ જ નથી.

હ્રીઁકારવિદ્યામાં 'ॐ ह्रीँ नमः' એટલાં જ પદો છે, એટલે તેની આરાધના ઘણી સરલતાથી થઈ શકે એવી

છે. વળી તે ધાર્યા કરતાં પણ વિશેષ ફળ આપનારી છે અને તે પણ ઘણા થોડા સમયમાં, એટલે તેની આરાધના મૂકીને અન્ય મંત્રો-યંત્રોની આરાધના કોણ કરે? એક તો તેમની આરાધના ઘણી કઠિન છે, વળી તેનું યથાર્થ ફળ મળે કે કેમ? એ વિચારણીય છે અને કદાચ ફળ મળે તો પણ ઘણું અલ્પ મળે છે. તાત્પર્ય કે એ બધાની સરખામણીમાં હ્રીँકારની આરાધનાને સહુ પ્રથમ સ્થાન આપવા જેવું છે.

અહીં આગમ શબ્દથી માત્ર જિનાગમો નહિ, પણ તંત્રશાસ્ત્રો ય સમજવાં. શૈવ-શાક્ત આદિ સંપ્રદાયમાં તંત્ર-શાસ્ત્રો માટે આગમ શબ્દ પ્રસિદ્ધ છે.

વળી હ્રીँકારનો મહિમા કેવો છે? તેનું વિશેષ વર્ણન સ્તવનકાર અગિયારમી ગાથામાં આ પ્રમાણે કરે છે:

**चौरारि-मारि-ग्रह-रोग-लूता-**
**भूतादिदोषानल-बन्धनोत्थाः ।**
**मिथः प्रभावात् तव दूरमेव,**
**नश्यन्ति पारीन्द्ररवादिवेभाः ॥११॥**

पारीन्द्ररवात्-સિંહની ગર્જનાથી. इव-જેમ. इभाः-હાથીઓ. दूरमेव नश्यन्ति-દૂર નાશી જાય છે, તેમ तव प्रभावात्-તારા પ્રભાવથી. चौरारि-मारि-ग्रह-रोग-लूता-भूतादिदोषानलबन्धनोत्थाः- ચોર, શત્રુ, મરકી, દુષ્ટ-

ગ્રહ, રોગ, લૂતા, ભૂત વગેરેના દોષ, તેમજ અગ્નિ અને બંધનમાંથી ઉત્પન્ન થતા ભયો. (दूरमेव नश्यन्ति દૂર નાશી જાય છે.)

**ભાવાર્થ**—સિંહની ગર્જનાથી જેમ હાથીઓ દૂર નાશી જાય છે, તેમ તારા પ્રભાવથી ચોર, શત્રુ, મરકી, દુષ્ટગ્રહ, રોગ, લૂતા (ખૂજલી વગેરે ચામડીનાં દર્દો,) ભૂત વગેરેના દોષ, તેમજ અગ્નિ અને બંધનમાંથી ઉત્પન્ન થયેલા ભયો દૂર નાશી જાય છે.

ભયનિવારણ એ મંત્રનું એક મહત્ત્વનું કાર્ય છે. **'मननात् त्रायते इति मन्त्रः**– જેના મનન વડે ભયમાંથી રક્ષણ મળે, તે મંત્ર.' એ વ્યાખ્યા પણ તેના ભયનિવારક ગુણનો ખાસ નિર્દેશ કરે છે.

હ્રીઁકારની આરાધનાથી મનુષ્યને ઘણા લાભો થાય છે, તેમાં ભયનિવારણ, રોગશમન અને ભૂતાદિબાધાનો નાશ, એ ત્રણ વસ્તુઓ મુખ્ય છે.

ભયનિવારણ એટલે વિવિધ પ્રકારના ભયોનું નિવારણ. તેમાં ચોરભય, શત્રુભય, અગ્નિભય અને બંધનભયનો ખાસ નિર્દેશ કરવામાં આવ્યો છે. આનો અર્થ એમ સમજવાનો છે કે જે મનુષ્ય હ્રીઁકારની અનન્ય મને આરાધના કરે છે, તેના ઘરમાં, તેની દુકાનમાં કે તેની વખારોમાં ચોરી થતી નથી. અથવા તે પ્રવાસે ગયો હોય તો ત્યાં તેને કોઈ ચોર–લૂંટારા–ડાકુ સતાવી શકતા નથી. તે સુખરૂપ

પોતાનો પ્રવાસ કરી શકે છે અને ધાર્યું કામ પાર પાડી શકે છે.

વળી કોઈ શત્રુ તેને સતાવી શકતો નથી. કદાચ સતાવવાનો વિચાર કરે તો એક યા બીજા કારણે તે વિચાર પડતો મૂકવો પડે છે, અને કદાચ તે માટે પ્રયાણ કર્યું હોય તો અધેથી પાછું ફરવું પડે છે. તાત્પર્ય કે ગમે તેવો બળવાન શત્રુ પણ તેનો પરાભવ કરી શકતો નથી.

વળી આવા આરાધકને અગ્નિ તરફનો ભય થતો નથી, એટલે કે તેના ઘર વગેરેમાં આગ લાગતી નથી. અતિ આશ્ચર્યની વાત તો એ છે કે બંને બાજુનાં ઘરો સળગી ઉઠયાં હોય, તો પણ આવા આરાધકનું ઘર સલામત રહે છે અને તેનો ચમત્કારિક રીતે બચાવ થાય છે.

હેડમાં પૂરાવું, હાથ-પગમાં બેડીઓ પડવી કે શરીર પર મજબૂત રીતે દોરડું બંધાવું, તેને બંધન કહેવામાં આવે છે. આવા બંધનનો ભય હ્રીઁકારના આરાધકને માટે કદી પણ ઉત્પન્ન થતો નથી.

સિંહ, વાઘ, હાથી, સર્પ વગેરેના ભયનો અહીં સ્પષ્ટ નિર્દેશ નથી, પણ સંપ્રદાયથી એમ સમજી લેવાનું છે કે આ પ્રકારના ભયો પણ હ્રીઁકારના સતત સ્મરણથી દૂર થઈ જાય છે.

હવે રોગશમન પર આવીએ. રોગ એ મનુષ્ય જાતિનો મહાન શત્રુ ગણાય છે, કારણ કે તે મનુષ્યને

અનેક રીતે સતાવે છે, રીબાવે છે, દુઃખ દે છે તથા તેના પ્રાણ અને પૈસા બંનેનું હરણ કરે છે. મનુષ્ય પાસે પૈસો હોય, પુત્ર–પુત્રીનો પરિવાર હોય તથા ગાડી–વાડી બધુંયે હોય, પણ શરીરમાં રોગ પેઠો હોય અને તે મચક આપતો ન હોય, તો તેની સ્થિતિ અત્યંત કફોડી થઈ પડે છે. આવા વખતે સારામાં સારા ગણાતા વૈદ્ય–હકીમ–ડૉકટરો પણ કંઈ કામ આપી શકતા નથી અને મનુષ્યને લમણે હાથ દેવાનો વખત આવે છે. પરંતુ મંત્રરાજ હ્રીઁકારમાં એવી શક્તિ રહેલી છે કે તેના શરણે આવેલાનું તે જરૂર રક્ષણ કરે છે, એટલે કે આવા રોગ અવશ્ય મટાડી દે છે અને તેમના ચહેરાને ફૂલગુલાબી બનાવી દે છે. આ વાત અમારા અનુભવમાં આવેલી છે, તેથી જ અહીં તેની આટલી જોરદાર રજૂઆત કરી રહ્યા છીએ.

અહીં લૂતાનો ખાસ નિર્દેશ કરવામાં આવ્યો છે, એટલે તે અંગે પણ બે બોલ જણાવી દઈએ. શરીર પર કરોળિયા જેવા ચાઠા નીકળે છે કે શ્વેત કોઢના ડાઘ પડે છે, તેનો નિર્દેશ અહીં લૂતા શબ્દ વડે કરવામાં આવ્યો છે. આ લૂતારોગ પણ હ્રીઁકારની આરાધના કરવાથી મટી જાય છે અને શરીર કાંતિમય દેદીપ્યમાન બને છે.

જે રોગ સમૂહમાં લાગુ પડે છે અને માનવજીવન માટે ભારે ખતરનાક નીવડે છે, તેને રોગચાળો કહેવામાં આવે છે. આવો રોગચાળો ફાટી નીકળતાં માણસો ટપો-

ટપ મરવા લાગે છે, એટલે તેને સંસ્કૃત ભાષામાં मारी કે महामारी કહેવામાં આવે છે. આપણે જેને મરકી, કોગળિયું, પ્લેગ વગેરે કહીએ છીએ, તે આ પ્રકારનો રોગચાળો છે. તેનું શમન પણ હ્રીઁકારની આરાધના વડે થઇ જાય છે અને આખોયે સમાજ મોટી રાહત અનુભવે છે.

ભૂત, પ્રેત, વ્યંતર, યક્ષ, ડાકિની, શાકિની વગેરે મનુષ્યને વળગે છે, તો તેને હેરાન-હેરાન કરી મૂકે છે. તેઓ અનેકવિધ ઉપાયો કરતા છતાં મનુષ્યના શરીરમાંથી હઠતા નથી; પણ હ્રીઁકારની આરાધના અનન્ય મને કરવામાં આવે તો તેઓ તરત મનુષ્યના શરીરમાંથી નીકળી જાય છે અને તેને શાંતિ થાય છે.

સ્તવનકાર હ્રીઁકારનો વિશેષ મહિમા બારમા પદ્ય વડે આ પ્રમાણે વર્ણવે છેઃ

> प्राप्नोत्यपुत्रः सुतमर्थहीनः,
> श्रीदायते पत्तिरपीशतीह ।
> दुःखी सुखी चाथ भवेन्न किं किं,
> त्वद्रूपचिन्तामणिचिन्तनेन ॥१२॥

त्वद्रूपचिन्तामणिचिन्तनेन-ચિંતામણિ સમાન તારા રૂપનું ચિંતન કરવાથી. किं किं न भवेत्?-શું શું નથી થતું? इह-અહીં. अपुत्रः-પુત્ર વગરનો. सुतं प्राप्नोति-પુત્ર પામે છે. अर्थहीनः-પૈસા વગરનો. श्रीदायते-કુબેર બની જાય છે, ધનવાન થાય છે. पत्तिः अपि-સેવક પણ, इशति

–સ્વામીપણાને પામે છે. च–અને. अथ–વળી. दुःखी–દુઃખ વાળો. सुखी–સુખી (भवेत्–બને છે.)

**ભાવાર્થ**—ચિંતામણિ સમાન તારા ફળનું ચિંતન કરવાથી શું શું પ્રાપ્ત થતું નથી? જેને પુત્ર નથી, તે પુત્ર પામે છે, પૈસા નથી તે પૈસો પામે છે; જે સેવક છે, તે સ્વામી બને છે; અને જે દુઃખી છે, તે સુખી બને છે.

હ્રીँકારનું ચિંતન ચિંતામણિ રત્ન જેવું છે, એટલે કે તેનાથી સર્વ વસ્તુઓ પ્રાપ્ત થાય છે. દાખલા તરીકે કોઈને પુત્ર ન હોય, પણ તે હ્રીँકારનું અનન્ય મને આરાધન કરે તો તેને પુત્ર થાય છે. અથવા કોઈની પાસે પૈસો ન હોય, પણ તે પોતાનું ચિત્ત હ્રીँકારની આરાધનામાં જોડી દે તો તેને પૈસો મળવા માંડે છે અને આખરે તે પૈસાદાર બની જાય છે; અથવા કોઈ નોકરી–ચાકરી કરીને પોતાની આજીવિકા ચલાવતો હોય, પણ ઉત્સાહથી હ્રીँકારની આરાધના કરવા માંડે તો તેને બઢતી એટલે પગારવધારો મળે છે. અને અનુક્રમે સ્વામી એટલે શેઠ બની જાય છે.

ટૂંકમાં એક મનુષ્ય ગમે તેવો દુઃખી હોય પણ હ્રીँકારના શરણે જાય અને તેનું અનન્ય મને પૂજન–સ્મરણ–જપ–ધ્યાન કરવા માંડે તો તેનું સઘળું દુઃખ દૂર થાય છે અને તે સુખી બની જાય છે.

હવે સ્તવનકાર હ્રીँકારના ધ્યાનમાં જે ચમત્કાર રહેલો છે, તે તેરમી ગાથા વડે આ પ્રમાણે દર્શાવે છેઃ

पुष्पादिजापामृतहोमपूजा–
क्रियाधिकारःसकलोऽस्तु दूरे।
यः केवलं ध्यायति बीजमेव,
सौभाग्यलक्ष्मीर्वृणुते स्वयं तम् ॥१३॥

सकल :–બધો. पुष्पादिजापामृतहोमपूजाक्रियाधिकारः –પુષ્પો વગેરેથી જાપ, ઘીનો હોમ, પૂજા વગેરે ક્રિયાનો અધિકાર. दूरे अस्तु–દૂર રહો. यः–જે સાધક. केवलं–માત્ર. बीजं–તારા બીજાક્ષરને. ध्यायति–ચિંતવે છે. तं–તેને. सौभाग्यलक्ष्मी :–સૌભાગ્યરૂપી લક્ષ્મી. स्वयं–પોતે જ. वृणुते–વરે છે.

**ભાવાર્થ** : પુષ્પો વગેરેથી જાપ, ઘીનો હોમ, પૂજા વગેરે સમગ્ર ક્રિયાઓનો અધિકાર દૂર રહો. જે માત્ર તારા બીજાક્ષરનું જ ધ્યાન ધરે છે, તેને સૌભાગ્યલક્ષ્મી પોતે જ (સામે જઈને) વરે છે.

કોઈ પણ મંત્રની આરાધના કરવી હોય તો મંત્ર-દેવતાનું પુષ્પાદિ વડે પૂજન કરવું પડે છે, નિયત સંખ્યામાં મંત્રજપ કરવો પડે છે તથા તે અંગે ધ્યાન, હોમ વગેરે બીજી ક્રિયાઓ પણ કરવી પડે છે. પરંતુ હ્રીँકારમંત્રની ખૂબી એ છે કે માત્ર તેના બીજાક્ષરનું ધ્યાન ધરવામાં આવે તો પણ તે ફલદાયી થાય છે, એટલે કે તેનું ભાગ્ય ખુલી જાય છે અને તે યથેચ્છ લક્ષ્મી તથા સૌભાગ્યની પ્રાપ્તિ કરે છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે આ વિધાન અન્ય ક્રિયાઓનો નિષેધ કરવા માટે કરાયેલું નથી, પણ હ્રીँકારના ધ્યાનમાં કેવું બળ રહેલું છે, તે દર્શાવવા માટે કરાયેલું છે.

સ્તવનકાર હ્રીँકારનો વિશેષ મહિમા ચૌદમી ગાથામાં આ પ્રમાણે વર્ણવે છે :

**त्वत्तोऽपि लोकाः सुकृतार्थकाम-**
**मोक्षान् पुमर्थांश्चतुरो लभन्ते ।**

**यास्यन्ति याता अथ यान्ति ये वा,**
**श्रेयःपदं त्वन्महिमालवः स ॥१४॥**

त्वत्तो अपि–તારાથી તો, તારા પ્રભાવથી તો. लोकाः લોકો. सुकृतार्थकाममोक्षान्–ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. पुमर्थान् चतुरः–એ ચાર પ્રકારના પુરુષાર્થોને. लभन्ते–પ્રાપ્ત કરે છે. ये–જેઓ. श्रेयःपदं–મોક્ષ પ્રતિ. यास्यन्ति–જશે. याता–ગયા છે. अथ–એજ રીતે. यान्ति–જાય છે. वा–અથવા. सः–તે. त्वन्महिमालवः–તારા મહિમાનો અંશમાત્ર છે.

**ભાવાર્થ**—તારા પ્રભાવથી લોકો ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચાર પ્રકારના પુરુષાર્થોને પ્રાપ્ત કરે છે. જેઓ મોક્ષમાં જશે, ગયા તથા જાય છે, તે તારા મહિમાનો અંશ માત્ર છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો

પ્રસિદ્ધ છે. તેમાં ધર્મપુરુષાર્થની પ્રાપ્તિ થવાથી મનુષ્ય પોતાનું કર્તવ્ય સમજે છે, પુણ્યનાં કાર્યો કરવાની વૃત્તિવાળો થાય છે તથા જેનાથી દુર્ગતિ દૂર થાય અને સદ્‌ગતિની પ્રાપ્તિ થઈ શકે એવી સઘળી પ્રવૃત્તિઓ કરે છે. અનુભવી પુરુષોએ કહ્યું છે કે ‘ धर्मेण हीनाःपशुभिः समानाः– જે મનુષ્યો ધર્મથી રહિત છે, તે પશુઓ જેવા છે.’ આનો અર્થ એમ સમજવાનો છે કે મનુષ્યમાં સાચું મનુષ્યપણું–સાચી માનવતા લાવનારો ધર્મ છે. તેથી મનુષ્યે તેનું સેવન–આરાધન અવશ્ય કરવું જોઇએ.

ચાર પ્રકારના પુરુષાર્થમાં ધર્મને પ્રથમ મૂકવાનું કારણ એ છે કે તે માનવજીવનની મુખ્ય જરૂરીઆત છે, તેના વિના માનવજીવન સફળ થઈ શકતું નથી.

જેઓ ભૌતિકવાદની ભ્રમણામાં રાચે છે, તેઓ ધર્મ અને મોક્ષને ઉડાવી દે છે અને માત્ર અર્થ અને કામનું સેવન કરવાની જ બુદ્ધિ રાખે છે, પણ તેથી માનવતાનો હ્રાસ થાય છે અને મનુષ્યના ખોળિયામાં પશુનું જીવન જીવાય છે.

આજે સમાજની રચના સંવાદી બનાવવાના પ્રયાસો થાય છે, પણ તેમાં ધાર્મિક ભાવના નથી. એટલે એ પ્રયાસો નિષ્ફળ જાય છે અને સમાજમાં સ્વાર્થલોલુપતા, હિંસા, દુરાચરણ વગેરે વ્યાપક બને છે. જો સમાજની રચના સંવાદી કરવી હોય તો તેનો એક જ ઉપાય છે

અને તે ધર્મભાવનાની વૃદ્ધિ તથા ધર્મનું યથાર્થ આચરણ.

હ્રીઁકારની આરાધનાથી ધર્મભાવના ઉત્પન્ન થાય છે, વૃદ્ધિ પામે છે અને છેવટે આચરણમાં પરિણમે છે.

જેનાથી આજીવિકા પ્રાપ્ત થાય, તેને 'અર્થ' કહેવામાં આવે છે. એ રીતે ખેતી, ગોપાલન, વ્યાપાર, હુન્નર, ઉદ્યોગ, નોકરી–ચાકરી વગેરેનો સમાવેશ અર્થમાં થાય છે.

અર્થ વિના માનવજીવનનો વ્યવહાર ચાલી શકતો નથી, એટલે તે માટે મનુષ્યે પુરુષાર્થ કરવો જરૂરી છે. જેઓ આળસુ–એદી થઈને પડયા રહે છે અને પોતાની આજીવિકા માટે બીજા પર આધાર રાખે છે, તેઓને નીતિકારોએ અધમ કોટિના મનુષ્યો કહેલા છે, કારણ કે આ સ્થિતિમાં તેમનું સ્વમાન સચવાતું નથી અને તેમના આધારે રહેલા કુટુંબીજનો દુઃખી થાય છે.

હ્રીં કારની આરાધનાથી મનુષ્યને અર્થની પ્રાપ્તિ થાય છે, એટલે કે અર્થોત્પાદનનાં નવાંનવાં સાધનો મળી આવે છે, તેના લીધે તેની સંપત્તિમાં વધારો થાય છે અને તેને કદી પણ હીન–દીન દશામાં પોતાના દિવસો પસાર કરવા પડતા નથી.

પાંચ ઈન્દ્રિયો વડે ભોગવાતાં સુખોને 'કામ' કહેવામાં આવે છે; એટલે સારું ખાનપાન, સારાં વસ્ત્રો, વિવિધ

જાતિનાં આભૂષણો, સારું રહેઠાણ, આનંદપ્રમોદનાં સાધનો તથા સ્ત્રીઓ સાથેના વિલાસ વગેરેનો 'કામ'માં સમાવેશ થાય છે. હ્રીઁકારની આરાધનાથી મનુષ્યને આ પ્રકારનું કામસુખ પૂરતા પ્રમાણમાં મળે છે.

તાત્ત્વિક દૃષ્ટિએ અર્થ અને કામ હેય હોવા છતાં ગૃહસ્થોને માટે તેની પ્રાપ્તિ અનિવાર્ય બને છે; તેથી જ શ્રીમાન્ હરિભદ્રસૂરિ મહારાજ આદિ આચાર્યપુંગવોએ કહ્યું છે કે 'ગૃહસ્થોએ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગનું પરસ્પર બાધા ન આવે એ રીતે સેવન કરવું.'

સંસારનાં જન્મ-જરા-મરણાદિ સર્વ બંધનોમાંથી મુક્ત થવું, તેને 'મોક્ષ' કહેવામાં આવે છે. ચારેય પુરુષાર્થમાં શ્રેષ્ઠતા મોક્ષની છે, તેથી સુજ્ઞ મનુષ્યે મોક્ષપ્રાપ્તિ માટે બને તેટલો પુરુષાર્થ અવશ્ય કરવો જોઈએ; પરંતુ ગૃહસ્થજીવન અનેક જાતની ઉપાધિઓથી ભરેલું હોઈ આ પુરુષાર્થ બહુ મર્યાદિત પ્રમાણમાં થાય છે, એટલે તે માટે સાધુજીવન પસંદ કરવા યોગ્ય છે. તેમાં આ પુરુષાર્થ ઉત્કૃષ્ટપણે થાય છે અને શ્રેયઃપદ એટલે મોક્ષની પ્રાપ્તિ કરી શકાય છે.

હ્રીઁકારની આરાધના આ મોક્ષપ્રાપ્તિમાં ઘણી સહાય કરે છે. તે અંગે ગત પ્રકરણમાં પૂરતું વિવેચન થયેલું છે, એટલે અહીં તેનો વિસ્તાર કરતા નથી.

આ રીતે હ્રીઁકારની આરાધનાથી મનુષ્ય ધર્મ, અર્થ,

કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થની પ્રાપ્તિ કરી પોતાને પ્રાપ્ત થયેલા મહામોંઘા માનવભવની સાર્થકતા કરી શકે છે.

અહીં સ્તવનકાર એમ પણ કહે છે કે આજ સુધીમાં જેઓ મોક્ષે ગયા છે, જેઓ મોક્ષે જાય છે અને જેઓ મોક્ષે જશે, તેને હ્રીँકારના મહિમાનો માત્ર અંશ જ સમજવો. એટલે કે હ્રીँકારના મહિમાનો પાર નથી. તેનાથી મોક્ષ જેવા મહાપદની પ્રાપ્તિ કરી શકાય છે, તેમજ સર્વ કંઇ સિદ્ધ કરી શકાય છે. આ વિશ્વમાં એવું કોઈપણ કાર્ય નથી કે જે હ્રીँકારની આરાધનાથી સિદ્ધ થઇ શકે નહિ.

હવે સ્તવનકાર હ્રીँકારવિદ્યાનો મહિમા દર્શાવવા પંદરમું પદ્ય આ પ્રમાણે કહે છે :

**विधाय यः प्राक् प्रणवं नमोऽन्ते,**
**मध्यैकबीजं ननु जञ्जपीति ।**
**तस्यैकवर्णा वितनोत्यवन्ध्या,**
**कामार्जुनी कामितमेव विद्या ॥१५॥**

यः–જે આરાધક. प्राक्–પહેલો. प्रणवं–પ્રણવ, ૐકાર. અને अन्ते–છેવટે. नमः–नमः એવું પદ. मध्यैकबीजं–મધ્યમાં એક બીજરૂપ. તેને. विधाय–મૂકીને. ननु–ખરેખર. जञ्जपीति–જપે છે. तस्य–તેના. एकवर्णा–એક વર્ણવાળી, એક અક્ષરવાળી. अवन्ध्या–ફલ આપવામાં કદી નિષ્ફળ નહિ જનારી.

**कामार्जुनी**–કામધેનુ સમાન. **विद्या**–હ્રીँકારવિદ્યા. **कामितम् एव**–મનોવાંછિતને. **वितनोति**–વિસ્તારે છે, પૂર્ણ કરે છે.

**ભાવાર્થ** :– જે આરાધક પહેલાં ૐ, છેવટે **નમઃ** અને વચમાં હ્રીँ બીજની સ્થાપના કરીને મંત્રજપ કરે છે, તેનાં સર્વ વાંછિતોને એ એક વર્ણવાળી, અવંધ્ય અને કામધેનુસમાન હ્રીँકારવિદ્યા પૂર્ણ કરે છે.

'ૐ હ્રીँ **નમઃ**' ને હ્રીંકાર વિદ્યા કહેવામાં આવે છે. તેમાં ખરો મંત્રાક્ષર તો માત્ર હ્રીં જ છે. અહીં કોઈ એમ કહે કે 'ૐ એ મંત્રાક્ષર નથી શું ?' તો અહીં ૐકારની યોજના મંત્રસેતુ તરીકે થયેલી છે, અને **નમઃ** એ પલ્લવ છે, એટલે તે શાંતિકર્મ અર્થે મંત્રના છેડે લાગે છે. તેથી હ્રીંવિદ્યાને એકવર્ણ- એક અક્ષરવાળી માનવામાં આવી છે.

આ હ્રીંકારવિદ્યા ફલ આપવામાં કદી નિષ્ફળ જતી નથી, તેથી તેને અવન્ધ્યા કહેવામાં આવી છે. જે ફલ ન આપે તે વન્ધ્યા, જે અવશ્ય ફલ આપે, તે અવન્ધ્યા.

વળી આ હ્રીંકારવિદ્યા કામધેનુ ગાય જેવી છે, એટલે આરાધકના સર્વ મનોવાંછિતોને શીઘ્ર પૂર્ણ કરે છે.

કેટલાક કહે કે અમે હ્રીँકારનો એક લાખ જપ કરી ચૂક્યા છીએ, પણ તેનું કોઈ વિશિષ્ટ ફળ અમારા જોવામાં આવ્યું નથી. તેમને અમારે એટલું જ કહેવાનું છે કે આ આરાધનાનો મુખ્ય પાયો શ્રદ્ધા છે, તે

શું મજબૂત હતી ? તેમાં જરાયે ડગમગાટ તો ન હતો ? વળી 'આનું ફળ મળશે કે કેમ ? જોઈએ છે, આરાધના તો કરવા દો.' આવા કોઈ સંદિગ્ધ વિચારોપૂર્વક તો તેની આરાધના કરી ન હતી ? તેજ રીતે હ્રીँકારની આરાધના અંગે હ્રીँકારકલ્પમાં, તેમજ પ્રસ્તુત સ્તવનમાં જે કાંઇ કહેવાયું છે, તેનું યથાર્થ પાલન થયું હતું કે કેમ ? એ પણ વિચારવાનું છે. જો શ્રદ્ધા, શુદ્ધિ અને વિધિ બરાબર હોય તો હ્રીँકારની આરાધના કદી પણ નિષ્ફળ જતી નથી. તે ધારેલું ફળ અવશ્ય આપે છે અને ઘણા ટૂંકા સમયમાં જ આપે છે.

હવે સ્તવનકાર છેલ્લા પદ્યમાં આ સ્તવનનો મહિમા આ રીતે દર્શાવે છે :

**मालामिमां स्तुतिमयीं सुगुणां त्रिलोकी-**
**बीजस्य यः स्वहृदये निदधेत्रिसन्ध्यम् ।**
**अङ्केऽष्टसिद्धिरवशा लुठतीह तस्य,**
**नित्यं महोदयपदं लभते क्रमात् सः ॥**

यः-જે આરાધક. इमां-આ. स्तुतिमयीं-સ્તુતિમયી, સ્તુતિવાળી. सुगुणां-સારા ગુણવાળી. त्रिलोकीबीजस्य मालां-ત્રૈલોકયબીજની માલાને. स्वहृदये-પોતાના હૃદયને વિષે. त्रिसन्ध्यं-ત્રણ સંધ્યાસમયે; સવારે, બપોરે અને સાંજે. निदधेत्-ધારણ કરે છે. तस्य-તેના. अङ्के-ખોળામાં. अष्ट-सिद्धिः-અણિમાદિ આઠ સિદ્ધિઓ. अवशा-અવશ બનીને.

लुठति इह–અહીં આળોટે છે. વળી सः–તે. क्रमात्–અનુ-ક્રમે. नित्यं–સદા. महोदयपदं–સિદ્ધિપદને. लभते–પામે છે.

**ભાવાર્થ**–જે આરાધક ત્રૈલોક્યબીજ હ્રીઁકારની સારા ગુણવાળી સ્તુતિરૂપ આ માળાને ત્રણ સંધ્યાએ પોતાના હૃદયમાં ધારણ કરે છે, તેના ખોળામાં અણિમાદિ આઠેય સિદ્ધિઓ આળોટે છે અને તે અનુક્રમે સિદ્ધિપદને પામે છે.

સ્તુતિ, સ્તોત્ર કે સ્તવનના અંતે તેની ફલશ્રુતિ કહેવાય છે, એ રીતે સ્તવનકારે અહીં તેની ફલશ્રુતિ કહેલી છે. તેઓ કહે છે કે મેં ત્રૈલોક્યબીજ એવા હ્રીઁકારની સ્તુતિમયી સારા ગુણવાળી માળા બનાવી છે. તે જે આરાધક સવારે, બપોરે અને સાંજે પોતાના હૃદયમાં ધારણ કરશે, એટલે કે તેનો પાઠ કરીને તેની ભાવના હૃદયમાં ઉતારશે, તેને અણિમાદિ આઠેય સિદ્ધિઓ પ્રાપ્ત થશે અને તે અનુક્રમે સિદ્ધિપદને પામી શકશે. આનો અર્થ એમ સમજવાનો છે કે આ સ્તવન ઘણું પ્રભાવશાળી છે અને તેનો સવારે, બપોરે અને સાંજે પરમ શ્રદ્ધાપૂર્વક પાઠ કરવામાં આવે તો આરાધકને અનેક પ્રકારની ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, જેવી કે–અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઇશિત્વ, વશિત્વ વગેરે.

જેનાથી શરીરને અતિ નાનું બનાવી શકાય તે **અણિમા**[1], અતિ મોટું બનાવી શકાય તે **મહિમા**[2], અતિ હલકું બનાવી શકાય તે **લઘિમા**[3], અને અતિ

ભારે બનાવી શકાય તે **ગરિમા**[૪], પોતાના સ્થાને ઊભાં ઊભાં અતિ દૂર રહેલા પદાર્થોને સ્પર્શ કરી શકાય તે **પ્રાપ્તિ**[૫], ભૂમિ જેવી નક્કર વસ્તુઓમાં પણ પ્રવેશ કરી શકાય તે **પ્રાકામ્ય**[૬], ચક્રવર્તી તથા ઈન્દ્રની ઋદ્ધિ વિસ્તારી શકાય તે **ઈશિત્વ**[૭], અને ગમે તેવા ક્રૂર જંતુને પણ વશ કરી શકાય તે **વશિત્વ**[૮].

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે આ સ્તવનનો પાઠ કરતાં મન શુદ્ધ અને સ્થિર થાય છે, તેથી ધ્યાનમાં એકાગ્રતા જામે છે અને પરિણામે આ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. અને તેનું સહુથી મોટું પરિણામ તો એ આવે છે કે તે અનુક્રમે મહોદયપદ એટલે મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. જેણે આ જગતમાં મોક્ષની પ્રાપ્તિ કરી, તે કૃત્યકૃત્ય ગણાય છે, એટલે કે ત્યાર પછી તેને બીજી કોઈ પણ વસ્તુ પ્રાપ્ત કરવાની રહેતી નથી.

ટૂંકમાં શક્તિબીજ હ્રીँકારની આરાધના મનુષ્યને ભુક્તિ અને મુક્તિ બંનેનું સુખ આપનારી હોવાથી સુજ્ઞજનોએ અવશ્ય કરવા યોગ્ય છે.

[ ૧૦ ]

## માયાબીજ–રહસ્ય

માયાબીજ હ્રીઁકારની આરાધના–ઉપાસના પર કેટલોક પ્રકાશ પાડતી એક કૃતિ જૈન ભંડારોમાં સંગ્રહાયેલી છે, તે પાઠકોની જાણ માટે યોગ્ય સંશોધન તથા વિવેચનપૂર્વક અહીં રજૂ કરવામાં આવે છે. આ કૃતિનાં બધાં જ પદ્યો અનુષ્ટુપ્ છંદ એટલે શ્લોકમાં રચાયેલાં છે.

આ કૃતિને 'માયાબીજસ્તુતિ' કે 'માયાબીજ સ્તુતિપૂજાસ્તવન' એવું નામ આપવામાં આવ્યું છે, પણ વાસ્તવમાં એ એક તાંત્રિક કૃતિ છે અને તેના છેડે 'एतद् गुह्यं समाख्यातं, मायाबीजस्य जीवनम्' એવા શબ્દો મૂકેલા છે, તેથી આ કૃતિને 'માયાબીજ–રહસ્ય' એવું નામ આપવું ઉચિત છે.

વળી આ કૃતિના આરંભમાં ઉપજાતિ છંદનું જે પદ્ય મૂકવામાં આવ્યું છે, તે ગત પ્રકરણમાં અપાયેલ હ્રીઁકારવિદ્યાસ્તવનનું મંગલાચરણ છે, એટલે કે આ કૃતિનો મૂળ ભાગ નથી, તે પાછળથી જોડી દેવામાં આવ્યું છે, તેથી અહીં તેને સ્થાન આપવામાં આવ્યું નથી.

આ કૃતિમાં કેટલેક સ્થળે મતાંતર છે, તે અમે વિવેચન દરમિયાન સ્પષ્ટ કર્યું છે. એકંદર માયાબીજ હ્રીંકારનો મહિમા તથા આરાધનવિધિ જાણવા માટે આ કૃતિ ઉપયોગી હોઈ, તેને અહીં સ્થાન અપાયેલું છે.

પ્રસ્તુત કૃતિનો પ્રારંભ આ પ્રમાણે થાય છે:

**श्वेतं रक्तं तथा पीतं, नीलं ध्यानं चतुर्विधम् ।**
**विधिना ध्यायमानं च, फलं भवति नान्यथा ॥१॥**

'ધ્યાન ચાર પ્રકારનું છે: શ્વેતવર્ણીય, રક્તવર્ણીય, પીતવર્ણીય અને નીલવર્ણીય. જો આ ધ્યાન વિધિપૂર્વક ધરવામાં આવે તો ફલદાયી થાય છે, અન્યથા ફલદાયી થતું નથી.'

તાત્પર્ય કે માયાબીજ હ્રીંકારનું ધ્યાન શ્વેત વર્ણે, રક્ત વર્ણે, પીત વર્ણે, તેમજ નીલ વર્ણે વિધિપૂર્વક કરવું જોઈએ; તેથી વિવિધ પ્રકારની ફલપ્રાપ્તિ થાય છે. જેઓ આ ધ્યાન શાસ્ત્રીય વિધિ અનુસાર કરતા નથી, એટલે કે પોતાની મતિ—કલ્પના અનુસાર કરે છે, તેમને તેનું વાસ્તવિક ફળ મળી શકતું નથી. જ્યાં વિધિનો અનાદર હોય ત્યાં ઇષ્ટફલની પ્રાપ્તિ કેવી રીતે થાય? વિધિના મહત્ત્વ અંગે પૂર્વ પ્રકરણોમાં પૂરતું વિવેચન થઈ ગયેલું છે.

અહીં વર્ણ અનુસાર ચાર પ્રકારનાં ધ્યાનો કહ્યાં છે, પણ જૈન દર્શનની માન્યતા અનુસાર વર્ણો પાંચ પ્રકારના છે: (૧) શ્વેત, (૨) રક્ત, (૩) પીત, (૪) નીલ

અને (૫) શ્યામ. આ દરેક વર્ણે ધ્યાન ધરતાં તેના પાંચ પ્રકારો બને છે. જૈન ધર્મના પાયારૂપ પંચપરમેષ્ઠીનું ધ્યાન આ પાંચ વર્ણે જ ધરવામાં આવે છે. જેમ કે–અરિહંતનું ધ્યાન શ્વેત વર્ણે ધરાય છે, સિદ્ધનું ધ્યાન રક્ત વર્ણે ધરાય છે, આચાર્યનું ધ્યાન પીત વર્ણે ધરાય છે, ઉપાધ્યાયનું ધ્યાન નીલ વર્ણે ધરાય છે અને સાધુનું ધ્યાન શ્યામ વર્ણે ધરાય છે. આજ રીતે ચોવીશ તીર્થંકરોનું ધ્યાન પણ પાંચ વર્ણે ધરાય છે અને હ્રીંકારનું ધ્યાન પણ પાંચ વર્ણેજ ધરાય છે. શ્રીમાન્ જિનપ્રભસૂરિજીએ હ્રીંકારકલ્પમાં તેનું વ્યવસ્થિત વિધાન કરેલું છે અને અન્ય જૈન ગ્રંથોમાં પણ એવું જ નિરૂપણ થયેલું છે. એટલે જૈન ધર્મમાં હ્રીંકારના પંચવર્ણીય ધ્યાન બાબત કોઈ વિવાદ નથી.

પરંતુ અન્ય મંત્રવાદીઓમાં નીલ અને શ્યામવર્ણીય ધ્યાનની બાબતમાં એકવાક્યતા નથી. કેટલાક શ્યામ-વર્ણીય ધ્યાનનો સ્વીકાર કરે છે અને નીલવર્ણીય ધ્યાનને જતું કરે છે, તો કેટલાક નીલવર્ણીય ધ્યાનનો સ્વીકાર કરે છે અને શ્યામવર્ણીય ધ્યાનને જતું કરે છે. હ્રીંકાર-વિદ્યાસ્તવનમાં શ્વેત, રક્ત, પીત અને શ્યામ એમ ચાર પ્રકારનું ધ્યાન બતાવ્યું છે, તો પ્રસ્તુત કૃતિમાં શ્વેત, રક્ત, પીત અને નીલ એમ ચાર પ્રકારનું ધ્યાન બતાવ્યું છે. વાસ્તવમાં નીલ અને શ્યામ એ બંને ધ્યાનોથી ઉગ્ર કર્મની સિદ્ધિ થાય છે, એટલે તેમણે એકબીજાને અંતર્ગત માની લીધા હોય એ બનવા યોગ્ય છે.

હવે આ ધ્યાનનું ફળ દર્શાવે છે:

**श्वेते मुक्तिर्भवेत् पुंसो, रक्ते वश्यं परं स्मृतम् ।**
**पीते लक्ष्मीर्भवत्येव, नीले च शत्रुमारणम् ॥२॥**

'શ્વેત ધ્યાનથી પુરુષની–આરાધકની મુક્તિ થાય છે; રક્ત ધ્યાનથી ઉત્તમ પ્રકારનું વશીકરણ કહેલું છે; પીત ધ્યાનથી નિશ્ચિત લક્ષ્મી આવે છે અને નીલ ધ્યાનથી શત્રુનું મરણ થાય છે.'

અહીં ષટ્કર્મો પૈકી સ્તંભનકર્મ, ઉચ્ચાટનકર્મ તથા વિદ્વેષણકર્મ કયા વર્ણે સિદ્ધ થાય છે? તે અંગે કોઈ ખુલાસો નથી; પણ સંપ્રદાયગત માન્યતા એવી છે કે પીતવર્ણીય ધ્યાનથી સ્તંભનકર્મ સિદ્ધ થાય છે અને નીલવર્ણીય ધ્યાનથી ઉચ્ચાટન તથા વિદ્વેષણ કર્મની સિદ્ધિ થાય છે. અહીં નીલવર્ણીય ધ્યાનથી મારણની સિદ્ધિ બતાવી છે, પણ તે માટે અન્ય તંત્રકારોએ શ્યામવર્ણીય ધ્યાનની આવશ્યકતા દર્શાવી છે. જૈન તંત્રકારોનો અભિપ્રાય પણ આ જ પ્રકારનો છે.

હવે મંત્રસમુદાયમાં માયાબીજનું સ્થાન કેવું છે? તે દર્શાવે છે:

**मन्त्राः सहस्रशःसन्ति, शिवशक्तिनिवेदिताः ।**
**अन्यथा ते च विज्ञेया, मायाबीजाग्रतो यथा ॥३॥**

'શિવે પાર્વતીને કહેલા હજારો મંત્રો વિદ્યમાન છે, પણ માયાબીજની આગળ તેમને અન્યથા જાણવા.'

તાત્પર્ય કે માયાબીજ હ્રીંકાર સહુથી ઉચ્ચ કોટિનો મંત્ર છે. તેની સરખામણીમાં બીજા મંત્રો કંઈ વિસાતમાં નથી.

આ ઉલ્લેખ પરથી એમ લાગે છે કે આ કૃતિ શાક્ત સંપ્રદાયની છે, પણ તેની સરલતા અને સુંદર નિરૂપણ-શૈલિને લીધે અન્ય મંત્રસંપ્રદાયોમાં પણ પ્રચલિત થયેલી છે.

એક તંત્રગ્રંથમાં કહ્યું છે કે 'मायाबीजं हि मुख्यो मे, मन्त्रः प्रियकरः सदा—શિવ પાર્વતીને કહે છે કે 'હે પ્રિયે! માયાબીજ હ્રીઁકાર એ જ મારો મુખ્ય મંત્ર છે અને તે મને સદા પ્રિય છે.' બીજા તંત્રગ્રંથમાં એમ કહેવાયું છે કે 'गुह्यो गुह्यतरो मन्त्रो, वाञ्छा चिन्तामणिः स्मृतः।' હ્રીઁકાર એ ગુહ્યમાં ગુહ્ય મંત્ર છે અને મનુષ્યોના મનોરથો પૂર્ણ કરવામાં ચિંતામણિ રત્ન સમાન છે.' કોઈ તંત્રગ્રંથમાં એમ પણ કહેવાયું છે કે—'ह्रीमिति सर्वशक्तिसर्वाधिष्ठानबोधकम्।' હ્રીઁકાર એ સર્વશક્તિમાન અને સર્વમાં વિરાજમાન બ્રહ્મનો બોધક છે.' વળી તંત્ર-ગ્રંથોએ હ્રીઁકારને તંત્રપ્રણવ, શક્તિપ્રણવ કે દેવીપ્રણવ કહીને તેનો મહિમા ખૂબ વધારેલો છે, તેનો જ પડઘો પ્રસ્તુત શ્લોકના ઉત્તરાર્ધમાં આ રીતે પડેલો છે.

હવે માયાબીજના જપ તથા હોમની સંખ્યા કહે છે:—

**लक्षसंख्ये कृते जापे, दशांशेन तु होमयेत् ।**
**पृथ्वीपतित्वं जायेत, सत्यं सत्यं च नान्यथा ॥४॥**

'માયાબીજનો એક લાખ જપ કર્યા પછી, તેના દશમા ભાગે હોમ કરવો. એમ કરવાથી રાજવીપણું મળે છે. આ વિધાનને સત્ય માનવું, સત્ય માનવું; તે કદી અન્યથા થતું નથી.'

આ નિરૂપણશૈલિ પણ તાંત્રિક સંપ્રદાયની છે. 'सत्यं सत्यं च नान्यथा' એવા શબ્દો બીજા પણ અનેક શાક્ત-તંત્રોમાં અનેક વાર જોવામાં આવે છે.

માયાબીજનો એક લાખ જપ 'ॐ ह्रीँ नमः' એ મંત્રપદોથી કરવાનો હોય છે. જપ પૂરો થયા પછી દશાંશ હોમ એટલે એક લાખના દશમા ભાગે દશ હજાર આહુતિવાળો હોમ કરવો જોઈએ. એ વખતે 'ॐ ह्रीँ नमः' ન બોલતાં 'ह्रीँ स्वाहा' એવું મંત્રપદ બોલવું જોઈએ. આ રીતે માયાબીજનું એક લાખનું અનુષ્ઠાન કરવાથી મનુષ્યને રાજવીપણું મળે છે. અન્ય શબ્દોમાં કહીએ તો ધન, ધાન્ય, વિપુલ સંપત્તિ તથા વિશાળ અધિકારની પ્રાપ્તિ થાય છે.

પૂર્વે હ્રીઁકારકલ્પમાં એમ કહેવાયું છે કે પૂર્વ સેવામાં 'ॐ ह्रीँ नमः' મંત્રનો એક લાખ જપ કરવો અને દશાંશ હોમ કરવો. પછી જે કર્મ સિદ્ધ કરવું હોય તે અનુસાર ધ્યાન ધરવું, એટલે કાર્ય સિદ્ધ થાય છે. દાખલા તરીકે મનુષ્યને વિપુલ સંપત્તિ જોઈતી હોય, એટલે કે અઢળક લક્ષ્મીની ઈચ્છા હોય તો તેણે પીતવર્ણે

હ્રીँકારનું ધ્યાન ધરવું જોઇએ અને એ વખતે બધી સામગ્રી પીળા રંગની જ રાખવી જોઈએ વગેરે. એ જ રીતે રાજ્યપ્રાપ્તિની ઇચ્છા હોય તો તેવો સંકલ્પ કરીને પીતવર્ણે ધ્યાન ધરવું જોઇએ.

હવે સંકટસમયે માયાબીજની આરાધના કેવી રીતે કરવી? તે જણાવે છે.

**रणे राजकुले वह्नौ, दुर्गशस्त्रविसङ्कटे ।**
**शतमष्टोत्तरं जापं, कणवीर-सगुग्गुलम् ॥५॥**

'યુદ્ધ, રાજકુલ, અગ્નિ કે કિલ્લામાં રહેલા શસ્ત્રો તરફનું સંકટ ઉત્પન્ન થાય ત્યારે લાલ કણેર તથા ઘીમિશ્રિત ગુગળની અગ્નિમાં આહુતિ આપવી અને આ મંત્રનો ૧૦૮ વાર જપ કરવો.'

જેને એક લાખ મંત્રજપથી હ્રીँકાર સિદ્ધ થયો છે, તેને માટે આ વિધાન છે. તે યુદ્ધ વગેરેનાં સંકટો –ભયો ઉત્પન્ન થતાં આ પ્રકારનો હોમ કરે તથા ૧૦૮ મંત્રજપ કરે તો તેનું નિવારણ થાય છે.

વિશેષમાં કહે છે.

**जयमाप्नोति शत्रुभ्यः, पृथिवीपतिवल्लभः ।**
**अपुत्रो लभते पुत्रान्, सौभाग्यं दुर्भगो भवेत् ॥६॥**
**अष्टम्यां चतुर्दश्यां वा, पर्वणि ग्रहणेषु च ।**
**हूयते वाऽनले सम्यग्, नात्र कार्या विचारणा ॥७॥**

'જે આરાધક આઠમ, ચૌદશ, પર્વના દિવસે કે ગ્રહણના સમયે વિધિપૂર્વક આ પ્રકારનો હોમ કરે છે, તે શત્રુઓ પર જય મેળવે છે, રાજાઓને વલ્લભ થાય છે, અપુત્રિયો હોય તો પુત્રને પામે છે અને દુર્ભાગી હોય તો સૌભાગ્યને પ્રાપ્ત કરે છે. એમાં કોઈ સંશય રાખવો નહિ.'

હવે માયાબીજનું નિત્ય પૂજન કેવી રીતે કરવું ? તેનો વિધિ દર્શાવે છે :

**निर्मलं सलिलं स्वच्छं, गालितं जन्तुवर्जितम् ।**
**पूर्वस्यां दिग्विभागे तु, मन्त्रयुक् स्नपनं स्मृतम् ॥८॥**

'સાધકે માયાબીજનું પૂજન કરતાં પહેલાં સ્નાન કરવું આવશ્યક છે. તે નિર્મલ, સ્વચ્છ, જંતુરહિત અને ગાળેલા પાણીથી કરવું જોઈએ. વળી તે વખતે મુખ પૂર્વ દિશા ભણી રાખવું જોઈએ અને નીચેનો મંત્ર બોલતા રહેવું જોઈએ: "ॐ प्राँ प्रीँ प्रूँ प्रः अमले विमले अशुचिः शुचिर्भवामि स्वाहा ।"

મંત્રારાધનમાં શુદ્ધિ મહત્ત્વની વસ્તુ છે, તે બાહ્ય અને અભ્યંતર એમ બંને પ્રકારની હોવી જોઈએ. તેમાં બાહ્ય શુદ્ધિ માટે સારી રીતે સ્નાન કરવું જોઈએ. આ સ્નાન કરવાનો વિધિ એવો છે કે કૂવા, વાવ, નદી, સરોવર આદિ જલાશયમાંથી સ્વચ્છ વસ્ત્ર પરિધાન કરેલી કુંવારી કન્યા× પાસે એક ઘડામાં જોઈતું પાણી મંગાવીને

× આ વખતે કન્યાના પગ અલુઆણા એટલે ચંપલ–મોજડી વિનાના હોવા જોઈએ.

તેને એક વાસણમાં ગાળી લેવું, જેથી તે જંતુરહિત, સ્વચ્છ તથા નિર્મળ થાય. પછી તે જલથી સ્નાન કરવું. આ સ્નાન કરતી વખતે મુખ પૂર્વ દિશામાં રાખવું અને ઉપર જણાવેલો મંત્ર બોલતાં રહેવું. એમ કરવાથી વિશિષ્ટ પ્રકારની શુદ્ધિ થાય છે અને તે મંત્રારાધનાને સફળ બનાવવામાં સહાયભૂત થાય છે. જ્યાં નળ દ્વારા પાણી મેળવવાની પદ્ધતિ અમલમાં છે, ત્યાં કુમારિકા પાસે નળમાંથી જોઈતું પાણી મંગાવીને, ઉપર જણાવ્યા મુજબ ગાળીને ઉપયોગમાં લેવામાં હરકત નથી, એમ અમારું માનવું છે.

આ રીતે સ્નાન કરતી વખતે શરીરની શુદ્ધિ માટે કાળી માટી, આંબળાનું ચૂર્ણ કે એવા જ બીજા વનસ્પતિજન્ય ઉવટ્ટણનો ઉપયોગ કરવો, પણ ચરબીવાળા સાબુનો ઉપયોગ કરવો નહિ. વળી સ્નાન તદ્દન નગ્ન બનીને ન કરતાં વસ્ત્ર પહેરીને જ કરવું.

પછી શું કરવું? તે કહે છે :–

**पश्चाद् भूमिं शुचिं कृत्वा, पृथ्वीबीजेन सर्वदा ।**
**ॐ भूरसि भूतधात्रीयं, विश्वाधारे नमस्तथा ॥९॥**

'પછી પૃથ્વીબીજ ॡं વડે ભૂમિને શુદ્ધ કરીને 'ॐ भूरसि भूतधात्रीयं विश्वाधारे नमः' એ મંત્ર બોલવો, એટલે ભૂમિની શુદ્ધિ થાય છે. આ ક્રમ નિત્ય ચાલુ રાખવો.'

મંત્રારાધન કરતી વખતે શરીર, વસ્ત્ર, ઉપકરણ આદિ શુદ્ધ જોઇએ, તેમ ભૂમિ પણ શુદ્ધ જોઇએ.

આ ભૂમિને રોજ વાળીને સાફ કરવી જોઇએ અને જરૂર મુજબ તેના પર પાણી–ગુલાબજળ વગેરેનો છંટકાવ કરવો જોઇએ. પછી જ્યારે પૂજન માટે બેસવું હોય ત્યારે મનમાં પૃથ્વીબીજ લં નું સ્મરણ કરીને 'ૐ भूरसि भूतधात्रीयं विश्वाधारे नमः' એ મંત્ર બોલવાપૂર્વક ભૂમિને સીધો સ્પર્શ કરવો જોઇએ. આ ક્રિયા ત્રણવાર કરવાથી ભૂમિની શુદ્ધિ થાય છે.

હવે પૂજન કરનારે વસ્ત્ર કેવાં પહેરવાં ? તે જણાવે છેઃ

**कौसुम्भं रक्तवस्त्रं वा, पट्टकूलं सहाञ्चलम् ।**
**परिधाय श्वेतवस्त्रं, ततः पूजनमारभेत् ॥१०॥**

'આરાધકે કુસુંબાથી રંગેલું લાલ વસ્ત્ર પહેરવું, અથવા શ્વેત વસ્ત્રો ધારણ કરવાં અને પછી પૂજાનો પ્રારંભ કરવો.'

પૂજન કરતી વખતે સૂતરાઉ અને રેશમી બંને પ્રકારનાં વસ્ત્રો વાપરી શકાય છે. તેમાં સુતરાઉ વસ્ત્રો કસુંબાથી રંગેલાં એટલે કે લાલ રંગના હોવાં જોઈએ, અથવા તો તદ્દન શ્વેત હોવાં જોઈએ. આનો અર્થ એમ સમજવાનો કે નિત્ય પૂજનમાં આ બે રંગ સિવાયના બીજા રંગનાં વસ્ત્રો વાપરવાં નહિ. જો રેશમી વસ્ત્ર વાપરવું હોય તો કિનારવાળું લાલ કે શ્વેત રંગનું વાપરવું જોઈએ. અહીં सहाञ्चलम्–શબ્દથી કિનારની આવશ્યકતા

દર્શાવેલી છે, એટલે સાવ સાદું-કિનાર વિનાનું રેશમી વસ્ત્રપૂજનમાં ચાલી શકે નહિ, એમ સમજવાનું છે.

પૂજન માટે બે વસ્ત્રોની જરૂર રહે છે. એક પહેરવા માટે તથા એક ઓઢવા માટે. ઓઢવાના વસ્ત્રને ઉત્તરાસંગ કે ઉપરણું કહે છે.

હવે પૂજનસમયે કેવા આસનનો ઉપયોગ કરવો ?' તે જણાવે છે:

**विशालचतुरस्त्रे वा, पदे शैवलिके शुचौ ।**
**ऊर्णामये पवित्रे वा आसनं क्रियते बुधैः ॥११॥**

' પૂજા સમયે વિશાળ અને ચોરસ એવા પદ્મકાષ્ઠના બનાવેલા પવિત્ર પાટલાને અથવા ઊનના પવિત્ર વસ્ત્રને વિદ્વાન પુરુષો વડે આસન બનાવાય છે.'

હ્રીઁકારનું પૂજન ભોંય પર બેસીને કરવાનું નથી. તે માટે આસન આવશ્યક છે. આ આસન માટે પદ્મકાષ્ટના બનાવેલા સાંધા વગરના પાટલાનો ઉપયોગ કરવો જોઈએ. પદ્મકાષ્ઠનાં વૃક્ષો હિમાલયમાં થાય છે. તેને ફળ થતાં નથી. તેનું લાકડું ઔષધિમાં વપરાય છે તથા તેના પાટલા પણ બનાવી શકાય છે. એવા પાટલાનો અહીં ઉપયોગ કરવાનો છે. જો આવો પાટલો ન મળી શકે તો સાગના સાંધા વિનાના પાટલાથી કામ ચલાવી શકાય, એમ અમારું માનવું છે. જો આવો પાટલો પણ ન મળી શકે તો

ઊનના આસનનો ઉપયોગ કરવો જોઈએ; સૂતરાઉ આસનનો ઉપયોગ વિહિત નથી.

મંત્રવિશારદોનું એવું મંતવ્ય છે કે પૂજન, જપ તથા ધ્યાન કરતી વખતે આરાધકના શરીરમાં એક જાતની શક્તિ પેદા થાય છે, તે લાકડાનો પાટલો કે ઊનનું વસ્ત્ર હોય તો જળવાઇ રહે છે અને સૂતરાઉ વસ્ત્રનું આસન હોય કે ભૂમિપર બેઠા હોઇએ તો એ શક્તિ નીચે ઉતરી જાય છે, તેથી આસનમાં આ પ્રકારનો વિવેક રાખવો આવશ્યક છે.

પછી શું કરવું? તે કહે છે:

**कर्पूरागरुकस्तूरीचन्दनैर्यक्षकर्दमैः ।**
**केसरैर्मिश्रितैः सम्यग् लेपनं युज्यते अन्वहम् ॥१२॥**

'માયાબીજને દરરોજ કપૂર, અગર, કસ્તુરી, ચંદન, યક્ષકર્દમ તથા કેસર વગેરેથી મિશ્રિત એવું વિલેપન કરવું જોઇએ.'

અહીં પટ્ટ અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી, પણ સંપ્રદાય એવો છે કે માયાબીજ–હ્રીંકારનું પૂજન-આરાધન કરવા ઇચ્છનારે ત્રાંબાનું પાંચ આગળ લાંબું–પહોળું પતરૂં લઈ, તેમાં માયાબીજ હ્રીંકાર કોરાવવો અથવા તો ઉપસાવવો અને તેને રોજ પંચામૃત તથા જલનો અભિષેક કરી શુદ્ધ કરવો. પછી તેને સુગંધી દ્રવ્યોનું વિલેપન કરવું. આ સુગંધી દ્રવ્યોમાં કપૂર, અગર, કસ્તુરી, ચંદન,

યક્ષકર્દમ તથા કેસરનો ઉપયોગ કરવો. એટલે કે આ બધી વસ્તુઓને ઓરસિયા પર ચંદનના કાષ્ઠથી ઘસીને ચાંદીની વાડકીમાં તેનો ખરડ ઉતારવો અને તેનાથી પટ્ટને વિલેપન કરવું. યક્ષકર્દમ કપૂર, અગર, કસ્તુરી અને કંકોલના મિશ્રણથી બને છે. તેમાં કસ્તૂરી ઘણી મોંઘી હોઇ સેળભેળ થવા સંભવ છે, એટલે તેની શુદ્ધિની ખાતરી કરી લેવી. આમાંથી કોઇ દ્રવ્ય અલભ્ય હોય, તો બાકીનાં દ્રવ્યોથી પણ કામ ચલાવી શકાય.

તે પછી શું કરવું? તે કહે છે:

**शतपत्रैश्चम्पकैः पुष्पैर्जातिपुष्पैः श्रीखण्डकैः ।**
**अष्टोत्तरशतं संख्यं, पूजनं तत्र कारयेत् ॥१३॥**

'તે પછી કમળો, ચંપાનાં ફળો તથા જાઇનાં ફૂલો અને ચંદન વડે ૧૦૮ વાર પૂજન કરવું.'

અહીં સંપ્રદાય એવો છે કે 'ॐ હ્રીँ નમઃ' મંત્ર બોલીને હ્રીँકારપટ્ટને ચંદનનું તિલક કરવું, એ રીતે ૧૦૮ વાર તેનું પૂજન કરવું અને તે પછી તેના પર પુષ્પો ચડાવવાં. તેમાં કમળ, ચંપકપુષ્પ (ચંપો) તથા જાઈનાં પુષ્પોને પસંદગી આપવી. જે ઋતુમાં કમળનાં ફૂલ ન મળતાં હોય, તે ઋતુમાં કમળને બદલે જાસુદ કે રતનજ્યોતનાં ફૂલ ચડાવવાં. વળી અહીં લાલ કરેણનાં પુષ્પો ચડાવવાનો પણ સંપ્રદાય છે. જે પુષ્પો વાસી હોય, તૂટેલાં હોય કે બગડી ગયેલાં હોય, તે પટ્ટપૂજાના કામમાં લેવાં નહિ.

અહીં વિશેષ સૂચન કરવાનું છે, તે નિમ્ન શ્લોક વડે આ પ્રમાણે કરાયું છેઃ

**देवपूजा प्रकर्तव्या, चैकचित्तेन सर्वदा ।**
**नैवेद्यं धूपनं पूगसुपत्राणि च ढौकयेत् ॥१४॥**

'હંમેશાં દેવપૂજા એકાગ્ર ચિત્તથી કરવી. તે પછી તેમની આગળ નૈવેદ્ય મૂકવું, ધૂપ કરવો, સોપારી અને નાગરવેલનાં સુંદર પાન મૂકવાં.'

અહીં દેવપૂજાથી હ્રીંકારપટ્ટની પૂજા સમજવાની છે. આ પૂજામાં સુગંધી દ્રવ્યોનું વિલેપન આદિ જે જે ક્રિયાઓ કરવાની છે, તે બધી એકાગ્ર ચિત્તે કરવી. જ્યારે ચિત્તની વૃત્તિઓ અન્ય સઘળા વ્યાપારોમાંથી નિવૃત્ત થઈને ઈષ્ટ કાર્ય ઉપર કેન્દ્રિત થાય, ત્યારે જ એકાગ્રતા થઈ ગણાય છે. તાત્પર્ય કે આ વખતે પૂજન સિવાય અન્ય કોઈ વિચારો કરવા ન જોઈએ. આમ છતાં અન્ય કોઈ વિચાર આવી જાય તો મનને તરત તેમાંથી પાછું વાળી લેવું જોઈએ અને પૂજન પર જ કેન્દ્રિત કરવું જોઈએ. અભ્યાસ પાડ્યા વિના ચિત્ત એકાગ્ર થતું નથી, એ એક હકીકત છે; તેથી મંત્રારાધકે પોતાના મનને એકાગ્ર કરવાનો અભ્યાસ કરવો જોઈએ. અને તે માટે યોગશાસ્ત્ર આદિમાં જે જે સાધનો બતાવેલાં છે, તેનો શક્ય એટલો લાભ લેવો જોઈએ.

આ પૂજન વખતે આરાધકની ડાબી બાજુએ ઘીનો દીપક અને જમણી બાજુએ ધૂપ રાખવો જોઈએ. ધૂપદાનમાં સળગતા અંગારા રાખીને દશાંગ ધૂપ વગેરે નાખવા વડે આ ક્રિયા કરી શકાય; પરંતુ તે માટે અગરબત્તીનો ઉપયોગ વધારે સગવડભરેલો છે. આ અગરબત્તી ઊંચા પ્રકારની વાપરવી.

આ વિધિ પૂરો થયા પછી હ્રીઁકારપટ્ટની આગળ નાગરવેલનાં પાન, સોપારી તથા નૈવેદ્ય મૂકવું જોઈએ. આને પણ પૂજનનો જ એક ભાગ સમજવાનો છે. જો પૂજનના પ્રથમ પ્રકારને આપણે દ્રવ્યપૂજા તરીકે ઓળખીએ, તો આને અગ્રપૂજા કહેવી જોઈએ. જે વસ્તુ સમર્પણભાવે દેવની અગ્રે એટલે આગળ મૂકાય, તે અગ્રપૂજા.

તે પછી શું કરવું ? તે જણાવે છે :

**एवं कृतविधानेन, पश्चाद् होमं च कारयेत् ।**
**गोमयेन भुवं लिप्त्वा, स्थण्डिलं तत्र कारयेत् ॥१५॥**

'આ પ્રમાણે વિધિ કરીને પછી હોમ કરવો. તે માટે ગાયના છાણથી જમીનને લીંપવી અને ત્યાં હોમ માટે નાની વેદિકા બનાવવી.'

તંત્રકારો કહે છે કે મંત્રની સિદ્ધિ ઇચ્છનારે પ્રતિદિન (૧) મંત્રદેવતાનું પૂજન, (૨) જપ, (૩) ધ્યાન તથા (૪) હોમ એ ચાર કર્મો કરવાં જોઈએ. જે આ ચાર કર્મો વિધિપૂર્વક બરાબર કરે છે, તેને મંત્રસિદ્ધિ

અવશ્ય થાય છે; એટલે હોમની ક્રિયા મંત્રસિદ્ધિ માટે આવશ્યક છે.

આ હોમ કઈ રીતે કરવો ? તે જણાવે છે. પ્રથમ ભૂમિને ગાયના છાણથી લીંપવી અને તેની વચ્ચે હોમ માટેની વેદિકા બનાવવી.

આ વેદિકા કેવી હોવી જોઈએ ? તેનો ખુલાસો સોળમા શ્લોકમાં આ પ્રમાણે કરાએલો છેઃ

**चतुरस्रं त्रिकोणं वा, शान्तिकर्माणि युज्यते।**
**अष्टाम्बुजं वर्तुलं च, काम्यकार्ये प्रशस्यते ॥१६॥**

'શાંતિકર્મ માટે ચોરસ અથવા ત્રિકોણ વેદિકા યોગ્ય છે અને કામ્ય કર્મ કરવું હોય એટલે કે તે સિવાયનાં બીજાં કર્મો કરવાં હોય તો આઠ પાંખડીવાળી વર્તુલ વેદિકા પ્રશસ્ત છે.'

તાત્પર્ય કે આરાધકે હ્રીઁકારના પૂજન દ્વારા જે કર્મ સિદ્ધ કરવું હોય તે અનુસાર હોમની વેદિકા બનાવવી જોઈએ. જો તેણે શાંતિકર્મ સિદ્ધ કરવું હોય તો ચોરસ અથવા ત્રિકોણાકાર વેદિકા બનાવવી જોઈએ અને અન્ય કામ્યકર્મ કરવાં હોય તો અષ્ટદલાકૃતિ કે વર્તુલ વેદિકા બનાવવી જોઈએ. કેટલાકના મતથી ત્રિકોણ વેદિકા આકર્ષણકર્મ તથા મારણકર્મ માટે નિયત થયેલી છે, એટલે શાંતિકર્મ માટે કરવા યોગ્ય નથી. તે માટે ચોરસ વેદિકા જ વધારે અનુકૂળ છે.

પછી શું કરવું ? તે જણાવે છે :-

**अग्निं संवेश्य तत्रादौ, वरद नाम एव च।**
**समिधः शोधयित्वा तु, आहूयेद् मन्त्रविश्रुतः ॥१७॥**

'તેમાં સમિધોનું શોધન કરીને પ્રથમ વરદ નામનો અગ્નિ પધરાવવો અને ત્યાર પછી મંત્રવિશારદે આહૂતિ આપવી.'

હોમ માટે સામાન્ય રીતે પલાશ એટલે ખાખરાનાં લાકડાં વપરાય છે. જો તે ન મળે તો દૂધવાળાં વૃક્ષ એટલે પીંપળ વગેરેનાં લાકડાં વપરાય છે. તે સાથે શ્વેત ચંદન, લાલચંદન તથા શમીવૃક્ષ એટલે ખીજડાનાં લાકડાંનો પણ ઉપયોગ થાય છે. અહીં સંપ્રદાય ખીજડાનાં લાકડાંનો છે. આ ખીજડાનાં લાકડાનું શોધન કરવું જોઈએ, એટલે કે તેમાં કોઈ જીવ-જંતુ તો નથી ? તેની ખાતરી કરી લેવી જોઈએ અને જો જીવ-જંતુ હોય તો તેને સંભાળપૂર્વક દૂર કરવાં જોઈએ. આ લાકડાં સામાન્ય રીતે આઠથી બાર આંગળ લાંબા જોઈએ. તેમાં શાંતિકર્મ માટે તો બાર આંગળનું ખાસ વિધાન છે, એટલે તે પ્રમાણે લાકડાં —સમિધ તૈયાર કરી લેવાં જોઈએ. હોમમાં વાપરવા યોગ્ય લાકડાંને સમિધ કહેવામાં આવે છે.

આ લાકડાં વેદિકામાં ગોઠવ્યા પછી તેમાં વરદ એવો અગ્નિ પધરાવવો. શાસ્ત્રમાં બાર પ્રકારના અગ્નિ કહેલા છે, તેમાં વરદનો પણ સમાવેશ થાય છે. આ અગ્નિ

પધરાવતાં નીચેનો મંત્ર બોલવો : 'ॐ छागस्थतनुपाद् वरद एहि एहि आगच्छ आगच्छ हूं फट् स्वाहा ।'

વેદિકામાં સમિધ ગોઠવ્યા પછી તથા અગ્નિ પ્રકટાવ્યા પછી હોમ કે હવન માટેનાં ખાસ દ્રવ્યોની આહુતિ આપવી જોઈએ. તેનો નિર્દેશ અઢારમા શ્લોકમાં આ પ્રમાણે કરાયો છે :

क्षीराम्र–नालिकेरैश्च, द्राक्षयाऽगरुचन्दनैः ।
शर्कराचोत्ततैश्चैव, लवङ्गैर्घृतमिश्रितैः ॥१८॥

प्रथमं गुग्गुलैः सार्धं, कलिं कणवीरस्य च ।
सम्मील्य घृतयुक्तेन, हवनं तत्र कारयेत् ॥१९॥

'તે પછી ક્ષીર, નાળિયેર, દ્રાક્ષ, અગર, ચંદન, સાકર, ખારેક અને લવિંગમાં ઘી મેળવીને આહુતિ આપવી, પરંતુ તે પહેલાં ગુગળની સાથે કરેણની કળીઓ મેળવી તેને ઘીથી મિશ્રિત કરી તેનો હવન કરવો.'

વેદિકામાં અગ્નિ પ્રકટાવ્યા પછી પહેલી આહુતિ ઘીથી મિશ્રિત કરેલા ગુગળ અને કરેણની કળીઓની આપવી; આગળ સંકટ ટાળવાના સમયે પણ તેનું વિધાન થયેલું છે, એટલે આ પ્રકારની આહુતિ આપતાં સર્વ સંકટો ટળે છે, સર્વ ભયોનું નિવારણ થાય છે, એમ સમજવાનું છે. ત્યાર પછી ક્ષીર, નાળિયેર એટલે ટોપરાના ટુકડા, કાળી દ્રાક્ષ, અગરના ટુકડા, ચંદનના ટુકડા, સાકર, ખારેક

તથા લવિંગને ઘીમાં મિશ્રિત કરીને તેની આહુતિઓ આપવી. આ બધાં દ્રવ્યોની આહુતિઓ એક પછી એક આપવી જોઈએ.

અહીં શર્કરા પછીનો શબ્દ સ્પષ્ટ સમજાતો નથી, પણ ગુજરાતી ભાષામાં તે અંગે જે વિધાનો છે, તે પરથી તેનો અર્થ ખારેક લખવામાં આવ્યો છે.

હવે ષટ્કર્મનો નિર્દેશ કરતાં જણાવે છે કે—

**शान्तिकं पौष्टिकं चैव, वश्यमाकर्षणं तथा ।**
**उच्चाटनं च स्तम्भं च, सर्वकर्माणि साधयेत् ॥२०॥**

'આ પ્રકારના વિધિ–વિધાનપૂર્વક શાંતિક, પૌષ્ટિક, વશ્ય, આકર્ષણ, ઉચ્ચાટન, સ્તંભન વગેરે સર્વ કર્મો સાધવાં.'

જે માયાબીજ હ્રીંકારના એક લાખ મંત્રનો જપ કરી ઉપરની વિધિએ દશાંશ હોમ કરે છે, તેને માયાબીજ હ્રીંકાર સિદ્ધ થાય છે અને તેથી તે શાંતિક, પૌષ્ટિક, વશ્ય, આકર્ષણ, ઉચ્ચાટન, સ્તંભન વગેરે સર્વે કર્મો સિદ્ધ કરી શકે છે.

આ કર્મ માટે કેવું ધ્યાન ધરવું જોઈએ? તેની વિચારણા પૂર્વે થઇ ગઈ છે અને તેના હોમ માટે કેવાં દ્રવ્યો વાપરવાં જોઈએ, તે હ્રીંકારકલ્પની પૂર્ણાહુતિ કરતાં દર્શાવેલું છે. વળી ત્યાં એક યંત્ર દ્વારા ષટ્કર્મની સિદ્ધિ

માટે જરૂરી એવાં સર્વ અંગોનો નિર્દેશ કર્યો છે. એ પરથી આ ષટ્કર્મની સિદ્ધિ કેવી રીતે કરવી ? તે સમજાશે.

વિશેષમાં આહુતિ આપતી વખતે નીચે પ્રમાણે મંત્રપદો બોલવાં જોઈએ :

શાંતિકે ह्रीँ स्वाहा

પૌષ્ટિકે ह्रीँ स्वधा

વશ્યે ह्रीँ वषट्

આકર્ષણે ह्रीँ वौषट्

સ્તંભને ह्रीँ ठः ठः

વિદ્વેષે ह्रीँ ह्रीँ

ઉચ્ચાટને ह्रीँ फट् स्वाहा

મારણે ह्रीँ घे घे

ગારુડે ह्रीँ हंसः

હવે માયાબીજનો મહિમા દર્શાવે છે :

चतुष्षष्टिर्महादेव्यो, विख्याता भूतले सदा ।
ताः सर्वाः संस्थिता नित्यं, मायाबीजे वरे परे ॥२१॥

'ચોસઠ પ્રકારની મહાદેવીઓ જેઓ પૃથ્વીમાં સદા વિખ્યાત છે, તે બધી અતિ શ્રેષ્ઠ એવા આ માયાબીજમાં નિત્ય રહેલી છે.'

માયાબીજનો મહિમા અપૂર્વ છે. તેમાં સર્વે દૈવી શક્તિઓનું અધિષ્ઠાન છે, એમ કહીએ તો અનુચિત નથી. ચોસઠ

મહાદેવીઓ કે જેની આ જગતમાં યોગિનીઓ તરીકે ઘણી ખ્યાતિ છે અને જેની સાધના માટે મંત્રારાધકો સદા ઈંતેજાર રહે છે, તે ચોસઠ યોગિનીઓ શક્તિરૂપે આ માયાબીજમાં જ રહેલી છે, એટલે તેની આરાધના કરતાં એ બધી યોગિનીઓની આરાધના થઈ જાય છે, એમ સમજવાનું છે. અન્ય શબ્દોમાં કહીએ તો જેણે માયાબીજને સિદ્ધ કર્યું છે, તેને યોગિનીઓ વગેરેને સિદ્ધ કરવાની જરૂર રહેતી નથી, કારણ કે તેની સિદ્ધિથી જે જે કાર્યો કરી શકાય છે, તે બધાં જ કાર્યો માયાબીજની સિદ્ધિથી કરી શકાય છે.

ચોસઠ યોગિનીઓને વશ કરવા માટેનાં વિધિ–વિધાનો **યોગિનીહૃદય** વગેરે તંત્રગ્રંથોમાં જણાવેલાં છે.

વિશેષમાં કહે છે:

**एवं विधानमात्रेण, सर्वास्तुष्यन्ति देवताः ।**
**सुज्ञेयो योगिनां मुख्यो, नृपतुल्यो नरो भवेत् ॥२२॥**

'આ પ્રકારના વિધાનમાત્રથી સર્વે દેવતાઓ પ્રસન્ન થાય છે, તેથી આરાધક ખ્યાતિમાન થાય છે, યોગીઓમાં પ્રધાન બને છે અને રાજા સમાન ઐશ્વર્યવાળો થાય છે.'

આ પ્રકારે માત્ર માયાબીજ હ્રીँકારની આરાધના કરવાથી સર્વે દેવતાઓ પ્રસન્ન થાય છે, કારણ કે તે બધાનો એની અંદર જ વાસ છે. અહીં એટલું સ્પષ્ટ કરવું જોઈએ કે મનુષ્યની સામે બે માર્ગો પડેલા છે: એક યોગમાર્ગ અને બીજો ભોગમાર્ગ. તેમાં યોગમાર્ગે આગળ વધવું હોય તો આ પ્રકારનો આરાધક યોગમાર્ગે આગળ

વધી શકે છે અને યોગસિદ્ધિ પ્રાપ્ત કરીને યોગીઓના સમુદાયમાં પ્રધાન–શ્રેષ્ઠ–ઉત્તમ બની શકે છે. અથવા તેને ભોગમાર્ગની ઇચ્છા હોય તો વિપુલ ભોગસામગ્રી મેળવી શકે છે તથા એક રાજા જેવું ઐશ્વર્ય સંપાદન કરી વિખ્યાત માનવી તરીકેનું જીવન ગુજારી શકે છે. ટૂંકમાં માયાબીજ હ્રીઁકારનો આરાધક ભુક્તિ અને મુક્તિ બંનેના સુખ પામી શકે છે, તેથી સુજ્ઞ મનુષ્યે માયાબીજ હ્રીઁકારની આરાધના અનન્ય મને કરવી જોઈએ.

હવે વિસર્જન અંગે કહે છે :

**विसर्जनं तु कर्तव्यं, मायाबीजेन सर्वदा ।**
**ओमिति ह्रीँ फट् स्वस्थानं गम्यतां च स्वकं तथा ॥२३॥**

'રોજ પૂજન કર્યા પછી વિસર્જન પણ માયાબીજ હ્રીઁકારથી જ કરવું. આ વખતે 'ॐ ह्रीँ फट् स्वस्थानं गच्छ गच्छ स्वाहा' એ મંત્ર બોલવો.'

સામાન્ય રીતે મંત્રદેવતાના પૂજનવખતે આહ્વાન, સ્થાપન, સંનિધીકરણ, પૂજન અને વિસર્જન એ પાંચ પ્રકારના ઉપચારો થાય છે, જે અમે પ્રસ્તુત ગ્રંથના પાંચમા પ્રકરણમાં જણાવેલા છે. ત્યાં વિસર્જન વખતે 'ॐ ह्रीँ नमोऽस्तु.........स्वस्थानं गच्छ गच्छ जः जः' એવો મંત્ર બોલવાનું વિધાન કરેલું છે, જ્યારે અહીં ઉપર જણાવેલો મંત્ર બોલવાનું વિધાન છે, તે સંપ્રદાયભેદ જાણવો.

આ પાંચેય ઉપચારમાં જુદી મુદ્રાઓ થાય છે, તેમાં વિસર્જનવિધિ વિસર્જનમુદ્રાએ કરવાનો છે.

પછી શું બોલવું ? તે કહે છે :

**आज्ञाहीनं क्रियाहीनं, मन्त्रहीनं च यत्कृतम् ।**
**तत् सर्वं क्षम्यतां देवि ! प्रसीद परमेश्वरि ॥२४॥**

'મંત્રની આરાધના કરતાં જે કંઈ આજ્ઞાહીન કર્યું હોય, ક્રિયાહીન કર્યું હોય, મંત્રહીન કર્યું હોય, તે સર્વની હે દેવી ! ક્ષમા આપશો. હે પરમેશ્વરિ ! મારા પર પ્રસન્ન થાઓ.'

જે કાર્યથી આજ્ઞાના પાલનમાં ખામી રહી જાય, તે આજ્ઞાહીન કહેવાય છે. અહીં આજ્ઞા એટલે મંત્રદ્રષ્ટા–મંત્રસ્રષ્ટા ઋષિઓની આજ્ઞા સમજવાની છે. જે કાર્યથી ક્રિયામાં ખામી રહી જાય, તેને ક્રિયાહીન કહેવાય છે, અને જે કાર્યથી મંત્રની આશાતના થાય તે મંત્રહીન કહેવાય છે. દાખલા તરીકે મંત્ર તરફ અનાદર થાય કે મંત્ર અશુદ્ધ રીતે બોલાય તો એ કાર્ય મંત્રહીન કહેવાય.

જો આરાધક જાણવા છતાં આ પ્રકારના દોષોનું સેવન કરે તો એની આરાધના નિષ્ફળ જાય છે, પરંતુ અજાણતાં આવા દોષોનું સેવન થઈ ગયું હોય તો ઉપર પ્રમાણે શ્લોક બોલીને દેવની ક્ષમા માગી લેવાથી શુદ્ધ થવાય છે અને આરાધનાને હરકત આવતી નથી; તેથી આ શ્લોક અવશ્ય બોલવો જોઈએ.

**एतद् गुह्यं समाख्यातं मायाबीजस्य जीवनम् ।**
**न देयं यस्य कस्यापि, मन्त्रविद्भिः कदाचन ॥२५॥**

'તંત્રગ્રંથોમાં આ વિધાનને માયાબીજનું રહસ્ય અથવા જીવન કહેવામાં આવ્યું છે. તે મંત્રના જાણકાર પુરુષોએ કદી પણ જેને-તેને અર્થાત્ અયોગ્યને આપવું નહિ.'

આગમો અથવા તંત્રગ્રંથોમાં માયાબીજ હ્રીँકારની આરાધના અંગે ઘણું લખાયું છે, તેમાંથી જે વસ્તુઓ રહસ્યભૂત હતી, માયાબીજની આરાધનાને જીવન આપનારી હતી, એટલે કે માયાબીજની આરાધનામાં પ્રાણ પૂરનારી હતી, તે અહીં આ રીતે કહેવામાં આવી છે. તે મંત્ર-વિદોએ યોગ્ય અધિકારીને જ આપવી, પણ અધિકાર વિનાની જે-તે વ્યક્તિને કદી પણ આપવી નહિ. જો શસ્ત્ર દુષ્ટ મનુષ્યના હાથમાં આવ્યું હોય તો તે અવશ્ય નુકશાન કરે છે, તેમ આવી વિદ્યાઓ—આવા તંત્ર કોઈ દુષ્ટ મનુષ્યના હાથમાં આવી જાય તો તેઓ પોતાની સ્વાર્થ-સાધના કરવા માટે તેનો દુરુપયોગ કરે છે અને તેથી સમાજને ઘણું નુકશાન પહોંચે છે; તેથી જ મંત્રપ્રણેતા-ઓએ આ પ્રકારની સૂચના આપી છે.

[ ૧૧ ]

## હ્રીઁકાર અંગે વિશેષ જ્ઞાતવ્ય

શ્રી સિંહતિલકસૂરિજીએ તેમના **મંત્રરાજ-રહસ્ય** નામના સુવિખ્યાત ગ્રંથમાં હ્રીઁકાર અંગે જે કેટલુંક વર્ણન કર્યું છે, તે પાઠકોની જાણ માટે અહીં રજૂ કરવામાં આવે છે.

अर्हन्तो वर्णान्तः रेफः सिद्धाः शिरश्च सूरिरिह ।
शुद्धकलोपाध्यायो दीर्घकला साधुरिति पञ्च ॥ ३४३ ।

'વર્ણની અંતે રહેલો ह् તે અરિહંત, રેફ અથવા र् તે સિદ્ધ, મસ્તકની સીધી લીટી—તે આચાર્ય, શુદ્ધ કલા એટલે અર્ધ ચંદ્રરેખા અને બિંદુ ँ તે ઉપાધ્યાય અને દીર્ઘકલા ी તે સાધુ, એમ હ્રીઁકારની આકૃતિમાં પંચ-પરમેષ્ઠિનો સમાવેશ થાય છે.'

अर्हन्तौ शशिसुविधिजिनौ सिद्धौ पद्माभवासुपूज्यजिनौ ।
धर्माचार्याः षोडश मल्लिः पार्श्वोऽप्युपाध्यायः ॥३४४॥

सुव्रत-नेमी साधुस्त(धू त)त्राहॅन् चन्द्रप्रभः रुजां शान्त्यै ।
सिद्धाः सिन्दुराभास्त्रैलोक्यवशीकृतिं कुर्युः ॥ ३४५ ॥

હવે ચોવીશ તીર્થંકરોનું વર્ગીકરણ પંચપરમેષ્ઠીમાં કેવી રીતે થાય છે? તે જણાવે છે.

'શ્રી ચન્દ્રપ્રભ અને સુવિધિનાથ તે અરિહંત, શ્રી પદ્મપ્રભ અને વાસુપૂજ્ય તે સિદ્ધ, શ્રી ઋષભદેવ[૧], શ્રી અજિતનાથ[૨], શ્રી સંભવનાથ[૩], શ્રી અભિનંદન[૪], શ્રી સુમતિનાથ[૫], શ્રી સુપાર્શ્વનાથ[૬], શ્રી શીતલનાથ[૭], શ્રી શ્રેયાંસનાથ[૮], શ્રી વિમલનાથ[૯], શ્રી અનંતનાથ[૧૦], શ્રી ધર્મનાથ[૧૧], શ્રી શાંતિનાથ[૧૨], શ્રી કુંથુનાથ[૧૩], શ્રી અરનાથ[૧૪], શ્રી નમિનાથ[૧૫] અને શ્રી મહાવીર સ્વામી[૧૬] એ સોળ તે આચાર્ય, શ્રી મલ્લિનાથ અને શ્રી પાર્શ્વનાથ તે ઉપાધ્યાય અને શ્રી મુનિસુવ્રતસ્વામી તથા અરિષ્ટનેમિ તે સાધુ, એમ સમજવું.

આ વર્ગીકરણ પંચપરમેષ્ઠીના વર્ણ અનુસાર કરવામાં આવ્યું છે. અરિહન્તનો વર્ણ શ્વેત છે, સિદ્ધનો વર્ણ રક્ત છે, આચાર્યનો વર્ણ પીત છે, ઉપાધ્યાયનો વર્ણ નીલ છે અને સાધુનો વર્ણ શ્યામ છે, એટલે તે તે વર્ણના તીર્થંકરોની તેમાં ભાવના કરાય છે.

सिद्धाक्षररेफाकृतिर्वाग्बीजं वश्यमुर्ध्नि वदने वा ।
आज्ञाचक्रे वाऽरुणरोचि वश्यं तनोत्यथवा ॥ ३४६ ॥

'સિદ્ધનો અક્ષર રેફની આકૃતિવાળો છે, એટલે કે 'र्' એ વાગ્બીજ છે. જેને વશ કરવો હોય–પ્રભાવિત કરવો હોય, તેના મસ્તક પર, મુખ પર કે તેની બે ભ્રમરના વચ્ચેના ભાગમાં દૃષ્ટિ સ્થાપન કરીને તેનું ચિંતન કરવું, એટલે તે વશ થાય છે. અથવા તો 'र्' અક્ષરનું રક્તવર્ણે ધ્યાન ધરતાં તે વશીકરણનું કામ કરે છે.'

आचार्याः स्वर्णनिभाः कुर्युर्जलवह्निरिपुमुखस्तम्भम् ।
सूर्यक्षरशीर्षाकृतिदण्डहता न स्युरुपसर्गाः ॥३४७॥

'આચાર્યો સુવર્ણના જેવા વર્ણવાળા છે, તેમનું ચિંતન કરતાં જલ, અગ્નિ અને શત્રુના મુખનું સ્તંભન થાય છે. વળી સૂરિનો અક્ષર જે શીર્ષની આકૃતિ—તે દંડ રૂપ છે. તેનાથી હણાયેલા ઉપસર્ગો નાશ પામે છે.'

તાત્પર્ય કે હ્રીંકારમાં હ્ અને ર્ ઉપરની જે લીટી છે, તે આચાર્યની સ્થાપના રૂપ છે. તેનું પીળા રંગે ધ્યાન ધરતાં પાણીનું પૂર પોતાની સમીપે આવતું અટકી જાય છે, એટલે કે તેનો પ્રવાહ બીજી તરફ વળી જાય છે. વળી અતિવૃષ્ટિ થતી હોય તો તે અટકી જાય છે. તે જ રીતે અગ્નિ પણ આગળ વધતો અટકી જાય છે અને જે શત્રુ આપણા પર હુમલો કરવા તત્પર થયેલો હોય તેનું મુખ જકડાઈ જાય છે, એટલે તે આપણા પર હુમલો કરી શકતો નથી. વિશેષમાં આ લીટીનું પીળા રંગે ધ્યાન ધરતાં અન્ય ઉપસર્ગો પણ દૂર થાય છે.

नीलाभोपाध्यायो लाभार्थं, शुक्लनीलकृद् यदि वा ।
अध्यापकार्द्धचान्द्री कलाऽत्मलाभाय परगलके ॥३४८॥

"ઉપાધ્યાયનો નીલ વર્ણ ઐહિક લાભ માટે છે. તે શાંતિકર્મ તથા ઉગ્રકર્મમાં ઉપયોગી થાય છે. વળી ઉપાધ્યાયનું સૂચન કરનારી અર્ધ ચંદ્રકલાનું જો શ્રેષ્ઠ એવા કંઠને વિષે ધ્યાન ધરવામાં આવે તો ઇષ્ટ લાભની પ્રાપ્તિ થાય છે.'

कृष्णरुचः साधुजनाः क्रूरदृशोच्चाट–मृत्युदाः शत्रोः ।
साध्वक्षरदीर्घकलाकृत्यङ्कुशमुद्रया हता रिपवः ॥३४९॥

'સાધુઓનો વર્ણ શ્યામ છે. તેથી તે ક્રૂર દૃષ્ટિથી શત્રુનું ઉચ્ચાટન તથા મારણ કરનારો થાય છે. વળી સાધુઓના અક્ષરનું સૂચન કરનારી દીર્ઘકલા જે અંકુશરૂપ છે, તેનું ચિંતન કરતાં શત્રુઓ હણાય છે.'

कुण्डलिनी भुजगाकृति (ती) रेफाञ्चित 'हः' शिवः स तु प्राणः।
तच्छक्तिर्दीर्घकला माया तद्वेष्टितं जगद् वश्यम् ॥४४०॥

'હ્રીँકારની ભુજગ–સાપ જેવી આકૃતિ કુંડલિની શક્તિનું સૂચન કરે છે. તેમાં રેફવાળો જે હ્ છે, એટલે કે હ્ એ શિવરૂપ છે અને તે જ પ્રાણ છે. દીર્ઘકલા ી એ તેની માયારૂપ શક્તિ છે. આખું જગત્ તેનાથી વીંટાયેલું છે. એટલે હ્રીँકારનો જપ કરતાં આખું જગત્ વશ થાય છે.'

नाभौ हृदये कण्ठे आज्ञाचक्रेऽथ योनिमध्ये वा ।
सिन्दूरारुणमायाबीजध्यानाद् जगद् वश्यम् ॥ ४४१ ॥

'નાભિ એટલે મણિપુરચક્રમાં, હૃદય એટલે અનાહતચક્રમાં, કંઠ એટલે વિશુદ્ધચક્રમાં, બે ભ્રમરોની વચ્ચે એટલે આજ્ઞાચક્રમાં અને યોનિની મધ્યમાં એટલે સ્વાધિષ્ઠાનચક્રમાં સિંદૂર સમાન રક્તવર્ણ હ્રીँકારનું ધ્યાન ધરવાથી જગત્ વશ થાય છે.'

प्रागुक्तवद् वर्णानुगतं मायाबीजं विशिष्टकार्यकरम् ।
प्रायः शिरसि त्रिकोणे वश्यकरं कामबीजवत् ॥ ४४२ ॥

'પ્રથમ માયાબીજના જે વર્ણો જણાવ્યા છે, તે પ્રમાણે જુદા જુદા વર્ણે તેનું ધ્યાન ધરતાં જુદાં જુદાં કાર્યોની સિદ્ધિ થાય છે. અને મસ્તકમાં ત્રિકોણની અંદર એટલે આજ્ઞાચક્રમાં ત્રિકોણ સ્થાપીને તેની અંદર ધ્યાન

ધરવામાં આવે તો કામબીજ क्लीँની જેમ તે વશીકરણ કરે છે.'

हः शम्भुः सेन्दुकलो ब्रह्मा रस्तुर्यकः स्वरो विष्णुः ।
संसृतिरस्या बिन्दुं दत्वा नादो विभात्यर्हन् ॥ ४४३ ॥

'ઈન્દુકલાયુક્ત ह् એટલે हँ्' એ શંભુ-શિવનો વાચક છે, र्' એ બ્રહ્માનો વાચક છે અને ચોથો સ્વર એટલે 'ई' એ વિષ્ણુનો વાચક છે. તેમાં બ્રહ્મા વડે ઉત્પત્તિ, વિષ્ણુ વડે સ્થિતિ અને શંકર વડે લય થાય છે. આ રીતે સમસ્ત સંસારની પ્રવૃત્તિ થાય છે. હવે એ હ્રી ૫ર જો બિંદુ મૂકીએ તો નાદ બને છે અને તે અર્હત્ રૂપે શોભે છે. તાત્પર્ય કે હ્રીँકારમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ તથા અરિહંત એમ સર્વ દેવોની સ્થાપના હોવાથી તેને સર્વદેવમય સમજવાનો છે.

वर्णान्तः पार्श्वजिनः कला फणा बिन्दुरत्र नागमहः ।
नागो र ई तु पद्मा तत्रार्हम् सूरिमेरुमयः ॥ ४४४ ॥

'હ્રીँકારમાંનો ह् પાર્શ્વજિન છે, તેના પર રહેલી ચંદ્રકલા એ નાગની ફણા છે, તેમાં રહેલ બિંદુ એ ફણા પરનો મણિ છે. 'र्' એ નાગદેવતા ધરણેન્દ્ર અને 'ई'એ શ્રી પદ્માવતી દેવી છે. તેમાં અરિહંતની આકૃતિ એ સૂરિમેરુ છે.'

वारिघट–पत्र–यन्त्रे मूर्धनि भाले सुपुष्प–नैवेद्यैः ।
संपूज्यामुं जापः करपत्रैभिरब्जबीजाद्यैः ॥ ४४५ ॥

'જલથી પૂર્ણ કલશ હોય અને તેના પર પાંદડાં મૂકેલાં હોય એવા આકારવાળા યંત્રમાં મસ્તક તથા કંઠના ભાગે હ્રીँકારની સ્થાપના કરીને તેની સુંદર પુષ્પો તથા

નૈવેદ્ય વડે પૂજા કરવી, પછી આંગળીના વેઢા વડે અથવા કમલબીજની બનાવેલી માળા વડે તેનો જપ કરવો.

मायाबीजं लक्ष्यं परमेष्ठि–जिनालि–रत्नरूपं यः ।
ध्यायत्यन्तर्वीरं हृदि स श्री गौतमः सुधर्मा च ॥ ४४६ ॥

'માયાબીજ હ્રીँકાર જે પંચપરમેષ્ઠિમય છે, ચોવીશ તીર્થંકરમય છે તથા રત્નમયીરૂપ છે, તેને લક્ષ્યમાં રાખીને (એટલે કે તેનું પ્રથમ પૂજન કરીને) જે સાધક પોતાના હૃદયમાં શ્રી વીર પરમાત્માનું ધ્યાન ધરે છે, તે શ્રી ગૌતમ કે શ્રી સુધર્મા સ્વામી જેવો થાય છે, એટલે કે પદાનુસારી આદિ અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત કરે છે અને સર્વેનો પૂજ્ય બને છે.'

શ્રી સિંહતિલકસૂરિજીએ **ઋષિમંડલસ્તવયન્ત્રાલેખન**માં કહ્યું છે કે :–

त्रैलोक्यवर्तिजैनानां, बिम्बैर्दृष्टैः स्तुतैर्नतैः ।
यत्फलं तत् फलं बीजस्मृतावेतन्महद् रहः ॥२८॥

'ત્રણ લોકમાં રહેલા અરિહંત પરમાત્માનાં બિંબોનાં દર્શન કરવાથી, તેમની સ્તુતિ કરવાથી તથા તેમને નમસ્કાર કરવાથી જે ફલ પ્રાપ્ત થાય છે, તે ફલ હ્રીँકાર બીજના સ્મરણથી પ્રાપ્ત થાય છે. આ મોટું રહસ્ય છે.'

अष्टाचाम्लतपःपूर्वं, जिनानभ्यर्च्य सिद्धये ।
अष्टजातीसहस्रैस्तु, जापो होमो दशांशतः ॥२९॥

'હ્રીँકારની સિદ્ધિને માટે આઠ આયંબિલનું તપ કરવા પૂર્વક આઠ હજાર જાઈના પુષ્પો વડે શ્રી જિનેશ્વર

દેવની પૂજા કરવી ને આઠ હજારનો જપ કરવો. તેના દશમા ભાગે હોમ કરવો, એટલે કે આઠસો વખત હોમ નિમિત્તે આહુતિ આપવી.'

अष्टमासान् स्मरेत् प्रातर्बीजमेतच्छताधिकम् ।
स पश्येदार्हतं बिम्बं, सप्तान्तर्भवसिद्धये ॥३०॥

'જે સાધક આઠ માસ સુધી રોજ સવારમાં આ બીજનું ૧૦૮ વાર સ્મરણ કરે છે, તેને જિનબિંબનાં દર્શન થાય છે અને તે સાત ભવની અંદર સિદ્ધિ પામે છે.'

सम्यग्दृशे विनीताय, ब्रह्मव्रतभृते इदम् ।
देयं मिथ्यादृशे नैव, जिनाज्ञाभङ्गदूषणम् ॥ ३१ ॥

'આ હ્રીँકારબીજ સમ્યગ્ દૃષ્ટિ, વિનીત અને બ્રહ્મચર્યવ્રત ધારણ કરનારને આપવું. મિથ્યાદૃષ્ટિને ન જ આપવું. તેને આપવાથી શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞામાં ભંગરૂપ દૂષણ લાગે છે.'

હ્રીँકારની સાધના–આરાધના અંગે પૂર્વ મહર્ષિઓએ જે કંઈ કહ્યું છે, તેના પર પૂરતું ચિંતન–મનન કરીને સાધના–આરાધના કરનાર ભક્તિ અને મુક્તિ બંનેના સુખ પામી શકે છે અને એ રીતે પોતાનું જીવન ધન્ય બનાવી શકે છે, તેથી જિજ્ઞાસુજનોએ તેના પર પૂરતું ચિંતન –મનન કરવું અને તેમાં જે કંઈ ન સમજાય તેનો જ્ઞાન વૃદ્ધો પાસેથી ખુલાસો મેળવી લેવો. જ્યાં શુભનિષ્ઠા અને સબળ પ્રયત્ન છે, ત્યાં સિદ્ધિ અવશ્ય સાંપડે છે.

शिवमस्तु सर्वजगतः ।

સર્વ જગતનું કલ્યાણ થાઓ.

# હ્રીઁકાર–તત્ત્વ–વિમર્શ

લે. ડા. રુદ્રદેવ ત્રિપાઠી
એમ. એ. ( સંસ્કૃત–હીંદી ) પીએચ. ડી.
સાહિત્ય–સાંખ્ય–યોગાચાર્ય–દિલ્હી.

## ● મંત્ર અને વિજ્ઞાન

મંત્ર પૂર્ણરીતે સૂક્ષ્મ વડે સ્થૂલ ઉપર નિયંત્રણ કરનારું તત્ત્વ છે, માનવોના વિરાટ્‌ને સક્રિય રાખવાની પદ્ધતિ છે, પિંડમાં બ્રહ્માંડ જોવાની દૃષ્ટિ છે અને પ્રકૃતિને વશમાં કરવાની એક અચૂક શક્તિ છે. આજે ભૌતિક વિજ્ઞાનની પ્રતિષ્ઠાના કારણે ભૌતિક વસ્તુઓ સર્વસુલભ બની છે, પરંતુ તેના લીધે માનવ તર્કનો આશ્રય લઇ બહારની ભાંજગડમાં ગૂંચાયેલો છે. ભૌતિકવિજ્ઞાન તર્કસંગત તથ્યોને જ સ્વીકારે છે, તેથી વિજ્ઞાનની સામે આધ્યાત્મિક માન્યતાઓનું કંઇ મૂલ્ય નથી, કેમકે તે તર્કની નહિ પણ વિશ્વાસની ભૂમિકા પર ઉછરે છે. બુદ્ધિ એક મહાન્ જ્ઞાનકેંદ્ર છે, પણ તેનું કામ નિયંત્રણ નથી; નિયંત્રણ તો શક્તિપુંજ મન જ કરે છે. એટલે મનના ઉદાત્ત વિશ્વાસ-

ની પરમ આવશ્યકતા છે અને તે મંત્ર વગર આવી શકે તેમ નથી.

## ● બીજમંત્ર એટલે ?

તંત્રશાસ્ત્રોમાં શબ્દોને સંક્ષિપ્ત કરવામાં આવે છે. એવા અક્ષરોને–શબ્દોને બીજાક્ષર કે બીજમંત્ર કહેવામાં આવે છે. બીજમાંથી જેમ ફણગો, પત્ર–પુષ્પ અને ફળની પ્રાપ્તિ થાય છે, તેમ મંત્રબીજમાંથી ભોગ, વૈભવ ને સ્વર્ગનાં સુખની પ્રાપ્તિ થાય છે. જેમ દૂધનું વિશ્લેષણ કરતાં તેના સારરૂપ ઘીનું તત્ત્વ કાઢવામાં આવે છે, તેમ બીજાક્ષરને પણ મહાશક્તિશાળી અને રહસ્યમય બનાવવાનું પ્રયોજન તંત્રશાસ્ત્ર બતાવે છે. શક્તિના સ્રોતોમાં અણુનું જે મહત્ત્વ છે, તે જ મંત્રશાસ્ત્રમાં બીજનું છે. બીજમંત્રમાં જે શક્તિ છે, તે ઈતર મંત્રોમાં નથી, અર્થાત્ બીજ સંપૂર્ણ મંત્રનું રહસ્ય છે અને તે લઘુતમ ધ્વનિમાં બીજ રહી શકે છે.

## ● બીજમંત્રની શક્તિ

આપણા મસ્તકમાં અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંત જીવનનો સ્રોત ઉમટી રહ્યો છે. તેના અવરુદ્ધમાર્ગનું ઉદ્ઘાટન બીજમંત્ર કરે છે. જેમ શાંત અને નિશ્ચળ સરોવરમાં પથ્થર નાખતાં વમળોની હારમાળા રચાઈ જાય છે, તેમ આપણી અવ્યક્ત શક્તિઓને જાગૃત કરવા માટે બીજમંત્ર વડે સ્પંદન પેદા કરવામાં આવે છે. એ સ્પંદન અવ્યક્ત શક્તિને પ્રગટ કરે છે. બીજમંત્ર વડે

અવ્યક્ત શક્તિ પ્રગટ થાય છે, તેમાં બીજાક્ષરની પંચ-મહાભૂતથી યુક્ત રચના ખાસ કારણભૂત છે. જેમકે-જે બિંદુ હોય છે, તે આકાશ કહેવાય છે. ચંદ્રરેખા હોય છે, તેને વાયુ કહે છે. શિરોરેખા અગ્નિરૂપ છે. અક્ષરના આકારને જળ અને તેના આધારસ્થાનને પૃથ્વી કહે છે. આ પંચમહાભૂતથી ઘડાયેલા મંત્રબીજમાં ચેતનાશક્તિ હોય તે સ્વાભાવિક જ છે.

## • બીજમંત્રની ઉપાસના

તંત્રના જુદા-જુદા અંગોમાં એક અંગ છે દેવતા, જે મંત્રનું સ્વરૂપ છે. એટલે જે મંત્રની ઉપાસના કરવી હોય, તેની દેવતાનું સ્વરૂપ પણ જાણવું જરૂરી છે. કોઈ પણ મંત્ર કે બીજમંત્રની દેવતા માટે એ જરુરી નથી કે તેનું એક જ સ્વરૂપ હોય. સૂક્ષ્મ રીતે દેવતાનાં સ્વરૂપો પણ બદલાય છે અને જેમ શિવ રુદ્રરૂપ હોય છે, તે જ શંકરરૂપ પણ થાય છે અથવા તો વિદ્યુત્‌માં મૂળરૂપમાં જે શક્તિ હોય છે, તે જ કારખાનામાં યંત્રો ચલાવવા માટે, ઘરમાં રસોડા, પ્રકાશ કે બીજાં કાર્યો માટે, અને બીજાં સ્થળે ભિન્ન-ભિન્ન કાર્યો માટે વપરાય છે; તેમજ સાધક જે દૃષ્ટિથી આરાધના કરે છે, તેને તે તે રૂપમાં તે દેવતા સિદ્ધ થાય છે. સત્ત્વગુણ-પ્રધાન બની તે દેવતા રક્ષણ કરે છે, રજોગુણ-બહુલ બની સૃજન કરે છે અને તમોગુણાવિષ્ટ બની વિનાશલીલા દર્શાવે છે. એટલે આ બધું ઉપાસકની ભાવનાને અવલંબે છે. બીજમંત્રની ઉપા-

સના સ્થાન અને ઉપયોગભેદથી સૃજન અને વિનાશ અંને કાર્યો સંપન્ન કરી શકે છે. તેથી સાધક વ્યક્તિએ પહેલેથી જ તે પ્રકારના માર્ગનો આશ્રય લેવો જોઇએ.

## ● હ્રીંકાર અને તેનાં તત્ત્વો

(ક) **વર્ણતત્ત્વ**—વર્ણોની હારમાળામાં છેલ્લો વર્ણ 'હ' છે અને તે આકાશસ્થાનીય છે. આકાશ એ શબ્દ-ગુણક છે. શબ્દ જ્યારે અક્ષરદેહમાં આવે છે, ત્યારે વાગ્વ્યાપાર ચાલુ થાય છે અને વાગ્વ્યાપારના લીધે જ સમસ્ત સૃષ્ટિનું કાર્ય સંભવે છે. આચાર્ય દણ્ડીએ તેથી કહ્યું છે કે–इदमन्धं तमः कृत्स्नं जायेत भुवनत्रयम् । यदि शब्दाह्वयं ज्योतिरासंसारान्न दीप्यते ॥ એટલે માનવજીવનની પૂર્ણ સફળતા 'ह्' વર્ણ ઉપર નિર્ભર છે. જો વાગ્વ્યવહાર તેજસ્વી ન હોય કે તેમાં અવરોહ ન હોય તો તે માત્ર જડશબ્દ જડધ્વનિ જ કહેવાય, તેથી તેની સાથે અગ્નિ-તત્ત્વવાળા 'र्' વર્ણનું સંમિશ્રણ થયું. હવે અગ્નિ જો માત્ર તેજસ્તત્ત્વનાં કારણે ઊષ્મા વધારવાનું જ કાર્ય કરે તો તે પણ યોગ્ય નથી, એટલે તેમાં કોમળતત્ત્વ વામ-લોચના અથવા માયારૂપ 'ई' કારાક્ષરનો સમાવેશ થયો; અને આ ત્રણેય તત્ત્વોનો ઉપયોગ ઉત્તમ નિર્માણમાં થાય તે માટે माति निर्माणं करोति इति 'म्' નો સંયોગ ઉમેર્યો. આ રીતે હ્રીંકાર–બીજની સૃષ્ટિ જીવના વાગ્વ્યવહારને તેજસ્વી બનાવવા માટે, જીવનશક્તિને વિશેષ બળ આપવા માટે, તેમાં મધુરતા લાવવા માટે તથા आरब्धस्यान्तगमनम्

માટે થઇ છે. વ્યાકરણશાસ્ત્રના સૂક્ષ્મચિંતનથી બીજમંત્રોમાં ગુપ્ત રહેલું રહસ્ય અને તેમાં છુપાયેલી દૈવીશક્તિનું જ્ઞાન થઈ શકે છે. હ્રીંકારમાં પણ વ્યાકરણના આધારે 'ह्+ई+म्, ह् + र् + ई + म्, र् + ह् + ई + म्, ह् + इ + ई + म्, ह्री + ई + म्, ह्री + इ + ई + म्' વગેરે વર્ણો કૂટરૂપમાં સમાયેલા છે. દરેકના જુદા-જુદા અર્થો છે અને તેથી બનેલા એકરૂપનું લખાણ તથા ઉચ્ચારણ પોત-પોતાની અપૂર્વ મહત્તાને ધરાવે છે.

(ખ) **લિપિતત્ત્વ**—મનુષ્યની પાસે ભાવ પ્રગટ કર-કરવાનાં ત્રણ સાધનો છે. તે સંકેતથી, બોલીને અને લખીને પોતાના ભાવો પ્રગટ કરી શકે છે. સંકેતોમાં શરીરના જુદા-જુદા અંગો જ વર્ણમાળાનું કામ કરે છે. ધ્યાનવખતે આ સંકેતો આંતરિક રૂપને વરે છે અને પોતાની ભાવનાઓને આરાધ્ય પ્રત્યે વ્યક્ત કરે છે. બોલ-વામાં પહેલા અવ્યક્ત ધ્વનિઓ ને પછી વ્યક્ત ઉચ્ચારણો રંગ જમાવે છે. લખવામાં બિંદુ અને તેના જ વિભિન્ન ખંડો ઉતરી આવેલા છે. રેખાઓના આડા-અવળા આકારોની સાથે બિંદુના ખંડોનો સંયોગ સ્વર્ણસૌરભની જેમ વર્તમાન લિપિમાં પ્રભાવશાળી છે. વિદ્વાનોએ તેના જ આધારે લિપિની ચાર અવસ્થાઓ આંકી છે અને તેના વિકાસક્રમનો ઉલ્લેખ કર્યો છે—

૧ વિચારલિપિ —આઇડિયોગ્રૈફિક.
૨ ચિત્રલિપિ —પિક્ટોગ્રૈફિક.

૩ અક્ષર–(સસ્વર)લિપિ —સિલેબિક.
૪ પ્રતીકાત્મકલિપિ —અલ્ફાબેટિક.

અને આ ચારેય અવસ્થાઓનો વિકાસ ક્રમશઃ ચિહ્ન, વસ્તુચિત્ર, સસ્વર–લયાત્મક વર્ણ તથા સ્વતંત્ર ધ્વનિ પ્રતીકાત્મક રૂપે થયો છે, એમ પણ મનાય છે. તેમાંય દેવનાગરી લિપિ તો ધ્વન્યાત્મક ફોનેટિક હોવાનાં કારણે પાંચમી અવસ્થાવાળો ગણાય છે.


હ્રીઁકારનું લખાણ આ રીતે મહત્ત્વનું છે. વર્ણનિઘંટુમાં લખ્યું છે કે– દરેક સમાત્રિવર્ણ દેવરૂપ છે—

समात्रिकः सरेफश्च, वर्णस्तत्सानुनासिकः ।
सानुस्वारविसर्गो हि, पूर्णं दैवत्वमृच्छति ॥

(માત્રા, અનુનાસિક, અનુસ્વાર અને વિસર્ગની સાથે લખાયેલો વર્ણ પૂર્ણ દેવતાનું રૂપ બની જાય છે.)

તેના જ પ્રસંગમાં હ્રીઁકારના લેખનનું વર્ણન કરતાં જણાવ્યું છે કે—ह અક્ષર શિવનો પર્યાય છે; र ઇચ્છા (શિવની શક્તિ)નું અર્થાત્ મૂલાધારનું સૂચક છે. એટલે બંને મળીને ह्र બને છે. હ્રસ્વ इ અને દીર્ઘ ई ની માત્રાઓ ह ની બે ભુજાઓ છે, તેઓ જ શિવની સૃષ્ટિશક્તિમાં કારણભૂત મનાય છે. આ ए અને ऐની માત્રાઓ ક્રમશઃ નાસિકા અને નેત્રો (પ્રાણાયામ અને શક્તિઓ) છે. ओ તથા औની બંને માત્રાઓ કાન છે. અનુનાસિકનો ચંદ્ર તે બીજનો ચંદ્રમા છે. બિંદુ ગંગાયુક્ત જટા છે. વિસર્ગ

મુખ છે અને ॐ ધ્વનિ (નાદબ્રહ્મનું પ્રતીક છે. બંને उ-ऊ ની માત્રાઓ (ॐ) પદ્માસનમાં બાંધેલા ચરણો (આસનશક્તિ) છે. આ રીતે આ હ્રીંકારની પ્રાચીન લિપિ-મૂર્તિ આ રીતે તૈયાર થતી જણાય છે—



આ પ્રસંગમાં વિશેષ જણાવવાનું કે અહીં उ, ऊ, ए ऐ, ओ, औ, વિસર્ગનાં તથા ॐ લેખનનું જે સૂચન છે, તે કદાચિત્ ભસ્કરરાય મખીના 'વરિવસ્યારહસ્ય'માં લિખિત રોધિની, નાદ, નાદાંત, શક્તિ, વ્યાપિકા, સમના, ઉન્મની અને મહાબિંદુ વગેરે નાદોનાં રૂપમાં થયું હોય!

---

૧. મૂળ ગ્રંથમાં 'હકારવર્ણ દૈવતનું સ્વરૂપ' વર્ણવ્યું છે, પણ હ્રીँકાર રૂપ જ છે એમ લેખક માને છે.

૨. હ્રીँકારની બીજી લિપિમૂર્તિ માટે જુઓ—"મંત્રચિંતામણિ" —પાનું ૨૧૪.

તેમ જ ઙ઼ંકારનું રંગવાળું ચિત્ર દોરવું હોય તો તે માટે પણ શાસ્ત્રકારોએ જુદા-જુદા ભાગોના રંગો આ રીતે સૂચવ્યા છે—

ह् અને र् પીલા વર્ણવાળા છે. બિંદુ શ્યામવર્ણી છે. કલા જે ચંદ્રની રેખા જેવી છે, તેને લાલવર્ણી જણાવી છે. નાદ જે ચંદ્રમા જેવો ગોળ છે, તેને શ્વેતવર્ણી કહ્યો છે અને દીર્ઘ ઉકારને નીલવર્ણવાળો જણાવ્યો છે. જૈન-ધર્મમાં આ વિષે વધારે લખાયું છે.

(ગ) **ધ્વનિ કે ઉચ્ચારણતત્ત્વ**—મંત્ર સાધન છે અને ઉચ્ચારણ તેનો ઉપયોગ. વર્ણોનું ઉચ્ચારણ સૂક્ષ્મ વાતાવરણથી તે અંગને પ્રભાવિત કરે છે, જેનો ઉદ્દેશ્ય સાધકને અભીષ્ટ છે. બોમ્બનો ધડાકો વિનાશની અને સંગીતની સ્વરલહરી આનંદની સૃષ્ટિ કરે છે, તે સર્વપ્રસિદ્ધ છે. અભિનેતાઓ વડે રંગમંચ ઉપર કરાયેલા અટ્ટહાસ અને રુદન પ્રેક્ષકગણને કેટલા પ્રભાવિત કરે છે, તે આપણે જાણીએ છીએ. એટલે સાધકના ઉદ્દેશ્યને અનુરૂપ જ મંત્રનું ઉચ્ચારણ કરવું જોઈએ. તે ઉચ્ચારણ માતૃકા—**माति, तरति** અને **कायति** આ ત્રણેય વર્ણોનો અર્થ ઉત્પત્તિ, વિસ્તાર તથા નાદરૂપે પરિણમેલો હોવો જોઈએ. તેમાં વ્યાકરણ-શાસ્ત્ર શબ્દતંત્રની વ્યવસ્થા માટે નિર્દેશ કરે છે, જ્યારે વર્ણોની ઉત્પત્તિનો વિષય યૌગિક-પ્રક્રિયામૂલક છે અને તે મંત્રશાસ્ત્રની દૃષ્ટિએ

મૂલાધારથી ઉત્થિત નાદ વિવિધ ષટ્ચક્રોમાં વલન-ક્રિયા વડે પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરીના રૂપમાં પહોંચી વર્ણરૂપમાં પ્રગટ થાય છે.

આ રીતે માતૃકાનાં બે રૂપો ગણાય છેઃ ૧-અંતર્માતૃકા, ૨-બહિર્માતૃકા. અંતર્માતૃકાને ઉન્નિદ્ર બનાવવા માટે નિવારશૂક જેવી કુંડલિનીનું ચિંતન અને જાગરણ આવશ્યક છે. બીજ મંત્રની અપેક્ષાએ વધારે તેજોમય હોય છે. તેની રચના પરમાણુરૂપ હોઈ અતિમહત્ત્વપૂર્ણ હોય છે. તેથી અંતરમાતૃકા ઉન્નિદ્ર થયા વગર તેની સિદ્ધિ થવી સંભવિત નથી. માત્ર બીજમંત્રની ઉપાસના કરનારે કુંડલિની શક્તિ અને ષટ્ચક્રવેધની ક્રિયા ઉપર વધારે ભાર મૂકવો જોઈએ. બીજમંત્ર સંયુક્તાક્ષરરૂપ હોય છે અને તેનું ઉચ્ચારણ કેટલીક વિશિષ્ટતાઓના આધારે જ થઈ શકે છે. માટે કહ્યું છે કે—

संयुक्तध्वनिवर्णो हि प्राक्स्पर्शाच्चैव ध्वन्यते ।
धनुर्लिपिसमं कश्चिन्न कुर्याद् योगछेदनम् ॥

સંયુક્ત વર્ણની પહેલાં આવનાર ધ્વનિ આગળની ધ્વનિ સાથે મળેલો હોય તો જ સારી રીતે ઉચ્ચારિત થઈ શકે છે. ધનુર્લિપિની જેમ સંયુક્તાક્ષરોમાં સંમિલિતરૂપને તોડવું ઉચિત નથી. એટલે સંયુક્તાક્ષરોમાં પહેલેથી જોડાયેલા ધ્વનિઓ ચાર પ્રકારથી ધ્વનિત થાય છેઃ ૧-વ્યક્તધ્વનિ, ૧-સ્પર્શધ્વનિ, ૩-લીનધ્વનિ અને ૪-આઘાતધ્વનિ. પણ એકલા કૂટાક્ષરરૂપ બીજમંત્રનું ઉચ્ચારણ

આ ચારેયથી છેક વિશિષ્ટતાવાળું હોય છે, કેમકે તે એકલો ઉચ્ચારિત થાય છે. હ્રીँકારની વર્ણયોજના ઉપર દર્શાવ્યા પ્રમાણે જુદા જુદા વર્ણોથી થઈ છે, એટલે તેનું ઉચ્ચારણ તેના આધારે જ થવું જોઈએ. 'હ્રીँ'માં हૃ કંઠસ્થાનીય છે, પણ र મૂર્ધસ્થાનીય નથી. તે તો—

रेफो मूर्ध्निगतः शीर्षे, तालुस्थो मध्यभावजः ।
पादौ वर्त्संस्य भूमिस्थस्तद्वत्तद्योजनं मतम् ॥

ના આધારે વર્ત્સસ્થાનીય એટલે મસૂડાથી બોલવાનો છે. 'ई' કાર તાલુસ્થાનીય અને म्—અનુસ્વાર નાસિકાસ્થાનીય છે. તે પછીનું નાદાત્મક ઉચ્ચારણ તો ગુરુગમ્ય છે.

જેમ મલ્હારરાગથી વૃષ્ટિ અને દીપકરાગથી દીપજ્યોતિ પ્રકટ થાય છે, તેમ જ ઉચ્ચારણની વિશિષ્ટતાના આધારે હ્રીँ બીજનું મારણ, ઉચ્ચાટન જેવાં કર્મો માટે છેક કટુત્વપૂર્ણ અને અપ્રિય લય સાથે ઉચ્ચારણ થવું જોઈએ અને વશીકરણ, સંમોહન વગેરે કર્મો માટે મધુર ધ્વનિ અને કોમલ લયનો સમાવેશ થવો જોઈએ. આ દૃષ્ટિએ ઉગ્ર કર્મોમાં કદાચ रहईम् એવા બીજનું ઉચ્ચારણ વધારે ઉત્તમ મનાતું હશે. 'મંત્રાભિધાન' તથા 'બીજનિઘંટુ' માં—'क्षतजस्थो (र) व्योमवक्त्रो (ह) धूम्रभैरव्यलङ्कृतः' (ई) તથા—'क्षतजस्थो व्योमवक्त्रश्चन्द्रोऽग्रबिन्दुभूषितः' रहईम् રૂપ હ્રીँકારનું સ્વરૂપ વર્ણિત છે. કાશ્મીરના શ્રી લઘ્વાચાર્યે પણ 'લઘુસ્તવ' ની પુષ્પિકામાં હ્રીँકારની સ્તુતિ કરતાં કહ્યું છે કે :–

यो बिन्दुः स पितामहो हरिरसौ तुर्यस्वरो गीयते,
यो रेफे दुरितौघमर्दनकरो साक्षाच्च रुद्रः स्मृतः ।
ह् : प्राणः पुरुषः स एव भगवान्नादः स्वयं सर्वदा,
देवी चन्द्रकला कलङ्करहिता मायेति तुभ्यं नमः ॥

'માયાબીજમાં જે બિંદુ છે, તે બ્રહ્માનું રૂપ છે, દીર્ઘઈકાર વિષ્ણુસ્વરૂપ છે, તમામ દુઃખ, ક્લેશ તથા ભયને મટાડનાર र શંકરરૂપ છે, ह् કાર એ પ્રાણરૂપ છે અને તે જ ભગવાન્ સ્વયં નાદરૂપ સર્વદા બિરાજમાન છે. તેમાં કલંકરહિત ચંદ્રકલા સ્વરૂપી દેવી રહેલાં છે, જે માયા કહેવાય છે, તે માયાને મારો નમસ્કાર હો.'

આ પદ્યમાં હકારની આગળ રકારની સૂચના છે. તેની સાથે સૌથી પહેલાં બિંદુ, પછી ઈ, ર, હ, નાદ અને ચંદ્રકલાનું સૂચન છે. તેને માત્ર કવિક્રિયાજન્ય વર્ણસુલભતા તો કહી શકાય તેમ નથી. ખરેખર એ કોઈ સંપ્રદાયગત-પરંપરાનું સૂચન હોય એમ લાગે છે.

(ઘ) **જપતત્ત્વ**—જપ એ બીજાં કર્મોની જેમ આત્મકલ્યાણનું એક સાધન છે. જેમ કે કોઈ ભાવનાનું મનમાં વારંવાર આવર્તન થવાથી મનમાં તેની પ્રતિષ્ઠા થતી જાય છે અને અંતે મન પણ તેવું જ બની જાય છે. તેમજ જપ કરતાં કરતાં માનવ મંત્રરૂપ બની જાય છે તથા મંત્ર એ દેવરૂપ હોવાને લીધે જપકર્તા પણ દેવત્વને

પામે છે. બીજી રીતે પણ જોઈએ તો જેમ રજ્જુનાં ઘર્ષણથી શિલા ઉપર ચિહ્ન બની જાય છે અને તે ચિરકાળ માટે સ્થાયી રહે છે, તેમ નિરંતર જપ વડે મંત્રનાં ચિહ્નો ઉચ્ચારણાવયવોમાં સ્થિર બની જાય છે અને તે ઘણા કાળ સુધી તદ્દાકારતાને જાળવી રાખે છે.

હ્રીંકારનો જપ શક્તિ–પ્રણવ હોવાને લીધે શાક્તતંત્ર પદ્ધતિને વરે છે. તંત્રોમાં જે જપના પ્રકારો અને તેના અંગ–પ્રત્યંગોનું વર્ણન છે, તે હ્રીઁકારના જપ માટે લક્ષ્યમાં રાખવું જોઈએ. તેમાં પણ શાસ્ત્રોમાં વર્ણન આવે છે કે–હ્રીંકારનો ૧૦,૦૦૦ જપ કરવાથી ભૂતો વશ થાય છે. ૨૦,૦૦૦ જપ કરવાથી પ્રેતો સિદ્ધ થાય છે. ૩૦,૦૦૦ જપ કરવાથી વેતાળો, ૪૦,૦૦૦ જપ કરવાથી પિશાચો, ૫૦,૦૦૦ જપ કરવાથી યક્ષો અને રાક્ષસો, અને આ રીતે ઉત્તરોઉત્તર જપવૃદ્ધિથી ગંધર્વો, કિન્નરો, કાવ્ય બનાવવાની શક્તિ, અને દેવો આધીન થાય છે. એક લાખ પ્રમાણ જપ ઈષ્ટ સિદ્ધકારક છે. નૈષધીય ચરિત–મહાકાવ્યના કર્તા શ્રી હર્ષકવિએ પોતાના કાવ્યમાં મહારાજા નળને સરસ્વતી વડે ‘ચિંતામણિ–મંત્ર’ નો જે ઉપદેશ કરાવ્યો છે, તેમાં પણ હ્રીંકારનો જ ઉપદેશ છે. ત્યાં કહેવાયું છે કે–


अवामा वामार्धे सकलमुभयाकारघटनाद्-
द्विधाभूतं रूपं स्मर हरमयं सेन्दुममलम्” ઈત્યાદિ

આ પદ્યની ટીકા કરતાં શ્રી નારાયણ ભટે પોતાનાં વૈશિષ્ટ્યપૂર્ણ વ્યાખ્યાનમાં જો કે માયાબીજ, કામબીજ તથા લક્ષ્મીબીજ ત્રણેયની સિદ્ધિ કરી છે, પણ વિદ્વાનોના વિચારોમાં ચિંતામણિ–મંત્ર એ હ્રીઁકાર જ હોઈ શકે છે. ત્યાં આગળ જ સૂચવ્યું છે કે આ મંત્રનું એક વર્ષ સુધી જપ–અનુષ્ઠાન કરવાથી સિદ્ધ બનેલો સાધક એટલો બધો સિદ્ધ થઈ જાય છે કે તે કોઈ પણ અજ્ઞાની શિષ્યના મસ્તક ઉપર હાથ મૂકીને આશીર્વાદ આપશે, તો તે દિવ્ય કવિતા કરનાર અને ઉત્તમ શાસ્ત્રોનો જ્ઞાતા થઇ જશે. શ્રી હર્ષકવિને આ મંત્ર તેના પિતાશ્રીએ શાસ્રાર્થમાં પરાજિત થયા પછી પોતાની શરત પ્રમાણે આપઘાત કરવા પહેલાં પોતાની ધર્મપત્ની કે જે ગર્ભવતી હતી તેને બતાવ્યો હતો અને તે તેની માતા દ્વારા પ્રાપ્ત થયો હતો. શ્રી હર્ષની વિવિધ શાસ્રોમાં અબાધ ગતિ, તેનું અગાધ જ્ઞાન અને અનંત કવિત્વ સુપ્રસિદ્ધ છે.

## ● હ્રીઁકારના યંત્રો

યંત્રો પ્રકૃતિના ચારિત્રનું રહસ્ય પ્રગટ કરે છે. વિવિધ આકારવાળા યંત્રો ગૂઢ સંકેતપૂર્ણ હોય છે. મહાનિર્વાણતંત્ર, યંત્રરાજ, ગૌતમીયતંત્ર, શ્યામાસ્તવ, કાલીતંત્ર, વામકેશ્વરતંત્ર, કુમારીકલ્પ વગેરે ગ્રંથોમાં યંત્રનો મહિમા જુદા–જુદા પ્રકારે મળે છે. રેખાઓની ઉર્ધ્વગતિ ઉન્નતિને સૂચવે છે, તો નીચેની બાજુ જતી

રેખાઓ જલનું બોધન કરે છે અને અર્ધવૃત્ત, વૃત્ત, ચક્રાકાર કલ્પનાનો ઉદય; ઘૂર્ણન વગેરેનું દ્યોતન કરે છે. આ યંત્રો માત્ર રેખાવાળા, રેખા અને અંકોવાળા, રેખા, અંક અને અક્ષરોવાળા તથા અક્ષરોની આકૃતિવાળા હોય છે. તાંડવતંત્રમાં કહ્યું છે કે–'यन्त्रे हि मन्त्रता प्रोक्ता यमने शमने परम्' અર્થાત્ યંત્રમાં જો મંત્ર લખેલો હોય તો તે યમન–નિયંત્રણ અને શમન–શાંતિ એવા બંને કાર્યો કરે છે. આ રીતે 'સૌંદર્યલહરી'માં અને બીજા ગ્રંથોમાં ઘણા યંત્રો હ્રીँકારયુક્ત અન્ય મંત્રોવાળા અને અંકોવાળા મળે છે. તેમાં પંચદશી–પંદરિયા યંત્રનો મહિમા અતિ પ્રસિદ્ધ છે, એટલે તે હ્રીँકારમાં આલેખાયેલો અહીં રજૂ કરું છું.



આ યંત્રની પ્રાપ્તિ લેખકને નેપાલમાં તંત્રશાસ્ત્ર ઉપર શોધકાર્યમાં રત અને મહાન્ તાંત્રિક પૂજ્ય મૂખ-રિણયજી મહારાજ પાસેથી થઈ છે. તેઓનું કથન છે કે પંચદશીના અન્ય યંત્રોની અપેક્ષાએ હ્રીંકારગર્ભ આ યંત્ર તત્કાળ ફળદાયક છે. આ યંત્રની આરાધનામાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વર્ણોનું જ્ઞાન; રાશિની ઓળખાણ, તત્ત્વનો પરિચય, ઉપાસનાભેદ, કર્મભેદ, મંત્રભેદ વગેરે જુદી જુદી બાબતોના વિચારો પરંપરાથી મેળવી લેવા જરૂરી છે.

મંત્રશાસ્ત્રનું રહસ્ય પ્રકટ કરતો અદ્‌ભુત ગ્રંથ

# મંત્રવિજ્ઞાન

આ ગ્રંથ જો હજી સુધી તમે વસાવી લીધો ન હોય તો તરત વસાવી લેશો. પત્રકારોએ આ ગ્રંથનો હાર્દિક સત્કાર કર્યો છે **અને એની** મૂલવણી પ્રમાણભૂત મંત્રસાહિત્ય તરીકે કરી છે. આ **ગ્રંથ વિદ્યા**ભૂષણ મંત્રમનીષી **શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહની** એક મનનીય કૃતિ છે.

આ ગ્રંથની છપાઈ સુંદર છે, બાંધણી પાકી છે તથા પૃષ્ઠ-સંખ્યા ૩૭૬ છે. તેનું મૂલ્ય રૂ. ૭=૫૦ પૈસા છે. તેનો રજી, પોસ્ટેજ ખર્ચ રૂ. ૧-૪૦ આવે છે.

આ ગ્રંથ વૈદિક, પૌરાણિક, તાંત્રિક, તેમજ જૈન મંત્ર સાહિત્યના ૬૦ જેટલા ગ્રંથોને આધારે ઘણા પરિશ્રમપૂર્વક નિર્માણ કરવામાં આવ્યો છે. તેમાં ૩૫ જેટલાં પ્રકરણો છે અને તે મંત્રનાં તમામ અંગોનો સુંદર પરિચય આપી મંત્રસિદ્ધિ ક્યારે થાય? તેની સ્પષ્ટ સમજૂતી રજૂ કરે છે. ગુજરાતી ભાષામાં આ જાતનો ગ્રંથ આ પહેલો જ છે.

હાલ તેની બીજી આવૃત્તિ ચાલે છે, જે તેની લોકપ્રિયતા સૂચવે છે. આજે જ તમારો ઓર્ડર મોકલી આપો. વી. પી. થી મોકલવામાં આવે છે.

## પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લધાભાઈ ગણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ-૯.

## મંત્રસમુદાયમાં ચિંતામણિ સમાન

ૐકાર અને હ્રીંકારમંત્રના અપૂર્વ માહાત્મ્ય તેમજ વિધિવિધાનને સુગમ શૈલિમાં રજૂ કરનારો ઉત્તમ ગ્રંથ

# મંત્ર–ચિંતામણિ

卐

* આધ્યાત્મિક સંપ્રદાઓમાં ૐકારનો મહિમા અપૂર્વ છે, તેમ મંત્રસંપદાઓમાં હ્રીંકારનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે. તેની ઉપાસનાને લગતી તમામ અગત્યની હકીકતો પ્રાચીન કલ્પો તથા અનુભવના આધારે આ ગ્રંથમાં રજૂ કરવામાં આવી છે.

* આ ગ્રંથમાં બંને મંત્રોના વિવિધ પ્રયોગો તથા અન્ય મંત્રો સાથેનું સંયોજન અને તેના પ્રકારો પણ દર્શાવવામાં આવ્યા છે.

* આ ગ્રંથનું આલેખન વિદ્યાભૂષણ મંત્રમનીષી શતાવધાની પંડિત **શ્રી ધીરજલાલ શાહે** અનેક પ્રમાણભૂત ગ્રંથોના આધારે કર્યું છે અને તે ભારતીય મંત્રસાહિત્યમાં અનેરી ભાત પાડનારું નીવડયું છે.

* આ ગ્રંથ ઊંચા મેપલીથો કાગળ પર છપાયેલો છે. ૩૭૬ પૃષ્ઠનો છે. વળી દ્વિરંગી પૂંઠાથી સુશોભિત છે.

* તેનું મૂલ્ય રૂ. ૭=૫૦ છે. વી. પી. થી મોકલવામાં આવે છે. તેનો ખર્ચ રૂ. ૧–૪૦ આવે છે.

★

**પ્રજ્ઞા પ્રકાશન મંદિર**

લખાભાઈ ગણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ–૯

અનેક અવનવી માહિતીથી ભરપૂર મંત્રશાસ્ત્રનો અપૂર્વ ગ્રંથ

# મંત્રદિવાકર

લે. વિદ્યાભૂષણ મંત્રમનીષી શતાવધાની પં. **શ્રી ધીરજલાલ શાહ**

**પહેલો ખંડ સાધના–પ્રબોધ :** (૧) મંગલ પ્રસ્થાન, (૨) મંત્રનો અલૌકિક પ્રભાવ, (૩) મંત્રયોગ અને મંત્રવિદ્યા, (૪) દેહાદિ અંગે વિશિષ્ટ જ્ઞાન, (૫) બીજમંત્રોના અર્થો અને ક્રિયા-સંકેતો, (૬) મંત્રસાધનાપદ્ધતિ, (૭) ભૌતિક શુદ્ધિકરણ, (૮) માનસિક શુદ્ધિકરણ, (૯) દિવ્યતા સંપાદન કરવાની ખાસ ક્રિયા. (૧૦) મુદ્રાઓનું મહત્વ, (૧૧) દેવતાઓ અંગે કિંચિત્ (૧૨) પૂજન–અર્ચન સંબંધી વિશેષ.

**બીજો ખંડ પ્રયોગ–વિવરણ :** (૧૩) આધ્યાત્મિક વિકાસનો અનેરો મંત્ર, (૧૪) શાંતિદાયક સિદ્ધ પ્રયોગો, (૧૫) નિત્ય નીરોગી રહેવાનું સાધન, (૧૬) રોગનિવારક મંત્રપ્રયોગો, (૧૭) ભયનિવારક મંત્રપ્રયોગો, (૧૯) સંતાનપ્રાપ્તિને લગતા પ્રયોગો, (૨૦) બુદ્ધિ–સ્મૃતિ વધારનારું અદ્‌ભુત સ્તોત્ર, (૨૧) આકર્ષણ–તંત્ર, (૨૨) સંમોહન–તંત્ર, (૨૩) વશીકરણ–તંત્ર, (૨૪) કર્ણપિશાચિની–તંત્ર, (૨૫) પશુપક્ષીઓની બોલીનું જ્ઞાન, (૨૬) ગારુડ–તંત્ર.

**ત્રીજો ખંડ મંત્ર–યંત્ર–કલ્પસંગ્રહ :** (૨૭) દેવીદેવતાના મૂળમંત્રો, (૨૮) ભૂતપ્રેતાદિને લગતા મંત્રો, (૨૯) ઉપયોગી મંત્ર-સંગ્રહ–(૫૪ વિવિધ મંત્રો) (૩૦) કેટલાક અદ્‌ભુત યંત્રો, (૩૧) ત્રણ વનસ્પતિ–કલ્પો, (૩૨) દક્ષિણાવર્ત શંખના કલ્પો.

**પરિશિષ્ટ**–(૧) તંત્રસાહિત્ય (અત્યંત ઉપયોગી લેખ), (૨) સૂર્યાષ્ટકમ્.

૪૦૦ ઉપરાંત પૃષ્ઠો, ઊંચા મેપલીથો કાગળ, પાકું પૂઠું છતાં મૂલ્ય ૭–૫૦. રજી. પો. ખર્ચ રૂ. ૧–૪૦ આવે છે. વી. પી. થી મોકલાય છે.

**પ્રજ્ઞા પ્રકાશન મંદિર**

લધાભાઈ ગણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ–૯

# સ્મરણકલા

'આ ગ્રંથને ઠીક ઠીક વિચાર કરીને હું અપૂર્વ કહું છું.' મને યાદ છે ત્યાં સુધી સ્મરણકલા વિષે આવો કોઈ ગ્રંથ ગુજરાતીમાં પ્રસિદ્ધ થયો નથી.

—રમણલાલ વસંતલાલ દેસાઈ

**લેખકઃ-શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ**

પૃષ્ઠ સં. ૩૦૦, પાકું પુંઠું, મૂલ્ય રૂા. ૫–૦૦, રજી. પોસ્ટેજનો ખર્ચ રૂા. ૧–૩૦.

•

## વિષયો

(૧) કાર્યસિદ્ધિના આવશ્યક અંગો, (૨) મન અને તેનું કાર્ય, (૩) સ્મરણ–શક્તિનું મહત્ત્વ, (૪) સ્મરણશક્તિના પ્રકારો, (૫) વિસ્મરણ, (૬) એકાગ્રતાના ઉપાયો, (૭) સાધકની પરિચર્યા (૧), (૮) સાધકની પરિચર્યા (૨), (૯) ઈન્દ્રિયોની કાર્યક્ષમતા, (૧૦) ઈન્દ્રિયનિગ્રહ, (૧૧) મહારાણી કલ્પનાકુમારી, (૧૨) કલ્પનાનું સ્વરૂપ, (૧૩) કલ્પનાનો વિકાસ અને ઉપયોગ, (૧૪) સાહચર્ય (૧૫) સંકલન, (૧૬) રેખા અને ચિહ્નો, (૧૭) વર્ગીકરણ, (૧૮) ક્રમની ઉપયોગિતા, (૧૯) વ્યુત્ક્રમની સાધના, (૨૦) અંકચિત્રો, (૧ થી ૩૦), (૨૧) અંકચિત્રો (૩૧ થી ૧૦૦), (૨૨) ભાવબંધન, (૨૩) અવધાન–પ્રયોગો, (૨૪) કેટલુંક સ્પષ્ટીકરણ અને (૨૫) ઉપસંહાર.

**વિશેષમાંઃ**–બુદ્ધિ અને સ્મૃતિવર્ધક આયુર્વેદિક ઔષધિ–પ્રયોગો.


**પ્રજ્ઞા પ્રકાશન મંદિર**

લધાભાઈ ગણપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ–૯

પૃષ્ઠ સંખ્યા ૩૧૨ + ૩૨ = ૩૪૪.

# સંકલ્પસિદ્ધિ

## યાને

## ઉન્નતિ સાધવાની અદ્‌ભુત કલા

**લેખક :**–શતાવધાની પં. શ્રી ધીરજલાલ શાહ

ઊંચા મેપલીથો કાગળ, પૃ. ૨૫૬, પાકું બાઈન્ડીંગ મૂલ્ય રૂા. ૫–૦૦. રજી. પોસ્ટેજનો ખર્ચ રૂા. ૧–૨૫.

આ ગ્રંથ વાંચવાનો શરૂ કર્યા પછી નીચે મૂકવાનું મન થાય તેમ નથી. એનું દરેક પૃષ્ઠ પાઠકના મનમાં ચેતનની અવનવી ઉર્મિઓ જગાડી જાય એવું છે, એમ કહીએ તો પણ ચાલે. પુત્ર–પુત્રીઓ, મિત્રો તથા વિદ્યાર્થીઓને આ ગ્રંથ ખાસ ભેટ આપવા લાયક છે.

આ ગ્રંથમાં નીચેનાં પ્રકરણો આપવામાં આવ્યાં છે: –

(૧) ઉપક્રમ, (૨) સંકલ્પશકિતનું મહત્વ, (૩) શુભ સંકલ્પની આવશ્યકતા, (૪) આત્મશ્રદ્ધા કે આત્મવિશ્વાસ, (૫) આપણા મનનું સ્વરૂપ, (૬) વિચારો અને તેનો વિશિષ્ટ પ્રભાવ, (૭) ઇચ્છા અને પ્રયત્ન, (૮) પુરુષાર્થની બલિહારી. (૯) આશાવાદ, (૧૦) વિચાર કરવાની ટેવ, (૧૧) જ્ઞાનનો સંચય, (૧૨) નિયમિતતા, (૧૩) સમયનું મૂલ્ય, (૧૪) ચિત્તવૃત્તિઓની એકાગ્રતા, (૧૫) આત્મનિરીક્ષણ, (૧૬) મૈત્રોની વૃદ્ધિ કેમ કરવી ? (૧૭) આરોગ્ય અંગે કેટલુંક, (૧૮) સંકલ્પશકિત દ્વારા રોગનિવારણ, (૧૯) સંકલ્પશકિત દ્વારા ધન-પ્રાપ્તિ અને (૨૦) સંકલ્પશકિત દ્વારા સર્વકાર્યસિદ્ધિ.

**પ્રજ્ઞા પ્રકાશન મંદિર**

લધાભાઈ ગણુપત બીલ્ડીંગ, ચીંચબંદર, મુંબઈ–૯

જીવનને સુધારનારું : : બુદ્ધિને વધારનારું

મંત્રમનીષી અધ્યાત્મવિશારદ વિદ્યાભૂષણ
ગણિતદિનમણિ શતાવધાની પંડિત.

શ્રી ધીરજલાલ શાહ વિરચિત

# મનનીય સાહિત્ય

| | |
|---|---|
| મંત્રવિજ્ઞાન | ૭-૫૦ |
| મંત્રચિંતામણિ | ૭-૫૦ |
| મંત્રદિવાકર | ૭-૫૦ |
| ગણિતચમત્કાર | ૫-૦૦ |
| ગણિતરહસ્ય | ૫-૦૦ |
| ગણિત સિદ્ધિ | ૫-૦૦ |
| સંકલ્પસિદ્ધિ યાને ઉન્નતિ સાધવાની અદ્ભુત કલા | ૫-૦૦ |
| સ્મરણકલા | ૫-૦૦ |
| નમસ્કારમંત્રસિદ્ધિ | ૬-૦૦ |
| મહા પ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર | ૭-૫૦ |
| હ્રીઁકાર કલ્પતરુ યાને જૈન ધર્મનો દિવ્ય પ્રકાશ | ૭-૫૦ |
| જૈન ચરિત્રમાળા ( ૨૦ પુસ્તકો ) | ૫-૦૦ |

પ્રાપ્તિસ્થાન :

## પ્રજ્ઞા પ્રકાશન મંદિર

લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચબંદર,
મુંબઈ-૯



આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૧